અશ્વિની ભટ્ટ

શ્રેષ્ઠ ભયાનક કથાઓ



VISIT…

LANZAROTE Caliente.COM

શ્રેષ્ઠ ભયાનક કથાઓ

અશ્વિની ભટ્ટ

મુખ્ય વિક્રેતા

નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

Collected & Translated by : Ashwinee Bhatt

Published by : Navbharat Prakashan Mandir
Ahmedabad-380 001

© અશ્વિની ભટ્ટ

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૦

કિંમત : રૂ. ૨૭-૦૦

પ્રકાશક :

ભારતી જે. શાહ
નવભારત પ્રકાશન મંદિર
જૈન દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૧

મુદ્રક :

ડાહ્યાભાઈ એમ. પટેલ
મધુ પ્રિન્ટરી
આનંદમયી ફ્લેટ્સના ભોંયરામાં,
ગલા ગાંધીની પોળના નાકે,
દિલ્હી ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ભયાનક—એક અનુભૂતિ

ભયાનક રસની એક અનોખી તાસીર હોય છે. રાતના સન્નાટામાં કમરાને એક ખૂણે, ટેબલ લેમ્પને અજવાળે, એકલા બેસીને આ પુસ્તકની કથાઓ વાંચશો તો ભયાનકનો અદ્ભુત રોમાંચ થશે. અલબત્ત તમારા કમરાની બારી આગળ બેસીને મધરાત પછી આ કથાઓ વાંચવાની સલાહ હું નથી આપતો... કદાચ આ કથાઓનો જીવંત અનુભવ પારાવાર ભયમાં પરિણમે તો તેની જવાબદારી તમારી પોતાની જ થશે.

ખેર! જે થાય તે... પણ જો તમારા કુટુંબમાં કોઈ કાચા હૃદયનું હોય, રાતે ઝબકીને જાગી જવાની ટેવવાળું હોય તો આ પુસ્તક, તેવી વ્યક્તિના હાથમાં ન ચડે તેનો ખ્યાલ રાખશો.

—અશ્વિની ભટ્ટ

અનુક્રમણિકા

શ્રી રામ [illegible]
[illegible] – રાજકોટ

એક શમણું અને જુલિયા સ્ટોન

—ઈ. એફ. બેનસન

તમને સૌને ક્યારે ને ક્યારે સ્વપ્નાં આવ્યાં જ હશે. ઘણાંને દરરોજ જાતજાતનાં શમણાં આવતાં હોય છે. વળી ક્યારેક સ્વપ્નામાં બનતા બનાવો બન્યા હોય, શમણાં સાચાં પડયાં હોય તેવો પણ અનુભવ કોઈકને થયો હશે. રોજ રાત્રે મને સ્વપ્નાં આવે જ છે. જાણે કે હું સ્વપ્નાનો આદતી ન હોઉં! ભાગ્યે જ એવી કોઈ રાત્રિ જતી હશે જ્યારે મને સ્વપ્ન ન આવ્યું હોય! ઘણી વાર તો આખી રાત ઘટનાઓની હારમાળા બનતી હોય છે! સવાર પડતાં તો સ્વપ્નામાં કંઈ કંઈ અનુભવ મને થતા હોય છે. મોટે ભાગે આવાં સ્વપ્નાં સુખદ અનુભવ કરાવે છે. પણ ક્યારેક તેમાં અપવાદ હોય છે. આવા જ એક અપવાદની વાત તમને હું કહું છું.

હું લગભગ સોળ વર્ષનો હતો ત્યારે મને એક સ્વપ્નું આવ્યું હતું. સ્વપ્નાની શરૂઆતમાં જાણે હું એક મોટા લાલ ઈંટોના મકાન પાસે, તેના તોતિંગ બારણા પાસે ઊભો હતો. મારે ત્યાં જાણે કે રહેવા જવાનું હતું. એક નોકરે આવીને બારણું ખોલ્યું અને તેણે મને કહ્યું કે બગીચામાં બધા ચા પીતા બેઠા છે. મને તે અંદર દોરી ગયો. અમે એક મોટા દિવાનખંડમાં થઈને પાછળ બગીચામાં ગયા. બગીચામાં એક સુંદર તાપણિયું હતું. ફૂલના સરસ ક્યારા હતા અને વચ્ચે હરિયાળી (ઘાસની લોન) હતી, ત્યાં

એક ટેબલ ગોઠવેલું હતું અને તેની આજુબાજુ થોડી વ્યક્તિઓ ગોઠવાઈ હતી અને ચા-નાસ્તાને ન્યાય આપી રહી હતી. એ બધામાં હું એક જ જણને ઓળખતો હતો. મારી સાથે ભણતો એક છોકરો જેનું નામ જેક સ્ટોન હતું. જેક સ્ટોને મને બધાની ઓળખાણ કરાવી. તેનાં મા હતાં, પિતાજી હતા અને બે બેનો હતી. મને જરા આશ્ચર્ય થયું કે હું અહીં કેવી રીતે આવ્યો! કારણ જેક સ્ટોન મારી સાથે ભણતો હતો પણ મારો ખાસ પરિચિત ન હતો. વળી એક વરસ પહેલાં જ તે સ્કૂલ છોડીને ગયો હતો.

બગીચાની આસપાસ લાલ દીવાલનો કોટ હતો અને વચ્ચે ઝાંપો હતો. તેની બહાર એક વોલનટનું ઝાડ હતું. અમે જ્યાં બેઠા હતા ત્યાં મકાનનો પડછાયો પડતો હતો. મકાનને ઘણીબધી બારીઓ હતી. મને જ્યાં બેસાડવામાં આવ્યો ત્યાંથી હું એક મોટા ભોજન-ખંડને જોઈ શકતો હતો. તેમાં ડાઈનિંગ ટેબલ પર ચકચકિત કાચની ડિશો, ગ્લાસ વગેરે ગોઠવાયેલાં પણ મને દેખાતાં હતાં. બગીચો ખાસ્સો મોટો હતો. તેના એક છેડે એક ટાવર જેવું બીજું મકાન હતું. એકદંડિયા મહેલ જેવા એ મકાનને ત્રણ માળ હતા.

થોડી વાર પછી શ્રીમતી સ્ટોન, એટલે કે જેક સ્ટોનની મા, જે બીજા બધાની માફક કશું જ બોલ્યા વગર બેઠાં હતાં તેમણે મને કહ્યું :

'જેક તને તારો કમરો બતાવશે. તારે માટે મેં ટાવરમાં કમરો રાખ્યો છે.'

સ્વપ્નામાં જ મને ધડકારો થયો. જાણે મને ખ્યાલ જ હતો કે મને એ ટાવરમાં, એ ઊંચા એકદંડિયા મહેલમાં જ કમરો આપવામાં આવશે મારા હૃદયમાં ધ્રાસકો પડ્યો. જાણે કે એ કમરામાં કશું ભયાનક, કશું અવર્ણનીય છે તેવું મને લાગ્યું. જેક તરત જ ઊભો થયો. હું પણ આપોઆપ ઊભો થયો. તેની પાછળ ચાલ્યો. કશું પણ બોલ્યા વગર અમે હૉટલમાં થઈને પસાર થયા.

મકાનના છેવાડેના ભાગ પરની સીડી ચડચા. સીડી લાકડાની હતી. ખખડધજ પાટિયાની. વાંકીચૂંકી સીડી ચડીને અમે એક પડાળીમાં આવીને ઊભા. સામે બે બારણાં હતાં. જેકે એક બારણું ઉઘાડયું અને મને અંદર જવા ઇશારો કર્યો. તે મારી પાછળ અંદર આવ્યો નહિ. હું અંદર ગયો એટલે તેણે બારણું બંધ કર્યું. કમરામાં પેઠો કે તરત જ મને તેની ભયાનકતા વીંટળાઈ વળી... હું બીકથી જાગી ગયો.

છેલ્લાં પંદર વર્ષથી આંતરે સમયે અને વિવિધ ફેરફારો સાથે મને આ સ્વપ્નું આવતું જ રહ્યું. મોટે ભાગે મેં વર્ણવ્યું તે જ મુજબ એ સ્વપ્નું આવતું. હું બારણે ઊભો છું, નોકર બારણું ખોલે, મને હોલમાં થઈને બહાર જ્યાં બધાં ચા પીતાં બેઠાં છે ત્યાં લઈ જાય, જેક સ્ટોન તેનાં મા–બાપ બેનોની ઓળખાણ કરાવે... પછી બધાં કયાંય સુધી શાંત બેસે... પછી શ્રીમતી સ્ટોન કહે કે મારો રૂમ ટાવરમાં રાખ્યો છે. જેક મને એ કમરો બતાવવા આવે, હું રૂમમાં પેસું અને મને ભય લાગે... ભયંકર બીક લાગે અને જાગી ઊઠું. પરંતુ કયારેય મને એ કમરામાં શાથી ભય લાગે છે તે ખબર ન પડે. ત્યાર પહેલાં જ સ્વપ્નું ઊડી જાય. ઘણી વાર આ જ બનાવમાં કંઈક નવી વિગતો ઉમેરાય. કયારેક અમે બધાં પેલા સુંદર ભોજનખંડમાં જાણે જમવા બેઠાં હોઈએ તેવું દેખાય. પણ ત્યારેય તદ્દન સન્નાટો જ રહે. કોઈ કશી વાતચીત ન કરે. બધા જ તદ્દન પૂતળાની માફક શાંત રહે. એ શાંતિનો ભંગ હરહંમેશ શ્રીમતી સ્ટોન કરે અને તે પણ એક જ વાકયથી: 'જેક તને તારો કમરો બતાવશે. તારે માટે મેં ટાવરમાં કમરો રાખ્યો છે.' આ વાકય બોલાય એટલે તરત જ જેક ઊભો થાય અને હું તેની પાછળ ચાલું. પેલી થથરાવી નાખે તેવી સીડી પર થઈને અમે રૂમ આગળ પહોંચીએ.

જેમ જેમ મને આ સ્વપ્નું આવતું ગયું તેમ તેમ સ્વપ્નામાં

મારી બીક વધતી ચાલી. મને એ કમરાનો ભય વધુ ને વધુ લાગવા માંડયો.

ક્યારેક સ્વપ્નામાં આવતી એ બધી વ્યક્તિઓ સાથે હું દીવાનખંડમાં પત્તાં રમતો દેખાતો. દીવાનખંડ મોટી મોટી મિણબત્તીઓથી ઝળહળતો દેખાય. પત્તાંમાં શું રમત ચાલતી તે મને સમજાતું નહિ, પણ એ રમત દરમ્યાન મને હંમેશાં થડકારો રહેતો કે, હમણાં શ્રીમતી સ્ટોન બોલશે: 'જેક તને તારો કમરો બતાવશે. તારે માટે મેં ટાવરમાં કમરો રાખ્યો છે.' આ દીવાનખંડ, ભોજનખંડની બાજુમાં જ હતો. તે કાયમ ઝળહળતો દેખાતો, જ્યારે આખું ઘર અંધકારમાં ગર્ત જ રહેતું. મને પત્તાંની બાજી ખેલતાં ખ્યાલ નહોતો આવતો કે પત્તાં કેવાં છે. પણ એ પત્તાં કાળાં જ હતાં.... તેના પરનું ચિતરામણ પણ સ્પષ્ટ થતું ન હતું. એ કાળાં પત્તાં જોઈને પણ મારું હૈયું ધ્રૂજી ઊઠતું.

જેમ જેમ દિવસ વીતતા ગયા તેમ તેમ આ સ્વપ્નમાં જુદી જુદી બાબતો ઉમેરાતી જતી. ધીમે ધીમે મને મકાનના બીજા કમરાઓ પણ દેખાતા ગયા. દીવાનખંડની બીજી તરફ, જમીને હોકાપાણી કરવા બેસવા માટેનો 'સ્મોકિંગ રૂમ' હતો. વળી બહારના પેસેજને છેડે પણ એક રૂમમાં જવા માટેનો લીલો દરવાજો હતો. ત્યાં હંમેશાં અંધારું રહેતું. ત્યાં હું જતો ત્યારે બારણામાંથી કોઈ બહાર નીકળતું. એકાએક બહાર નીકળતું. હું ડરી જતો. સ્વપ્નામાં દેખાતાં પાત્રોમાં પણ પરિવર્તન થતું દેખાવા માંડયું હતું. શ્રીમતી સ્ટોન, જ્યારે પ્રથમ વાર મને સ્વપ્નામાં દેખાઈ હતી ત્યારે કાળા વાળવાળી જુવાન ઓરત હતી. તે પછી તે ઘરડી અને સફેદ વાળવાળી થતી દેખાતી હતી અને હવે તે ધીરેથી બોલતી હતી: 'જેક તને તારો કમરો બતાવશે. તારે માટે મેં ટાવરમાં કમરો રાખ્યો છે.' કહીને તે ખૂબ જ તકલીફથી ઊભી થતી. જેક પણ મોટો થઈ ગયો હતો. તેનો ચહેરો સહેજ કદરૂપો

થયો હતો. તેને કથ્થઈ મોટી મૂછો પણ હતી. જ્યારે એક બહેન હવે સ્વપ્નામાં દેખાતી ન હતી. કારણ તે પરણી ગઈ હતી.

પછી એવું બન્યું કે લગભગ છ મહિના સુધી મને આ સ્વપ્નું આવ્યું નહિ અને મને નિરાંત વળી. કારણ જ્યારે પણ એ સ્વપ્નું આવતું ત્યારે મને એટલો ભય લાગતો કે હું ઊઠી જાઉં. ત્યારે હરહંમેશ મને ખૂબ પરસેવો વળી જતો અને મારો દમ ફૂટી ગયો હોય તેવું લાગતું. મને થયું કે હાશ એ સ્વપ્નાની પકડમાંથી હવે હું છૂટચો. પણ આ છ મહિનાના વિરામ પછી એક દિવસ એ સ્વપ્નું ફરી આવ્યું. આ વખતે પણ મને જ્યાં બધાં ચા પીતાં બેઠાં હતાં ત્યાં લઈ જવામાં આવ્યો. પણ ત્યાં શ્રીમતી સ્ટોન દેખાતાં ન હતાં. અને બીજા બધાંયે કાળાં વસ્ત્રો પહેર્યાં હતાં. મને તરત જ તેનું કારણ સમજાયું. હવે મારે એ ટાવરના કમરામાં જવું નહિ પડે. સામાન્યત: બધાં શાંત જ બેસી રહ્યાં. પણ આ વખતે હું મોટે મોટેથી હસીને વાત કરતો હતો. પણ તેમ છતાં બીજું કોઈ કશું બોલતું જ ન હતું. બધાં તદ્દન રાબેતા મુજબ શાંત બેઠેલાં જ રહ્યાં અને એકબીજા સામે સારી નજર ચૂકવીને જોતાં હતાં. થોડી જ વારમાં હું મૂર્ખની જેમ બોલતો બંધ થયો અને ધીમે ધીમે મારા મનમાં કોઈ અજબ અંદેશો પેદા થયો, જે ક્યારેય આ પહેલાં મેં અનુભવ્યો ન હતો. સ્તબ્ધતા અને શાંતિ છવાઈ.

એકાએક મને ખૂબ જ પરિચિત એવો અવાજ આવ્યો. શ્રીમતી સ્ટોનનો અવાજ : 'જેક તને તારો કમરો બતાવશે. મેં તારે માટે ટાવરમાં કમરો રાખ્યો છે.' બગીચાની ફરતે બાંધેલી લાલ દીવાલની વચ્ચેના ઝાંપા પાસેથી જાણે એ અવાજ આવ્યો હોય તેમ મને લાગ્યું. મેં તે તરફ જોયું. ત્યાં બહારના ભાગમાં આડા-અવળા ઊગેલા ઘાસની વચ્ચે થોડી કબરો હતી. એ કબરોમાંથી એક કબરના પથ્થર ઉપર ચમકતા અક્ષરે લખ્યું હતું : 'જુલિયા

સ્ટોનની પાતક યાદમાં'. રાબેતા મુજબ જેક ઊભો થયો. અને ફરી હું હૉલમાં થઈને તેની પાછળ પેલી ભયાનક સીડી પર થઈને ઉપર ગયો. આ વખતે હું રૂમમાં પેઠો ત્યારે સહેજ વધુ અંધકાર હતો. રૂમના ફર્નિચરનો મને હવે ખ્યાલ આવ્યો હતો. તે પ્રમાણે જ બધું હતું. પરંતુ રૂમમાં એવી નઠારી, કશુંક સડી ગયું હોય તેવી વાસ આવતી હતી... અને ચીસ પાડીને હું જાગી ઊઠયો.

આવા વિવિધ પરિવર્તન સાથે આવતું એ સ્વપ્નું છેલ્લાં પંદર વર્ષથી મને આવતું જ રહ્યું, કેટલીક વાર મને ત્રણ ત્રણ રાત સુધી એ સ્વપ્નું આવતું. મેં કહ્યું તેમ એક વાર છ મહિના સુધી એ શમણું મને આવ્યું ન હતું. પણ સરેરાશ લઈએ તો લગભગ મહિનામાં એક વખત તો જરૂર એ સપનું મને સતાવતું રહેલું. અને ધીમે ધીમે તે ભયાનક ભયનું સ્વરૂપ પકડતું ગયું હતું, દરેક વખતે મને વધુ ને વધુ ભયનો અનુભવ થતો ગયો. વળી અજાયબની વાત એ હતી કે એ શમણામાં કાળની કોઈ અજબ પરિવર્તનશીલતા હતી. જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ એ મોત જેવી શાંતિ ધરાવતાં કુટુંબનાં પાત્રો પણ મોટાં થતાં ગયાં. ઘડપણ, લગ્ન અને મૃત્યુ બધું જ બનતું ગયું. વળી જ્યારથી શ્રીમતી સ્ટોનનું મૃત્યુ થયું ત્યાર પછી કદીય તે પાછી સ્વપ્નમાં દેખાઈ ન હતી. પણ હંમેશાં તેનો અવાજ મને સંભળાતો અને મારે માટે ટાવરમાં રૂમની ગોઠવણ કરવામાં આવી છે તે કહેતો. પછી ભલેને સ્વપ્નમાં ચા લેવાતી હોય, ભોજન લેવાતું હોય કે પત્તાં રમાતાં હોય. વળી તેની કબરનો પથ્થર પણ બરાબર તે જ જગ્યાએ, વંડાની બહાર, ઝાંપાની સામે મને દેખાતો.

વળી પેલી પરણી ગયેલી છોકરીની બાબતમાં પણ તેમ જ હતું. સામાન્યતઃ તે સ્વપ્નમાં દેખાતી નહિ, પણ એક કે બે વખત તે દેખાઈ હતી અને તેની સાથે એક નવો જ આદમી પણ દેખાયો હતો. તે તેનો પતિ હશે એવું મેં માની લીધું હતું. તે પણ

બીજા પાત્રોની માફક કશું પણ બોલતો નહિ. જોકે આ સપનું મને વર્ષો સુધી આવ્યું હતું છતાં ક્યારેય પણ દિવસ દરમ્યાન મેં તેની બાબતમાં કોઈ ગંભીર વિચાર કર્યો ન હતો. વળી એ બધાં વર્ષો દરમ્યાન ક્યારેય પણ એ જેક સ્ટોનને હું મળ્યો ન હતો કે મેં એને જોયો ન હતો. એટલું જ નહિ પણ ક્યારેય મારા સ્વપ્નમાં આવતા એ અંધકારિયા મકાન જેવું મકાન પણ મેં જોયું ન હતું. પરંતુ ત્યાર પછી કાંઈક નવીન બન્યું.

આ વર્ષના જુલાઈ મહિના સુધી હું લંડનનાં રહ્યો હતો અને ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં, સસેક્સ જિલ્લાના એશ-ડાઉન જંગલ વિસ્તારના પરગણામાં, મારા એક મિત્રે લીધેલા મકાનમાં હું રહેવા ગયો હતો. સવારના હું લંડનથી નીકળ્યો. મારો મિત્ર જ્હોન ક્લીન્ટન મને ફોરેસ્ટ રો સ્ટેશન પર મળવાનો હતો. અમે આખો દિવસ ગોલ્ફ રમવાનું નક્કી કર્યું હતું અને ત્યાર પછી તેને ઘેર જવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. તે બરાબર મને લેવા આવ્યો હતો. આખો દિવસ રમીને અમે બન્ને તેની મોટરમાં ગોઠવાયા હતા. ગોલ્ફ ક્લબથી તેનું મકાન લગભગ દસ માઈલ દૂર હતું. અમે લગભગ પાંચ વાગ્યે ક્લબહાઉસથી નીકળ્યા. ક્લબમાં અમે ચા પીવા રોકાયા ન હતા. જ્હોને મોટર હંકારી. અમે થોડુંક ગયા પછી હવામાનમાં એકાએક પલટો આવતો હોય તેમ મને લાગ્યું. આખો દિવસ હવામાન ખુશનુમા રહ્યું હતું અને એકાએક તેમાં સહેજ ગમગીની આવી હતી. તોફાન આવતાં પહેલાં વાતાવરણમાં જે સોપો પડી જાય તેવો સોપો પડ્યો હતો. મેં જ્હોનને કહ્યું કે ટૂંક સમયમાં વાવાઝોડું કે તોફાન થશે. જોકે તે માનવા તૈયાર ન હતો. પણ પાછળથી હું સાચો પડ્યો અને તે રાતે તોફાન અને વાવંટોળથી આખો વિસ્તાર ધમધમી રહ્યો. જોકે મારી પોતાની ગમગીનીનું કારણ તે ન હતું.

આજુબાજુ ઊંચા ઢોળાવોવાળા રસ્તે થઈને અમારી મોટર

જતી હતી. મને સહેજ ઝોકું આવી ગયું અને લગભગ મોટર ઊભી રહી ત્યારે જ હું જાગ્યો અને જાગ્યો ત્યારે મારા શરીરમાંથી ભય અને જિજ્ઞાસાને કારણે એક ધ્રૂજારી થઈ આવી. કારણ જ્યાં મોટર ઊભી રહી ત્યાં સામે જ મારા સપનામાં આવતું એ લાલ ઈંટોવાળું મકાન અને તેનું તોતિંગ બારણું હતું. અમે અંદર ગયા. મને આશ્ચર્ય એ થતું હતું કે હું પાછો સ્વપ્નું જોતો નથી ને? પણ ના, હું બરાબર જાગેલો હતો. મારી સાથે મારો મિત્ર જહોન ક્લીન્ટન પણ હતો અને અમે બરાબર તેના હોલમાં થઈને બહાર લૉન પર જઈ રહ્યા હતા. ઘાસની હરિયાળી-માં ચા લેવા માટે ટેબલ ગોઠવાયેલું હતું. બાજુમાં ફૂલના ક્યારા પણ હતા. સામે વંડાની લાલ દીવાલ અને તેની વચમાં ઝાંપો, ઝાંપાની બહાર વેરવિખેર ઊગેલું ઘાસ અને વૉલનટનું વૃક્ષ બધું જ બરાબર સ્વપ્નમાં આવતું હતું તેવું જ હતું. મકાનની એક પાંખને છેડે બરાબર ત્રણ માળનું એકદંડિયા મહેલ જેવું ટાવરનું મકાન પણ હતું.

પણ અહીયાં એ બધી સમાનતાનો અંત આવતો હતો. શમણામાં આવતા એ ભયાનક શાંત કુટુંબના માણસોને બદલે ત્યાં બધા જ માણસો ખૂબ જ ઉત્સાહથી વાતો કરતા હતા. તે બધાને હું ઓળખતો હતો. સ્વપ્નમાં જે દૃશ્ય મારાં ગાત્રો ઢીલાં કરી નાખતું હતું તે જ દૃશ્ય અત્યારે મને બિહામણું લાગતું ન હતું. પણ તેમ છતાં હવે શું થશે તેની મને ખૂબ જ જિજ્ઞાસા જરૂર થઈ.

ચા-નાસ્તો બધાંએ ખૂબ આનંદથી લીધો. પછી મિત્રની પત્ની, શ્રીમટી ક્લીન્ટન ઊભી થઈ અને તે વખતે મને જાણે ખ્યાલ આવી જ ગયો કે તે શું બોલશે અને ખરેખર તે બોલી જ: 'જેક તમને તમારો કમરો બતાવશે. તમારે માટે મેં ટાવરમાં કમરો રાખ્યો છે.'

તે શબ્દો સાંભળીને લગભગ અડધી સેકન્ડ મારા હૃદયમાં સળ પડી ગઈ. પણ તે તરત જ પસાર થઈ ગઈ. મને ખરેખર ખૂબ જ જિજ્ઞાસા થવા માંડી હતી અને થોડા જ વખતમાં એ જિજ્ઞાસા પૂરેપૂરી સંતોષાઈ.

જહોને મારા તરફ જોયું. 'તારે માટે કમરો બરાબર સૌથી ઉપરના માળે રાખ્યો છે. પણ મને લાગે છે ત્યાં તને આરામ રહેશે. અત્યારે એટલા બધા મહેમાનોથી ઘર ભરાયેલું છે કે તારે ત્યાં જ રહેવું પડશે. ખેર ! તું જોઈ લે એ કમરો.'

હું ઊભો થયો અને તેની પાછળ ગયો. સપનામાં દેખાતી હતી તેવી જ સીડી ત્યાં હતી. મને તે બધું ખૂબ પરિચિત લાગતું હતું. અમે ઉપર ગયા. તે જ વાંકીચૂંકી સીડી... દાદરને અંતે પડાળી અને પડાળીની સામે પેલો કમરો... ઘડીભર હું થડકી ઊઠયો. બી ગયો. મને શેનો ભય લાગવા માંડયો તેની મને ખબર પડતી ન હતી. તેણે બારણું ખોલ્યું અને હું અંદર ગયો. મારા કપાળ પર પરસેવો જામવા માંડયો હતો. બહાર વંટોળિયો ચાલુ થયો હતો અને ઘરમાં ધાર્યા કરતાં વધુ અંધકાર ફેલાયેલો હતો. કમરામાં પેઠા પછી મને ખ્યાલ આવ્યો. મને શ્રીમતી સ્ટોનની બીક લાગવા માંડી હતી. કમરાની બારીની નીચે, સામેના ભાગમાં જ પેલી કબર હોવી જોઈએ. શ્રીમતી સ્ટોનની કબર, જેના પર મારા સપનામાં મેં વાંચ્યું હતું :

'જુલિયા સ્ટોનની પાતક યાદમાં...' મને તે દૃશ્ય યાદ આવ્યું.

પણ થોડી જ વારમાં હું સ્વસ્થ થઈ ગયો. મને મારી જાતે જ લાગ્યું કે ક્યાંય કશું ભય પામવા જેવું ન હતું. મારા સપનામાં આવતા, છેલ્લાં પંદર વર્ષથી હરહંમેશ આવતા એ કમરામાં જ હું ઊભો હતો. તે અનુભવ વિચિત્ર જરૂર લાગતો હતો.

જાણે કે એ કમરાનો હું માલિક હોઉં તે પ્રમાણે મેં આમતેમ નજર ફેરવી. બધું એ જ પ્રમાણે હતું. સપનામાં દેખાતું તેવી જ

રીતે ગોઠવાયેલું રાચરચીલું. બારણાની ડાબી બાજુની દીવાલ પર પલંગ ગોઠવેલો હતો. તે જ દીવાલમાં નીચેના ભાગમાં તાપણિયું (Fireplace) હતું. સામેની દીવાલ પર ડ્રેસિંગ ટેબલ અને ચોપડીઓનું કબાટ હતું. ત્રીજી દીવાલમાં બારી હતી અને વૉશ-સ્ટૅન્ડ અને કબાટ હતું. મારો સામાન, મારા આ કમરામાં પહેલેથી જ નોકરે ગોઠવી દીધો હતો એટલું જ નહિ પણ ડ્રેસિંગ ટેબલ પર મારી વસ્તુઓ ગોઠવાઈ હતી. ટુવાલ, નૅપ્કિન વગેરે વૉશ સ્ટેન્ડ પર અને પલંગ પર ડિનર માટે પહેરવાનાં મારાં કપડાં પણ ગડી-બંધ પડયાં હતાં અને પછી એકાએક મારા સપનામાં મને ન દેખાઈ હોય તેવી બે વસ્તુઓ મેં જોઈ. તેમાંની એક ચીજ હતી શ્રીમતી સ્ટોનનું પૂરા કદનું ચિત્ર અને બીજું ચિત્ર હતું જેક સ્ટોનનું. લગભગ એક અઠવાડિયા પહેલાં જ મેં શમણામાં તેને જોયો હતો. બરાબર તેવો જ, ત્રીસની આસપાસનો, કદરૂપો દેખાતો આદમી એ ચિત્રમાં હતો. તેની છબી બારીની વચ્ચે ટિંગાયેલી હતી અને તેની આંખો જાણે શ્રીમતી સ્ટોનના ચિત્રને જોઈ રહી હોય તેવો ખ્યાલ આવતો હતો. શ્રીમતી સ્ટોનની છબી પલંગની બાજુની દીવાલ પર જ જડેલી હતી.

મેં તે તરફ જોયું. મારી આંખો પહોળી થઈ અને એકાએક મારા આખા શરીર પર કામળાની માફક ભયભીતતા છવાઈ ગઈ.

મિસિસ સ્ટોનની છબીમાં દેખાતો તેમનો ચહેરો બરાબર મારા સપનામાં જોયેલો ઘરડો, ધોળા વાળવાળા ચહેરા જેવો જ હતો. પણ તેમ છતાં એ ચહેરા પર કોઈ અજબ ભયાનક જીવંત શક્તિ હોય તેવું લાગતું હતું. આપણને અકળાવી નાખે તેવી નજર જાણે કોઈ ક્રૂર મશ્કરી કરી રહી હોય તેવું લાગતું હતું. તેના ગોઠણ પર આંગળીઓ એકમેક સાથે ભીડીને બંધ કરેલા હાથ જાણે સહેજ ધ્રૂજતા હોય અને ગોઠણને ઉલાળી રહ્યા હોય તેવો ભાસ થતો હતો. મેં જોયું કે કેમના ડાબે ખૂણે તેના પર કોઈની સહી હતી.

જિજ્ઞાસાથી એ આર્ટિસ્ટ કોણ છે તે જોવા હું સહેજ નજીક સર્યો. ત્યાં લખ્યું હતું : 'જુલિયા સ્ટોને ચીતરેલી... જુલિયા સ્ટોન'

બારણા પર ટકોરો થયો જહોન ક્લીન્ટન દાખલ થયો. 'તારે જે જોઈએ તે બધું છે ને!'

'જોઈએ તેના કરતાં પણ વધારે...' કહીને મેં પેલા ચિત્ર તરફ આંગળી ચીંધી.

તે હસ્યો. 'એ બુઢ્ઢીનો ચહેરો સખ્ત છે' તેણે કહ્યું. 'તેણે જાતે જ દોર્યું છે.'

'પણ તને દેખાતું નથી...' મેં કહ્યું. 'આ કોઈ માનવ-સ્ત્રીનો ચહેરો નથી. કોઈ ડાકણનો... કોઈ ચૂડેલનો ચહેરો નથી લાગતો?'

તેણે ચિત્ર તરફ ધ્યાનપૂર્વક જોયું.

'હા...સારો નથી લાગતો' તે બોલ્યો. 'પલંગ પાસે આવું ચિત્ર હોય તે ભાગ્યે જ પસંદ આવે. ખરાબ સપનાં આવ્યા વગર મારાથી તો ન સુવાય. એમ કર, જો તારે તેને ઊતરાવી નાખવું હોય તો હું તેમ કરાવી દઉં...'

'ખરેખર... તું ઊતરાવી દે... મારી એવી જ ઇચ્છા છે' મેં કહ્યું.

તેણે ઘંટડી વગાડી. અમે એક નોકરની મદદથી તે ચિત્ર નીચે ઉતાર્યું અને બહાર પડાળીમાં દીવાલ તરફ તેનું મોં કરીને ઊભું કરી દીધું.

'કસમથી... એ બુઢ્ઢીનું વજન ગજબ છે.' જહોને કહ્યું. ચિત્રના એ હદ બહારના વજનની મને પણ નવાઈ લાગી હતી. હું તેને કહેવા જતો હતો ત્યાં મારી નજર મારા હાથ તરફ ગઈ. મારી આખી હથેળીમાં લોહી હતું.

'મને હાથે કંઈક વાગ્યું લાગે છે.' મેં કહ્યું.

જહોને ચમકીને કંઈક ઉદ્‌ગાર કાઢ્યો અને બોલ્યો : 'અરે! ના હોય! મને પણ વાગ્યું છે.' તે જ વખતે પેલા નોકરે પણ ગજવામાંથી રૂમાલ કાઢ્યો અને હાથ લૂછ્યા. તેનો રૂમાલ પણ

લોહીથી ખરડાયેલો હતો.

હું અને જ્હોન બન્ને ટાવર રૂમમાં ગયા અને વૉશ-સ્ટૅન્ડ પર જઈને હાથ ધોયા. પણ તેના કે મારા, બંનેમાંથી કોઈના હાથ પર કાપો કે ઘસરકો કશું જ થયેલું ન હતું. અમને બન્નેને એકી-સાથે જ કલ્પના આવી કે આનો શું અર્થ હોઈ શકે. પણ અમે કશું બોલ્યા નહિ. ચૂપ જ રહ્યા. મને ખાતરી થઈ હતી કે મારા જેવો જ વિચાર તેને પણ આવ્યો હશે.

હજુ અપેક્ષા મુજબ તોફાન શરૂ થયું ન હતું. પરંતુ જમ્યા પછી હવામાં જોરથી પલટો શરૂ થયો હતો. મકાનમાં હતાં તેમાંનાં ઘણાંબધાં ત્યાં લૉનમાં મોડા સુધી ગપ્પાં મારતાં હતાં. હું અને ક્લીન્ટન પણ ત્યાં બેઠા હતા. રાત અંધારી હતી. તારા પણ દેખાતા ન હતા. ધીમે ધીમે ત્યાંથી બધા ખસવા માંડયા. બધી સ્ત્રી–મહેમાનો સૂવા ચાલી ગઈ. પુરુષો કાં તો હોક્કાપાણી કરવા ચાલ્યા ગયા યા બિલિયર્ડરૂમમાં બિલિયર્ડ રમવા. લગભગ અગિયાર વાગે હું અને મારો યજમાન મિત્ર જ્હોન ક્લીન્ટન બે જ ત્યાં રહ્યા હતા. આખી સાંજ દરમ્યાન તેનું હૃદય ભારે થઈ રહ્યું હતું. છેવટે અમે એકલા પડયા ત્યારે તે બોલ્યો : 'આપણને પેલું ચિત્ર ઉતારવામાં મદદ કરી હતી તે નોકરના હાથમાં પણ લોહી હતું તે તારા ખ્યાલમાં આવ્યું હતું? મેં હમણાં થોડી વાર પહેલાં જ તેને પૂછ્યું હતું કે તેને કંઈ વાગ્યું હતું કે કેમ? તેણે મને કહ્યું કે પહેલાં તો લોહી જોઈને લાગ્યું કે કંઈ પતરું કે ખીલી તેને વાગી ગઈ છે પણ એવો કોઈ કાપો કે ઘા તેને દેખાયો નહિ.'

'મને સમજાતું નથી' મેં કહ્યું. 'ખેર, જ્યાં સુધી એ જુલિયા સ્ટોનનું ચિત્ર મારી પથારીની બાજુમાં લટકતું રાખ્યું નથી ત્યાં સુધી મને પરવા નથી.'

તે ઊભો થયો. 'પણ તે વિચિત્ર છે અને હું તને એક બીજી વિચિત્રતા બતાવું.'

તેનો એક આયરીશ ટેરિયર કૂતરો એટલામાં ઘરમાંથી બહાર આવ્યો. અમારી પાછળના ભાગમાં હૉલનું બારણું ખુલ્લું હતું અને તેનો પ્રકાશ બરાબર સામેના ભાગમાં આવેલી વંડાની લાલ દીવાલના ઝાંપા પર અને ઝાંપાની બહાર પડતો હતો. ત્યાં વેરવિખેર ઘાસ ઊગેલું હતું અને વોલનટ ઝાડ પણ હતું. મેં જોયું તો પેલા નાના કૂતરાના કાન ટટ્ટાર થઈ ગયા હતા. તે ઘૂરકતું હતું. તેના મોઢા પર ભય અને ગુસ્સો દેખાતો હતો. તેણે તેના હોઠ અદ્ધર ચડાવ્યા હતા. ઘૂરકાટ કરતું તે પોતાના બધા દાંત દેખાડી રહ્યું હતું. તેણે મારી કે તેના માલિકની જરા પણ નોંધ ન લીધી. પણ લૉનમાં થઈને તે બરાબર લાલ દીવાલની વચ્ચેના લોખંડના ઝાંપા તરફ તંગ લઈને ચાલ્યું. ત્યાં એ થોડીક ક્ષણ ઊભું રહ્યું. ઝાંપાના સળિયામાંથી બહાર જોઈ રહ્યું. હજુ પણ તે અંદર ને અંદર ઘૂરકતું હતું. પછી એકાએક તેની હિંમત ચાલી ગઈ હોય તેમ તે ભયાનક રીતે રડયું. તેણે લાળો કરી અને બે પગ વચ્ચે પૂંછડી વાળીને ઘર તરફ પાછું આવ્યું.

'આવું આ દિવસમાં અડધો ડઝન વખત કરે છે' જહોને કહ્યું. 'તેને ત્યાં કંઈક દેખાય છે, જેનાથી તે બીએ પણ છે અને તેને ધિક્કારે પણ છે.'

હું એ ઝાંપા તરફ ચાલ્યો અને તેના ઉપરથી બહાર જોયું. બહાર ઘાસમાં કંઈક હલનચલન દેખાતું હતું. ઘાસ પર કશુંક ચાલતું હતું અને અવાજ પણ કરતું હતું. શેનો અવાજ આવતો હતો તે મને સમજાયું. એ બિલાડીનો અવાજ હતો. મેં દીવાસળી સળગાવી જોયું તો ત્યાં એક મોટો બિલાડો હતો. અને ઝાંપાથી થોડે દૂર ઘાસમાં તે ગોળ ફરતો હતો. તેની પૂંછડી તદ્દન ટટ્ટાર રાખીને તે કંઈક વિચિત્ર અવાજ પણ કાઢતો હતો, તેની આંખો ચકચકતી હતી. વારે વારે તે ઘાસમાં મોઢું નાખીને સૂંઘતો હતો.

હું હસી પડચો.

'રહસ્યનો ઉકેલ આવી ગયો' મેં કહ્યું, 'અહીંયાં એક મોટો બિલાડો છે.'

'તે મને ખબર છે. તેનું નામ ડારિયસ છે.' જ્હોને કહ્યું: 'તે અડધો દિવસ ત્યાં જ ગાળે છે. કૂતરો શું જુએ છે તેનો ઉકેલ એ બિલાડો નથી. કારણ મારો કૂતરો ટોબી અને બિલાડો દોસ્ત છે. પણ રહસ્ય એ છે કે બિલાડો ત્યાં આખો દિવસ શું કરે છે! અને શા માટે એ ડારિયસ આનંદમાં રહે છે અને આ ટોબી ભયભીત રહે છે!'

તે જ વખતે મને સ્વપ્નમાં જોયેલી દરવાજા બહાર બનાવવામાં આવેલી કબર યાદ આવી. અત્યારે ઘાસમાં જ્યાં બિલાડો ફરી રહ્યો હતો તે જ જગ્યાએ મને સ્વપ્નમાં કબર દેખાતી હતી અને તેના પરનું લખાણ પણ મને સપનામાં દેખાયું હતું. હું જવાબ આપું કે કંઈ કરું તે પહેલાં જ જોરથી વરસાદ તૂટી પડ્યો. પેલો બિલાડો પણ ઝાંપાના સળિયામાંથી ઘર તરફ દોડી આવ્યો. પછી ત્યાં ઘરની મોટી પડાળીમાં બેસીને તે તરફ ટીકી ટીકીને જોવા લાગ્યો. જ્હોને તેને બારણાની અંદર ઘરમાં લઈ જવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે છીંકોટા ખાઈને જ્હોનને નખ મારવા માંડ્યો.

જુલિયા સ્ટોનનું ચિત્ર ટાવર રૂમની બહાર ખસેડી દેવામાં આવ્યું હતું એટલે હવે મને એ રૂમમાં જતાં કશો ભય લાગ્યો નહિ. મને ઊંઘ પણ આવતી હતી અને થાક પણ લાગ્યો હતો. હું પથારીમાં પડ્યો ત્યારે, અમારા હાથ પરનું લોહી, તેમ જ બિલાડા અને કૂતરાના વિચિત્ર વર્તન વિષે મને કેવળ જિજ્ઞાસાભર્યો જ વિચાર આવ્યો, પરંતુ કોઈ ભય લાગ્યો ન હતો. મેં મીણબત્તી બુઝાવતાં પહેલાં મારા પલંગની બાજુની દીવાલ તરફ જોયું. દીવાલ પર જ્યાં શ્રીમતી સ્ટોનનું ચિત્ર લટકતું હતું એ ભાગમાં એક ચોરસ ધાબું ઊપસી આવ્યું હતું. એટલા ભાગની દીવાલનો રંગ ઘેરો અને ચોખ્ખો રહ્યો હતો. તે પછી મેં મીણબત્તી બુઝાવી અને

હું તરત જ ઊંઘી ગયો.

હું જેટલો ઝડપથી ઊંઘી ગયો હતો તેટલો જ ઝડપથી જાગી ઊઠયો હતો. મારી પથારીમાં હું એકદમ ટટ્ટાર બેઠો થઈ ગયો. મારા પર જાણે કોઈએ એકાએક સખ્ત પ્રકાશ ફેંકયો હોય તેવું મને થયું એટલે હું ચમકીને જાગી ગયો હતો. પણ હું જાગ્યો ત્યારે કમરામાં અંધકાર જ હતો. મારાં સ્વપ્નોમાં વર્ષોથી આવતા એ કમરામાં જ હું સૂતો હતો. તે ખ્યાલ આવતાં જ મારી છાતીમાં જાણે કોઈએ લોખંડનાં ગચ્યાં ખોસ્યાં હોય તેવો ભયાનક ડચૂરો બાઝયો. બીકથી હું થથરી રહ્યો હતો. તે જ ક્ષણે વાદળાનો મોટો ગડગડાટ થયો. મને વિચાર આવ્યો કે ગડગડાટ પહેલાં વીજળી ઝબકી હશે અને તેનો પ્રકાશ મારી આંખોના પોપચા પર લાગતાં હું જાગી ગયો હોઈશ... મેં વિચાર તો કર્યો પણ કોણ જાણે મને એમ જ લાગતું હતું કે કમરામાં, કમરાના અંધકારમાં બીજી પણ કોઈ વ્યક્તિ છે જ. જાણે એ વ્યક્તિ મારા પર ધસી ન આવે તેટલા માટે, લગભગ મારો જમણો હાથ આપોઆપ જ દીવાલ તરફ લંબાયો... અને મારો હાથ... મારો હાથ ચિત્રની મજબૂત ફ્રેમને જાણે અડયો.

હું છલાંગ મારીને પલંગ પરથી ઊભો થઈ ગયો. મારા પગના ધક્કાથી બાજુમાં પડેલી ટિપોઈ ગબડી ગઈ. મારી ઘડિયાળ, દીવાસળીનું ખોખું અને મીણબત્તી ભોંય પર પડયાં. પણ તે ક્ષણે પ્રકાશ પ્રગટાવવાની જરૂર ન પડી. કારણ બરાબર તે જ પળે વીજળીનો લાંબો ઝબકારો થયો. એ ઝબકારમાં મને બધું બરાબર દેખાયું. મેં જોયું કે શ્રીમતી સ્ટોનનું ચિત્ર ત્યાં બરાબર તેની જ જગ્યાએ લટકતું હતું. રૂમમાં પાછો અંધકાર છવાય તે પહેલા મેં બીજું પણ કંઈક જોયું. મારા પલંગ ઉપર જ, પલંગના છેડા પર ઓશીકું મૂકવાની જગ્યાએ કોઈ ઝૂકીને ઊભું હતું અને તેણે સફેદ કપડાં પહેર્યાં હતાં અને કપડાં પર ભીની માટી અને કાદવ

ચોંટેલાં હતાં. તેનો ચહેરો પેલા ચિત્રમાંના ચહેરા જેવો જ હતો.

વીજળી પછી તરત જ વાદળનો ધડાકો થયો. એ ધડાકો, એ ગડગડાટ બંધ થયો તેની બીજી જ સેકન્ડે મારી તરફ કોઈ આવતું હોય તેવો હલનચલનનો સળવળાટ મને સંભળાયો. સળવળાટ નજીક ને નજીક આવતો ગયો અને તેથી પણ ભયાનક સડેલા માંસની દુર્ગંધ મારી નજીક સરતી આવવા લાગી અને પછી મારા ગળા પર મારી બાજુમાં જ, મારા કાનની નીચે એક હાથ આવ્યો. મને ઝડપથી લેવાતા શ્વાસોચ્છ્વાસ સંભળાયા અને છતાં મને ખ્યાલ આવ્યો કે એ એક એવી ચીજ હતી કે જે આંખથી દેખાતી હતી, કાનથી સંભળાતી હતી, સ્પર્શથી કળી શકાતી હતી અને નાકથી તેની વાસ આવતી હતી છતાં તે આ પૃથ્વી પરની કોઈ વ્યક્તિ ન હતી. પણ શરીરમાંથી નીકળી આવતી કોઈ શયતાની શક્તિ હતી જે પ્રગટ થઈ શકતી હતી.

અને પછી મને સુપરિચિત એવો અવાજ સંભળાયો.

'મને ખબર હતી જ કે એક વાર તું ટાવરના આ કમરામાં જરૂર આવીશ. હું ઘણા સમયથી રાહ જોઉં છું. આખરે તું આવ્યો. આજે હું ધરાઈને ઉજાણી કરીશ અને પછી આપણે બંને રોજ ઉજાણી કરીશું.

અને પછી પેલો શ્વાસ છેક મને અડવા માંડયો. મારા ગળા પર તે શ્વાસ અડતો હતો.

હું ભયથી તદ્દન સ્થગિત થયો હતો. પણ તે જ વખતે મારા શરીરમાંથી સ્વબચાવની કોઈ અજબ શક્તિ આવી અને મેં બન્ને હાથ જોરથી વીંઝયા. તે સાથે પગ ઉછાળીને લાત પણ ઠોકી. કશાકને હું અથડાયો. કોઈ પ્રાણી જેવો ચિત્કાર થયો અને મારી બાજુમાં જ કોઈ પડયું હોય તેવું મને લાગ્યું. મેં બેત્રણ મોટાં પગલાં ભર્યાં. મારા પગ કોઈ ચીજ પર પડયા. હું દોડયો. મારો હાથ બારણાના હેન્ડલ પર કોઈ અજબ નસીબથી જ આવી પડયો.

બીજી સેકન્ડે હું બહાર નીકળ્યો. જોરથી બારણું પછાડીને હું પડાળીમાં ભાગ્યો. બરાબર તે જ વખતે નીચેના મજલા પરથી કોઈ બારણું ઊઘડતું મને સંભળાયું. જ્હોન ક્લીન્ટન હાથમાં મીણબત્તી લઈને ઉપર દોડી આવ્યો.

'શું થયું?' તેણે પૂછ્યું. 'તારા રૂમની નીચે જ મારો રૂમ છે. મેં કંઈક ભયાનક અવાજ સાંભળ્યો...ઓ ભગવાન આ શું તારા ગળા પર લોહી શાનું છે?'

હું લથડાતો ત્યાં ને ત્યાં જ ઊભો રહ્યો હતો. હું ભયથી સફેદ પડી ગયો હતો. મારા ખભા પર, ગરદનથી સહેજ નીચે લોહીથી ખરડાયેલાં આંગળાંનાં નિશાન હતાં.

'તે અંદર છે...' મેં કહ્યું, 'તે તને... ખબર છે. પેલું ચિત્ર પણ અંદર લટકે છે... આપણે ઉતારીને બહાર મૂક્યું હતું તે ચિત્ર.'

જ્હોન મારી આ વાત સાંભળીને હસ્યો.

'મારા વહાલા દોસ્ત, તને ખરાબ સપનું આવ્યું લાગે છે.' કહીને તેણે મને સહેજ આઘો કર્યો અને પેલા કમરાનું બારણું ખોલ્યું. બીકથી હું ત્યાં જ જડાઈ ગયો હતો.

'છી... કેવી ખરાબ ગંધ આવે છે!' તે બોલ્યો.

તે પછી શાંતિ. તે અંદર ગયો. બીજી જ ક્ષણે તે બહાર આવ્યો. તે પણ સફેદ પૂણી જેવો થઈ ગયો હતો.

'હા ચિત્ર ત્યાં જ લટકે છે.' તે બોલ્યો. 'અને ફરસ પર કંઈક પડ્યું છે. કોઈ ચીજ જેના પર માટી ને કાદવ છે. કબરમાં હોય તેવી ભીની માટી... ચલ જલદી અહીંથી ભાગ...'

હું કેવી રીતે નીચે આવ્યો તેની મને જ ખબર નથી. જ્હોન ક્લીન્ટનને મારા પગ પણ પગથિયા પર મૂકવા માટે મદદ કરવી પડી હતી. છેવટે જ્યારે છેક નીચે અમે આવ્યા ત્યારે હું

તેને મારા પર શું વીતી તે કહી શક્યો.

મારા વાચકોને ખ્યાલ આવી ગયો જ હશે કે એ શું હતું. જો તમને વેસ્ટ ફેલેના કબ્રસ્તાનમાં બનેલો એક બનાવ જેણે બધે જ ચકચાર જગાવી હતી તે યાદ હોય તો તમને બરાબર ખ્યાલ આવશે. આઠ વર્ષ પહેલાં એક બાઈએ આપઘાત કર્યો હતો. તેને કબરમાં ત્રણ વખત દાટવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો અને દરેક વખતે દાટ્યા પછી થોડા દિવસે જ તેનું કૉફિન કબરમાંથી બહાર ઊપસી આવતું હતું અને એટલે જ ત્રીજા પ્રયત્ન પછી તેનું શબ કાઢીને કબ્રસ્તાનમાં નહિ પણ આ મકાનના વંડાના દરવાજાથી સામેની વેરાન જગ્યામાં દાટવામાં આવ્યું હતું. જે મકાન આ બાઈનું જ હતું તે બાઈએ મકાનના એ ટાવર રૂમમાં જ આપઘાત કર્યો હતો અને તેનું નામ હતું જુલિયા સ્ટોન.

*

લીલી આંગળીઓ

—આર. ચેટવિન્ડ હેસ

વિધવા બોવેન હવે ઘરડી લાગતી હતી. કદાચ તે પંચોતેર વર્ષ વટાવી ગઈ હોય. કદાચ એંસી વરસની પણ થઈ હોય! ગ્રેથ ગામમાં તેની ઉમ્મરનો કોઈને અંદાજ ન હતો. ખેર! પણ તે એવી ને એવી સુઘડ લાગતી હતી. દસ વર્ષ પહેલાં તેનો ધણી, અર્નેસ્ટ મરી ગયો હતો, ત્યારે જેવી તે હતી તેમાં કશો ફેર પડ્યો ન હતો.

ટેકરીવાળા રસ્તા પર પથ્થરનું બાંધેલું તેનું મકાન ડેમસન વૃક્ષોને કારણે રસ્તાથી છુપાયેલું રહેતું. વળી મકાનની આજુબાજુ પણ ઊનનો ધાબળો વીંટાળેલો હોય તેમ સુંદર ફૂલોવાળી વેલ છવાયેલી હતી. મકાનના કંપાઉન્ડમાં સુંદર બગીચો હતો. રસ્તા પર પડતી તેની વાડ સુઘડ રીતે કપાયેલી અને લીલીછમ હતી.

ઘણી વાર ગામના રહીશોને આશ્ચર્ય અને અભિમાન થતું કે આવી ઘરડી ડોસી કેવો સુઘડ બગીચો રાખે છે! એક પાકટ ઉમ્મરની સ્ત્રી માટે એ બગીચાને હરિયાળો રાખવો તે ઓછી મજૂરીનું કામ ન હતું. બ્રેડ આપવા આવતો ભઠિયારો જ્યારે વિધવા બોવેનને કહેતો કે, 'કેવી લીલીછમ ડુંગળી તમે ઉગાડી છે!' ત્યારે હસતી. ક્યારેક ગામની દાયણ નર્સ ફેલો રસ્તા પરથી હસતી હસતી આવીને કહેતી: 'અરે! આ વટાણા કેટલા મોટા ઊગ્યા છે?' ત્યારે ડોસી બોવેન, તેની નીલી આંખ ચમકાવીને કહેતી: 'મને લાગે છે મારી આંગળીઓ લીલી હોવી જોઈએ. અહીંયાં

રોજ રોજ એ જોતી. થોડા વખતમાં તો નાની નાની લીલી કૂંપળો ફૂટી આવી.

તેને આ વાત સાવ સાદીસીધી લાગી. એમાં શું ? આવું તો બધા જ ઉગાડી શકે. પણ લીલી આંગળીઓ ધરાવતી વ્યક્તિ માટે આ પૂરતું ન કહેવાય. એટલે એક વખત બહારના રસ્તા પરથી, ગામના લખપતિ આદમીનો માળી ત્યાંથી નીકળ્યો, ત્યારે વિધવા બોવેને તેને બોલાવીને તેના બગીચાના ઉષ્ણઘરમાં રાખેલા ગરમ પ્રદેશમાં જ ઊગે તેવા થોડા છોડ લાવી આપવાની વિનંતિ કરી. તે માળી તેની વિનંતિ સાંભળીને સહેજ હસ્યો. તેને મનમાં થયું કે આ ડોસી એ ગરમ પ્રદેશમાં ઊગે તેવા છોડ કયાં વાવશે ? પણ તે કાંઈ બોલ્યો નહિ. તેણે ડોસીને સ્મિત વેરીને કહ્યું : 'ખૂબ આનંદથી શ્રીમતી બોવેન, હું તમારે માટે જરૂર કોઈ છોડવા લઈ આવીશ.' અને ત્યાર પછીના રવિવારે, એક છાબડીમાં મરીના થોડા લીલા–ભૂરા રંગનાં પાંદડાંવાળા અજબ પ્રકારના થોરના છોડ લઈ આવ્યો.

'ચા પીને જાવને ભાઈ.' સ્મિત સાથે વિધવા બોવેને પેલા માળીને રોક્યો. માળીને જવાનું મોડું થતું હતું છતાં તે રોકાયો. વિધવા ડોસીએ ચાનો એક કપ અને થોડી કેક તેને આપી. માળી-એ ચા પીવા માંડી અને કેક પણ ખાધી.

'એ છોડને હું ઉગાડી શકીશ.' તેણે કહ્યું.

'તમે ઘરમાં ગરમ જગ્યાએ કૂંડાં મૂકીને તેને ઉગાડશો ?' માળીએ પૂછ્યું, કારણ કે એ તો જાણતો હતો કે એ થોર આટલી ઠંડીમાં ઊગે નહિ.

'અરે... ના રે ના...' ડોસી બોવેન હસીને બોલી : 'બગીચા-માં એ છોડ હું વાવીશ. ત્યાં બરાબર ઊગશે.'

'મને લાગે છે બહાર એ નહિ ઊગે આટલી ઠંડીમાં... તેના કરતાં હું તમને બગીચામાં ઊગે તેવા બીજા છોડ લાવી આપીશ.'

'નહિ. મારે આ છોડ જ જોઈતા હતા. ઉગાડવા અઘરા પડે તેવા છોડ ઉગાડવાનો મારે હવે પ્રયત્ન કરવો છે.'

તે માળી થોડો મુંઝાયો. તે કંપાઉન્ડ બહાર નીકળ્યો કે તરત ડોસીએ ઝાડુ હાથમાં લીધું અને પગથિયાં પર પડેલાં તેનાં બૂટનાં નિશાન અને માટી સાફ કરી નાખી.

બીજા રવિવારે પેલો માળી ત્યાં આવ્યો અને સહેજ મશ્કરીમાં હસતાં તેણે પૂછ્યું: 'કેમ, છોડ કેવાક ઊગે છે?' તમારે માટે હું થોડા બીજા છોડ પણ લાવ્યો છું.'

'સરસ રીતે ઊગી રહ્યા છે' બોવેને જવાબ વાળ્યો. 'પેલાં રૂવાંવાળાં પાન છે ને, તે થોર પર તો ફૂલ પણ આવ્યાં છે. તમારે જોવું હોય તો આવો.' કહીને તેણે આનંદથી ભમ્મર નચાવી.

અને ખરેખર ત્યાં દીવાલની પાસે એ નીલા-ભૂરા પાનવાળો થોર પાંગર્યો હતો અને બાજુના રૂવાંવાળા થોર પર રાતું ફૂલ પણ આવ્યું હતું. માળીએ ટોપી ઉતારીને માથું ખંજવાળ્યું. આ કેવી રીતે બન્યું તે તેની સમજમાં આવતું ન હતું. તેણે આણેલા છોડ ત્યાં મૂકીને ડોસીની રજા લીધી અને મનમાં ને મનમાં વિચાર્યું કે આ ડોસી ઉગાડી ન શકે તેવા છોડ હું તેને લાવી આપીશ.

પેલા બીજા છોડ લઈને વિધવા બોવેન માળીને ઝાંપા સુધી વળાવી આવી અને તેને કહ્યું પણ ખરું: 'માળી, આ નવા છોડ પણ જરૂર ઊગશે.' તેના ગયા પછી તરત જ તે કામે લાગી. બધા છોડ જમીનમાં વાવ્યા અને ઘરમાં ભરી રાખેલા વરસાદના પાણી-માંથી એક ચંબુ ભરીને પાણી પણ પાયું. બીજે દિવસે તો છોડ-નાં મૂળિયાંઓ જમીનમાં બરાબર જામી ગયાં હતાં. થોડા વખત-માં તો ત્યાં લીલા કાંટાવાળા અને કરકરા પાંદડાંવાળા ઘણાબધા છોડ ઊગી નીકળ્યા હતા અને બાગનો એ ખૂણો જાણે કે વિષુવ-વૃત્તનો પ્રદેશ હોય તેવું લાગતું હતું. 'એ માળીના બચ્ચાને ખ્યાલ આવશે કે હું કેવી કુશળ છું.'

બધું જ સરસ રીતે ઊગી નીકળે છે.' કહીને તે સ્મિત વેરતી અને ગર્વ અનુભવતી. કારણ આજ સુધીમાં વિધવા બોવેને જે કાંઈ વાવ્યું હતું તે બધું જ સરસ રીતે ઊગી નીકળતું.

શ્રીમતી બેડોના ફાર્મ ઉપર તે દૂધ લેવા જતી. દૂધના બદલામાં તે બગીચામાં ઊગેલા વટાણા આપી આવતી. શ્રીમતી બેડોને પણ ડોસી એમ જ કહેતી : 'મારી આંગળીઓ જ લીલી હોવી જોઈએ.' શ્રીમતી બેડો કશો જ વિચાર કર્યા વગર જોઈ રહેતી. તેને રોજ રોજ શાકની જરૂર ન હતી. પણ ડોસી બોવેન શાક લઈને આવતી ત્યારે તે દૂધના પૈસા માગી શકતી નહિ. તે ચૂપચાપ તેના બદલામાં દૂધ ભરેલો ચંબુ એ વિધવાના હાથમાં મૂકી દેતી.

વિધવા બોવેન ઘર પણ ચોખ્ખું ચણોઠી જેવું રાખતી. પોતે જ પોતાં કરી કરીને ચકચકતા કરેલા ઘરના ટાઈલ્સ, પગથિયાં, બારણાના પિત્તળના દટ્ટા અને રસોડાનાં વાસણો જોઈને મનોમન હરખાતી. આખાય બ્રેથ ગામમાં તેના જેવું સ્વચ્છ અને સુઘડ ઘર ન હતું. અર્નેસ્ટ — તેનો પતિ અને પોતે વર્ષો સુધી એમાં જ રહ્યાં હતાં. વળી છૈયાંછોકરાં પણ થયાં ન હતાં. તે આખો દિવસ ઘરકામ અને બાગકામમાં રચીપચી રહેતી.

ઘણી વાર તેને પોતાને જ થતું : 'હું ખરેખર ખૂબ હોશિયાર હોવી જોઈએ.' તે વહેમી ન હતી અને ઘણી વાર તેને ભગવાન જેવી કોઈ ચીજ છે તેવું લાગતું પણ ન હતું. છતાં તેને જરૂર થતું કે તેનામાં કોઈ અજબ શક્તિ છે. જુઓને ઘરના પાછળના ભાગમાં તેણે દાટેલી ગુલાબની કલમોમાંથી કેવા સરસ છોડ થયા હતા !

'મને લાગે છે હું કોઈ પણ ચીજ ઊગાડી શકું તેમ છું.' તેણે એક વખત પોતાની જ જાતને કહ્યું અને એ પુરવાર કરવા તેણે સફરજનના ઝાડ પરથી એક નાની ડાંખળી તોડી અને જમીનમાં ખોસી. એ ફેબ્રુઆરી મહિનો હતો અને ફેબ્રુઆરીમાં ફણગા ફૂટવા શક્ય ન હતા. તેમ છતાં અઠવાડિયામાં જ ફણગો ફૂટયો. તે

અઠવાડિયાના અંતે જ્યારે માળી ફરી આવ્યો ત્યારે ખડખડાટ હસીને માળીને ઊગેલા છોડ બતાવ્યા. માળી અચંબો પામી ગયો હતો. આ વખતે તેણે બીજા છોડ લાવી આપવાનું કહ્યું પણ નહિ. તે ગયો પછી શ્રીમતી બોવેનને લાગ્યું કે માળીને તેની બિનઆવડતને કારણે સંકોચ થયો હશે અને તેના હસવાથી માઠું લાગ્યું હશે. ખેર ! પણ તે જે છોડવા લઈ આવ્યો હતો તે બધા ઊગી નીકળ્યા હતા. વિધવા બોવેનને હવે એ ગરમ પ્રદેશના છોડવા ઉછેરવામાં સમય બગાડવા જેવું લાગતું હતું. બીજે દિવસે જ્યારે તે દૂધ લેવા ગઈ ત્યારે તેણે શ્રીમતી બેડોને કહ્યું : 'તમને ખબર છે... મને જાણે એમ થાય છે કે બાળવા માટેનાં સૂકાં લાકડાંને પણ હું ઊગતાં કરી શકું.'

શ્રીમતી બેડોએ ડોસી સામે જરા શંકાથી જોયું. તેને લાગ્યું કે ડોસીની ડાગળી થોડી ચસકી લાગે છે. બોવેનને શ્રીમતી બેડોના મનમાં આવેલો વિચાર જાણે સમજાયો હોય તેવી રીતે તેણે આગળ કહ્યું: 'કેમ નહિ ! ગમે ત્યારે તો એ લાકડું ઊગ્યું જ હશે ને ! અને જો કદાચ હવે સુકાઈ ગયા પછી નહિ ઊગે તો ખેર, હું કશુંય ઉગાડવાનો પ્રયત્ન છોડી દઈશ.' તોય શ્રીમતી બેડો ચકિત થઈને જોઈ રહી. વિધવા બોવેન ઘેર જતાં જતાં ખડખડાટ હસતી જ રહી.

તેણે દુકાનમાંથી બાળવા માટેનાં સૂકાં લાકડાંના ભારા ખરીદ્યા અને પછી બીજે દિવસે સવારે તેમાંથી એક લાકડું લીધું. કઈ જાતનું એ લાકડું હતું તે સમજાતું ન હતું. પણ વિધવા બોવેન એ લાકડું લઈને ઘરની પાછળના ભાગમાં ગઈ. 'હું તદ્દન મૂર્ખ લાગું છું.' તે મનમાં ને મનમાં બબડી. 'આ તો તદ્દન સુકાઈને ભઠ થઈ ગયેલું છે.' પણ તેમ છતાં તેણે તેને જમીનમાં દાટ્યું અને આજુબાજુ જોયું કે રખે ને કોઈ તેને જોતું નથી ને ! 'નહિ તો તે મને ગાંડી સમજી લેશે.' તે મોટેથી બોલી. ત્યાં ક્યારામાં ખોસેલા એ સૂકા લાકડાને ઘડીભર જોઈ રહી. તેને મનમાં વિચાર

પણ આવ્યો કે ખરેખર તે પાગલ તો નથી થતી જતી ને! પછી તે ઘરમાં ચાલી ગઈ.

બગીચામાં ફરતી ફરતી તે રોજ સવારના કોઈ જુએ નહિ તેવી રીતે એ સુકાયેલા ઠૂંઠાને જ્યાં વાવ્યું હતું ત્યાં જતી અને જોઇ રહેતી. ત્રણ દિવસ સુધી તેમાં કશો ફેરફાર થયેલો દેખાતો ન હતો. તેને તે ઉખાડી કાઢવાનું પણ મન થઈ આવ્યું. પણ પછી વરસાદ પડયો, અને લગભગ ચાર દિવસ ઘરની બહાર નીકળાય નહિ તેવો મુશળધાર વરસાદ વરસતો જ ગયો. તે આખો દિવસ વરસાદને જોતી, કે ઘરની ચીજવસ્તુઓની સફાઈ કરતી, એ બધાય દિવસો દરમ્યાન બેસી રહી.

જ્યારે વરસાદ શમી ગયો ત્યારે તેણે જોયું કે બગીચાના ઘણા છોડ નમી ગયા હતા. તે દાંતી અને પાવડો લઈને કામે લાગી ગઈ. બધા ક્યારા ઠીક કર્યા. તે પેલા સૂકા ઠૂંઠાને ભૂલી જ ગઈ હતી. તે પાછલા ભાગમાં આવેલા જાજરૂને ધોવા માટે પાણીની ડોલ ભરીને પગથિયાં ચડતી હતી ત્યારે જ તેની નજર પડી. તેણે હાથમાંથી ડોલ નીચે મૂકી. લાકડાના ઠૂંઠામાંથી એક ફૂટ જેટલો મોટો ભાલાની અણી જેવો ફણગો બહાર આવ્યો હતો અને તેની ટોચ પર સોય જેવું પાતળું લીલું પાંદડું પણ હતું.

'હું જાણુતી હતી કે તે જરૂર ઊગશે' તે બબડી અને પેલી પાણીની ડોલ ઉપાડીને જાજરૂ તરફ ચાલી ગઈ. કામ પતાવીને તે પાછી પેલા ક્યારા તરફ ગઈ. ઠૂંડા લાકડા પરનું પાંદડું જોઈને તે ખૂબ આનંદમાં આવી ગઈ હતી અને ગાવા માંડી: 'મારી આંગળીઓ લીલી છે...લીલી છે.'

બીજે દિવસે તે જ્યારે રસોડામાં કામ કરતી હતી ત્યારે તેણે પોતાનો ચહેરો સામે લટકતા અરીસામાં જોયો. તેનું ધ્યાન તેના વાળ પર ગયું. તે બબડી: 'તારે વાળ કાપવાની જરૂરત છે' કહીને તેણે પોતાના વાળ કાપ્યા. સ્મિત વેરીને તેણે અરીસામાં જોયું. વાળ સરસ કપાયા હતા. તે બબડી: 'હજુ પણ તું સુંદર

લાગે છે.' થોડી વાર તે પોતાને જોતી એમ ને એમ જ ત્યાં ઊભી રહી. પછી એકાએક બધા કાપેલા વાળ ભેગા કરી, તેનો દડો બનાવ્યો અને બગીચાના એક નાના ખાલી ક્યારામાં જઈને વાળના દડાને જમીનમાં દાટી આવી.

પેલું ઝાડ બહુ ઝડપથી ઊગતું હતું અને જોતજોતામાં તો ખાસ્સું ઊંચું થયું હતું અને ફાલ્યું હતું. 'મારે આને કાપવું પડશે. નહિ તો રસોડામાં સહેજ પણ અજવાળું નહિ આવે.' વિધવા બોવેન મનમાં જ બોલી.

શ્રીમતી બેડો પાસે હવે જ્યારે તે દૂધ લેવા જતી ત્યારે ખૂબ ઓછું બોલતી. હવે તે શાકને બદલે પૈસા લઈને જતી. તેના બગીચા વિષે તે કંઈ બોલશે તો ગાંડામાં ખપી જશે તેવી તેને ખાતરી હતી. કારણ કે પેલા દાટેલા વાળના ગુચ્છા પણ ઊગ્યા હતા અને જમીનમાંથી સોનેરી અને કથ્થાઈ રંગના વાળ ઊંચા થવા માંડ્યા હતા. શ્રીમતી બેડોને તે આ કહી શકે તેમ ન હતી. ઉનાળામાં તો વિધવા બોવેનને સહેજ ચિંતા પણ થવા માંડી. ગરમ પ્રદેશમાં ઊગતી વેલ ઘરની એક બાજુ પરથી એટલી બધી ફેલાતી જતી હતી કે ત્યાં જવું-આવવું પણ અઘરું થઈ પડ્યું હતું. વિધવા બોવેને તેને કાપવાનો પણ પ્રયત્ન કર્યો હતો. જેમ જેમ તે કાપતી તેમ તેમ બમણા જોરથી તે ઊગી નીકળતી. પેલા ઊગેલા વાળના ઝુંડને પણ ઓછું કરવાની જરૂર હતી. નહિ તો તે બગીચાના રસ્તા પર જુલ્ફાંની માફક ફેલાઈ જશે. પેલું લાકડાનું ઠૂંઠું પણ ઊગી ગયું હતું અને સાત ફૂટ ઊંચું ઝાડ બની ગયું હતું.

વળી તેને ત્યાં થતા નાના નાના અકસ્માતોથી પણ તે ઘણી ગમગીન રહેતી. એ ઊંચા થતા ઝાડની ડાળીઓ સમારવા માટે જ્યારે તે ખુરસી પર ચડીને ડાળો કાપવા જતી હતી ત્યારે ખુરસી ઊલળી ગઈ હતી અને તેનો પગ મચકોડાઈ ગયો હતો. તેની એક ડાળી જાજરૂની બારી પાસે આવતી હતી. તેને નીચી કરવાનો

એક વખત તેણે પ્રયાસ કર્યો ત્યારે તેની આંખમાં તે જ ડાળીનો કાંટો વાગી ગયો હતો. ઘડીભર તો તેને આંખ ફૂટી ગઈ હોય તેમ લાગ્યું હતું. હજુ આ ઈજાઓમાંથી સાજી થાય તે પહેલાં તેના એક પગનું તળિયું પણ બગીચામાં જ અકસ્માતથી ચિરાઈ ગયું હતું. બ્રેડ આપવા આવતા ભઠિયારાને વિધવા બોવેને કહ્યું: 'આજકાલ મને પડ–આખડ ખૂબ થાય છે.'

પણ ગમે તે ચોજને જમીનમાં દાટીને વાવવાનો હવે તેને આદત પડી ગઈ હતી. કોઈ છાલ, કોઈ બી, કોઈ છોડ, કોઈ લાકડું — જે કાંઈ દાટતી તે બધું જ ઊગતું હતું. ઘરની પાછળના ભાગનો બગીચો આવી બધી હરિયાળીથી ભરાઈ ગયો હતો, ક્યારેક તેને દહેશત રહેતી કે આ બધી વનસ્પતિને કારણે જો સૂર્યનો પ્રકાશ નહિ આવે તો તેના કેટલાક પ્રયોગો બાકી રહેશે. પણ આ બધા છોડવા છાંયામાં ઊગતા હતા. તેના વાળ ઊગેલા જોઈને એક વાર વિધવા બોવેનને વિચાર આવ્યો અને તેણે પોતાની આંગળીના કાપેલ એક નખને પણ જમીનમાં દાટચો હતો. તે પણ ઊગ્યો હતો! ધોળા દૂધ જેવું મોટું પાંદડું બનીને જમીનમાંથી ધીરે ધીરે તે બહાર આવ્યો હતો. તે નખ, તેના વાળ અને બધા છોડવા જાણે તેનો ઠઠ્ઠો ઉડાવતા ઊભા હોય તેવું પણ તેને ક્યારેક લાગતું. તેનાથી તેને ઘણી વાર મૂંઝારો થતો. સફળતાનો આનંદ અને આવા મૂંઝારા વચ્ચે તે હરહંમેશ ઝોલાં ખાતી.

થોડા દિવસ, તેને થયેલી પગ પરની ઈજાને કારણે તે ખાસ ફરી શકતી ન હતી. તે ઈજા પર રૂઝ આવી ગઈ હતી અને તે ગાર્ડનમાં આવી ત્યારે તેણે એક ક્યારામાં કશુંક નવીન જ ઊગેલું જોયું હતું. માથું ખંજવાળીને તેણે યાદ કર્યું કે ત્યાં શું વાવ્યું હતું? વળી શું ઊગી રહ્યું હતું તેનો પણ તેને ખ્યાલ આવતો ન હતો. જે કાંઈ ઊગતું હતું તે લીલા રંગનું પણ ન હતું. જાણે કે જમીનમાંથી આછા ભૂખરા રંગનો દટ્ટો બહાર આવતો હોય

તેવું લાગતું હતું. તેને એકાએક ખ્યાલ આવી ગયો. થોડા દિવસ પહેલાં તેણે સસલું રાંધ્યું હતું અને તેનાં હાડકાં ત્યાં દાટયાં હતાં. 'અરે પણ એ ઊગે એટલા માટે મેં ત્યાં દાટયાં ન હતાં...' તે મનમાં બોલી અને તેની પાસે ગઈ. ખરેખર... ચોક્કસ... સસલાનું હાડકું ઊગી રહ્યું હતું. તેણે પોતાનો હાથ તે તરફથી પાછો ખેંચી લીધો. તે તેનો સ્પર્શ કરી શકી.

બીજે દિવસે પણ તેણે ત્યાં જઈને જોયું. તેણે પોતાની જાતને જ સમજાવવા માંડી : 'જો તું આ બધામાંથી રસ ઓછો કરી નાખીશ તો તે આટલાં જલદીથી ઊગશે નહિ, અથવા ઊગશે જ નહિ. કારણ કે છોડવા પાસે કાંઈ લીલી આંગળીઓ નથી, તેની પોતાની પાસે જ એ શક્તિ છે. થોડા દિવસ તેણે બગીચા તરફ નજર પણ ન નાખી. આખરે તેની જિજ્ઞાસા તે રોકી ન શકી. બધું જ બરાબર હતું. જમીન સુકાઈ ગઈ હતી. પેલો છોડ સહેજ સુકાયો હતો. અને જમીનમાંથી હવે નાના દ્દાને બદલે એક ભૂખરો 'ઢેકો' બહાર આવ્યો હતો. જાણે કોઈ બિલાડીના ટોપનો ઉપરનો ભાગ ન હોય !

ધીરે ધીરે તેણે એ વિચારને અપનાવ્યો હતો. થોડા દિવસમાં ઢેકાની બાજુમાં બીજા પણ ફણગા ફૂટયા હતા. ભૂખરો ઢેકો રૂંવાંવાળો બન્યો હતો પણ તેમ છતાં ઢેકાનો આગળનો ભાગ આછો ગુલાબી રંગનો દેખાતો હતો.

જ્યારે ડેમસનના ઝાડ પર ફળ આવ્યાં હતાં, અંજીર જેવાં ફળ. વિધવા બોવેને આખો દિવસ તે ફળ ઉતારવામાં ગાળ્યો. તેણે કોઈ મજૂરને પણ રોકયા ન હતા અને બજારમાં એ ફળ વેચી આવી હતી.

ઓકટોબર મહિનામાં તેના બગીચાના ઘણા છોડ સુકાયા હતા. તેના વાળના છોડનો વિકાસ પણ અટકયો હતો. તેણે બગીચાને બરાબર વ્યવસ્થિત કરવા માંડયો.

'પેલા સસલાનાં હાડકાં ઊગી નીકળ્યાં છે તેની શંકા નથી' વિધવા બોવેને પોતાની જાતને જ કહેવા માંડયું : શિયાળો બેસતાં તો તે પ્રાણી જેવા છોડે બરાબર સસલાનો આકાર પણ ધારણ કર્યો હતો. વિધવા બોવેનને ઘણી વાર શંકા પણ આવતી કે ખરેખર તે સાચું જોઈ રહી હતી કે કલ્પના કરતી હતી?

છેવટે જાન્યુઆરી મહિનામાં આખું કંપાઉન્ડ અને તેનું મકાન બરફથી છવાઈ ગયું હતું. એ સસલાનો છોડ પણ બરફથી છવાઈ ગયો હતો. પરંતુ તેના પર કંઈક નવું જ બે કાન જેવું કશું ફૂટયું હતું અને કયારેક કયારેક હાલતું પણ હતું. આને કારણે તે સહેજ વિહ્વળ થઈ હતી. એ ઊગ્યું હતું એટલે નહિ પણ જે રીતે હાલતું હતું તેનાથી તેને થોડી વિહ્વળતા લાગતી હતી.

થોડા વખત સારો એવો બરફ પડયો હતો. દરરોજ સવારના તેને હાથ અને પગનાં મોજાં પહેરવાં પડતાં. ઠંડી ખૂબ લાગતી. એક રાત્રે ભારે બરફ પડયો હતો અને તેનો બગીચો બરફથી ઢંકાઈ ગયો હતો. સવારે જ્યારે તેણે ઘરની પાછળના ભાગના બગીચા તરફ નજર કરી ત્યારે તે ચોંકી ઊઠી હતી. જ્યાં સસલાનો છોડ ઊગ્યો હતો ત્યાં કંઈ ન હતું. એક નાનો એવો ખાડો હતો. આગળ છેક રસ્તા સુધી પગલાંનાં નિશાન પડયાં હતાં. તે તેના તરફ સૂનમૂન થઈને જોઈ રહી. ઊગી આવેલું સસલું ત્યાંથી ચાલી ગયું હતું. વિધવા બોવેનને એકાએક બીક લાગવા માંડી અને તે પાછી ઘરમાં દોડી ગઈ. એટલું નહિ પણ બીકમાં ને બીકમાં તે બીજા કમરામાં પણ જઈ શકી ન હતી. આખી રાત ને દિવસ તેણે એક ખુરશીમાં જ ગાળ્યો.

બીજે દિવસે સૂરજનો પ્રકાશ અને ગરમી રેલાયાં. બરફ ઓગળવા માંડયો. તેના કમરામાં પણ પ્રકાશ રેલાતો. 'તે જતું રહ્યું છે. સારું થયું. પણ હવે હદ થઈ છે...' તે પોતાની જાતને

જ કહેવા લાગી: 'લીલી આંગળીઓવાળી હું છું', છોડવાને પોતાની જાતે વર્તવાનો કોઈ અધિકાર ન હતો. બધું મારા ધાર્યા પ્રમાણે જ થવું જોઈએ' કહીને તેણે છોડ કાપવાની કાતરમાં તેલ પૂર્યું. તેણે ઘણાબધા છોડને કાપીને નાના કરી નાખ્યા. પછી કુહાડી ઉઠાવી અને લાકડાના ઠૂંઠામાંથી ઊભેલા ઝાડ પાસે ગઈ.

કૂહાડી વજનદાર અને તેનું ફળું પાણીદાર હતું. તેણે ઝાડના થડ પર ઘા મારવા માંડયા. ધોળા દૂધ જેવાં છોડિયાં ઊખડવા માંડયાં. થોડી વારમાં તેણે સારું એવું થડ કાપ્યું. થડમાં V આકારનો ખચકો પણ થયો. પણ ડોસી થોડી વારમાં થાકી ગઈ. કેટલાંય વર્ષો પછી પહેલી વાર તેને થયું કે અર્નેસ્ટ જીવતો હોત તો કેટલું સારું થાત. આ પાતળું થડ તે નહિ જેટલા સમયમાં કાપી નાખત. થડ ચારપાંચ ઇંચથી જાડું ન હતું.

થોડી વાર પછી એક હાથથી થડ પર ટેકો લઈને તેણે કુહાડીના ફટકા એક જ હાથથી મારવા માંડયા પણ એક હાથથી થતો ઘા ખાસ જોરદાર થતો ન હતો. પહેલા કરતાં પણ ધીરે થડનાં નાનાં છોડિયાં થડમાંથી જુદાં પડતાં હતાં. અડધું થડ કાપતાં કાપતાં તેની શક્તિ ખલાસ થઈ જશે તેવું તેને લાગતું હતું. એટલે તેણે સમગ્ર મનોબળથી ઘા ઝીંકવા માંડયા. તે વાંકી વળીને ફટકા મારતી હતી. એવામાં કુહાડીના હાથાનો છેડો તેના વળેલા ઢીંચણ સાથે અથડાયો. કુહાડીનું ફળું સહેજ ઊંચે પડયું. ઘા તેના પોતાના હાથ પર જ વાગ્યો અને ભયાનક દર્દ સાથે તે બેભાન થઈને પડી. તેના હાથની આગલી આંગળીના ઠૂંઠામાંથી લોહી નીકળતું હતું. થોડી વારે જ્યારે તેની આંખનાં અંધારાં દૂર થયાં ત્યારે તેને ખ્યાલમાં આવ્યું કે શું થયું હતું. કોઈ પણ હિસાબે લોહી બંધ કરવું જ પડશે. હવે તેને દુઃખ થતું ન હતું. તેનો આખો હાથ બહેરો પડી ગયો હોય તેવું લાગતું હતું. તે લથડાતી ઘરમાં ગઈ. ઘરમાંથી એક સફેદ કકડો લીધો અને

તેના લોહી-નીગળતા હાથ પર બાંધ્યો. તેને ખૂબ ધડપણુ લાગતુ' હતુ'. તેને મરવાની ઇચ્છા થઈ આવી.

થોડી વારમાં તો એ પાટો પણુ લોહીથી લથબથ થઈ ગયો હતો. તેને ડૉકટરની જરૂર હતી. ડૉકટર પાસે નહિ જાય તો ચોક્કસ તે મરી જશે તેવું તેને લાગ્યું. વિધવા બોવેન સાવ નબળી પડતી જતી હતી. મહામુસીબતે તે ઘરના આગળના ભાગમાં આવી. પાડોશીનો એક છોકરો રસ્તા પર સાઇકલ લઈને આંટા ફરતો હતો. ડોસીએ તેને નબળે અવાજે ગામની નર્સ ફૉલેને બોલાવી લાવવા કહ્યું.

નર્સ ફૉલે જ્યારે આવી ત્યારે વિધવા બોવેન ઝાંપા પર જ અટેકણુ લઈને ઊભી હતી. તેના લોહિયાળ પાટામાંથી લોહીનાં ટપકાં પડતાં હતાં. નર્સ ફૉલેએ તેના તરફ એક નજર નાખી ડોસીને મોટરમાં નાખીને હૉસ્પિટલમાં લઈ ગઈ.

જ્યારે તે લોકો પાછા આવ્યા ત્યારે મોટરમાં વિધવા બોવેન-ને ખ્યાલ આવ્યો કે તેને પાટાપિંડી કરવામાં આવી હતી. તેના હાથ પર સરસ ધોળો જાડો પાટો બાંધવામાં આવ્યો હતો. લોહી નીકળતુ' બંધ થઈ ગયું હતુ'.

'એક અઠવાડિયું તમારે સંપૂર્ણ આરામ લેવો પડશે. મેં હૉસ્પિટલમાં પૂછ્યું હતું કે તમને ત્યાં જ રાખે. પણુ કમનસીબે હૉસ્પિટલ ભરાયેલી છે.' નર્સ ફૉલેએ કહ્યું. વિધવા બોવેને હસીને કહ્યું કે, 'તેને હવે ઘણું સારું લાગે છે.'

'હું શ્રીમતી જોન્સને કહું કે તમને મદદ કરવા આવે?' નર્સ ફૉલેએ પૂછ્યું અને વિધવા બોવેનને તેના ઘરમાં દોરીને મૂકી આવી તેમ જ બત્તી પણુ સળગાવી આપી.

'નહિ રે... એક હાથે હું કામ કરી શકીશ.' વિધવા બોવેન-ની ભૂરી આંખ સહેજ ચમકી અને એ પુરવાર કરવા તેણે પોતાને અને નર્સને માટે ચા બનાવી. ચાથી તેને સારું લાગ્યું. તેણે

ક્રમરાના તાપણિયામાં દેવતા પણ સળગાવ્યો.

છેવટે, સવારે ફરી આવવાનું કહીને નર્સ ફોલે ગઈ. ડોસી તેની ખુરસીમાં વિચારતી બેસી રહી. આખરે તેની આંગળીઓ તેની લીલી આંગળીઓને કાયમ માટેનું નુકસાન થયું હતું. ધીરેથી તે ઊભી થઈ. હાથમાં ફાનસ ઉઠાવ્યું. રસોડામાં થઈને તે ઘરની પાછળના ભાગના બગીચામાં ગઈ. રસોડામાં લોહીનાં ટપકાં પડયાં હતાં અને એ નિશાન રસોડાની આખી ફરસ પર છવાયાં હતાં. પાછળ પેલા કાપેલા થડની પાસે જઈને ઊભી રહી. તેને એ અરધું કપા- યેલું ઝાડનું થડ જોઈને ખૂબ દુઃખ થયું. ઘડીભર તેની પોતાની આંગળી કપાઈ તેનાથી તેને આનંદ થયો. જાણે એ ઝાડ કાપવા માટેની તેને શિક્ષા ન મળી હોય!

એકાએક ત્યાં લાકડાનાં છોડિયાં વચ્ચે તેણે પોતાની કપાયેલી આંગળી પડેલી જોઈ. તેના હૈયામાં સહેજ ધ્રાસકો પડયો. તેણે આશ્ચર્યથી નીચી વળીને, ફાનસના અજવાળામાં તેનું બરાબર નિરીક્ષણ કર્યું. હાથમાં ઉઠાવી. કેટલી ઘરડી અને કરચલીઓ- વાળી તેની ચામડી હતી! કેટલીય વાર તેણે એ આંગળીથી જમીન ખોતરી હતી. હવે એ આંગળી કશું વાવી નહિ શકે અને જાણે એ આંગળી કોઈ મરેલું બાળક હોય તેમ તે ડોશી રડી. બાળક- વિહોણી તેની લાંબી જિંદગીનું દુઃખ પણ તેની આ ઘડીઓમાં મગજમાં આવી ગયું. તેણે એ કપાયેલી આંગળીને છાતી સરસી ચાંપી.

થોડી વાર તે ત્યાં જ ઊભી રહી. ફાનસના અજવાળાનાં ગોળ કૂંડાળાં તેની આજુબાજુ પડતાં હતાં. એકાએક તે ભારે નિર્ણયાત્મક વાણીથી બોલી: 'તારું મૃત્યુ હું નહિ થવા દઉં! હું તને જમીનમાં ખોસીશ અને તું ઊગી આવીશ.'

જાજરૂની બાજુમાં ગુલાબના છોડના ક્યારામાં જઈને તેણે આંખમાં આંસુ સાથે જમીનમાં નાનું કાણું કર્યું અને તેમાં પેલી

કપાયેલી આંગળી મૂકી અને ક્યાંય સુધી તે કાણામાં ખોસેલી આંગળીને, મરેલા બાળકના મડદાને જોતી હોય તેમ જોઈ રહી.

રાત્રે તે ઘણી વાર હાથમાં થતા લબકારાથી જાગી ઊઠતી હતી. સવારે નર્સ ફોલે તેની ખબર લેવા આવી ત્યારે વિધવા બોવેનનો અશક્ત અને ફિક્કો ચહેરો જોઈને તેણે સૂચવ્યું કે તે કોઈ બાઈને થોડા દિવસ તેને ઘરકામમાં મદદ કરવા માટે મોકલી આપશે. પણ ડોસીએ ના પાડી. નર્સ ફોલે થોડી નિરાશ થઈ. તેણે નિઃસાસો નાખ્યો અને થોડી વાર પછી ચાલી ગઈ. વિધવા બોવેન, નર્સ ગઈ પછી ઊભી થઈ. ઘરની પાછળના બાગમાં પોતાની આંગળીનું શું થયું તે જોવા લાગી. રાતની ઝાકળ તે આંગળી પર પડી હતી અને ચામડી ચમકી રહી હતી. તેનું ટેરવું બરાબર આકાશ તરફ તંકાયેલું હતું અને તેની આજુબાજુ લાલાશ તરી આવી હતી.

એ ઊભી રહી હતી. તેના મનમાં બસ એક જ વિચાર આવતો હતો કે તેને ઊગતી કોઈ જોઈ ન જાય. થોડા દિવસમાં તો બીજી આંગળીઓનાં ટેરવાં પણ જમીનમાંથી ફૂટી નીકળ્યાં હતાં. તેનું આશ્ચર્ય ચાલ્યું ગયું હતું. તેણે પોતાનું ફિક્કું સફેદ માથું હલાવીને થાકેલી આંખોથી તે તરફ જોયું. હવે તે ઊગતી આંગળીઓ તેના કાબૂ બહાર હતી. લગભગ પંદર દિવસમાં તો જમીનમાંથી આખો પંજો ઊગી આવ્યો હતો. ઘરડી વિધવાને હવે ડર લાગવા માંડ્યો હતો. પોતાના ઘરમાં તે જાણે કોઈ સ્વપ્નમાં ફરતી હોય તેવું તેને લાગતું. તેના ઘરનાં બારણાંના પિત્તળના હાથા પર હવે કાળાશ આવતી રહી. તેની ચાની ચકચકિત કીટલી પર પણ મેશ જામવા માંડી હતી. થોડાઘણો એંઠવાડ પણ રસોડામાં રહી જતો. તેની છાજલીઓ પર ધૂળ પણ જામવા માંડી હતી. બહાર ગાર્ડનમાં જંગલી ઘાસ અને વેલાઓ પણ ઊગી નીકળ્યા હતા. કંપાઉન્ડ ફરતી વાડ પણ આડીઅવળી ઊગી ગઈ

હતી. હવે ઘણી વાર તે દૂધ લેવા જવાનું પણ ભૂલી જતી હતી.

જ્યારે એક દિવસ સવારે શ્રીમતી બેડો તેને ઘેર આવીને દૂધ આપી ગઈ ત્યારે વિહ્વળ થઈને રડી પડી હતી. કેટલાય દિવસ સુધી તે પાછળના ભાગમાં આવેલા બગીચામાં જવાની હિંમત કરી શકતી ન હતી. પણ આખરે કોણ જાણે કેમ તેને ત્યાં જઈને પેલી ઊગતી આંગળીઓ અને પંજાને જોયા વગર રહેવાતું નહિ. તે પોતાની ભૂરી આંખો ફાડીને ત્યાં જોઈ રહેતી. હવે તો કાંડું અને આખો હાથ જમીનમાંથી બહાર આવ્યો હતો. થોડા વખત પછી જ્યારે બગીચાને છેડે આવેલી બોરડી પર બોર આવ્યાં ત્યારે પેલા ઊગેલા હાથની બાજુમાં, બિલાડીના ટોપની માફક એક માથું પણ ઊગી નીકળ્યું હતું. કલાકો સુધી સંમોહિત થઈને તે તરફ તે જોઈ રહેતી. પેલા ઊગેલા હાથ પરની ચામડી પણ તેના હાથ જેવી જ કરચલીઓવાળી અને કુથ્થઈ હતી. કોઈ આ જોઈ જશે તેવો ભય તેને સતત સતાવતો. કોઈ જોઈ ન જાય એટલા માટે એ હાથ અને બહાર આવેલા ખભા પર તેણે થેલો ઢાંકી દીધો હતો. સવારના બ્રેડ આપવા આવતા ભઠિયારાને પણ તે ઝાંપે જ મળતી, જેથી તે અંદર આવીને તેના બગીચામાં ઊગતી આ નવતર ચીજને જોઈ ન જાય. અને હવે તો તેનું માથું પણ બરાબર બહાર આવી ગયું હતું. આંખો પણ હતી. બન્ને આંખો હજુ મીંચાયેલી જ હતી. પણ તેનો ચહેરો, ચહેરા પરની ચામડી તેના પોતાના જેવી જ હતી. એક પછી એક રાત ભયાનક સ્વપ્નોમાં વીતતી અને વિધવા બેવેન બીકથી ધ્રૂજી ઊઠતો. રાતે ઓચિંતી ચમકીને જાગી પણ ઊઠતી. તેના શરીરમાં ભય ઘર કરી ગયો હતો.

જ્યારે ડેમસન પરનાં ફળો પાકવા આવ્યાં ત્યારે તો એની બાજુના ક્યારામાં એક શરીર ઊગી આવ્યું હતું. અને લગભગ ઢીંચણ પણ બહાર આવી ગયા હતા. આ વખતે વિધવા બેવેને

ડેમસન પરથી ફળ પણ ઉતાર્યાં નહિ. પાકેલાં ફળ ઝાડ પર જ સડવા માંડયાં હતાં. આજુબાજુથી પક્ષીઓ અને વાગોળોએ આવીને એ ઝાડ પર અડ્ડા લગાવ્યા હતા. થોડા વખતમાં તો વાગોળોયે ઝાડની ડાળીએ ડાળીએ લટકતો હતી. વિધવા બોવેનનું ચકચકાટ રહેતું ઘર પણ કચરાથી ભર્યું ભર્યું થઈ ગયું હતું બગીચાના ઘણા છોડ પણ સુકાવા લાગ્યા હતા. ઘરને ફરતી વાડ તો ખૂબ ઊંચો થઈ ગઈ હતી અને રસ્તા પરથી તેનું મકાન પણ જોઈ શકાતું ન હતું. ક્યારેક ક્યારેક તે ભઠિયારાની રાહ જોતી મકાનના ઝાંપા પર ઊભી રહેતી ત્યારે જ રસ્તે જતા ગામના રહીશો તેને જોઈ શકતા. બાકી જો તે એમ ઊભી ન રહેતી હોત તો બધાએ તેને મરી ગયેલી જ માની લીધી હોત. શરૂઆતમાં તો બધા ઓળખીતાઓ તેને પૂછતા કે તેના બગીચાને સરખો કરવા મદદ જોઈતો હોય તો તે લોકો તેને મદદ કરવા તૈયાર છે. પણ વિધવા બોવેન ગુસ્સાથી તેમને ના કહી દેતી. એટલે હવે તો કોઈ પૂછતું પણ નહિ. બલ્કે જ્યારે તે ભઠિયારાની રાહ જોતી ઝાંપા પર ઊભી રહેતી ત્યારે રસ્તે જતા લોકો આડું જોઈને પસાર થઈ જતા.

ડિસેમ્બર વીતતાં તો બગીચામાં બરફ જામવા માંડયો હતો. બરફના વજનથી ઘર ફરતી વાડ પણ ઝૂકી હતી અને પેલી જાગતી આકૃતિના ખભા પર પણ બરફ જામ્યો હતો. સવાર પછી સવાર થતી હતી. સફેદ બરફ પર પથરાતા, સવારના સૂરજનાં કિરણોથી જ્યારે જાગી જતી ત્યારે તેને ખૂબ ડર લાગતો. દરરોજ સવારે તેને થતું કે તેના બગીચાની નાની પગદંડી પર તેને પગલાં દેખાશે. પણ રોજ સવારે તે જોતી તો બરફ એમ ને એમ જ જામેલો દેખાતો. આગલે વર્ષે જ્યારે પેલું સસલું આવી જ રીતે ઊગ્યું હતું ત્યારે પણ એક સવારે તેનાં પગલાં તેણે બરફમાં જોયાં હતાં અને એટલે અત્યારે પણ તેને થતું કે એક દિવસ તેને જરૂર

ડોસીના હાથ, આરામ ખુરસીના હાથ પર ટેકાયેલા હતા. વિધવા બોવેને જોયું તો તેના હાથની આંગળીઓ બધી જ સલામત હતી. વિધવા બોવેને પોતાની જ પ્રતિકૃતિ ધરાવતી એ ડોસીની આંખમાં જોયું. બન્નેની આંખો મળી. એ ડોસીની આંખમાં અજબ પ્રકારનું સ્મિત હતું. કોઈ ભયાનક મશ્કરી સમું સ્મિત. વિધવા બોવેન તદ્દન ડરી ગઈ હતી. ભયથી તેનું શરીર ધ્રૂજતું હતું. તેના માથામાં લોહી ફરતું બંધ થઈ ગયું. આંખે અંધારાં આવી ગયાં અને તે બેહોશ થઈને ફરસ પર ઢળી પડી.

બીજે દિવસે સવારે મોટર લઈને નર્સ ફોલે આવી. રાત્રે લગભગ બધો બરફ ઓગળી ગયો હતો. સવારનો સૂરજ ઝળહળતો હતો. ઘરડી ડોસીને જોઈને તે ઊભી રહી. 'વાહ...તમને અત્યારમાં પાછાં આ વાડને કાપતાં જોઈને આનંદ થાય છે.' તેણે કહ્યું અને ઉમેર્યું : 'ઘણા વખતથી એ વાડને કાપીને સરખી કરવાની જરૂર હતી.'

ઘરડી ડોસી હસી. હાથમાંની કાતર ઊંચી કરીને તે બોલી : 'હા...આખુંય મકાન ઢંગધડા વગરનું થઈ ગયું છે. કેટલાય વખતથી બધું ઠીકઠાક કરવાની મને ખૂબ જ ઇચ્છા હતી. પણ આ બરફને કારણે હું કશું કરી શકતી ન હતી.' તેની ભૂરી આંખો ચમકી ઊઠી.

'તમે પેલા સમાચાર સાંભળ્યા કે નહિ ?' નર્સે પોતાની મોટરની બારીમાંથી ડોકું કાઢીને પૂછ્યું.

'ના...મેં સાંભળ્યા નથી. શું વાત છે ?'

'ઓ ભગવાન ! અરે હું કેટલાય કલાકોથી ત્યાં જ હતી. ભાગોળે ઝાડીઓની વચ્ચેથી એક શરીર મળી આવ્યું હતું. પેલા નાનકડા ક્રીસ બ્રેડલીની નજરે પહેલવહેલું ચડયું હતું. આખું શરીર નહિ પણ એક ટુકડો... ભયાનક... ખરેખર ભયાનક... કુહાડીથી કે એવા કશાક સાધનથી શરીરના ટુકડેટુકડા કોઈએ કરીને ત્યાં ફેંકયા

છે. પોલીસ ત્યાં પહોંચી છે. તે લોકોનું માનવું છે કે ઘરડી બાઈના શરીરના ટુકડા છે પણ એવી ખરાબ રીતે તેને કાપી નાખવામાં આવ્યું છે કે તે કોનું છે તે ઓળખી શકાય તેમ નથી.'

'કેવું ભયાનક કહેવાય !'

'ખરેખર...ભયંકર.' પણ તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી. તમને પોતાને પણ ઘણી મુસીબત પડી છે. ખેર ! તમારા હાથે હવે કેમ છે?' નર્સે પૂછ્યું અને એ ડોસીના, એક પછી એક હાથ તરફ જોયું... બન્ને હાથની આંગળીઓ સલામતી હતી. નર્સ ફોલે જરા મૂંઝાઈ રહી. તેને ખ્યાલ નહોતો આવતો કે કયા હાથે ડોસીને વાગ્યું હતું.

'અરે ! સરસ.' પેલી ડોશીએ કહ્યું. તે સ્મિત વેરતી હતી. તેણે ડોકું હલાવ્યું અને ઉમેર્યું. 'અહીં બધું જ સારી રીતે ઊગે છે. મને લાગે છે મારી આંગળીઓ લીલી હોવી જોઈએ.'

*

ઘર તરફ

—આર. ચેટાવન્ડ-હેસ

ચાર્લી વ્હીટહેડ... તેનું જે કાંઈ બાકી રહ્યું હતું – તે જે અવસ્થામાં હતો તેને, ચાર્લી વ્હીટહેડ કહી શકાય તો... ત્યાં લાકડાના રાચરચીલા વચ્ચે ખૂબ જ સુખી હતો. લાકડાની એ નકશીકામ કરેલો છત-પટ્ટી, એ મોટું કબાટ, ફરસનાં પાટિયાં એ બધામાં, તે બ્લોટિંગ પેપર પર પથરાતા પાણીની માફક ફેલાઈ જતો. ઈંટની દીવાલ અને પ્લાસ્ટરમાં તે ફેલાઈ શકતો નહિ. દિવસ દરમ્યાન કમરો ખાલી રહેતો અને ત્યારે તે હળવા અદશ્ય મોજાંની માફક બહાર આવી શકતો. તે વખતે જીવતા માણસોથી તેને કોઈ ખલેલ પહોંચતી નહિ. તેમાંય એ મકાનમાં રહેતો આદમી કોઈ ખલેલ પહોંચાડતો નહિ. પરંતુ સ્ત્રી તેને આકર્ષતી. કોઈ લોહચુંબકની જેમ ખેંચતી. ચાર્લી તેને ધિક્કારતો અને તેનાથી બીતો પણ ખરો. એ સ્ત્રીની કોઈ અજાયબ આકર્ષક શક્તિ તે ગમે ત્યાં સંતાય છતાં જાણે તેને શોધીને તેના તરફ ખેંચતી. તે મનમાં ને મનમાં બોલી ઊઠતો : 'મારે કશું જ બનવું નથી...' અને તે રડી ઊઠતો. તેનો નિઃશ્વાસ પણ સંભળાતો. ડૂસકું પણ રૂમમાં સંભળાતું. પેલી સ્ત્રી તે જાણે સાંભળી ગઈ હોય તેમ, પથારી સરખી કરતાં કરતાં પોતાની પાછળ જોતી... બબડતી... 'છટ્ મારે સૂઈ જવું છે.'

'તમને ખબર તો હશે જ ને...' શ્રીમતી હાર્ડકેસલ તેના હાથમાંનો કપ મોઢે અડાડતાં બોલી : 'એટલે કે તમને આ ઘર અપાવનાર એજન્ટે કહ્યું જ હશે ને !'

'ના કશું કહ્યું ન હતું.' સીલિયા કુપરે કંટાળાથી કહ્યું. તેના મનમાં એક જ વિચાર હતો અને તે એ કે શ્રીમતી હાર્ડ-

કેસલ હવે જાય તો સારું. 'જુઓને અમારે તો સારા વિસ્તારમાં સગવડવાળું મકાન વાજબી કિંમતમાં જોઈતું હતું.'

'ગમે તેમ પણ એ માણસે તમને કહેવું જોઈતું હતું.'

'પણ વાત શું છે?' સીલિયાએ પૂછ્યું. સીલિયાને એમ હતું કે તેની પહેલાં આ મકાનમાં રહેતા કોઈ માણસની નિંદાત્મક વાત હશે.

'ઓહ ભલી બાઈ...' શ્રીમતી હાર્ડકેસલની આંખો સહેજ આનંદ અને ભયથી ચમકી રહી. 'તમારા આ મકાનના આગળના બેડરૂમમાં એક માણસને ઠાર મારવામાં આવ્યો હતો.'

સીલિયા કુપર જરા પણ હાલી નહિ. તેના શરીર પર ભય છવાઈ ગયો. તેમ છતાં તેણે ધીરેથી પૂછ્યું.

'કેટલું ભયાનક... ખૂન થયું હતું?'

'ખૂન થયું હતું તેવું ન કહી શકાય. પણ દસ વર્ષ પહેલાં જ્યારે આ ઇમારત બંધાઈ હતી ત્યારે... અરે! મને નવાઈ લાગે છે કે તમને કેમ ખબર નથી. છાપાંઓમાં એ બનાવ આવ્યો હતો.' શ્રીમતી હાર્ડકેસલે કહ્યું.

'પણ અમે છેલ્લાં પંદર વર્ષથી ઇંગ્લેન્ડમાં ક્યાં હતાં?' સીલિયાએ હસીને કહ્યું.

'અરે! હાં એ તો હું ભૂલી ગઈ. ખેર! અહીં ચાર્લી વ્હીટહેડ નામના માણસને ઠાર મારવામાં આવ્યો હતો. હાઈ સ્ટ્રીટની બેંક તેણે લૂંટી હતી. તેણે બેંકના કલાર્કને ઠાર માર્યો તે પહેલાં કલાર્કે ચેતવણીની ઘંટડી દબાવી હતી અને થોડી જ વારમાં પોલીસ પણ આવી પહોંચી હતી. પરંતુ ચાર્લી વ્હીટહેડ ભાગી નીકળ્યો હતો. પોલીસે તેનો પીછો કર્યો હતો. આ મકાન તે વખતે જ બંધાઈ રહ્યું હતું. ચાર્લી વ્હીટહેડ અહીં ઘૂસી ગયો હતો. પછી કલાકો સુધી ગોળીઓની રમઝટ ચાલી હતી. એક પોલીસ નિશાનબાજે બાજુના ઘરમાં નિશાન લઈને તેને ઠાર માર્યો હતો. તેના

માથામાં ગોળી વાગી હતી અને આ તમારા આગળના બેડરૂમમાં જ તે મરેલો પડયો હતો... ઓહ ! તમે તો ફિક્કાં પડી ગયાં. મારે તમને કહેવું જોઈતું ન હતું છતાં તમે એ જાણીને આ ઘરમાં રહો તેવી મારી ઇચ્છા હતી.' શ્રીમતી હાર્ડકેસલે કહ્યું.

'મહેરબાની કરીને તમે મારા વર્તનથી ખોટું ન લગાડતા.' સીલિયા ફરીથી હસીને બોલી : 'મને લાગે છે એટલે જ આ મકાન કોઈ ખરીદતું નહિ હોય !'

'ના રે...એવું નથી.' શ્રીમતી હાર્ડકેસલ બોલી. 'શ્રી અને શ્રીમતી ડોસેટ અહીં રહેતાં હતાં. મિસ્ટર ડોસેટ મોટર ઍક્સિડન્ટમાં માર્યા ગયા ત્યાં સુધી તે લોકો આ જ મકાનમાં રહેતાં હતાં. પણ જેન ડોસેટે મને એક વાર કહ્યું હતું કે તેને આગળના બેડરૂમમાં કંઈક અજુગતું લાગતું હતું. ખેર ! એવું તો લાગે જ ને ! એટલે કે જ્યારે તમે જાણો કે આવો ગમખ્વાર બનાવ એ કમરામાં બન્યો હોય ત્યારે એ કમરામાં જતાં સહેજે ગમગીન થઈ જવાય. તમે મારી વાતથી ખોટું...'

'છટ્ હું એ વાતનો જરા પણ વિચાર નહિ કરું. ભૂત–ફૂતની ચિંતા કરવાનો મારી પાસે સમય જ ક્યાં છે ?...'

*

'હેરોલ્ડ...' સીલિયાએ તેના પતિને કહ્યું : 'તને ખબર છે આ ઘરમાં એક આદમીને ઠાર મારવામાં આવ્યો હતો ?'

હેરોલ્ડ સૂપ પીતો હતો. તેણે ચમચો નીચો મૂકયો અને કહ્યું : 'હા મને ખબર છે. એસ્ટેટ એજન્ટની ઑફિસના માણસે મને કહ્યું હતું. પણ તને કહેવાનું મને ઉચિત લાગ્યું ન હતું. ખામખાં તું બી મરે... તને કોણે કહ્યું ?'

'આપણી પાડોશમાં રહે છે તે શ્રીમતી હાર્ડકેસલે કહ્યું. આજે બપોરે તે મારી ઓળખાણ કરવા આવી હતી...'

'ખરી વાચાળ લાગે છે,' હેરોલ્ડે મોં મચકોડયું. 'ખેર ! હવે

તને ખબર પડી છે તો ચિંતા કરવાની જરૂર નથી. ઘર હોય તો કોઈક તો તેમાં મરે ને! આપણે પણ કદાચ અહીં જ ગુજરી જઈશું તેથી શું ? અને એ લૂંટફાટ કરનારો આદમી મરાયો તેમાં શું ખોટું હતું. એવા આદમીઓનું તો આમ જ થવું જોઈએ. મારું ચાલે તો બધા ડાકુઓને હું આમ જ ગોળીએ ઉડાવી દઉં.'

તે પછી એ પતિ-પત્ની જમ્યાં ત્યાં સુધી બધી ઘરગથ્થુ વાતો કરી. ટેબલ સાફ કરીને શ્રીમતી સીલિયા કુપરે ડિશો ઉઠાવી. રસોડામાં ગઈ. બધું કામ પરવારીને તે જ્યારે દીવાનખાનામાં આવી ત્યારે હેરોલ્ડ ટેલિવિઝન માણી રહ્યો હતો. જોકે તેની આંખ-માં ઊંઘ ભરાઈ હતી અને થોડી જ વારમાં તે ત્યાં ખુરશીમાં સૂઈ જશે... સીલિયાએ વાંચવા માટે એક પુસ્તક લીધું. થોડી થોડી વારે તે હેરોલ્ડ તરફ જોતી હતી. ટેલિવિઝન જોતાં જોતાં જ તે ઊંઘી ગયો હતો.

હેરોલ્ડ તેનો પતિ હતો. પચ્ચીસ વર્ષની પરિણીત જિંદગી તેમણે બન્નેએ સાથે વિતાવી હતી અને એટલે જ સીલિયા પોતાના પતિને બરાબર પિછાનતી હતી. જો કદાચ કોઈ ઠગ લોકો તેના પર હુમલો કરે તો હેરોલ્ડ જરૂર જીવ આપી દઈને પણ તેને બચાવી લે. તેને કોઈ પણ મુસીબત હોય તો હેરોલ્ડ બધું જ કરી છૂટે. કારણ તે તેનો પતિ હતો અને પોતે પત્ની. પણ 'ધારો કે કદાચ અત્યારે હેરોલ્ડ ન સમજી શકે તેવો કોઈ ભય તેને લાગે, ધારો કે તે હેરોલ્ડને અત્યારે ઊંઘમાંથી જગાડીને કહે કે આપણે અહીંથી જતાં રહીએ...' તો તે શું કરે ? સીલિયા પોતાના મનમાં જ વિચારી રહી. 'ધારો કે હું તેને કહું હેરોલ્ડ... આપણા બેડરૂમમાં કશુંક ભયાનક, કશુંક ખતરનાક છે... જેનાથી મને બીક લાગે છે... મને મૂંઝારો થાય છે. આકર્ષણ પણ થાય છે અને મારા મનમાં કોઈ અનેરા ભયથી તે છવાઈ જાય છે... ચાલ આપણે જતા રહીએ આ જગ્યાએથી...'

તો હેરોલ્ડ જરૂર આશ્ચર્ય પામીને તેને 'ટૉનિક' લેવાનું, તબિયત સુધરવાનું જ કહે તેમાં શંકા ન હતી. તે ડૉક્ટરને બોલાવીને દવા કરાવે. બાજુનાં બધાં મકાનો બતાવીને કહે કે, 'આપણું આ મકાન બાજુનાં મકાનો કરતાં પણ સારું છે. મેં એમાં ઘણા પૈસા નાખ્યા છે અને તને આવી કલ્પનાઓ આવે તેથી કાંઈ ઘર છોડી ન દેવાય.' તે જરૂર પોતાના નિર્ણયમાં અડીખમ રહે. તે ઘર છોડવા તૈયાર જ ન થાય અને કદાચ તેમના લગ્નજીવનમાં આટલે વર્ષે છેહ ઊભો થાય અને એટલે જ સીલિયાને ડર લાગતો હતો છતાં તેને પોતાના ભય સામે એકલાં જ ઝઝૂમવાનું હતું.

'હેરોલ્ડ...હેરોલ્ડ' તેણે નરમાશથી બૂમ પાડી. 'જાગને....'

'શું છે?' તે બોલી ઊઠયો અને આંખ પટપટાવવા લાગ્યો. 'મને ઝોકું આવી ગયું.'

'આજ તારે સૂવાનું નથી.' તે અકળાઈને હસી. 'તારે માટે કશુંક ગરમ પીણું લાવું?'

'લાવ...' હેરોલ્ડે કહ્યું અને તે રસોડામાં ગઈ.

*

હેરોલ્ડની બાજુમાં જ તે ડબલ-બેડમાં સૂતી હતી. હેરોલ્ડનો એકસરખો શ્વાસ પણ તેને સંભળાતો હતો. તે એટલો જડની માફક ઘોરતો હતો કે તેને પાંચ મિનિટ ઢંઢોળવામાં આવે તો જ ઊઠી શકે. તેણે પોતાના વિચારોને દબાવવા પ્રયત્ન પણ કર્યો નહિ. નાનું બાળક જેમ સાપને જોઈને ભય પામે છતાં પણ તેની નજીક જઈને છંછેડવાનો પ્રયત્ન કરે, શમા પાસે જેમ પરવાના ખેંચાય તેમ જ તેના વિચારો ખેંચાતા હતા. પલંગમાં પડી પડી તે અંધારા કમરામાં, તેની સીલિંગમાં, તેના લાકડાની નકશી કરેલી છત-પટ્ટીમાં, તેના કબાટના પૉલિશ લાકડામાં કંઈક શોધવા મથી રહી હતી.

છત-પટ્ટીમાંથી... કબાટ ઉપર... ત્યાંથી ડ્રેસિંગ ટેબલ પર ચાલી વ્હીટહેડ ફેલાયો હતો. સીલિયાએ જાણે કશાય પ્રયત્ન વગર

તેને બહાર કાઢયો હતો. ડ્રેસિંગ ટેબલ પરથી તેને પાછો કબાટમાં જતો રોકયો હતો. હવે તે દીવાલ તરફ પથરાઈ રહ્યો હતો. સીલિયા જાણતી હતી કે તેને દીવાલો પ્રત્યે અણગમો હતો. તેની આંખ તેનો પીછો કરી રહી. તે દરમ્યાન તે ભયથી કાંપતી હતી. છતાં તેની આંખ બધે ફરતી હતી. હવે પરાકાષ્ઠા આવી. સીલિયાએ તેને નજરથી જ પલંગ તરફ ખેંચ્યો. તે આવ્યો. તે પણ ભય અને ધિક્કાર અનુભવતો હતો. દરેક ઇંચેઇંચ તેણે પ્રતિકાર કરવાનો પ્રયત્ન કર્યો. પણ ધીરે ને ધીરે તે પલંગ તરફ ખેંચાતો જ ગયો. થોડી વારમાં તો તે પલંગની બાજુમાં ફરસ પર ઊભો હતો. સીલિયા ધ્રૂજી ઊઠી. તેનામાંથી જાણે શક્તિ ચાલી જતી હોય તેવું લાગ્યું. હવે પાછા હટાય તેમ ન હતું. ફરસ પર જે કાંઈ ઊભું હતું તે જાણે પોતાના વિચારોને કારણે જ આકાર લઈ રહ્યું હતું. હેરોલ્ડ હંમેશાં પરદા ખુલ્લા રાખવાનું કહેતો અને બારી પણ ખુલ્લી હતી. હેરોલ્ડને ચોખ્ખી હવા વગર ઊંઘ આવતી નહિ. બારીની બહારના, રસ્તા પરના સ્ટ્રીટલાઇટનું અજવાળું બેડરૂમમાં પથરાતું હતું. એ અજવાળામાં તે સાકાર થઈ રહ્યો હતો. તે કાળો પડછાયા જેવો હતો. તેનું શરીર કસરતી હતું. તેના ખભા સહેજ ઢળેલા હતા... ઘુવડની માફક, અને સીલિયાને લાગ્યું કે તેના ચહેરાની રેખાઓ પણ જાણે તેને દેખાય છે પણ કદાચ તે કલ્પના હોય! તેને હોઠનો ફફડાટ સંભળાયો.

'તારે મારું શું કામ છે?'

તે વખતે જ સીલિયાને સત્ય સમજાયું હતું અને એ સત્ય એ શબ્દોમાં જ આવી જતું હતું. 'તારે મારું શું કામ છે?'

ચાર્લી વ્હીટહેડના, એ રૂમમાં ભમતા પ્રેતે આખરે બહાર આવીને તેને પૂછ્યું હતું. સીલિયા જાણતી હતી કે તેણે શા માટે ચાર્લી વ્હીટહેડને તેના લાકડાના ફર્નિચરમાંથી બહાર કાઢયો હતો. આ ઘરમાં રહેવા આવ્યાં ત્યાં સુધી તેને ખબર ન હતી કે તેનામાં

આવી કોઈ શક્તિ છે. પરંતુ એક પછી એક અઠવાડિયાં જતાં ગયાં તેમ તેમ તેના વિચારોનું સામર્થ્ય અને આકર્ષણ ચાર્લી વ્હીટહેડના પ્રેતને ખેંચતું ગયું. ચાર્લી વ્હીટહેડનું પ્રેત જ્યારે બહાર આવીને ખડું રહ્યું ત્યારે તે એક જ વિચાર કરતી હતી અને તે હેરોલ્ડ સાથેની તેની શુષ્ક જિંદગીનો હેરોલ્ડનો સ્વભાવ, તેની સાથે તેણે ગાળેલાં કંટાળાજનક વર્ષો, બિલકુલ કલ્પનાશીલતા વગરનું હેરોલ્ડનું મગજ અને તેની તદ્દન વ્યવહારુ બુદ્ધિમત્તા... એ બધું તેને જાણે અકળાવી નાખતું હોય તેવું લાગતું. તેણે કદીય જાગ્રત અવસ્થામાં હેરોલ્ડને તે કેટલો ધિક્કારતી હતી તેવો વિચાર પણ નહોતો કર્યો પણ જ્યારે આ ચાર્લી વ્હીટહેડ...મરેલા આદમીનું પ્રેત ત્યાં ફરસ પર ખડું હતું ત્યારે તેને આવા બધા વિચારો આવતા.

ચાર્લી વ્હીટહેડની તેને જરા પણ બીક લાગતી ન હતી. તેણે પલંગમાં બેઠા થઈને પોતાના પતિ તરફ આંગળી ચીંધીને પેલા પ્રેતને મોટેથી બરાડીને કહ્યું : 'આને મારી નાખ. તારી માફક જ મરેલો બનાવી દે.'

પેલી આકૃતિ પથારીની બાજુમાં આવી. સીલિયા હવે તેને બરાબર જોઈ શકતી હતી. ઘડીભર તો તેને એમ લાગ્યું કે કોઈ જીવતો માણસ ત્યાં ઊભો છે. ચાર્લી વ્હીટહેડનું પ્રેત હેરોલ્ડ તરફ ઝૂક્યું. સીલિયા ચોંકી ઊઠી અને તેનાથી બૂમ પડાઈ ગઈ.

'નહિ... નહિ. હું એવું ખરેખર કરવાનું કહેતી નથી.'

પેલી આકૃતિ અટકી, તેનો ચહેરો સીલિયા તરફ ફર્યો અને એકાએક અલોપ થઈ ગઈ. સીલિયા તેના ઓશીકા પર ફસડાઈ ગઈ અને એલાર્મ ઘડિયાળે સવારના તેને ઉઠાડી ત્યાં સુધી તેને કાંઈ જ ખબર ન પડી.

*

કોઈ પણ વ્યક્તિ સારી છે કે સદ્‌ગુણી છે તેનો ખ્યાલ જ્યાં સુધી તેનામાં લાલચ ઊભી ન થાય ત્યાં સુધી કળવું મુશ્કેલ છે.

સીલિયા કુપરને ક્યારે પણ લાલચ ઊભી થઈ ન હતી. પરપુરુષ-સેવનની ક્યારે પણ આ પહેલાં ઇચ્છા થઈ ન હતી. તેને હંમેશાં જરૂર જેટલા પૈસા મળી રહેતા એટલે ચોરી કરવાનો વિચાર માત્ર પણ તેના મનમાં આવ્યો ન હતો અને ખૂન ! ખૂન તો તેના જેવી મધ્યમ વર્ગની સ્ત્રીની કલ્પના બહારની બાબત હતી અને તે હજુ પણ સાચું જ હતું. સીલિયા કદી પોતાને હાથે પોતાના પતિનું ખૂન કરે તે પોતાની જાતે જ આ સુંદર ઘરને આગ લગાડવા જેટલું અશક્ય હતું. પરંતુ આ વાત કંઈ જુદી જ હતી. પ્રેતાત્મા દ્વારા ખૂન કરવું તે કાયદામાં જણાવેલા બધા પ્રકારના ખૂનથી જુદું જ હતું. સીલિયા પોતાની આ લાલચ સામે લડી રહી હતી. દિવસની હર મિનિટ, એક પછી એક કલાક, એક પછી એક દિવસ અને હરકોઈ રાત્રે આ લડાઈ ચાલુ જ રહેતી. ઘોરતા હેરોલ્ડના પડખામાં જ્યારે તે રાત્રે સૂતી ત્યારે લાકડાના રાચરચીલામાં ઘર કરીને બેઠેલા ચાર્લી વ્હીટહેડના ભૂતને તે બોલાવવાની લાલચ રોકી જ શકતી ન હતી. એ પ્રેતાત્મા તેના કહ્યા પ્રમાણે જ વર્તશે એવું જ્યારથી તેણે જાણ્યું ત્યારથી તેની બીક જતી રહી હતી અને હેરોલ્ડ પ્રત્યેનો તિરસ્કાર દિનપ્રતિદિન બઢતો ગયો હતો. જાણે કોઈ રોગ શરીરમાં ફેલાતો હોય તેમ સીલિયાના ચારિત્ર્યમાં ફેરફાર થતો તેને પોતાને પણ દેખાતો હતો. પણ તેનાથી તે અટકતી ન હતી બલ્કે દિવસે દિવસે તેમાં ભયાનક ફેરફાર થતો જતો હતો. તેને ઘણી વાર બધું છોડીને ભાગી જવાનો વિચાર આવતો. પણ તે ક્યાં જાય ? અને આ ઉમ્મરે શું કરી શકે ? જાતે કમાવાની તેનામાં શક્તિ પણ ન હતી અને એષણા પણ ન હતી. હા ! પણ જો હેરોલ્ડ એકાએક મૃત્યુ પામે તો તેને ઘણો લાભ થાય તેમ હતો. તેનો વીમો પણ ખાસ્સો હતો. તે ઉપરાંત તેમની સાદી જિંદગીને કારણે સારી એવી બચત પણ થયેલી હતી અને હેરોલ્ડે ઓઇલ કંપનીમાં ત્રીસ વર્ષ ઉપરાંત નોકરી કરી હતી એટલે જો તે ગુજરી

જાય તો તેને વિધવાનું પેન્શન પણ કંપનીમાંથી મળે તેમ હતું. જો આ અણગમતો લગ્નજીવનનો ભાગીદાર દૂર થાય તો તે ક્યાંક દૂર જઈને સોનાનાં નળિયાં હેઠળ જીવી શકે.

તેણે પોતાના મન સાથે ચાલતા યુદ્ધ સામે સારી એવી ટક્કર લાંબા વખત સુધી લીધી હતી. એક બપોરે તે પેલા બેડરૂમમાં ગઈ ત્યારે બારી પાસે ચાર્લી વ્હીટહેડનું પ્રેત ઊભું હતું. હવે તે એટલી ટેવાઈ ગઈ હતી કે તેને બીક ન લાગી પણ જરા આશ્ચર્ય થયું કે તે કેવી રીતે પ્રગટ થઈને ઊભો હતો? કારણ સામાન્ય રીતે સીલિયા તેને વિચારથી પ્રગટ થવાનું કહે નહિ ત્યાં સુધી ચાર્લી વ્હીટહેડનો મૃતાત્મા પ્રગટ થતો નહિ. સીલિયાને થયું કે જરૂર ઊંઘ દરમ્યાન તેને આવતા વિચારોમાંથી આ ભૂતને શક્તિ આવી હશે. ચાર્લીનું ભૂત ધીરેથી ફર્યું. તેના સફેદ પૂણી જેવા, તદ્દન નકાબ જેવા ચહેરા પર ભય અને તિરસ્કાર હતો. તે હોઠનાં ફફડાટ કરીને બોલ્યું :

'ક્યારે?'

સીલિયા તેને જોતી સ્થગિત થઈને ઊભી રહી. તેના મગજમાં ચેતવણીની ઘંટડીઓ વાગવા માંડી. આ ભયાનક વસ્તુને... પ્રેતને તે તાબામાં રાખી શકશે? જો તે હેરોલ્ડનું ખૂન કરી શકે તેમ હોય તો તેની સલામતી ખરી? પ્રેતે તેના એ નહિ પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું.

'તું જ મને શક્તિ આપે છે. માટે તારા વગર મને ચાલવાનું નથી. મારો કોઈ નક્કર દેહ જ નથી.'

'પણ કદાચ...હેરોલ્ડ મર્યા પછી...' સીલિયા પ્રશ્ન પૂછી ન શકી.

ચાર્લી વ્હીટહેડના હોઠમાંથી શબ્દો સર્યા. 'તેની ચિંતા નહિ, કેવળ ખરાબ માણસો જ ઘરભણી પાછા આવે છે.'

'તો પછી મારું શું? મારો સમય આવશે ત્યારે...?'

પેલા પ્રેતના સફેદ ચહેરા પર સ્મિત આવ્યું. 'પાછળથી તને

પસ્તાવો ન થઈ શકે ?'

સીલિયાના મોંમાંથી ઊંડો નિઃશ્વાસ નીકળી ગયો. તેનો છેલ્લો અંતરાય ભેદાઈ ગયો હતો. કેટલાંય અઠવાડિયાંઓથી જે એષણા, જે લાલચ તેના મનમાં પેઠી હતી તેને તે સંપૂર્ણ તાબે થઈ ગઈ હતી. હેરોલ્ડનું મૃત્યુ થશે તો તેને કોઈ સંડોવી નહિ શકે. કેવી રીતે તેનું મૃત્યુ જાહેર થશે ? બધા કહેશે કે હૃદય બંધ પડવાથી મૃત્યુ થયું છે ! અને તેનું પાપ પણ તે પાછળથી પસ્તાઈને ધોઈ શકશે.

'આજે રાત્રે.' તેણે પ્રેતના સૌથી પ્રથમ પ્રશ્નનો જવાબ આપ્યો. 'મારે હાજર રહેવું તો નહિ પડે ને ?'

'નહિ.' ભૂતની કાળી આંખો ચમકી રહી. 'પણ તારે મને તે માટે હુકમ આપવો પડશે.'

'અચ્છા, તો હું મારા પતિને મારી નાખવાનો હુકમ આપું છું.' સીલિયા બોલી.

'મારાથી તેને મારી નાખી ન શકાય. કેવળ હું તેને તેના ભૌતિક શરીરમાંથી છૂટો કરી શકું.' પ્રેત બોલ્યું.

'મારા પતિને તેના શરીરમાંથી મુક્ત કરવા હુકમ કરું છું.'

સીલિયાના મોંમાંથી આ શબ્દો સરતાં જાણે તેનું મન રોકી રહ્યું હતું. પરંતુ તે શક્ય ન હતું. હવે તો એ પગલું ભરાઈ ચૂક્યું હતું. પણ તેની પરવા ન હતી—તે હવે કોઈ એવી દુનિયાના છંદમાં હતી કે જ્યાં શયતાનીયત જ સૌથી વધુ પ્રબળ હોય. તે જ્યારે ફરી બોલી ત્યારે તેના અવાજમાં અભિમાન હતું, 'હું તેને સાંજે બેડરૂમમાં મોકલી આપીશ' કહીને તેણે દરવાજો વાસ્યો.

*

પચ્ચીસ વર્ષમાં, રાબેતા મુજબ પસાર થતી બધી જ સાંજની માફક આ સાંજ પણ પસાર થઈ હતી. પણ આ છેલ્લી સાંજ હતી. સીલિયા ડાઈનિંગ ટેબલ પર બેસીને જમતા પોતાના પતિને

જોઈ રહી. તેણે જમી લીધું પછી ડિશો સાફ કરી અને તે બધો જ વખત બેડરૂમમાં ફરતી પેલી 'ચીજ', ચાર્લી વ્હીટહેડના પ્રેતને ઝૂમતું સાંભળી શકતી હતી, શું તે ત્યાં જ બારી પાસે જ ઊભું હતું. બારી પાસે દસ વર્ષ પહેલાં તેને ઠાર મારવામાં આવ્યો હતો. ત્યાં જ તે ઊભું હતું ? કે પછી તે લાકડાના ફર્નિચરમાં ભરાયું હતું ? અને હેરોલ્ડની આવવાની રાહ જોતું હતું.

રોજની માફક હેરોલ્ડ ટેલિવિઝન જોતાં જોતાં ઝોકે ચડચો હતો. થોડી વારમાં જ તે ઘોરવા માંડશે. તેની ઊંઘ સરસ હતી. સીલિયા જેવી શ્વાનનિદ્રા નહિ. હેરોલ્ડ આરામથી ઊંઘી જતો અને એક વાર ઊંઘ્યા પછી જગતભરના એલાર્મની ઘંટડીઓ તેને ઉઠાડી શકે તેમ ન હતી.

ઘડિયાળનો કાંટો તેની અવિરત મુસાફરી કરતો હતો. સીલિયાએ ટેલિવિઝન બંધ કર્યું. ધીરેથી તેણે હેરોલ્ડના ખભા પર હાથ મૂકચો. તેને ઢંઢોળ્યો અને જાણે કોઈ મા દીકરાને ઉઠાડતી હોય તેમ બોલી : 'હેરોલ્ડ, ચાલ હવે સૂવાનો સમય થઈ ગયો છે. અહીંથી ઊભો થા.'

'શું... શું...' તે બોલ્યો. આંખ પટપટાવી. ઘડિયાળ સામે જોયું 'દસ જ વાગ્યા છે ? અરે મને ઝોકું આવી ગયું.'

તેણે રાબેતા મુજબ કોકો બનાવ્યો. હેરોલ્ડ તેના કપમાંથી સબડકા કરતો પીવા માંડચો અને આવતી કાલે તેને શું શું કામ કરવાનું છે તે કહેવા માંડચો. સીલિયા તે કશું સાંભળતી ન હતી. ઉપરના બેડરૂમમાં પેલું પ્રેત ઉશ્કેરાટથી આમતેમ આંટા મારતું હોય તેવું તેને લાગતું હતું.

'ચાલો ભાઈ સૂવાનો સમય થઈ ગયો.' કહીને તે ઊભો થયો. બગાસું ખાધું, આળસ ખાધી. 'આવે છે મારી ઘરડી છોકરી ?'

'આવું છું. તું જા. હું થોડી જ વારમાં આવું છું.'

'અચ્છા.' તે રૂમમાંથી ચાલ્યો. 'જલદી આવજે. કાલે પાછું

વહેલા ઊઠવું પડશે.'

હેરોલ્ડ કમરાની બહાર નીકળ્યો કે તરત તેને મોટેથી બૂમ મારવાની તેનો હાથ પકડીને આ ઘરમાંથી બહાર ખેંચી જવાની અને કદીય આ ઘરમાં પાછા નહિ આવવાની ઇચ્છા થઈ આવી. તેનું મોં ઊઘડ્યું પણ જાણે તેનામાંથી બોલવાની શક્તિ જ જતી રહી હોય તેવું તેને લાગ્યું. તે બાજુની ખુરસીમાં હાલ્યાચાલ્યા વગર જ ફસડાઈ પડી. ઉપર પેલું પ્રેત તેની બધી જ શક્તિઓ એકઠી કરી રહ્યું હતું. તેણે હેરોલ્ડને દાદર પર ચડતો સાંભળ્યો. તે બાથરૂમમાં ગયો તેવું પણ તેને સંભળાયું. તેણે લેવેટરીની સાંકળ પણ ખેંચી. પાણી વહેવાનો અવાજ સંભળાયો અને પછી... બારણું ખોલ્યું તે પણ સંભળાયું.

'ઓ ભગવાન... ઓ ભગવાન મને માફ કર. મને માફ કર.' સીલિયાની આંખમાંથી આંસુ સર્યાં. 'તેને મરવા ન દઈશ. ઓ ભગવાન...'

એક મોટી ચીસ સંભળાઈ. તેનું માથું ખુરસીના ટેકા સાથે જડાઈ ગયું. વર્ણન ન કરી શકાય તેવી ભયાર્ત ચીસ... અને તે સાથે જ બેડરૂમની ફરસ પર જોરથી કાંઈક અફળાયું, એટલા જોરથી કે નીચેના કમરાની છતમાં ઝૂલતા વીજળીના દીવા પણ હાલી ઊઠયા. એ ઝૂલતા દીવાને કારણે પ્રકાશ અને પડછાયાથી તે બેઠી હતી તે રૂમ છવાઈ ગયો. સીલિયાના શરીરમાં જાણે બધી શક્તિ પાછી આવી હોય તેવું લાગ્યું. ચાર્લી વ્હીટહેડના પ્રેતને જાણે હવે તેની શક્તિની જરૂર ન હોય તેમ સીલિયાને થયું. કારણ હવે તે પ્રેત ઉપર રૂમમાં કે ઘરમાં હોય તેવું તેને લાગતું ન હતું. ચાર્લી વ્હીટહેડનું ભૂત એ રૂમમાંથી મુક્ત થઇ ગયું હોય તેમ બનવાજોગ હતું. તે પ્રેતની દુનિયામાંથી બીજે કયાંય પણ ચાલી

ગયું હોય. સીલિયા જડવત્ બેસી રહી. હેરોલ્ડ ત્યાં બેડરૂમની ફરસ પર મરેલો પડ્યો હશે તે હકીકતને પોતાને ગળે ઉતારવા તે મથી રહી. તે ત્યાંથી ઊભા થવાની હિમ્મત પણ કરી શકતી ન હતી. દાદર ચઢીને ઉપર જવાની તેનામાં જિગર જ ન હતી.

ઘડિયાળમાં રાતના બેના ટકોરા થયા. સીલિયા ચમકી. તેને ઉપરના કમરામાં કંઈક અવાજ સંભળાયો. ફરસબંધીના પાટિયા-નો અવાજ. જાણે ભારે શરીર ઊભું થતું હોય તેવો... થોડી વારે ધીરાં પગલાંનો અવાજ સંભળાયો, કમરાની કાર્પેટ પરથી ચાલી-ને એ પગલાંનો અવાજ દાદર પાસેના પેસેજમાં આવ્યો... ટપ... ટપ... ટપ રબ્બરની સ્લીપરનો એ અવાજ દાદરના મથાળે આવ્યો... પછી પગથિયાં પર ટપ... ટપ... ટપ... કોઈએ દાદરનો કઠેડો પક-ડ્યો હતો. કઠેડો હાલી ઊઠ્યો. હવે કોઈ ધીરેથી... તદ્દન એક પછી એક પગથિયાં પર પગ મૂકીને દાદર ઊતરતું હતું. નીચે આવતી વ્યક્તિનો શ્વાસ પણ સંભળાવા માંડ્યો હતો. સીલિયાને થયું-'હેરોલ્ડ બચી ગયો.' 'હાશ તે ખૂની ન હતી... તે ખૂની ન હતી.' તેને ઘડીભર નિરાંત વળી. પણ ના... તે પગલાં હેરોલ્ડનાં ન હતાં. તેનાં પગલાંનો અવાજ તે બરાબર ઓળખતી હતી અને તે ભયાનક શ્વાસ કોઈ કેટલાય વખતથી ગૂંગળાઈ ગયેલા માણસના શ્વાસોચ્છ્વાસ જેવો હતો. જે કોઈ પણ નીચે આવતું હતું તે હેરોલ્ડ ન હતો.

દાદર બાજુના દરવાજેથી કોઈ જરૂર આવી રહ્યું હતું. તે ફાટી આંખે તે તરફ જોઈ રહી. બારણાનું હેન્ડલ ફર્યું. તેણે ચીસ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ તેનાથી ચીસ ન પડાઈ. તેની સ્વરપેટી રૂંધાઈ ગઈ હતી. ગળામાં ભયને કારણે ડચૂરો બાઝી ગયો હતો. બારણું ખૂલ્યું. તેના હાથ ખુરસીના બન્ને હાથાને જકડી રહ્યા. તે મડદાની માફક સ્થિર થઈ ગઈ.

તે શરીર હેરાલ્ડનું હતું. તેના ચહેરો સફેદ પૂણી જેવો હતો. તેના હાથ લબડતા હતા. પરંતુ તેની આંખો ભયાનક ધિક્કારથી સળગતી હતી. તે શરીર આરામ ખુરશી પાસે આવ્યું અને ખરખરા અવાજથી બોલ્યું.

'શા માટે... મને તું એકલો રહેવા નથી દેતી? ત્યાં ઉપર ત્યાં એ લાકડાના રાચરચીલામાં શાંતિ હતી.

સીલિયાની પાસે હાથ ફેલાવીને તે આવ્યું. સીલિયા ચીસ પાડી ઊઠી.

*

મિસ્ટર ગ્રેટહેડ....

—મે. સિન્કલૅર

મિસ્ટર ગ્રેટહેડનો શૉફર સ્ટીવન એક્રોઈડ સાવ સોગિયો આદમી હતો. બધાં સ્ટીવનથી બીતાં, બધા જ તેને ધિક્કારતા. ફક્ત તેનો શેઠ ગ્રેટહેડ અને તેની માશૂકા ડોસીં, એ બે જ જણ તેને ધિક્કારતાં નહિ.

પરંતુ ગઈકાલના બનાવ પછી તો ડોસીં પણ તેનાથી ડરી ગઈ હતી.

રાત પડી ગઈ હતી. કંપાઉન્ડનો એક ઝાંપો વંડાની બહાર નીકળવાના બોગદામાં ખૂલતો હતો. કંપાઉન્ડની દીવાલની પેલી તરફ ગીચ ઝાડી હતી. સ્ટીવનના ગૅરેજનું ફાનસનું અજવાળું અને ડોસીં જ્યાં કામ કરતી હતી તે રસોડાના ફાનસનું અજવાળું વંડામાં ફેલાતું હતું. ડોસીં તેની માશૂકા સીવણકામ કરતી બેઠી હતી. સ્ટીવન બારી પાસે ગયો. તેને જોઈને ડોસીં ચમકી. તે સીવણકામ કરતી હતી તે કપડું મૂકીને સહસા, રસોડામાંથી ભાગી ગઈ અને સીધી મિસ્ટર ગ્રેટહેડના અભ્યાસખંડમાં ચાલી ગઈ હતી. તેનાથી ડરીને સ્ટીવન સોગિયા ચહેરા સાથે વંડા તરફથી બારીમાં જોઈ રહ્યો. બધા જ તેને ધિક્કારતા હતા. તિરસ્કાર કરતા હતા. ત્યાં કિંગ્સ આર્મ્સ હોટલના બારમાં પણ તે જ્યારે જતો ત્યારે બધા તિરછી આંખે તેના તરફ જોતા અને તેનાથી દૂર ચાલી જતા.

તેણે ડોસીંને પૂછ્યું હતું કે તેણે તેનું શું બગાડયું હતું?

ત્યાં કિંગ્સ આર્મ્સમાં પણ બધાંને તે હસીને 'ગુડ ઇવનિંગ' કહેતો ત્યારે પણ જાણે તે દેડકો હોય તેમ બધા આઘા ખસી જતા. અરે ડોર્સીની આન્ટી પણ તેને તિરસ્કૃત કરતી... એ ચિબાવલી, મુરઘીની ટાંગ જેવા ચહેરાવાળી આન્ટી પણ જાણે, તે પોતે વંદો હોય તેમ તેની સામે જોતી. એ કુત્તી... ટચરી... મિસિસ ઓલ્ડીશો.

આમ થવાનું કારણ એટલું જ હતું કે તેણે નાના નેડ ઓલ્ડીશોને ખોખરો કર્યો હતો. અરે એ આન્ટીને પોતાના છોકરાની ગરદનની કિંમત હોય તો તેને સખણો રાખવો ન જોઈએ? તેને ખબર તો હતી કે જો તે તેની માશૂકા અને પોતાની વચ્ચે આવશે તો તેનું આવી બનશે!

ગઈ કાલે રવિવારે એ બનાવ બન્યો હતો. ડોર્સીની સાથે તેની આન્ટીને મળવા તે 'કિંગ્સ આર્મ્સ' ગયો હતો. બધાં ત્યાં શાંતિથી વાતો કરતાં બેઠાં હતાં ત્યારે નેડે શરૂ કર્યું હતું. ડોર્સીના ગળા પર તેણે હાથ વીંટાળ્યા હતા અને મોઢું તેની છેક નજીક લીધું હતું. ડોર્સી મૂરખની માફક હસતી હતી અને તેની બુઢ્ઢી આન્ટી પણ.

... નેડ શું બોલ્યો હતો? 'સ્ટીવન, ભલે ડોર્સી તારી માશૂકા છે પણ મારી સગી છે એટલે તેને હું ચુંબન કરું તો તું મને રોકી ન શકે...'

એ લોકો શું સમજતા હતા. ડોર્સીને માટે તો તેણે ડાર્લિંગ-ટન મોટર વર્ક્સની નોકરી છોડીને અહીં ઇસ્ટશ્વેટમાં આવીને, મિસ્ટર ગ્રેટહેડના બૂટપાલીસ કરવાની, લાકડાં લાવવાની, કોલસા ભાંગવાની, તેને માટે પાણી લાવવાનો અને તેની સેકન્ડહેન્ડ મોટર હાંકવાની નાચીજ નોકરી લીધી હતી. ડોર્સી તે જ ઘરમાં કામ કરતી હતી એટલે તેને રંજ ન હતો... પણ આ નેડ પોતાની માશૂકાને બચ્ચીઓ ભરતો હોય ત્યારે તેનાથી જોઈ કેમ રહેવાય?

અને એટલે જ તેણે તેને ખોખરો કર્યો હતો. તેણે નેડનું ગળચું

દબાવ્યું હતું અને ભીંત સાથે ભિડાવ્યો હતો. બરાબર ભિડાવ્યો હતો. જો બીજા માણસો લૉજમાંથી દોડી ન આવ્યા હોત તો...

'સ્ટીવન...' ડોર્સીએ બૂમ પાડી હતી. 'અરે, એ અધમૂવો થઈ ગયો...'

'સારું થયું. બીજી વાર તેને ખ્યાલ આવશે કે મારી છોકરી ...મારી પ્રેમિકા સાથે ચેડાં કરવાથી શું પરિણામ આવે છે.'

'હું કાંઈ તારી છોકરી... પ્રેમિકા નથી. એ માણસો દોડી ન આવ્યા હોત તો તું તેને મારી નાખત. મને તારો ડર લાગે છે. નેડ કશું ખરાબ કરતો ન હતો.'

'હું તને કહું છું ને ડોર્સી, આપણા બેની વચ્ચે જો હવે ફરી કોઈ વાર એ આવશે તો હું એને ભોંયભેગો કરી દઈશ.'

'એ બરાબર વાત નથી.'

'કસમથી ડોર્સી, તારા અને મારા પ્રેમની વચ્ચે જો કોઈ પણ આવશે તો હું તેની ડોક મરડી નાખીશ. પછી તે તારી આન્ટી હોય કે તેનો છોકરો નેડ હોય. સમજી?'

'અને જો હું જ વચ્ચે આવું તો?'

'જો તું વચ્ચે આવીશ તો પછી... ડોર્સી મને પૂછીશ નહિ.'

'તેથી જ હવે મને બીક લાગે છે.' ડોર્સીએ કહ્યું હતું.

'પણ તું મને ક્યાં છોડી જવાની છું. તારા લગ્નનાં કપડાં તો તું બનાવી રહી છું.'

'હા બનાવી રહી છું.'

અને અત્યારે એ જ કપડાં ફેંકી દઈને ડોર્સી તેના શેઠના અભ્યાસખંડમાં દોડી ગઈ હતી. અરધો કલાક વીતવા આવ્યો પણ તે પાછી આવી ન હતી. સ્ટીવન આખરે કંટાળીને અભ્યાસખંડની, કંપાઉન્ડ તરફ પડતી બારી પાસે ગયો અને સંતાઈને જોઈ રહ્યો.

ગ્રેટહેડ ખુરશીમાંથી ઊભા થયા. તે નાજુક ઘરડા આદમી હતા. તેમના ખભા ઝૂકેલા હતા. તેમની પીઠ પણ ઝૂકેલી હતી

અને ગરદન પણ નાજુક હતી. ડોસીં સામે ઊભી હતી. તેનો મોટો ચહેરો લાલ થઈ ગયો હતો. તે રડતી હતી.

મિસ્ટર ગ્રેટહેડ બોલ્યા : 'ખેર ! મારી તો એ જ સલાહ છે. તું વિચાર કર... કંઈ પણ પગલું ભરતાં પહેલાં બરાબર વિચારી જો.'

તે રાત્રે જ ડોસીંએ પોતાનો સામાન પેક કર્યો હતો અને બીજે દિવસે બપોરે જ્યારે સ્ટીવન ખાવાનું ખાવા માટે ગયો ત્યારે તો તે ચાલી ગઈ હતી અને ગાર્થડેલમાં પોતાના પિતાને ઘેર રવાના થઈ ગઈ હતી.

તે પછી તેણે સ્ટીવનને કાગળ લખ્યો હતો કે તેણે ખૂબ વિચાર પછી નક્કી કર્યું છે કે તેની સાથે તે પરણવા માંગતી નથી અને તે તેનાથી ડરે છે. તેની સાથે તે સુખી નહિ થઈ શકે.

*

એ બુઢ્ઢો જ મૂળમાં છે. તેણે જ તેને ચઢાવી હશે. તે જ જવાબદાર છે. તેણે જો તેને અવળી સલાહ ન આપી હોત તો ડોસીં જાત નહિ. વળી જો તે બહાર ન ગયો હોત તો તેને રોકી શકત. નેડનો આમાં કશો હાથ નહિ જ હોય, કારણ નેડ તો નાન્સી પીકોકને પરણવાનો છે. નેડે તેનું કશું નુકસાન કર્યું ન હતું.

મિસ્ટર ગ્રેટહેડે જ આ કર્યું હતું. તે જ તેની અને ડોસીં-ની વચ્ચે આવ્યા હતા. સ્ટીવન તેના શેઠને ધિક્કારવા માંડ્યો.

તેનો ધિક્કાર બઢતો જ ચાલ્યો. તેની નોકરીમાં બે જાતની ફરજો રહેતી. ઘરમાં તેને દરવાન તેમ જ ગ્રેટહેડના ચપરાસી તરીકે કામ કરવાનું રહેતું. શેઠ માટે ગરમ પાણી મૂકવું, તેમને કપડાં પહેરવા અને કાઢવામાં મદદ કરવાની અને જમતા હોય ત્યારે પીરસવાનું કામ કરવું પડતું. સવારના મિસ્ટર ગ્રેટહેડ તેને બૂમ પાડતા ત્યારે સ્ટીવનને, એ બુઢ્ઢાનો લાલ ચહેરો, તેના ઢળેલા ખભા, પોપટ જેવું નાક અને ઓશીકા પર ફેલાયેલા તેના સફેદ વાળના

ગુચ્છા જોઈને તેને કંઈનું કંઈ થઈ જતું. તેને માટે ઘંટડી વાગતી ત્યારે સ્ટીવન તિરસ્કારથી કાંપી ઊઠતો. એ બુઢ્ઢાની ખાંસી અને... તેનાં પગલાંનો અવાજ... શોબ... શોબ... શોબ... એવો અવાજ સાંભળીને તેને કમકમાં આવી જતાં.

એક વખત એવો હતો કે તેના શેઠ તરફ પણ તેને ડોસી જેટલી જ કૂણી લાગણી હતી. તેમના બૂટને, હેટને અને કોટને પણ તે ખૂબ જ સંભાળપૂર્વક, બ્રશથી સાફ કરતો. મિસ્ટર ગ્રેટહેડ પણ ભૂરા પડેલા હોઠ વાંકા કરી સ્મિત સાથે, ક્યારેક કહેતા: 'સ્ટીવન, તારો તરવરતો ચહેરો જોઈને મને આનંદ થાય છે' પણ હવે... હવે સ્ટીવનનો ચહેરો, ગ્રેટહેડને જોતાંની સાથે જ વિકૃત થઈ જતો અને ગળું સુકાતું.

ગ્રેટહેડ જમવા બેસતા ત્યારે પણ તે નરાતર ચીડ અને તિરસ્કારથી જોતો ઊભો રહેતો. તેને એ બુઢ્ઢાનો ટ્લેટો ખેંચી લેવાનું મન થતું. તેના મનમાં જોરજોરથી હથોડા ઠોકાતા: 'એ મરવો જ જોઈએ, ખતમ થઈ જવો જોઈએ.' ડોસીને આ ડોસાએ જ, તેના હાથમાંથી હઠાવી નાખી હતી... એ બુઢ્ઢો ખડખડપાંચમ ડોસો તેની માશૂકાને તેની પાસેથી ઝૂંટવી ગયો હતો.

એક વાર તે મિસ્ટર ગ્રેટહેડની હેટ બ્રશથી સાફ કરતો હતો ત્યારે તેને એટલો ગુસ્સો આવ્યો હતો કે તેણે લાકડી લઈને એ હેટ પર જોરજોરથી ફટકા માર્યા હતા અને પગ નીચે કચડી હતી. પછી તેણે હેટ ઉઠાવી હતી. ડોસીની જગ્યાએ શ્રીમતી બ્લેન્કીરોન નામની બાઈ નોકરી પર આવતી હતી. તે જોઈ ન જાય અથવા ગ્રેટહેડ જાણી ન જાય તેટલા માટે તેણે એ ફેલ્ટ હેટને સરખી કરીને લટકાવી દીધી હતી. તેને પોતાના આ વર્તનથી નહિ, પણ એ વર્તનની વ્યર્થહીનતાની શરમ આવી હતી. એક મૂરખા અને પાગલ સિવાય કોઈ આવું કરે નહિ. તેણે પોતાની જાતને જ કહ્યું. ડોસી તેને મૂકીને ચાલી ગઈ હતી ત્યારથી જ

તેના મનમાં તો નિર્ણય લેવાઈ ગયો હતો તેમ છતાં, તે બબડ્યો: 'એ ડોસલાને હું ઠેકાણે ન પાડું ત્યાં સુધી મારું નામ સ્ટીવન નહિ'

અને તે બરાબર યોજના ઘડી લે તેટલી જ વાર હતી. એક એક બાબત તેણે વિચારી હતી. કોઈ જ ઉતાવળ કરવાની જરૂર નથી. કોઈ જ ગભરામણ નહિ, અકળામણ નહિ, છેલ્લી ઘડી સુધીમાં જરા પણ અચોક્કસતા નહિ રાખવાની. વળી ગુસ્સામાં આવીને ખુન કરનારા પાગલ જ હોય છે. તે પકડાઈ પણ જાય અને તેમને લટકવું પણ પડે અને હરહંમેશ એ લોકો એવું કાંઈ કરી બેસતા હોય છે કે જેથી પકડાયા વગર રહે નહિ.

સ્ટીવને બધું જ વિચાર્યું હતું. તારીખનો અને હવામાનનો પણ નિર્ણય લીધો હતો.

મિસ્ટર ગ્રેટહેડ એક વિદ્વાનોની સંસ્થાના સભ્ય હતા અને હરહંમેશ મે અને નવેમ્બર મહિનામાં તેની મીટિંગમાં હાજરી આપવા લંડન જતા. તે હંમેશાં સાંજના પાંચ વાગ્યાની ગાડીમાં મુસાફરી કરતા એટલે રાતે લંડન પહોંચીને તે આરામ કરી શકે. દર વખતે તે આમ અઠવાડિયા માટે લંડન જતા અને ઘરની દેખભાળ કરતી બાઈને તે દરમ્યાન રજા આપતા. એટલે સ્ટીવને નવેમ્બરનો એક દિવસ પસંદ કર્યો જ્યારે મિસ્ટર ગ્રેટહેડ લંડન જવાના હતા અને શ્રીમતી બ્લેન્કીરોન સવારની બસ પકડીને ઇસ્ટરવેટથી નીકળીને મોર્ફે જવા નીકળી ગઈ હતી. એટલે ઘરમાં તેના અને ગ્રેટહેડ સિવાય કોઈ ન હતું.

ગ્રેડહેડની ઇસ્ટરવેટ અસ્કામતની આગળ મોટાં વૃક્ષો હતાં અને પાછળના ભાગમાંથી જંગલ શરૂ થતું હતું. ઇસ્ટરવેટથી શોવે જવાનો માર્ગ ગ્રેટહેડના મકાનથી ઘણો દૂર હતો. એ રસ્તા પરથી એક નાળિયામાં થઈને ગ્રેટહેડના મકાન પર જઈ શકાતું હતું. ઘર, ગામથી એક માઈલ દૂર હતું અને ઘરથી એક માઈલ દૂર હાર્ડરો ઘાટ હતો. મિસ્ટર ગ્રેટહેડના કંપાઉન્ડમાં કોઈ ફેરિયા

આવતા નહિ. અરે! ટપાલી પણ ઘરના કંપાઉન્ડની શરૂઆતમાં લટકાવેલી ટપાલ પેટીમાં કાગળ નાખીને જતો.

ઘરમાં ગરમ પાણીના નળમાં આવતું પાણી બરાબર ગરમ આવતું નહિ એટલે દરરોજ જ્યારે મિસ્ટર ગ્રેટહેડ ન્હાવા જતા ત્યારે સ્ટીવન ઊકળતું પાણી લઈને આવતો.

મિસ્ટર ગ્રેટહેડ નાઇટ ડ્રેસમાં સજ્જ હતા અને દાઢી કરતા હતા. સુંદર વિશાળ, સફેદ ટાઇલ્સથી સજાવેલી બાથરૂમમાં અરીસામાં જોઈને ગ્રેટહેડ અસ્ત્રાથી દાઢી કરી રહ્યા હતા ત્યારે સ્ટીવન ઠંડા પાણીના નળ પર હાથ મૂકીને રાહ જોતો ઊભો હતો. તેણે નળ ખોલ્યો. પાણી આવતાં પહેલાં હવા પસાર થવાના વિચિત્ર અવાજો નળમાંથી આવતા હતા. પાણી આવે ત્યાં સુધી તેને રાહ જોયા વગર છૂટકો ન હતો. ઓઇલ-સ્ટવ પરથી ગરમ પાણીની વરાળથી બાથરૂમમાં ગજબ પ્રકારની ધૂંધળાશ ઊભી થઈ હતી. સ્ટીવનની નજર અરીસામાં દેખાતા તેના પોતાના પ્રતિબિંબ પર પડી. તે તંગ થયો. અરીસામાં ગ્રેટહેડનું પણ પ્રતિબિંબ દેખાતું હતું. તે સહેજ પાછો હટયો.

'સ્ટીવન, તારી તબિયત ઠીક લાગતી નથી...' ગ્રેટહેડે કહ્યું.

'નહિ સાહેબ...કંઈ નથી.' સ્ટીવને શરીર ઘસવા માટેની વાદળી ઉઠાવી. મિસ્ટર ગ્રેટહેડે અસ્ત્રો છાજલી પર મૂકયો. મોં પરથી સાબુ લૂછયો. તે જ વખતે નળમાંથી સિસકાર સાથે પાણી નીકળ્યું.

પછી જ સ્ટીવને ઝડપથી હુમલો કર્યો. તેણે પોતાના હાથમાંની વાદળી (Sponge)થી ગ્રેટહેડના મોંઢામાં ડુચો માર્યો. ગળું દબાવ્યું અને મિસ્ટર ગ્રેટહેડને ભીંત સાથે ભીડી દીધા. જેવી રીતે તેણે નેડ ઓલ્ડીશાને દબાવ્યો હતો તેવી જ રીતે. તેણે વધારે અને વધારે જોરથી એ ડોસાનું ગળું દબાવ્યે રાખ્યું.

ગ્રેડહેટના હાથ હવામાં વીંઝાયા, નબળા પડતા હાથથી તેમણે

સ્ટીવનને ખાળવાનો પ્રયાસ કર્યો... પણ થોડી જ વારમાં સ્ટીવનના ભયાનક દબાણ હેઠળ તેમના હાથ જાણે સાવ નિર્માલ્ય થઈને લટકી રહ્યા. પછી ગ્રેટહેડનું શરીર પણ નિર્માલ્ય થઈને લબડી રહ્યું, ભીંત સાથે લસરાતું, નીચે ફસડાયું. સ્ટીવન હજુ પણ ગળું દબાવી રહ્યો હતો. તેણે નીચે પડેલા શરીર પર ગોઠણથી ઓર ભીંસ આપી. તેની આંગળીઓ સાણસાની પકડની માફક ગળા પર ચીટકી રહી. મિસ્ટર ગ્રેટહેડનો ચહેરો સૂઝી આવ્યો અને ભયંકર રીતે બદલાઈ રહ્યો. તેમના ગળામાંથી વિચિત્ર પ્રકારનો ઘુરૉટ થયો. પાઈપમાંથી પાણી પડતું હોય તેવો ઘરઘરાટ... સ્ટીવને, તે અવાજ બંધ થયો ત્યાં સુધી ગળું દબાવ્યું.

પછી તેણે પોતાનું ખમીશ કાઢ્યું. તેણે મિસ્ટર ગ્રેટહેડનાં પણ કપડાં કાઢયાં અને તેના મડદાને ખાળ તરફ ઢાળ્યું. પછી છાજલી પરથી અસ્ત્રો ઉઠાવ્યો. ગ્રેટહેડના ગળાની નસો કાપી નાખી. નળ ચાલુ કર્યો જેથી ગ્રેટહેડના ગળામાંથી ધસી આવેલું લોહી ધોવાઈને ખાળમાં ચાલી જાય.

આખો દિવસ અને રાત તેણે એ મડદાને ત્યાં બાથરૂમમાં જ રહેવા દીધું.

તેના ખ્યાલમાં હતું કે ખૂનીઓ નાની નાની બાબત પર પૂરતું ધ્યાન આપતા નથી એટલે જ પકડાઈ જાય છે. લોહીના ડાઘા રહી જાય, કે લોહીથી ખરડાયેલાં કપડાં ક્યાંક રહી જાય... એવી કોઈ ને કોઈ ભૂલ થઈ જ જાય. સ્ટીવન માટે અત્યારે કોઈ ભયાનકતાથી છળી મરવાનો સમય ન હતો. મિસ્ટર ગ્રેટહેડનું જે પળે તેણે કાટલું કરી નાખ્યું હતું તે પળથી તેની ગરદન પણ ભયમાં હતી. એટલે હવે તે પોતાની ગરદન બચાવવા બુદ્ધિ વાપરતો હતો. એક ઠંડા, ગણતરીબાજ માણસ તરીકે જ તેણે બધું આટોપવાનું નક્કી કર્યું હતું. તેણે બધું જ વિચાર્યું હતું.

તેણે પાછળના ભાગમાં આવેલી ગૌશાળાનો પણ ખ્યાલ

રાખ્યો હતો. ઢોર રાખવાનો એ તબેલો મકાનની પાછળ ઊંચા ઘાસ વચ્ચે હતો અને ઘરથી તદ્દન જુદો પડતો હતો. તેની બારી-ઓમાં કાચને બદલે જાળિયાંવાળાં પતરાં હતાં. છાપરા પર કાચનું એક અજવાળિયું હતું તેમાં જવા માટે ઘરની પાછળ એક ગલિયારું પડતું. તે સિવાય તેમાં જવું શક્ય ન હતું. સ્ટીવને તેનાં સાધનો તૈયાર કર્યાં. એક અસ્ત્રો, એક ઢોરની ખાલ ઉતારવાનું ચાકુ, ફરસો અને માંસ કાપવા માટેની કરવતી અને સૂતરનો ઢગલો અને છાપાની પસ્તી.

બીજે દિવસે વહેલી સવારે તેણે મિસ્ટર ગ્રેટહેડના મડદાને બાથરૂમમાંથી ઉઠાવ્યું અને તબેલામાં લઈ આવ્યો. ત્યાં એક આરસના પથ્થરની બેંચ ઉપર એ મડદાને સુવાડયું અને વ્યવ-સ્થિત રીતે તેના સત્તર ટુકડા કર્યા. એ બધાને છાપામાં વીંટયા. પહેલાં તેણે ગ્રેટહેડનું માથું અને હાથ વીંટયા, કારણ કે તેનાથી તે ડરતો હતો. પછી બધાં પડીકાં બે શણના થેલામાં ભર્યાં અને થેલા સીવીને ભોંયરામાં મૂકયા.

ટુવાલ અને સૂતરના ખરડાયેલા ઢગલાને રસોડાના તાપ-ણિયામાં નાખીને પૂરેપૂરા બાળી નાખ્યા. પછી ઉપયોગમાં લીધેલાં હથિયારો તદ્દન ધોઈને સાફ કર્યાં અને રાબેતા મુજબ તે વસ્તુઓ જયાં પડી રહેતી ત્યાં મૂકી દીધી. આરસના પથ્થરની બેન્ચ પણ ઘસીને ધોઈ. આરસની ખરબચડી કિનારા પર જોકે થોડા ડાઘ દેખાતા હતા એટલે બરાબર અડધો કલાક તેને ઘસી ઘસીને તેણે ધોયા કરી. પછી એ ડાઘ આછો થઈ ગયો.

તેણે પોતે પણ નાહીધોઈને સ્વચ્છ કપડાં પહેર્યાં.

એ વખતે લડાઈનો સમય હતો એટલે બ્લૅકઆઉટને કારણે રાત્રે કામ કરવું મુશ્કેલ હતું. સ્ટીવનને દિવસ દરમ્યાન જ કામ કરવાનું રહેતું. સ્ટીવને મિસ્ટર ગ્રેટહેડનું મંગળવારે ખૂન કર્યું હતું અને અત્યારે ગુરુવારના બપોરના ત્રણ વાગ્યા હતા. બરાબર

ચારમાં દસ મિનિટે તેણે મોટર કાઢી. તેની બારીના પરદા બરાબર પાડી દીધા. મિસ્ટર ગ્રેટહેડની સૂટકેસ વ્યવસ્થિત રીતે, કપડાં વગેરે જરૂરી ચીજોથી પૅક કરી, તેમની છત્રી, તેમનો મુસાફરી માટેનો ખાસ કામળો વગેરે બધું જ વ્યવસ્થિત રીતે તેણે લીધું. મિસ્ટર ગ્રેટહેડ લંડન જતી વખતે જે કપડાં પહેરવાના હતા તે કપડાં પણ એક બન્ડલમાં બાંધીને તેણે લીધાં.

તે પછી ભોંયરામાંથી તેણે પેલા બે શણના થેલા લીધા અને આગલી સીટમાં જ પોતાની બાજુમાં ગોઠવ્યા.

હાર્ડરો ઘાટની બાજુમાં, ઇસ્ટશ્વેટ અને શોવે ગામની વચ્ચે પહાડી રસ્તા પર એક મોટી ખાઈ આવે છે. મોટા ખડકની વચ્ચે એક ફાટ પડેલી છે જેનું તળિયું પણ એ સાંકડી ફાટમાંથી દેખાતું નથી. સ્ટીવને મોટા પથ્થર એ ફાટમાં ગબડાવીને તે કેટલી ઊંડી છે તે ગબડતા પથ્થરના અવાજથી અંદાજી જોવાનો પ્રયત્ન કરી જ જોયો હતો. પથ્થર જરા પણ અટક્યા વગર કોઈ ભયાનક ઊંડા કૂવામાં પડતા હોય તેમ એ ખાઈમાં અદૃશ્ય થઈ જતા.

મોટર ચાલુ કરી ત્યારે વરસાદ પણ ચાલુ થયો હતો. વરસાદ આવશે તેવી પણ ગણતરી સ્ટીવને કરી હતી અને એટલે જ એ પહાડી રસ્તા પર વાદળો છવાયેલાં હતાં અને કોઈ પણ જાતનો ટ્રાફિક પણ ન હતો. સ્ટીવને બરાબર એ ખડકો વચ્ચેની ખાઈ પર મોટરની લાઈટનું અજવાળું પડે તેવી રીતે મોટર ઊભી રાખી. પછી તેણે પેલા બન્ને થેલા કાઢ્યા. ઉઘાડ્યા. એક પછી એક, મિસ્ટર ગ્રેટહેડના શરીરના સત્તરે ટુકડાને એ ખાઈમાં નાખ્યા. પછી થેલા અને પછી કપડાં.

મિસ્ટર ગ્રેટહેડના મડદાને વગે કરવું એટલું પૂરતું ન હતું. તેણે એવી રીતે વર્તવાનું હતું કે જાણે ગ્રેટહેડ જીવતા જ હોય. જાણે કે તે ગૂમ થઈ ગયા છે અને તે કેવી રીતે ગુમ થયા છે તે પોતે સમજી શકતો જ ન હોય! તે શોવે પર પહોંચ્યો – બરાબર

પાંચ વાગ્યાની ટ્રેન ઊપડે તે પહેલાં થોડી જ મિનિટ પહેલાં. સ્ટીવને જેમ વરસાદ અને વાદળાંથી ધૂંધળા વાતાવરણની ગણતરી કરી તેવી ગાડી ઊપડતાં પહેલાંની મિનિટોમાં સ્ટેશન પર છવાઈ છતાં ધમાલિયા વાતાવરણની પણ ગણતરી કરી જ હતી.

તેણે જેમ ગણતરી કરી હતી તેમ જ સ્ટેશનની બહાર કોઈ પોર્ટરો ન હતા કે જેથી કોઈને ખ્યાલ આવે કે ગ્રેટહેડ તેમની મોટરમાં હતા કે નહિ. સ્ટીવન ઝડપભેર ગ્રેટહેડનો સામાન લઈને ઊતર્યો. લગેજ પર ચિઠ્ઠી લખાવી ...પછી બુકિંગ ઑફિસ પર દોડયો. મિસ્ટર ગ્રેટહેડ માટે ટિકિટ લીધી અને જાણે આગળ ગયેલા પોતાના શેઠની પાછળ સામાન લઈને તે હાંફળોફાંફળો દોડવા માંડયો.

તેણે બૂમ મારીને ગાર્ડને પૂછ્યું : 'તમે મિસ્ટર ગ્રેટહેડને જોયા?' ગાર્ડે 'ના' કહ્યું. એટલે તેણે ઉદ્ગાર કાઢતાં કહ્યું : 'તો પછી તે પોતાની સીટમાં ગોઠવાઈ ગયા હશે.' કહીને તે ગાડીના આગળની બાજુના ડબ્બાઓ ભણી દોડયો.

સ્ટીવને છત્રી, ધાબળો, હૅટ વગેરે બધું જ એક ખાલી કંપાર્ટમેન્ટમાં નાખ્યું. બારણું બંધ કર્યું. તેણે બારી આગળ ઊભા રહીને જાણે કંઈક મોટેથી વાત કરવાનો પ્રયત્ન કર્યો. તે બારીને રોકીને છેક વ્હિસલ વાગી ત્યાં સુધી ઊભો રહ્યો. જ્યારે ટ્રેઈન ઊપડી ત્યારે પણ તે સાથે સાથે દોડવા માંડયો જાણે કે તેના શેઠ પાસેથી એ છેલ્લાં સૂચનો લઈ રહ્યો હોય તેમ! ગાડીએ ઝડપ પકડી. એક પૉર્ટરે તેને ખેંચી લીધો.

'તમે ખરેખર જલદીથી મને ખેંચી લીધો' તેણે પૉર્ટરને કહ્યું.

સ્ટેશન છોડતાં પહેલાં તેણે મિસ્ટર ગ્રેટહેડ જે હોટલમાં કાયમ રહેતા હતા ત્યાં તાર કર્યો અને મિસ્ટર ગ્રેટહેડના આવવાનો સમય પણ લખ્યો.

તેને ખૂબ નિરાંત વળી. જાણે કે કોઈ અજબ ભાર તેના

માથા પરથી દૂર થઈ ગયો હોય તેવી હાશ વળી. તે પછીના અઠવાડિયામાં કેટલીક વાર તો તેને પોતાને એમ જ લાગતું કે ખરેખર તેણે ગ્રેટહેડને જાણે એ પાંચ વાગ્યાની ગાડીમા વળાવ્યા જ ન હોય! એવી પળોમાં જાણે તે કલ્પી ન શકે તેટલો સ્થિર અને નિર્દોષ થઈ જતો. મનમાં ને મનમાં તે પોતાની ચોક્કસતા, પોતાની બુદ્ધિ, પોતાની ઠંડી કાર્યદક્ષતા બાબત હરખાતો. તેણે એક એવું સુંદર યોજનાબદ્ધ ખૂન કર્યું હતું કે તેની સંપૂર્ણ ગણતરી અને કાર્યક્ષમતા બધાં જ ખૂનો કરતાં ઊંચી હતી. પણ કમનસીબે તેની આ સંપૂર્ણતા જ તેને પડતી તરફ દોરી ગઈ. તેણે એક પણ નિશાન, એક પણ કડી રહેવા દીધો ન હતી.

રાત્રે તે ઝબકીને ક્યારેક જાગી જતો. તેને જાણે એમ લાગતું કે ઢોર બાંધવાના તબેલામાં ખૂંટા પર કોઈ ડાઘ રહી ગયો હશે. તે રાત્રે ત્યાં જતો. ચોકસાઈ કરી આવતો. સવારે પણ જોતો. પણ કોઈને કંઈ દેખાય તેવું કશું જ ત્યાં રહ્યું ન હતું.

ઘરની દેખભાળ કરવા માટે ડોસીને બદલે નોકરી પર રાખેલી શ્રીમતી બ્લેકી-રોન અઠવાડિયા પછી રજા ગાળીને પાછી આવી ત્યારે સ્ટીવનને આનંદ થયો હતો.

મિસ્ટર ગ્રેટહેડ લંડન અઠવાડિયા માટે રહેવાના હતા તેવું નક્કી થયેલું એટલે અઠવાડિયા પછીના દિવસે, સ્ટીવન જાણે તે આવવાના હોય તેવી જ રીતે ચાર વાગે આવતી ગાડીના સમયે શોવે સ્ટેશન પર પણ ગયો અને સ્ટેશન પર ગાડી આવી પણ મિસ્ટર ગ્રેટહેડ આવ્યા નહિ ત્યારે તેણે ખૂબ આશ્ચર્ય પણ વ્યક્ત કર્યું. તેણે બ્લેન્કીરોનને એવું પણ કહ્યું કે ચારની ગાડીમાં શેઠ આવ્યા નહિ તો સાતની ગાડીમાં આવશે. તેણે જમવાનું બનાવવાની પણ સૂચના આપી. સાતની ગાડીના સમયે પણ તે બરાબર સ્ટેશને ગયો. આ વખતે તેણે થોડી વિહ્વળતા પણ દર્શાવી.

બીજે દિવસે પણ તે સ્ટેશન પર ગાડીઓના સમયે ગયો.

પછી ગ્રેટહેડ જે હોટલમાં ઊતરવાના હતા તે હોટલ પર તાર કરીને પૂછાવ્યું પણ ખરું. હોટલના મેનેજરે વળતો જવાબ મોકલ્યો કે ગ્રેટહેડ આવ્યા જ નથી. સ્ટીવને મિસ્ટર ગ્રેટહેડનાં સગાંઓને ખબર આપી. પોલીસને પણ ખબર આપી.

ત્રણ અઠવાડિયાં પસાર થયાં. સ્ટીવને આપેલું સ્ટેટમેન્ટ પોલીસ અને મિસ્ટર ગ્રેટહેડનાં સગાંઓને બરાબર લાગ્યું. કારણ તેના સ્ટેટમેન્ટની વિગતો, સ્ટેશન પરના ટિકિટબાબુ, સામાન પર લેબલ લગાડનાર લગેજ ક્લાર્ક, ગાર્ડ, સ્ટીવનને છેલ્લી ઘડીએ ટ્રેઈન પાસેથી ખેંચી લેનાર પોર્ટર વગેરે બધાએ આપેલી વિગતો સાથે તદ્દન મળતું આવતું હતું. ગ્રેટહેડનો ફોટો પણ છાપાંઓમાં આપવામાં આવ્યો. તેમના વિષે માહિતી આપનાર માટે ઈનામ પણ જાહેર થયું. પણ કાંઈ વળ્યું નહિ. થોડા વખતમાં મિસ્ટર ગ્રેટહેડ ગુમ થયાની વાત વીસરાવા પણ માંડી.

ગ્રેટહેડની અસ્કામતોનો વહીવટ તેમના ભત્રીજાએ સંભાળી લીધો હતો. મકાનમાં બધું બરાબર હતું. બૅન્કનાં ખાતાંઓ પણ વ્યવસ્થિત હતાં. ઘરના ખર્ચ પેટે સ્ટીવનને આપવામાં આવેલા પૈસાનો હિસાબ પણ બરાબર ચોક્કસ હતો. ભત્રીજાએ બ્લેન્કીરોનને છૂટી કરી અને સ્ટીવનને ઘરમાં રાખ્યો, કારણ હવે ઘરમાં બધું વ્યવસ્થિત રાખવા વધુ નોકરોની જરૂર ન હતી. સ્ટીવન નોકરી પર ચાલુ જ રહ્યો, જેથી તેના પર જરા પણ શક ઊભો ન થાય.

વેસ્ટલેડેલ અને રેથડેલ તાલુકાઓમાં જ ફક્ત મિસ્ટર ગ્રેટહેડની વાત લોકોમાં ચર્ચાતી રહી. મિસ્ટર ગ્રેટહેડનું ટ્રેનમાં ખૂન થયું હશે. તેમને લૂંટી લેવામાં આવ્યા હશે. સ્ટીવને જણાવ્યું હતું કે તે લંડન જવા નીકળ્યા ત્યારે તેમની પાસે સારા એવા પૈસા હતા) કદાચ તેમની યાદદાસ્ત પર કોઈ ચોટ વાગી હશે ? કે પછી તેમણે રેલગાડીમાંથી બહાર પડતું મૂક્યું હશે ! આમ ઘણી ઘણી ચર્ચા થતી. સ્ટીવન હરહંમેશ કહેતો કે તેના શેઠ આપઘાત કરે તેવી

પ્રકૃતિના ન હતા. કદાચ તેમની તેમની યાદશક્તિ પર, કોઈ પણ કારણે ચોટ લાગી હોય તેવું પણ બને. તે પોતાનું નામ પણ ભૂલીને ક્યાંક ભટકતા હોય તેવું પણ બને. હમણાં હમણાંથી તે વારંવાર ઘણી બાબતો ભૂલી જતા હતા. કદાચ તેમની યાદદાસ્ત પાછી આવે તો ગમે ત્યારે તે પાછા આવી જાય...

પણ લોકોને તેમ છતાં લાગતું હતું કે સ્ટીવન તેના શેઠ વિષે ઝાઝી વાત કરી શકતો ન હતો. તેને એ વાત કરવી ખાસ ગમતી ન હતી અને બધા તેની દયા ખાતા. તેણે કેવો માયાળુ શેઠ ગુમાવ્યો હતો! તેણે શેઠ ગુમાવ્યો હતો અને ડોસીં ઓલ્ડીશો જેવી સુંદર માશૂકા પણ તેને તરછોડીને ચાલી ગઈ હતી. અરે! ડોસીં ઓલ્ડીશાની આન્ટીને પણ સ્ટીવનની દયા આવતી અને હવે જ્યારે સ્ટીવન 'કિંગ્સ આર્મ્સ' હોટલના 'બારમાં' જતો ત્યારે સૌ તેને સહાનુભૂતિથી આવકારતાં.'

*

જાણે કશું જ ન બન્યું હોય તેવી રીતે સ્ટીવન વર્તતો. જાણે તેના શેઠ ગ્રેટહેડ જીવતા જ હોય તેમ તે ઘર સુઘડ રાખતો. શ્રીમતી બ્લેન્કીરોન પંદર દિવસે ઘરમાં સાફસફી કરવા અને પોતાં કરવા આવતી ત્યારે તે જોઈ શકતી કે મિસ્ટર ગ્રેટહેડના કમરાનું તાપણિયું પણ સ્ટીવન સળગાવતો અને તેમની સ્લિપરો પણ બરાબર ગાલિચા પાસે ગોઠવતો. આમ વર્તવાથી કોઈ બહારનાને શંકા જવાની વાત તો બાજુએ રહી પણ પોતાની જાતને મનાવતો થઈ ગયો હતો કે જાણે કશું જ બન્યું નથી અને જાણે ગ્રેટહેડ હજુ જીવતા જ છે.

એ લગભગ ભૂલી જ ગયો હતો ત્યાં એકાએક એક દિવસ તે વાતનો અંત આવ્યો. સ્ટીવને સાંભળ્યું હતું કે ડોસીં પાછી આવી છે અને તેની આન્ટી પાસે 'કિંગ્સ આર્મ્સ'માં રહેવા આવી

છે. તે દિવસ જાન્યુઆરી મહિનાનો એક શનિવાર હતો અને સાંજના પાંચ વાગ્યા હતા. સ્ટ્રીવનને ડોસી'ને મળવાનું મન થઈ ગયું. જાણે કે જબરો આવેગ જ આવ્યો.

પણ તેણે જે વ્યક્તિ જોઈ તે ડોસી' ન હતી.

મકાનના રસોડા પાસેથી રસ્તા પર જવા માટે અભ્યાસ-ખંડની બાજુમાંથી જવું પડતું. તે જ્યારે ત્યાંથી પસાર થયો ત્યારે તેની આગળ કોઈ ચાલતું હોય તેવો ભાસ થયો. બારી-માંથી અજવાળું પડતું હતું. તેણે બારણા તરફ જોયું. ત્યાં... પેલો ઘરડો બુઢ્ઢો... લાંબો કાળો- લગભગ ગંદો કાળો - ઓવરકોટ, ભૂખરું ગળે વીંટાળેલું મફલર... તે જ હતો. તે જ...મિસ્ટર ગ્રેટહેડ.

ઘડીભર તો સ્ટીવનને સમજાયું નહિ. મિસ્ટર ગ્રેટહેડનું ખૂન કર્યું હતું તે વાત જ તે વીસરી ગયો હતો... અને જાણે ખરેખર મિસ્ટર ગ્રેટહેડ જીવતા જ છે અને ઘેર પાછા આવ્યા છે તેવું તેને લાગ્યું. ગ્રેટહેડનું પ્રેત ઘરના બારણા પાસે ઊભું હતું. તેનો એક હાથ બારણાના દટ્ટા પર હતો. ઘરમાં પ્રવેશવા જાણે તે તૈયાર હોય તેમ... તે ભૂત ઊભું હતું.

સ્ટીવન જ્યારે દરવાજા પાસે આવ્યો ત્યારે તે ત્યાં ન હતું. ત્યાં કંઈ જ ન હતું. સ્ટીવન સ્તબ્ધ થઈને તે જગ્યાએ જોતો ઊભો રહ્યો. તેનું હૃદય ધબકવા માંડ્યું અને એકાએક તેણે કરેલા ખૂનનું દૃશ્ય તેની આંખ સામે તરી આવ્યું. કેવી રીતે તેણે મિસ્ટર ગ્રેટહેડનું ગળું બાથરૂમમાં દબાવ્યું હતું ! કેવી રીતે ગ્રેટહેડ મરણ પામ્યા હતા ! કેવી નિઃસહાયપણે તેમનાં અંગો ફસડાયાં હતાં ! પછી કેવી રીતે તે તેમના મડદાને તબેલામાં લઈ ગયો હતો અને કટકા કર્યા હતા ! કેવી રીતે તેણે એકેએક ટુકડાને હડ્ડેરા ઘાટ-માંની પેલી ખાઈમાં પધરાવ્યા હતા... એ બધાં જ દૃશ્યો એક પછી એક તેની નજર સમક્ષ આવ્યાં. તે વખતે તેને જરા પણ ભય લાગ્યો ન હતો પણ અત્યારે તે ભયથી થથરી રહ્યો હતો.

તે પાછો વળ્યો. તેણે વંડાનો ઝાંપો બંધ કર્યો. ઘરનાં બધાં બારણાં બંધ કર્યાં. રસોડું વાસીને તે અંદર ભરાઈ રહ્યો. તેણે મૅગેઝિન વાંચવામાં મન પરોવ્યું. થોડી વાર પછી તેને લાગ્યું : 'છટ્‌ મારી એ કલ્પના જ હતી... કેવળ કલ્પના... ખરેખર એવું કશું નથી.'

બીજા ત્રણ દિવસ પસાર થયા. ત્રીજે દિવસે તે અભ્યાસ-ખંડની બારી વાસતો હતો ત્યારે તેને ફરી દેખાયું.

બારીની બહાર પગરસ્તા પર તે ઊભું હતું. સ્ટીવને તેનું મોં પણ આ વખતે બરાબર જોયું, તેના ભૂખરા હોઠ અને ચળકતી આંખો સ્ટીવન પર બરાબર મંડાઈ હતી. એ આખી આકૃતિ કંઈક કાચ જેવી હતી. ઘડીમાં તે દેખાતી અને ઘડીમાં પાછળનાં ઝાડવાંઓ સાથે મળી જતી. મિસ્ટર ગ્રેટહેડ જાણે કંઈક વિચારતા ઊભા હોય તેવું એ દેખાતું હતું.

સ્ટીવનના પેટમાં ફાળ પડી. તેણે બારી વાસી દીધી. પરદો ઢાળી દીધો. તેણે ઘરનાં બધાં બારણાં વાસ્યાં. મુખ્ય દરવાજા પર આગળો પણ વાસી દીધો જેથી એ પ્રેત ઘરમાં ન પ્રવેશે. પણ તેમ છતાં તે રાત્રે તેને 'શોબ... શોબ... શોબ...' ગલીચા પર કોઈ ચાલતું હોય, નિસરણી ચડતું હોય તેવા અવાજો... તેવાં પગલાં સંભળાયાં. એક વાર તો તે સૂતો હતો તે બારણાનું હૅન્ડલ પણ કોઈએ ફેરવ્યું હોય તેવું તેને લાગ્યું. છતાં કોઈ અંદર પ્રવેશ્યું નહિ. આખી રાત જાગતો જ પડચો રહ્યો. તેનું હૃદય ધડકતું જ રહ્યું. ભયથી તે ધ્રૂજતો હતો.

જ્યારે તે ઊભો થયો ત્યારે સવાર પડી હતી. અરીસામાં તે પોતાનું જ પ્રતિબિંબ જોઈને થડકી ઊઠચો હતો. તેનો ચહેરો વિલાઈ ગયો હતો અને ભયભીત થઈ ગયો હતો. તેને બીક લાગી. એ ચહેરો જોઈને કોઈને પણ તેણે કરેલા કૃત્યની ગંધ આવી જશે અને એ બીકને કારણે તે ઘર છોડીને ક્યાંય ગયો નહિ. અરે !

મોદીને ત્યાંથી ખાવાનો સામાન લાવવા પણ નહિ. ઘરમાં જે કાંઈ હતું તે જ ખાઈને તે પડયો રહેતો.

બે અઠવાડિયાં એવી રીતે વીત્યાં અને પછી ભરબપોરે એ પ્રેત આવ્યું.

તે દિવસ મિસિસ બ્લેન્કીરોનનો દિવસ હતો. ઘર સાફ કરવા આવવાનો દિવસ એટલે સ્ટીવને રાબેતા મુજબની વિધિ પ્રમાણે મિસ્ટર ગ્રેટહેડના અભ્યાસખંડમાં તાપણિયું સળગાવ્યું. આરામખુરસીની બાજુમાં નીચા વળીને તેણે સ્લિપરો ગોઠવી. તે ઊંચો થયો ત્યારે જ તેણે જોયું કે મિસ્ટર ગ્રેટહેડનું પ્રેત સામે જ ઊભું હતું... ગાલિચા ઉપર... તેની સામે જ જોઈને જાણે તેની મશ્કરી કરતું હોય તેમ હસતું હતું. મિસ્ટર ગ્રેટહેડનું ભૂત ...બરાબર તેના જેવું જ... તેનું શરીર પણ નક્કર લાગતું હતું. સ્ટીવન તેના તરફ જોતો જોતો પાછો હઠવા ગયો. પણ તેનાથી પગ જ ઊપડયો નહિ. ત્યાં જ... પેલા પ્રેતનો જાણે કે ઢગલો થઈ ગયો હોય તેમ ગાલીચા પર જ ઓગળી ગયું. ગાલીચા પર કોઈ કાચ જેવી સફેદી પથરાઈ અને બસ... ગાલીચાની ડિઝાઈનમાં જાણે એ ગર્ત થઈ ગયું.

સ્ટીવન ભયથી ત્રસ્ત થઈ ઘડીભર ઊભો રહ્યો અને પછી ભાગ્યો. શ્રીમતી બ્લેન્કીરોન તબેલામાં પોતાં કરતી હતી. સ્ટીવન ત્યાં પહોંચી ગયો. શ્રીમતી બ્લેન્કીરોન, બબડતી હતી : 'ગમે તેટલું ઘસો તોપણ આ આરસની પાટલી ઊજળી જ થતી નથી.'

સ્ટીવન પણ મૂરખની જેમ બોલી ઊઠચો : 'નથી જ થતી. ગમે તેટલું ઘાસ તોપણ...'

બ્લેન્કીરોને તેની સામે જોયું. 'અલ્યા... શું થયું છે ? તારો ચહેરો કેમ આમ નિચોવેલા પોતા જેવો થઈ ગયો છે ?'

'મારી તબિયત બરાબર નથી. શરદી થઈ ગઈ લાગે છે.'

'નવાઈ નથી લાગતી. આ ઠંડી અને ભેજવાળી હવામાં

તબિયત સાચવવી જોઈએ. એમ કર, હું 'કિંગ્સ આર્મ્સ'માં જઈને તારે માટે થોડી વિસ્કિ લઈ આવું.'

'ના, હું જાતે જઈ આવીશ' સ્ટીવને કહ્યું.

હવે ઘરમાં એકલા રહેવું તેને માટે અશક્ય જેવું હતું. તે જાણતો હતો કે 'કિંગ્સ આર્મ્સ'માં હવે બધાં તેને માટે સહાનુભૂતિ ધરાવતાં હતાં. ડોસીં અને આન્ટી પણ તેને માટે કૂણી લાગણી ધરાવતાં હતાં. તે ત્યાં પહોંચ્યો. ડોસી અને તેની આન્ટીએ તેને રસોડાના તાપણિયા પાસે સુવાડયો. તેને ધાબળો ઓઢાડયો. તે ઊંઘી ગયો. જ્યારે તે જાગ્યો ત્યારે તેની પાસે ડોસી સીવણકામ કરતી બેઠી હતી. તે અધૂકડો બેઠો થયો.

'ત્યાં સૂતો રહે છોકરા....'

'નહિ મારે ઊભા થઈને જવું છે.'

'તારે જવાનું કોઈ કારણ નથી. તું પડયો રહે, હું તને ચા બનાવી આપું છું.'

તે પડયો રહ્યો. તે દિવસે ડોસીની આન્ટીએ તેને માટે તેમના છોકરાના રૂમમાં પથારી કરી આપી. બીજે દિવસે ચાર વાગે તે જવા તૈયાર થયો ત્યારે ડોસીએ પણ તેનાં કપડાં પહેર્યાં.

'તું બહાર જાય છે ડોસી ?'

'હા, હું તને એકલો જવા દેવા માગતી નથી. હું ત્યાં તારી સાથે રાત પડતાં સુધી રહીશ, સમજ્યો !'

તે સ્ટીવનની સાથે આવી અને જ્યાં તે પહેલાં બેસતાં ત્યાં જ તાપણિયા પાસે બેસીને વાતે વળગ્યાં.

'ડોસી, તું શું કામ આવી ? મને કહેવા જ આવી છું ને કે તું કદી મારી સાથે બોલવા માગતી નથી ?'

'ના... તું જાણે છે હું કેમ આવી તે ?'

'મને તું પરણીશ તેવું કહેવા આવી છું તો ?'

'હા.'

'મારે તને પરણવું નથી. ડોર્સી એ યોગ્ય નથી.'

'યોગ્ય ? એનો અર્થ શું ? તો પછી શું મારી એવી ઇચ્છા ન હોત તો હું તારી સાથે આમ એકલી આવીને ઓછી બેસું ?'

'નહિ, એમ નહિ, પણ તું કહેતી હતી ને કે તું મારાથી બીએ છે, તારે તને દુઃખી થયેલી નથી જોવી.'

'તે તો ગયા વરસની વાત હતી. પણ હવે હું તારાથી બીતી નથી, સ્ટીવ.'

'તું મને ઓળખતી નથી... છોકરી.'

'હું તને બરાબર ઓળખું છું. મને ખબર છે તું માંદો છે. તને મારી જરૂર છે.' કહીને તે ઊભી થઈ. 'હવે મારે જવું જ પડશે. હું કાલે ફરી વાર આવીશ.'

અને ત્યાર પછી રોજ રોજ ડોર્સી આવતી અને રાત પડતાં સુધી તેની સાથે બેસતી. તે સ્ટીવનની સાથે વાતો કરતી બેસતી, તે તેને ગમતું છતાં તેને ભય તો લાગતો કે કદાચ ડોર્સી બેઠી હશે તે વખતે જ જો મિસ્ટર ગ્રેટહેડ દેખાશે તો મુશ્કેલી થશે. અને જો કદાચ તે લોહી-નીગળતી હાલતમાં દેખાશે તો તેનો ભંડો ફૂટી જશે. મરી ગયા પછી પણ એ ડોસો તેની અને ડોર્સીની વચ્ચે આવશે.

તાપણિયા પાસેના એક ગોળ ટેબલ પાસે તે બન્ને એક સાંજે બેઠાં હતાં. ડોર્સી તેના રોજના કાર્યક્રમની જેમ સીવણ કરતી બેઠી હતી. તે જ વખતે ઘરમાં દૂર ક્યાંક, બહારના બારણા આગળની પડાળીમાં 'શાબ... શાબ...' પગલાંનો અવાજ સંભળાયો. તેને થયું કે ડોર્સી સહેજ ચમકી. પણ કોણ જાણે કેમ અત્યારે તેને બીક ન લાગી.

'સ્ટીવન...' તે બોલી. 'તને કંઈ સંભળાયું ?'

'નહિ તો... કદાચ પવનનો અવાજ હશે.'

ડોર્સી તેની સામે ક્ષણભર જોઈ રહી. દેખીતી રીતે જાણે તે

સંતોષ પામી હોય તેમ બોલી. 'હશે... એમ જ હશે.'

સ્ટીવન, તેની નજીક સર્યો. જેથી કદાચ ગ્રેટહેડનું ભૂત ત્યાં આવી ચડે તો તે, તેની રક્ષા કરી શકે.

બારણાનું હેન્ડલ ફર્યું. બારસાખમાં આવીને મિસ્ટર ગ્રેટ-હેડનું શરીર ઊભું રહ્યું.

સ્ટીવને ચોંકીને ડોસી સામે જોયું. ડોસી તે તરફ જરા પણ ગભરાયા વગર નિર્દોષ આંખે જોઈ રહી હતી. તે પછી તેણે સ્ટીવન સામે જોયું. સ્ટીવનનો ચહેરો ભયથી ત્રસ્ત થયેલો હતો...

ડોસીને એ જ ભય હતો કે સ્ટીવને જોયું છે કે નહિ. સ્ટીવનને તે પ્રેત દેખાતું હતું કે નહિ.

સ્ટીવન, ડોસીની નજીક સર્યો. તેના ખભા પર પોતાનો હાથ મૂકયો. સ્ટીવનને હતું કે તે તેનો હાથ તરછોડશે. પણ નહિ, ડોસીએ તેનો હાથ પોતાના હાથમાં લીધો... અને પછી... પછી... પછી... સ્ટીવનના આશ્ચર્ય વચ્ચે ગ્રેટહેડનું પ્રેત અજબ રીતે હસ્યું. મશ્કરી ઉડાવતું હોય તેવી રીતે નહિ પણ જાણે ખૂબ મીઠાશથી.. અને એકાએક તે દેખાતું બંધ થયું.

'તેં જોયું... સ્ટીવ...'

'હા...'

'આ પહેલાં પણ તેં જોયું હતું સ્ટીવ...?'

'હા, ત્રણ વખત...'

'તને બીક લાગે છે સ્ટીવ...?'

'સાચું કહું તો લાગે છે.'

'તારે બીવાની જરૂર નથી સ્ટીવ. તે માયાળુ ભૂત લાગે છે. ગમે તેમ, તે માણસે જીવતાં જીવ પણ કોઈનું બગાડયું નથી.'

'શું કહ્યું ? કેમ, તે આપણા બેની વચ્ચે આવ્યો નહોતો ડોસી ?'

'તને એવું કેમ લાગે છે ?'

'લાગતું નથી. તે હું જાણું છું.'

'નહિ મારા વહાલા. એવું નથી.'

'નહિ તેણે જ એ કર્યું હતું તેણે જ.'

'તારે એવું ન બોલવું જોઈએ... ડિયર.'

'કેમ નહિ ?'

'એમ બોલીશ તો લોકો ભળતી જ વાતો કરતા થઈ જશે. બધા તારી ધમકી યાદ કરશે.' તું જ નહોતો બોલ્યો, 'સ્ટીવન કે તારી અને મારી વચ્ચે આવનારને તું ખતમ કરી નાખીશ ?'

'પણ તે મેં બુઢ્ઢા વિષે કહ્યું ન હતું.'

'પણ લોકો ઓછા એવું માનવાના છે ?'

'તો શું ડોસીં... ખરેખર લોકો કંઈ જુદી વાતો કરશે. તું પણ એ વાતો માનીશ...!'

'નહિ રે... હું તો તને ખૂબ ચાહું છું, ચાહતી ન હોત તો અહીં તારી પાસે આવત ખરી ?'

'તને હવે બીક લાગશે નહિ ?'

'શેની બીક ?'

'કેમ ? તેની... ગ્રેટહેડના... ભૂ...'

'મને શું કરવા બીક લાગે !' કદાચ આ મકાનમાં રહેતાં તને બીક લાગતી હોય તો ચાલ મારી આન્ટીને ત્યાં...'

'નહિ, હું તને રસ્તા સુધી વળાવી આવું.' સ્ટીવને કહ્યું અને ડોસીંને ઇસ્ટસ્વેટના રસ્તા સુધી વળાવી આવ્યો. ગામના દીવા દેખાતા થયા ત્યાંથી પાછો વળ્યો.

મકાનનો કાળો પડછાયો ચન્દ્રના અજવાળામાં દેખાતો હતો. ઘર આખું અંધારામાં હતું. ફક્ત તે જ્યાં બેઠા હતા ત્યાં અભ્યાસખંડમાં દીવો બળતો હતો. એટલે સૂવા જાય તે પહેલાં સ્ટીવનને એ દીવો બંધ કરવા જવું પડશે. એ વિચારે જ તે જરા ધ્રૂજી ઊઠ્યો. પણ તે કોણ જાણે કેમ ડરતો ન હતો. તેને કંઈક જુદું

જ થતું હતું.

તેણે કમરામાં જઈને બારી બંધ કરી. પછી દીવો હોલવ્યો. તેના હાથમાંની મીણબત્તીનું અજવાળું રૂમમાં ઝાંખાં એવાં કૂંડાળાં પાડતું હતું. તે બહાર નીકળવા જતો હતો ત્યાં જ અવાજ આવ્યો :

'સ્ટીવન...'

અવાજ તેની પાછળથી જ આવતો હતો રૂમમાંથી. અવાજ મિસ્ટર ગ્રેટહેડનો હતો. તેણે પાછળ જોયું. મિસ્ટર ગ્રેટહેડ રાબેતા મુજબ આરામખુરશીમાં બેઠા હતા. સ્ટીવનની આંખો ફાટી ગઈ. ધીમે ધીમે એ કાચ જેવું પારદર્શક પ્રેત-શરીર નક્કર આકાર લેતું ગયું. થોડી વારમાં તો બરાબર હૂબહૂ ગ્રેટહેડ જાણે ત્યાં જીવંત બેઠા હોય તેવું દેખાયું.

'તારે બીવાની જરૂર નથી.' તે બોલ્યું. સ્ટીવન થીજી ગયો હતો. આપોઆપ તેણે હાથમાં રાખેલી મીણબત્તી ટેબલ પર મૂકી.

'તું શા માટે બી'એ છે સ્ટીવન !' પ્રેત બોલ્યું.

સ્ટીવનથી કશો જવાબ અપાયો નહિ. તે ફાટી આંખે જોઈ રહ્યો.

'તને બીક લાગે છે' તે બોલ્યું. 'કારણ કે હું ભૂત છું. કારણ કે હું ગુજરી ગયેલું શરીર છું, કારણ તેં મારું ખૂન કર્યું હતું. કારણ કે મારા પર તેં કોઈ વેર લીધું હતું અને હવે તને લાગે છે હું તને ડરાવવા અને વેર લેવા પાછા આવ્યો છું, નહિ ? અને સ્ટીવન તું વિચારે છે તેવો જ હું બરાબર છું. તદ્દન વાસ્તવિક. તેં મને મારી નાખ્યો નથી. કેવળ મારા શરીરમાંથી જ તેં મને મુક્ત કર્યો છે. અને તું વિચારે છે તેવી કોઈ ભયાનક દશામાં હું નથી. ઊલટાનું મારું ભૌતિક શરીર છોડીને આ સ્થિતિમાં મને વધુ આનંદ આવે છે અને હું તને કહું સ્ટીવન કે આર્થિક રીતે પણ મારા પર આફત આવેલી જ હતી. (મારા ગુમ થવાનાં કારણોમાં તું એ કારણ પણ દર્શાવી શકે તેમ છે) એટલે તારા કૃત્ય બદલ મારે વેર વાળવાનું પ્રયોજન નથી. જોકે

તારી ખૂન કરવાની પદ્ધતિ ખૂબ જ ભયાનક હતી. મારો જીવ નીકળતાં ખરેખર મને ખૂબ જ તકલીફ પડી હતી. વળી મને આર્થરાઈટિસનું દર્દ પણ થયું હતું એટલે સામાન્ય મૃત્યુ આવતાં પહેલાં હું ઘણો રિબાઈને મરત. તેં તો મને આવા મૃત્યુમાંથી બચાવી લીધો છે. મારું ખૂન કર્યા પછી તેં ઠંડે કલેજે, ગણતરીપૂર્વક બધું કામ કર્યું તે બદલ હું તને અભિનંદન આપું છું. તને કદી કોઈ પકડી પણ નહિ શકે. વળી આખોય ખૂનનો વિચાર એટલો ભયંકર હતો કે તેની ભયંકરતાને કારણે જ તું ઠંડે કલેજે બધું જ પાર પાડી શક્યો.

હવે હું તારી બુદ્ધિ માટે થોડી વાત કરું એટલે કે તને વિચારવા માટેની કંઈક વાત કરું. તેં જે કર્યું તેમાં તેં ફક્ત શરીરની ફેરવહેંચણી જ ન કરી. કુદરતે શરીરને કાપી નાખવાના કૃત્યમાં એક એવી ભયાનકતા સર્જી છે તેથી જ તેની બીક લાગે છે. એ બીક એટલા માટે ઊભી કરવામાં આવી છે કે જેથી તારાં જેવાં કૃત્ય બધા જ કરતા ન થાય. બાકી મારી સ્થિતિમાં આવી ગયેલા માણસને એ કૃત્ય શાહીનો ખડિયો ઢોળાયો હોય તેટલો જ અગત્યનો લાગે... મેં તારી બધી જ ચાલબાજીઓ જોઈ હતી. તું એટલો બધો ગંભીર રહેતો કે કેટલીય વાર મને થતું કે તારી સામે આવીને હું ઊભો રહું અને કહું કે ચિંતા કરવાની જરૂર નથી. પણ તે વખતે તું ડરીને કંઈ ભૂલો કરી બેસત. એટલે હું તને દેખાયો નહિ.

બીજું... હું કોઈ વેરતૃપ્તિ માટે આવ્યો નથી. મારે તને જો ભય જ પમાડવો હોત તો હું બીજો કોઈ આકાર ધારણ કરીને આવી શકત... અને હું કેવા શરીર સાથે આવત તે તને કહેવાની જરૂર નથી. હું મારા કપાયેલા ગળા સાથે કે એવી જ કોઈ ભયાનક રીતે ખડો થઈ શકત... હું શા માટે આવ્યો છું! તું શું ધારે છે સ્ટીવન!'

'મને ખબર નથી' સ્ટીવન ગભરાઈને બોલ્યો. 'તમે કહો'

'તને માફી આપવા આવ્યો છું અને તારો ભય દૂર કરવા તેમ જ બીજા ગુનાઓ કરવામાંથી તને રોકવા...' ગ્રેટહેડનું પ્રેત શાંતિથી બોલ્યું.

'હું બીજાં ખૂનો કરવાનો નથી.' સ્ટીવન હોઠ ફફડાવીને બોલ્યો.

'તું સમજ્યો નહિ. હું તારા આ પ્રકારના ગુનાની વાત નથી કરતો. તારો ગુનો તો મને ધિક્કારવામાં જ હતો. અને તારો એ ધિક્કાર યોગ્ય ન હતો... તને લાગ્યું કે હું તારી અને તારી પ્રેયસીની વચ્ચે આવ્યો હતો તે સાચું નથી. તે દિવસે મેં તેને, તારી સાથે જ પ્રેમ કરવાની, તારી સાથે જ પરણવાની સલાહ આપી હતી. તેને ખરેખર તેં જ ભય પમાડી હતી. તેં નેડ ઓલ્ડીશાનું ગળું દબાવ્યું તે વખતે તારો ચહેરો જોઈને જ ડોસીૅ ડરી ગઈ હતી. મેં તો ડોસીૅને કહ્યું હતું કે તું એને છોડી જઈશ તો સ્ટીવન શયતાન જેવો જ બની જશે. માટે જો તું પ્રેમ કરતી હોય તો સ્ટીવનને છોડતી નહિ. પણ તે ખૂબ ડરી ગઈ હતી. મેં તેને મારી વાત વિચારી જોવાનું કહ્યું હતું. મારા એ છેલ્લા શબ્દો તું સાંભળી ગયો હતો... મારી વાત ન માનતો હોય તો તું ડોસીૅને પૂછી જોજે.'

'નહિ... તેણે જ મને કહ્યું હતું કે તમે અમારી વચ્ચે આવ્યા ન હતા. ક્યારેય... આવ્યા ન હતા.'

'અને હવે તું માને છે ને!' પ્રેતે પૂછ્યું.

'હા. હવે હું કદી તમને નહિ ધિક્કારું. મને પહેલેથી ખબર હોત તો...'

'મારા પર તેં પસ્તાળ પાડી તે અગત્યનું નથી. પણ તારો મારા પ્રત્યેનો ધિક્કાર મહત્ત્વની વાત છે. એ ધિક્કાર ચાલી જાય પછી બધું અંત પામે છે.'

'હું મારી જાતે જઈને ગુનો કબૂલ કરી દઉં. મિસ્ટર ગ્રેટહેડ

કરી દઉં !'

'મારી સલાહ માગે છે સ્ટીવન ! ખેર, સામાન્ય માણસ તને એવું જ કહે કે કરી દે. અરે અમારી દુનિયાના પણ કેટલાય પ્રેતાત્માઓ એવું જ કહે. અથવા તેવું કરાવે. કારણ તેઓ અજ્ઞાનીઓ છે. જે લોકો જાણે છે કે મૃત્યુ તેમને માટે કોઈ કિંમત વગરની વસ્તુ છે, જ્યારે તારે માટે તે કીમતી છે અને એટલે જ તને વધેરાવી દેવરાવે.' ગ્રેટહેડના ભૂતે કહ્યું.

'તો પછી મારે શું કરવું !' સ્ટીવન બરાડી ઊઠયો. હવે મિસ્ટર ગ્રેટહેડનું ભૂત ધીમે ધીમે પારદર્શક થતું જતું હતું, પાતળું ને પાતળું થતું હતું. બુઝાતી જ્યોતની જેમ હાલતું હતું.

'તો પછી મારે શું કરવું !' સ્ટીવન ફરીથી બોલી ઊઠયો.

જાણે ખૂબ દૂરથી બોલતું હોય તેમ પ્રેત બોલ્યું : 'જીવ્યે રાખ ડોસીને પરણીને...'

'ન પરણી શકું. તેને ખબર નથી. મેં તમારું ખૂન કર્યું છે... તે જાણતી નથી.'

'અરે ! હોય.' ભૂત હવે તદ્દન ઓગળી ગયું હતું. ફક્ત તેની આંખો જ ચમકતી હતી. તેમાં કટાક્ષ હતો. મૃદુતા હતી. 'અરે હોય... ડોસી તો બધું જ જાણે છે' કહીને મિસ્ટર ગ્રેટહેડનું ભૂત ગાયબ થઈ ગયું.

* * *

સ્ટીવન ચોંકીને જોઈ રહ્યો. 'ડોસી જાણે છે !' તેનાથી પુછાઈ ગયું. પણ તેને ઉત્તર ન મળ્યો. 'ખરેખર જાણે છે ! પણ તેને ખબર કેવી રીતે પડી !'

તે સાંજે તે ડોસીને ગામની ભાગોળ સુધી વળાવીને આવ્યો હતો... મિસ્ટર ગ્રેટહેડના કહેવાનો મર્મ તેના ખ્યાલમાં એક મિનિટ પછી આવ્યો. તે દોડયો. તેના પગ લથડતા હતા. તેમ છતાં તે દોડયો.

ગામની ભાગોળ પર ચમકતી રોશનીમાં એક લાશ પડી હતી... ડોસીની લાશ... તે ઘડીભર ત્યાં જોઈ જ રહ્યો... તેના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. તે પાછો ઘર તરફ દોડયો... બધા ચોક્કસ એમ જ માનશે કે ડોસીનું ખૂન તેણે જ કર્યું હતું. ડોસીનું ખૂન તેણે જ કર્યું હતું. તે ઘરમાં પેઠો. તેણે મિસ્ટર ગ્રેટહેડની બાથ-રૂમ ઉઘાડી. છાજલી પરથી અસ્ત્રો ઉઠાવ્યો. અરીસામાં તે પોતાની ધબકતી ગળાની નસ ઘડીભર જોઈ રહ્યો.

* * *

કેટલાય વખત પછી બાથરૂમમાંથી કપાયેલા ગળાવાળું મડદું મળી આવ્યું હતું. હજુ પણ જ્યારે કોઈ રાત્રે હાડ઼ેરા ઘાટી તરફ જાય છે ત્યારે લોકોને એક યુવાન પુરુષ અને સ્ત્રી બેલડી પ્રેમ કરતાં દેખાય છે અને થોડે દૂર એક સટમાં, ભૂખરા મફલરવાળો ડોસો હાથમાં છત્રી લઈને ઊભેલો દેખાય છે.

*

હત્યારો અને માટીલ્ડા

—રેમોન્ડ વિલિયમ્સ

રૂફૂસ ફ્લેમબાર્ડ ઝાડીમાં સળવળ્યો. તેણે ઝાડીનાં ઘેરાં ઝાંખરાંઓમાંથી નજર સેરવી. હળવેથી તે ખસ્યો. બહાર નીકળ્યો... બાજુની બીજી ઝાડીમાં ભરાયો.

રાત ઠંડી હતી. ચન્દ્ર અરધો ઢંકાયેલો હતો. આકાશમાં કાળાં વાદળાં દોડી રહ્યાં હતાં. પણ રૂફૂસને માટે, તે જે કામ કરવા આવ્યો હતો તેને માટે પૂરતું અજવાળું હતું. તે ઝાંખરાંઓની વચ્ચેથી જોઈ શકતો હતો. તે જોતો હતો તે મકાન રાતના વધુ ભવ્ય લાગતું હતું. નાર્મન પ્રકારનું એ મકાન વિશાળ અને દરબારી ડેલી જેવું લાગતું હતું. ૧૦૭૯ની સાલના ઇંગ્લૅન્ડમાં એ બાંધકામ ઘણું પ્રચલિત બન્યું હતું. ડયૂક વિલિયમ ઑફ નૉર્મન્ડી જયારથી ઇંગ્લૅન્ડની રાજયગાદીએ આવ્યા હતા ત્યારથી એટલે કે છેલ્લાં તેર વર્ષમાં ઇંગ્લૅન્ડમાં કંઈક નવાજૂની થઈ હતી. આખા દેશભરમાં નૉર્મન લૉર્ડ્સ, નૉર્મન સરદારોએ પોતાની સત્તાઓ જમાવવા માંડી હતી અને તે બધા કોઈ દેવોની માફક તેમનાં ભવ્ય મકાનોમાં રહેતા. પણ રૂફૂસે આ મકાન ઘણી વખત જોયું હતું અને એ જાણતો હતો કે જો નસીબ યારી આપશે તો સર હ્યુબર્ટ માર્શલની છાતીમાં તે ખંજર ભોંકી શકશે. તેણે કપાળ પરથી પરસેવો લૂછયો. એક હત્યારાની, એક મારાની જિંદગી ઘણી જોખમી હતી. જો નિષ્ફળ જવાય તો ચોક્કસ મૃત્યુ... સામાન્યતઃ દુઃખભર્યું મૃત્યુ અને કયારેક જો તમે સફળ થાવ તોપણ કાયદો

તમને મોત ભણી લઈ જાય. પણ રૂફૂસ કોઈ સામાન્ય હત્યારો ન હતો. તેને તો ચોક્કસ ખાતરી કરી હતી અને ગોઠવણી કરી હતી કે જો સર હ્યુબર્ટને ખતમ કરે તો તે તેની મિલકતનો માલિક બને.

તેની કથ્થઈ આંખો લોભથી ચમકી રહી. તેના માલિક વિલિયમ દબર કહેતા હતા : 'રૂફૂસ, તું જો એ ડામીસ માર્શલને ખતમ કરી નાખે તો બધું જ તારું થઈ જશે. તેની પત્ની માટાલ્ડાનો પણ તું માલિક બની જશે. એ વાત યાદ આવતાં જ રૂફૂસનું હૃદય ધબકી ઊઠયું, કારણ કે માટીલ્ડા અજોડ રૂપસુંદરી હતી. 'ચલ છોકરા... વિચાર ન કર' તેના માલિકે તેને કહ્યું હતું : 'તને એમ લાગે છે કે હું જાણતો નથી' માટીલ્ડા મારી બેન છે તે તું ભૂલી ગયો છું ? તું એને છૂપી રીતે મળે છે તેવું માટીલ્ડાએ જ મને કહ્યું હતું.'

રૂફૂસને પોતાના માલિકના એ શબ્દ યાદ આવ્યા. તેના માલિકે જ્યારે એ શબ્દો કહ્યા હતા ત્યારે તે કેટલો શરમાયો હતો ! તેનો હાથ, તેના ચામડાના પટ્ટા પર લટકાવેલા ખંજરના મ્યાન પર ગયો. માટીલ્ડા તેની થશે ! અરે ! સર હ્યુબર્ટની અસ્કયામતો, તેની મિલક્ત પણ પોતાની થશે ! એક જ માણસનું ખૂન કરવાથી તેને કેટલું બધું મળશે ? રૂફૂસે વિચાર્યું. તેનાં દાંત આપોઆપ ભિડાયા. ખરેખર આટલા કામ માટેનું વળતર ઘણું મોટું જ હતું. તેણે મ્યાનમાંથી ખંજર કાઢયું અને ઝનૂનથી તે જે ઝાડીમાં લપાયો હતો, ત્યાં જ નીચે જમીનમાં, ઉશ્કેરાઈને તેણે વારંવાર ઘા કર્યો. ભીની જમીનમાં છૂરો ખૂંપતો હતો તેની ચમકતી ધાર કાદવથી ખરડાઈ ગઈ ત્યાં સુધી તેણે જમીનમાં ઘા કર્યા. પછી થાકીને તે ત્યાં ઘડીભર પડયો રહ્યો.

ત્યાં પડયા પડયા જ તેને માટીલ્ડાનો વિચાર આવ્યો... માટીલ્ડાએ જ તેને કહ્યું હતું : તેનો પતિ તેને કેવી ખરાબ રીતે રાખતો હતો. 'રૂફૂસ... વહાલા રૂફૂસ' તે બોલી હતી. 'એક વાર તું

મારી જિંદગીમાંથી મારા પતિને, એ આદમીને દૂર કર.' તેના અવાજમાં કેવી વિનવણી હતી! 'એક વાર તું એને ખતમ કર પછી મારો ભાઈ જ તને રક્ષણ આપશે અને આ જગ્યાનો માલિક બનાવશે... મારા વહાલા, તું જરા પણ ગભરાયા વગર, બસ તેના પરિણામનો વિચાર કર... તારી જિંદગીમાં આવનારા એ આનંદનો વિચાર કર.' માટીલ્ડાએ તેને કહ્યું હતું. અને જાણે એ આનંદની ઝલક બતાવતી હોય તેમ તેણે તેના ઉષ્માભર્યા શરીરને, પોતાના શરીર સાથે જકડયું હતું એટલું જ નહિ પરંતુ તેના હોઠને ચુંબનોથી ચૂસી લીધા હતા. તેમનાં શરીર એકમેકમાં લપટાઈને ઘડીભર એમ જ રહ્યાં હતાં. રૂફૂસે ઉશ્કેરાઈને તેના બન્ને હાથ માટીલ્ડાના વક્ષઃસ્થળ ઉપર મૂકીને, આંગળીઓથી તેના સ્તનપ્રદેશ પર જોરથી સ્પર્શ કર્યો હતો. માટીલ્ડાના સ્તન યુગ્મ શ્વાસથી ભરાયેલા હતા. બસ તે વખતે જ માટીલ્ડાએ તેને અળગો કર્યો હતો અને કહ્યું હતું : 'રૂફૂસ... જ્યારે મારા પતિને મારીશ ત્યારે જ હું તને મારું સર્વસ્વ આપીશ... ત્યારે જ હું તારી થઈશ.'

રૂફૂસે કાદવથી ખરડાયેલું ખંજર ઊંચું કર્યું. ઘડીભર તેના તરફ જોયું. 'આ ખંજર નથી...' તેણે વિચાર્યું, 'આ તો ચાવી છે. મારી જિંદગીની એષણાઓ, મારા જીવનના બધા જ સુખના દરવાજાની ચાવી છે.' વિચારીને તે વાંકો વળ્યો. તેને કામ પતાવી નાખવાની અદમ્ય ઇચ્છા થઈ આવી. જેટલું જલદી હ્યુબર્ટનું મોત થાય તેટલો જલદી તે માટીલ્ડાને પામી શકશે... પણ ધીરજ... ધીરજ... મારે મારા હુમલાની ચોક્કસ પળ નક્કી કરવી જ રહી. જ્યાં સુધી ઘરમાં સર હ્યુબર્ટ એકલો ન પડે ત્યાં સુધી રાહ જોવી જ રહી. તે સમય આવશે કે તરત જ હું ત્રાટકીશ.

મકાનની અંદર મીણબત્તીઓનું પીળું અજવાળું આમથી તેમ હાલતું હતું. તેના ભોજનખંડમાં મોટું ઓકનું ટેબલ હતું. એ ટેબલ પર ખૂબ ખાવાનું પીરસાયેલું હતું. મોટી ડિશોમાં

આવેલો લાલ દારૂ ચમકી રહ્યો હતો.

પણ એ કમરામાં તંગદિલી હતી. નોકરોની આંખમાં ચિંતાની રેખાઓ હતી. તેમનો માલિક ટેબલના એક છેડે બેઠો હતો અને માટીલ્ડા... તેમની માલકણ ટેબલના બીજા છેડે... આ સિવાય ટેબલ પર એક પાતળો આદમી બેઠો હતો. હુબર્ટ તેના તરફ જોતો હતો. આ કરુણતાભર્યા આદમીના ચહેરા પર વિષાદની રેખાઓ હતી. રંધાઈને આવતી દરેક પ્લેટમાંથી એક એક ટુકડો તે ચાખતો હતો. પહેલાં તે એક કોળિયો લેતો. તેને સૂંઘતો, પછી મોઢામાં મૂકતો. જાણે કે લોખંડનો કોઈ ટુકડો મોઢામાં મૂક્યો હોય તેવો તેનો ચહેરો થતો. મોઢામાં કોળિયો મૂકીને તે માથું અધ્ધર કરીને છત તરફ જોતો. પછી કોળિયાને ગળે ઉતારતો અને પછી તે નીચું જોતો... તેને હાશ થતી. તે પોતાના માલિક સર હુબર્ટ તરફ જોતો. ડોકું ધૂણાવતો અને ડીશ હુબર્ટ તરફ ખસેડતો... તે પછી જ હુબર્ટ ખાતો. પોતાના ભોજનમાં કોઈ ઝેર ભેળવી ન દે તે માટે તેણે ચાખનારો નોકર રાખ્યો હતો.

પણ એ ચાખનારો હરહંમેશ ડરતો. ડરે જ ને! ઝેરવાળી ડીશ આવે ત્યારે સર હુબર્ટ તો મરતાં મરે, પણ તેનું બલિદાન પ્રથમ જ દેવાઈ જાય.

'અરે! જલદી કરને... આમ રાહ જોતાં જોતાં તો ખાવાનું ઠંડું થઈ જશે.' હુબર્ટ મોટે અવાજે બરાડ્યો. તેને ભૂખ ખૂબ લાગી હતી અને રસોઈની સુગંધથી તેના મોંમાં પાણી આવતું હતું. આખરે પેલા ચાખનારા નોકરે કહ્યું: 'સાહેબ, બરાબર છે.'

તરત જ હુબર્ટ પોતાની જાડી આંગળીઓથી એક પછી એક વાનગીઓ ઉઠાવવા માંડી અને મોટા કોળિયા ભરીને મોઢામાં ઓરવા લાગ્યો. માટીલ્ડા તેને ઘૃણાથી જોઈ રહી. હુબર્ટે ડિશમાંથી એક ટાંગ ઉઠાવી અને માંસનું મોટું બટકું મોઢામાં લીધું. મુરઘીની

ટાંગ કોઈ અજબ આસ્વાદથી તે ચૂસી રહ્યો.

'શરાબ... શરાબ ...' તેણે મોઢામાં ડૂચો ભરાયેલા અવાજે કહ્યું. પેલો ચાખનારો, પોતાના માલિકના શબ્દોથી સાબદો થયો, તેણે શરાબના બે ઘૂંટડા ભર્યા અને પછી એ ઘેરા લાલ રંગનો શરાબ પોતાના માલિકને આપ્યો.

'રોજ રોજ ખાતી વખતે આ શું હોબાળો !' માટીલ્ડા બબડી.

'હોબાળો છે !' હ્યુબર્ટ તડૂક્યા 'કેટલા માણસો મારા મોતની રાહ જોઈને બેઠા છે તેની મને ખબર છે.' તેના ચહેરા પર ગુસ્સાથી લોહી તરી આવ્યું. તેણે મુરઘીની ટાંગ પર ચોંટેલું માંસ ખતમ કરતાં કરતાં માટીલ્ડા તરફ જોયું. પછી છૂરી ઉઠાવી અને બાજુમાં પડેલી ડિશમાંથી રંધાયેલા કોઈ પ્રાણીના માંસનો ટુકડો કાપતાં કાપતાં ઉમેર્યું', 'અને બીજું', તારા એ ભાઈનો મને વિશ્વાસ નથી.'

માટીલ્ડાના હોઠ સખ્ત થયા. પણ તે સિવાય તેનો ગોળ ચહેરો ભાવહીન જ રહ્યો. તેને ઝઘડવાનું મન ન હતું. તેણે પોતાનું ખાવાનું શાંતિથી ખાધા કર્યું અને પોતાના પતિના ચાવવાના અવાજો કાનથી દૂર રાખવા તે મથી રહી. આજે ઝઘડવાનો અર્થ ન હતો. આજની રાતે તો ... ખેર ... થોડા જ કલાકોમાં તો હ્યુબર્ટ મોતને શરણે થશે. તેણે હ્યુબર્ટના ચહેરા તરફ જોયું અને મનમાં જ બબડી ... 'હ્યુબર્ટ તારે ખાવું હોય તેટલું ખાઈ લે, આ તારું છેલ્લું ભોજન છે.'

રાત વધતી ગઈ તેમ તેમ કમરામાંથી નોકરોએ વિદાય લીધી. છેવટે માટીલ્ડા અને હ્યુબર્ટ બે જ જણ ત્યાં રહ્યાં, હ્યુબર્ટ હજુ જમતો હતો.

'મારે કેટલુંક કામ આટોપવાનું છે ... હ્યુબર્ટ.' માટીલ્ડાએ ઊભાં થતાં કહ્યું.

'ઓહ ... અચ્છા ... અચ્છા મારી વહાલી. તું જા. હું થોડી વારમાં જ તારી પાછળ આવું છું." તેણે માટીલ્ડાની સામે જોયા

વગર જ ચાવતાં ચાવતાં જવાબ આપ્યો.

એક ધૃણાભરી નજર ફેંકીને તે ત્યાંથી ચાલી ગઈ. કમરામાંથી બહાર નીકળીને તેણે મુખ્ય પ્રવેશદ્વાર તરફ દબાતે પગલે જઈને, ખાતરી કરી લીધી કે બારણાને અંદરથી વાસ્યું તો નથી ને! નહિ, બારણાને ખાલી જ બંધ રાખવામાં આવ્યું હતું. તે પછી તે સાવધાનીથી પથ્થરનાં પગથિયાં ચડીને પોતાના કમરામાં ચાલી ગઈ. બારણું બંધ કર્યું અને નીચેથી આવતાં કોઈ પણ અવાજને સાંભળવા મથી રહી. રૂફૂસ ક્યારે આવશે? હ્યુબર્ટની મરણચીસ ક્યારે સંભળાશે? તેની ઉત્સુકતાથી તે રાહ જોઈ રહી.

રૂફૂસ મુખ્ય બારણા પાસે આવીને ક્ષણભર ઊભો રહ્યો. તેના હાથમાં ખંજર બરાબર પકડેલું હતું. તેણે ધીરેથી એ તોતિંગ બારણું ખોલ્યું. કોરીડોરમાં કોઈ ન હતું. તદ્દન નિરવ શાંતિ હતી. તે ધીરેથી અંદર સરક્યો. ભોજનખંડના બારણા પાસે પહોંચ્યો. તેણે બારણા પર કાન અડકાડ્યો. અંદરથી કોઈ અવાજ આવતો ન હતો. ખૂબ જ ચુપકીદીથી, મહામુસીબતે પોતાના શ્વાસનો અવાજ રોકીને તેણે બારણું ખોલ્યું. ધીમેથી તેણે પોતાનું ડોકું લંબાવ્યું. જેથી તે બરાબર કમરામાં જોઈને દાખલ થઈ શકે. કમરામાં જો હ્યુબર્ટના અંગરક્ષકો હોય, તો તે ઝડપથી નાસીને રાત્રિના અંધકારમાં ગાયબ થઈ જઈ શકે અને ન હોય તો અંદર જઈને હ્યુબર્ટને હલાલ કરી શકે. પણ કમરામાં કોઈ દેખાયું નહિ. કેવળ ખુરસીના અટકણ ઉપરથી હ્યુબર્ટની ગરદન દેખાતી હતી અને હ્યુબર્ટ ખાવાનું ખાતો બેઠો હતો. કોળિયા જોરથી ચાવવાને કારણે તેની ગરદન વિચિત્ર રીતે ફૂલતી–સંકોચાતી અને તેનું જડબું ઊંચુંનીચું થતું હતું. રૂફસના હોઠ સખ્ત થયા. તેની ખંજર પરની પકડ મજબૂત થઈ. તેણે બારણું ખોલ્યું. બારણાના મજાગરામાંથી ભયાનક અવાજ થયો.

હ્યુબર્ટના ભોજનના આનંદમાં વિક્ષેપ પડ્યો. તે અવાજથી

ચમક્યો. તેણે માથું ફેરવ્યું. તે જ વખતે તેણે જોયું કે એક આકૃતિ તે જ ક્ષણે, હાથમાં ચકચકતું ખંજર લઈને તેના પર વાર કરતી હતી ...... ચીસ પાડીને હ્યુબર્ટે ખુરસી ખસેડી. આ બધું જ એક ક્ષણમાં પતી ગયું. તેની ખુરસીનો ધક્કો રૂફૂસને વાગ્યો. રૂફૂસને કોઈ ઈજા ન થઈ પરંતુ હ્યુબર્ટને છટકવાની તક મળી. તે દોડીને ગોળ ટેબલની બીજી તરફ ચાલી ગયો.

'દોડો ... દોડો ... પગી ચોકિયાત ... ખૂન ...' હ્યુબર્ટે જોર જોરથી બૂમો પાડી અને તે સાથે જ તેણે રૂફસ તરફ ખાલી ડિશો, ખાવાની વસ્તુ ભરેલી ડિશો, ફળની ડિશો ... વગેરેથી મારો ચલાવ્યો. રૂફૂસ તેની પાછળ દોડયો. પણ હ્યુબર્ટ ટેબલની ગોળ ગોળ ફરવા માંડયો હતો. રૂફસની જિગર હવે તૂટી રહી. તે ટેબલ પર ચડીને સામે છેડે તંગ થઈને, ખૂંખાર બનેલા હ્યુબર્ટ પર તૂટી પડવા જતો હતો ત્યાં જ કોરીડોરમાં ધસી આવતાં પગલાંના અવાજ સંભળાયા. હવે રૂફસને ભાગવાનો જ વિચાર કરવો પડે તેમ હતો. તે કોરીડોરના બારણા તરફ દોડયો. તે જ વખતે બારણા-માંથી એક ચોકિયાત પ્રવેશ્યો. તેના હાથમાં તલવાર હતી. રૂફૂસે અંદર પ્રવેશતા ચોકિયાતના ગળામાં ઠેઠ મૂઠ સુધી ખંજર હુલાવી દીધું. એક તરડાતી ચીસ તેના ગળામાંથી નીકળી અને ચોકિયાતના ગળામાંથી લોહીનો ફુવારો ઊડયો. તે બારણામાં જ ઢળી પડયો. તે ફસડાયો અને તે સાથે જ તેના મોંમાંથી લોહીના કોગળા નીકળી આવ્યા. એક જ ઝટકામાં રૂફૂસે નીચે પડેલા ચોકિયાતની તલવાર ઉઠાવી અને બારણામાંથી નીકળવા જતો હતો ત્યાં જ બીજા ત્રણ સિપાઈ ખુલ્લી તલવારે ધસી આવ્યા. રૂફૂસ તેમના ઘા ખાળવા મથી રહ્યો.

એ ઘમસાણમાં પણ તેને હ્યુબર્ટની બૂમો સંભળાઈ. 'તેને મારી ન નાખશો. તેને ખતમ ન કરશો. મારે તે જીવતો જ જોઈએ છે.'

રૂફસ ઝનૂનથી લડયો. પણ થોડી જ વારમાં તે એક ખૂણામાં ફસાઈ ગયો. તેના હાથમાંથી તલવાર ઊડીને દૂર પડી. પેલા ત્રણે ચોકિયાતોની તલવાર તેની છાતીને અડીને અટકી રહી.

તે પછી તેને બાંધવામાં આવ્યો અને તે જેનું ખૂન કરવા આવ્યો હતો તે હ્યુબર્ટ–તેના જ શિકારની–પાસે તેને ઘસડીને લઈ જવામાં આવ્યો.

'અચ્છા... મારા દોસ્ત.' હ્યુબર્ટ બોલ્યો. 'તને આ કામ કરવા કોણે મોકલ્યો હતો તે મને તું કહે. તું સાચું કહીશ તો હું તને છોડી મૂકીશ. પણ જો જૂઠું બોલ્યો તો તારું કમોતે મૃત્યુ થશે.'

રૂફસ, હ્યુબર્ટના એ વિશાળ દાઢીવાળા મોં તરફ ઘડીભર જોઈ રહ્યો અને પછી કશું પણ બોલ્યા વગર, બધી જ શક્તિથી તે હ્યુબર્ટના ચહેરા પર થૂંકયો. હ્યુબર્ટ ગુસ્સાથી બરાડી ઊઠયો. તેણે તલવાર કાઢી અને વાર કરવા હાથ ઊંચો કર્યો. રૂફસે આંખ મીંચી દીધી. બે–ત્રણ પળ વીતી પણ તેના પર ઘા થયો નહિ. એટલે રૂફસે ધીરેથી આંખો ખોલી. હ્યુબર્ટે તેની તલવાર નીચે કરી લીધી હતી. તેના મોં પર પડેલું થૂંક મૂછ સુધી લસરી આવ્યું હતું. તે બોલ્યો :

'તારે મારી પાસે એ જ કરાવવું હતું નહિ! હું ગુસ્સામાં આવું અને તને મારી હઉં. જેથી તારે કોઈનું નામ લેવું ન પડે... બરાબર...'

'મારી પાસેથી તને કંઈ જાણવા નહિ મળે.' રૂફસે હિંમતથી ડંફાસ મારી.

'એ તો આપણે જોઈશું...' હ્યુબર્ટ બોલ્યો. પછી પેલા ચોકિયાતો તરફ ફરીને બોલ્યો : 'જાવ તેને ભોંયરામાં લઈ જાવ. તેને એક નીચી પાટલી પર સુવાડીને બાંધો અને નીચેના સગડાઓ- માં બરાબર દેવતા છે કે નહિ તે જુઓ. ન હોય તો સળગાવો'

કહીને તે રૂફૂસ તરફ ફર્યો. 'તું ચિંતા ન કરતો. હમણાં જ તારી જીભ હું નરમ કરું છું.' રૂફૂસને બારણામાંથી બહાર ઢસડી જવામાં આવ્યો. ત્યાં જ તેની નજર કોરીડોરમાં ઊભેલી માટીલ્ડાના શુભ્ર ચહેરા પર પડી. તે તેના તરફ ચિંતાથી જોતી હતી.

હ્યુબર્ટ તેના ભોંયરામાં તરત ગયો નહિ. પેલા મૃત્યુ પામેલા ચોકિયાતને ત્યાંથી દૂર કરવામાં અને કમરાની સાફસૂફીના કામ પર દેખરેખ રાખતો ઊભો રહ્યો. કમરામાં સફાઈ પૂરી થઈ. નોકરો બહાર ગયા કે તરત જ માટીલ્ડા તેને પડખે આવી. 'હ્યુબર્ટ, મારા પ્રેમી, મારા વહાલા ... મને કેટલી ચિંતા થઈ હતી તારી ... હું છળી ગઈ હતી.' કહીને તેણે હ્યુબર્ટનો હાથ પોતાના હાથમાં લીધો.

પણ હ્યુબર્ટ હસ્યો. 'ચાલ ... ચાલ ... હવે વહાલી ! આટલો વિષાદ કરવાની જરૂર નથી. તે તો મારી નજીક પણ આવી શક્યો ન હતો.' કહીને તેણે માટીલ્ડાના ખભા પકડ્યા. તેને નજીક ખેંચી અને એક ચુંબન કર્યું. માટીલ્ડાએ તેની આંખો મીંચી લીધી. પોતાનો શ્વાસ અંદર ખેંચી રાખ્યો. તેના ખાઉધરા પતિના મોંમાંથી આવતી વાસ તેનાથી સહન થતી ન હતી. હ્યુબર્ટ માટીલ્ડાના હોઠ ચૂસી રહ્યો.

'હવે તું એ માણસનું શું કરવાનો છું ?' માટીલ્ડા ચુંબન-માંથી મુક્ત થઈ ત્યારે તેણે પૂછ્યું.

'કેમ વળી ... તેને કોણે મોકલ્યો હતો તે શોધી કાઢીશ, મારી મીઠડી !'

'કેવી રીતે શોધીશ ?' માટીલ્ડાના અવાજમાં ધ્રુજારી હતી. તેને રોકવા તે મથી રહી.

'કેમ ? એ મૂરખને હું બોલાવીશ .... જ્યાં સુધી બોલશે નહિ ત્યાં સુધી તેના પર હું સિતમ ગુજારીશ.'

'એમ ...' તે બોલી. 'થોડા વખત પછી હું ત્યાં આવું છું હ્યુબર્ટ, જોવા માટે કે તું શું કરે છે ?'

'ચોક્કસ ... માટીલ્ડા મારા વિરુદ્ધ આ કાવતરું કોણે કર્યું છે તે જાણવાની તને ઇચ્છા થાય છે તેનાથી જ મને ખૂબ આનંદ થાય છે' હ્યુબર્ટે કહ્યું. અને તે સાથે જ તેણે માટીલ્ડાને ફરી પોતાના બાહુઓમાં જકડી લીધી. ફરી પાછી માટીલ્ડા તેના પતિના મોંમાંથી આવતી ખોરાકની વાસ દૂર કરવા મથી રહી. થોડી વારે હ્યુબર્ટ ગયો. માટીલ્ડા પોતાના બન્ને હાથ ઘસતી, આમથી તેમ આંટા મારવા માંડી. પોતાના પતિને તે બરાબર પિછાનતી હતી. લોકો પર અત્યાચાર ગુજારવાની તેની કુશળતાને પણ તે જાણતી હતી અને રૂફસ ગમે તેટલો બહાદુર હશે છતાં હ્યુબર્ટનો અત્યાચાર સહન નહિ કરી શકે. પ્રશ્ન એ હતો કે રૂફસ કોનું નામ દેશે—તેનું કે તેના ભાઈનું કે બન્નેનું ?

હ્યુબર્ટ ભોંયરામાં ગયો. કોલસાનો સગડો બરાબર તપેલો હતો. આખું ભોંયરું ગરમ થઈ ગયું હતું. કમરાની મધ્યમાં હાથ ફેલાવીને પડેલા ગરુડની માફક, એક લાકડાની બેન્ચ પર રૂફસને બાંધવામાં આવ્યો હતો તે કેડ સુધી નગ્ન હતો. તેના પગ પણ ખુલ્લા હતા. હ્યુબર્ટ, રૂફસના ચહેરા તરફ હસતો જોઈ રહ્યો. 'સરસ ... બધું તૈયાર છે ... હવે તમારી જરૂર નથી' કહીને તેણે પેલા ચોકિયાતોને જવાની રજા આપી. ચોકિયાતો અદબ ભરીને ચાલતા થયા. પછી હ્યુબર્ટ બોલ્યો : 'તારું મન તેં ફેરવ્યું હોય તેવું મને લાગતું નથી.'

'જહન્નમમાં જા' રૂફસે કહ્યું અને થૂંક્યો. મનમાં ને મનમાં તે હિંમત એકઠી કરવા લાગ્યો.

હ્યુબર્ટ કેવળ હસ્યો. તેણે છાજલી પરથી એક ચામડાનો કટકો ઉઠાવ્યો. તે લઈને તે સગડા પાસે ગયો. સળગતા અંગારા પર બે લાંબા, હાથવાળા લોખંડના સળિયા હતા. હ્યુબર્ટે હાથ પર ચામડું વીંટાળીને કાળજીથી એક સળિયો ઉઠાવ્યો. રૂફસે માથું ઊંચું કરી જોવાનો પ્રયત્ન કર્યો પણ તેનું માથું લાકડાના સીગડામાં

બરાબર જકડી રાખવામાં આવ્યું હતું. હ્યુબર્ટ રૂફૂસની નજીક આવ્યો. પછી તેણે અત્યંત કાળજીપૂર્વક ધગધગતા સળિયાનો છેડો રૂફૂસના જમણા પગના તળિયા ઉપર ચાંપ્યો. આખું ભોંયરું ચિત્કારથી ગાજી ઊઠ્યું. રૂફૂસનું શરીર છૂટવા મથી રહ્યું. ધગધગતું લોખંડ તેના પગના તળિયામાં ચરચરાટ કરતું ઊતરી રહ્યું હતું. તેનાથી જોરજોરથી ચીસો નંખાઈ ગઈ. જ્યારે હ્યુબર્ટે જોયું કે તેનો શિકાર લગભગ બેહોશ થવાની અણી પર છે ત્યારે તેણે એ ધગધગતો સળિયો હટાવી લીધો. પછીથી તેણે ત્યાં પડેલી પાણી ભરેલી બાલદીમાંથી એક લોટો ભરીને પાણી લીધું અને રૂફૂસના મોં પર છાંટયું. 'અચ્છા ... હવે તારે કહેવું છે ?' તે બોલ્યો.

રૂફૂસના શરીરમાંથી પરસેવો નીકળતો હતો. તેને ભયાનક દર્દ થતું હતું છતાં મગજ પર કાબૂ હતો. 'ગંદા, જાડા ડુક્કર' તે નબળા અવાજે બોલ્યો : 'હુ તને કશું જ કહેવાનો નથી.'

હ્યુબર્ટનો ચહેરો સખત થયો. તેનાથી આ અપમાન સહન ન થયું, અત્યાર સુધી તો તે હસવામાં બધું કાઢતો હતો. પણ હવે આ હત્યારાને પાઠ ભણાવવો પડશે. થોડી જ વારમાં તેને દયા યાચતો કરવો પડશે. હ્યુબર્ટ પાછો પેલા અંગારા ભરેલા સગડા પાસે ગયો. તેણે પોતાના હાથમાંનો ચામડાનો કટકો વીંટાળીને બીજો ધગધગતો સળિયો ઉઠાવ્યો, પછી રૂફૂસની પાસે ગયો. રૂફૂસ ભયાર્ત થઈને જોઈ રહ્યો. સળિયાનો લાલચોળ છેડો તેની જમણી આંખ તરફ આવતો હતો. તેણે પોતાનું માથું હલાવવા, ખસેડી લેવા માટે અથાગ પ્રયત્ન કર્યો. પણ વ્યર્થ. તેણે પોતાની આંખો સખત રીતે મીંચી લીધી. તેમ છતાંય તેનાં બંધ પોપચાંમાંથી લાલ ધગધગતો રંગ દેખાતો હતો. તે ચીસ પાડી ઊઠ્યો. એકાએક તેની બંધ જમણી આંખને દાવાનળ અડ્યો. તેનું પોપચું સળગી ઊઠ્યું. સળગતા સળિયાની ધગધગતી અણી તેની આંખને ભયાનક રીતે વીંધી રહી. હ્યુબર્ટે સળિયા પર જોર કર્યું. સળિયાનો છેડો

તેને ભાનમાં લાવું, જેથી તારી જિજ્ઞાસા પણ સંતોષાય અને તને પણ ખબર પડે કે મને મારવાનું કાવતરું કોણે કર્યું હતું.'

'પણ એવી શું ઉતાવળ છે, તેને જાતે જ ભાનમાં આવવા દે ને ?' માટીલ્ડાએ કહ્યું.

'છટ્...' તેના પતિએ જવાબ આપ્યો. 'જેટલું જલદી જાણવા મળે તેટલા જલદી તેને મારી શકાય અને આપણે બન્ને સૂવા જઈ શકીએ.' કહીને તે હસ્યો. તેણે માટીલ્ડાને પોતાની નજીક ખેંચી અને તેના સુંદર હોઠ પર પોતાના હોઠ જડી દીધા. માટીલ્ડાને તેના મોંની વાસની સૂગ હતી, છતાં તે સહન કરી રહી. જેટલો સમય પસાર થાય તેટલો સમય પસાર કરવા તે ઉત્સુક હતી. પણ હ્યુબર્ટ ઉતાવળમાં હતો. તેને ધીરજ ન હતી. તેણે બાલદીમાંથી પાણી લીધું અને રૂફસ પર છાંટયું. પણ જેમ જેમ રૂફસ ભાનમાં આવી દર્દથી કણસતો ગયો તેમ તેમ હ્યુબર્ટ જાતે જ લોટા ભરીને પાણી પીતો ગયો.

'દયા કરો... ભગવાનને ખાતર દયા રાખો...' રૂફસ બોલ્યો.

'નામ આપ... જલદી નામ આપ.'

'આપું છું. પણ મને વચન આપો કે આ સિતમ બંધ કરશો' રૂફસે તદ્દન નબળા અવાજે કહ્યું.

'હા, હા. હું વચન આપું છું.' હ્યુબર્ટે કહ્યું. તેને વચન પાળવાની કોઈ ઇચ્છા ન હતી. તેણે વળી પાછું લોટો ભરીને પાણી પીધું. 'નામ... નામ આપ....'

'તમારી પત્ની માટીલ્ડા અને તેનો ભાઈ, વિલિયમ દ બર...' રૂફસનો અવાજ ધીરેથી આવ્યો.

'શું !' હ્યુબર્ટના મોંમાંથી ચિત્કાર નીકળ્યો. તે ફર્યો. માટીલ્ડા ભીંત પાસે ઊભી હતી. હ્યુબર્ટની મોટી આંખો તેને તાકી રહી. જાણે તે માનતો ન હોય તેમ... 'તું...' તે બોલ્યો. માટીલ્ડા કંઈ

જ બોલી નહિ. તે રાહ જોતી ઊભી રહી. તેણે ભીંત પર ટેકો લીધો. 'માટીલ્ડા... હું તને... હું તને મારી...' હુબર્ટ બોલ્યો. પણ તેનાથી વાક્ય પૂરું ન કરાયું. તેનો એક હાથ પોતાના ગળા પર ગયો. ગળું બળતું હતું. બીજો હાથ પેટ ઉપર... માટીલ્ડા તેને જોતી ઊભી રહી. હુબર્ટને માટીલ્ડાએ જે શરાબ પાયો હતો... તેનું ઝેર અસર કરી રહ્યું હતું... હ્યુબર્ટ નીચે ફસડાયો, તે તરફડિયાં મારતો હતો. તેના પગમાં આંચકીઓ આવતી હતી. તે તરફડતો અને ભોંય પર આળોટતો હતો. તેના પેટમાં કોઈએ તલવાર ખોસી હોય તેવી રીતે તેનું મોં ફાટયું. આંખ ફાટી. આંખ માટીલ્ડા તરફ મંડાઈ રહી... કંઈ પણ કહ્યા વગર તે સ્થિર થઈ ગયો. માટીલ્ડાને ખ્યાલ આવ્યો કે તે ગુજરી ગયો હતો.

'આખરે... આખરે...' માટીલ્ડા બબડી. પછી તેણે ત્યાં પડેલા રૂફસ તરફ જોયું. તેણે રૂફસના જલી ગયેલા આંખના ગોખલા તરફ જોયું. પતિના મરી ગયા પછી આની સાથે કેવી રીતે જિંદગી ગાળવી તેની તેણે કલ્પના કરી. તેણે પોતાનું ડોકું ધુણાવ્યું. પછી એક નાની લોખંડની સાંકળ ઉઠાવી. ધગધગતા સગડાના કડામાં એ સાંકળ પરોવી અને તેને ધીરેથી વચ્ચે ખેંચી લાવી.

'નહિ... નહિ... તમે વચન આપ્યું હતું. તમે વચન આપ્યું. હતું...' રૂફસ એકાએક ચિત્કારી રહ્યો. માટીલ્ડા કશું જ બોલી નહિ. પરંતુ સગડાને તેના માથા નજીક ઘસડી લાવી. તે પછી તેણે પેલો ચામડાનો કટકો ઉઠાવ્યો. ગરમ સળિયાઓ પર વીંટીને તેણે સળિયા ઉઠાવ્યા.

'તમે પાછા સળિયા કેમ ઉઠાવ્યા... મને તમે વચન આપ્યું હતું. હવે કંઈ નહિ કરવાનું વચન..' રૂફસ ભયભીત થઈને બોલી ઊઠયો. માટીલ્ડા કશું જ બોલી નહિ. તેણે બન્ને સળિયા સગડાના કડામાં ભરાવ્યા. બધી જ શક્તિ વાપરીને તેણે સગડો ઊંચો કર્યો.

ધીરેથી સગડો ઊંચકાયો અને ફર્યો. દેવતા રફૂસના ચહેરા પર પથરાઈ ગયો. સઘડો ઊંધો ઢળ્યો.

માટીલ્ડાએ સળિયા હેઠા મૂકયા અને એક મુક્ત સ્ત્રી બનીને તે ત્યાંથી ચાલી નીકળી. બંધનમાં જકડાયેલું પેલું શરીર આંચકા ખાઈ રહ્યું હતું. તેમાંથી કોઈ અવાજ ન નીકળ્યો.

*

બોગદું

—રેમોન્ડ હાર્વે

જ્યોર્જ વીગ્સ છેલ્લા આઠ વર્ષથી રેલવેમાં સિગ્નલમેનની નોકરી કરતો હતો અને જ્યારે પણ બીજા સ્ટેશન પરથી છૂટેલી ગાડી, આવી રહી છે તેવી ચેતવણી આપતી ઘંટડી વાગતી કે તરત તે સહેજ સફાળો, સચેત થઈ જતો. જ્યોર્જ વીગ્સે બીજી સિગારેટ સળગાવી ત્યારે ઘંટડી વાગી હતી. તેણે આપોઆપ પોતાનું ગજવા-ઘડિયાળ કાઢ્યું. 'બાર ને અઢારે આવતી ગાડી સહેજ વહેલી આવતી લાગે છે' તે બબડ્યો. ઘડિયાળ ગજવામાં મૂક્યું. માલગાડીઓ હંમેશાં બરાબર દોડતી. પણ પેસેન્જર ટ્રેનો તેને થોડી તકલીફ આપતી. આરામખુરશીમાંથી તે ઊભો થયો અને ત્યાં સામેની દીવાલ પાસે જડેલા પિત્તળના વિવિધ હાથાઓ તરફ ગયો. તેણે ગણતરી મુજબ એક લીવર દબાવ્યું અને લાઈન આપી. પછી બીજી સિગ્નલ બૉક્સને ચેતવવા તેણે એક બટન દાબ્યું. લૉગબુકમાં સમય નોંધ્યો અને પાછો આરામખુરશીમાં લંબાયો. બીજી ગાડી હવે ૧૨–૪૫ આવવાની હતી એટલે લગભગ અરધો કલાક તે તદ્દન નવરો જ હતો.

તેણે એશ ટ્રે પર મૂકેલી સિગારેટ ઉઠાવી. સિગ્નલ બૉક્સમાં તેલના દીવાનો ધુમાડો અને તેની સિગારેટનો ધુમાડો છવાઈ રહ્યો. જ્યોર્જ સંતોષથી આરામ લઈ રહ્યો હતો. તેણે મૅગેઝિનના થપ્પામાંથી એક મૅગેઝિન ઉઠાવ્યું. તે નોકરી પર ચડતો કે તરત, સૌથી પહેલાં પોતાનું કબાટ ઉઘાડતો. તેમાંથી સુંદર સામયિકોની એક થપ્પી બહાર કાઢતો. જ્યોર્જની પાસેનાં આ બધાં સામયિકો 'પિન-અપ'

છોકરીઓના ફોટાઓવાળાં સામયિકો હતાં. તેણે વીણી વીણીને એકઠાં કરેલાં આ સામયિકો બદલ જ્યોર્જને ખૂબ ગર્વ હતો. જ્યોર્જની નોકરી એવી હતી કે જેમાં સમય પસાર કરવા માટે કંઈ ને કંઈ કરવું જ પડે. એટલે એક ટ્રેન અને બીજી ટ્રેન વચ્ચેનો સમય ગાળવા માટે યુવતીઓના નગ્ન ફોટા નિહાળવામાં, જ્યોર્જને આનંદ આવતો.

જ્યોર્જ, વિશાળ સ્તન યુગ્મવાળી, ગૌર દરિયામાંથી નહાઈને નીકળતી છોકરીનો ફોટો કોઈ અજબ આસક્તિથી જોઈ રહ્યો હતો, છતાં તેનાથી એ છોકરી અને પોતાની પત્ની વેરોનીસાની સરખામણી કર્યા વગર રહેવાયું નહિ. વેરોનીસા કદાચ આ દરિયામાંથી નાહીને નીકળતી સુંદરી જેવાં અંગમરોડો ધરાવતી ન હતી છતાં તેનો ચહેરો, તેના વાળ તેટલા જ રૂપાળા હતા. તેટલા જ આકર્ષક હતા. પરંતુ આ ફોટામાંની પોતાની સામે હસતી હતી, જ્યારે વેરોનીસા તેવી રીતે સ્મિત વેરતી નહિ. તેનાથી જ્યોર્જને ચિંતા થતી હતી. જ્યોર્જને લાગતું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષથી તેની અને વેરોનીસા વચ્ચે કંઈક અંતર પડી રહ્યું હતું. તે વેરોનીસાને ખૂબ ચાહતો હતો, છતાં રાતપાળીઓમાં કામ કરવાને કારણે એને પ્રેમ પ્રદર્શિત કરવાની તક મળતી ન હતી. તે જ્યારે ઘેર જતો ત્યારે સવાર પડી જતી. તેને ઊંઘ આવતી અને વેરોનીસા સવારના ઊઠીને દિવસનું કામ કરવા તૈયાર થતી હોય! કેવળ બપોરના ચાર વાગ્યાથી નવ વાગ્યાના સમય દરમ્યાન જ તે વેરોનીસાને ખરેખર મળતો. પરંતુ તે દરમ્યાન ભાગ્યે જ વેરોનીસા નવરી પડતી. કેટલીક વાર તે વેરોનીસાને આલિંગન આપી દેતો. ત્યારે તે તેને દૂર કરતી અને કહેતી, 'ઓહ જ્યોર્જ, તું આમ વચ્ચે આવીશ તો મારું કામ કેવી રીતે પૂરું થશે?' અથવા તો તેને ખસેડીને બોલતી: 'હવે તું આ બંધ કરીશ... હવે તું મોટો થા તો સારું' પણ હવે જ્યોર્જ તેની સાથે કશું ચેડું કરતો નહિ. પણ પેલી ફોટામાં

દેખાતી, તેના તરફ સ્મિત વેરતી યુવતીઓને જોઇને સંતોષ લેતો. તે કદી તેનો વિરોધ કરતી નહિ.

એકાએક જ્યોર્જ ચમક્યો. પણ આ વખતે સિગ્નલ માટેના એલાર્મની ઘંટડી વાગી ન હતી. પણ ટેલિફોન રણક્યો હતો. તેણે પોતાના હાથમાંનું મેગેઝિન બંધ કર્યું. બાજુએ મૂક્યું. તેણે આશ્ચર્ય સાથે ટેલિફોનનું રિસીવર ઉઠાવ્યું.

'હલ્લો. હું જ્યોર્જ વીગ્સ... બૉક્સ નંબર ૧૭૨.'

'હલ્લો જ્યોર્જ, હું હેરી બોલું છું' ટેલિફોનના બીજે છેડેથી ચીફ કંટ્રોલર બોલતો હતો. 'તને કહેવા માટે જ ફોન કર્યો હતો. એક ગુડ્ઝ આગળ પાટા પરથી ઊતરી પડી છે. સારું થયું કે પેસેન્જર ટ્રેન ન હતી...'

'ઓહ ભગવાન.... કેવી રીતે થયું....'

'વિગતો કહેવાનો સમય નથી. આ તો તને એટલા માટે ફોન કર્યો કે ટ્રાફિક ચાલુ થતાં પહેલાં ચોવીસ કલાક થશે. એટલે આજે રાત્રે તું નહિ રોકાય તો ચાલશે.... અચ્છા ત્યારે. કાલે વાત' પેલે છેડેથી ટેલિફોન મૂકવાનો અવાજ આવ્યો. જ્યોર્જે રિસીવર મૂક્યું. અચ્છા.... અચ્છા તો છુટ્ટી... તેણે ઘડિયાળ કાઢીને સમય જોયો. ૧૨-૩૫ થઈ હતી. જો તે બધું આટોપીને તરત નીકળે તો એક વાગતામાં ઘેર જઈ શકે. તેણે કેબિનમાં બધું વ્યવસ્થિત કર્યું. સામયિકોનો ઢગલો ઉઠાવી કબાટમાં મૂક્યો. કબાટને તાળું માર્યું. ઑઈલ લેમ્પ હોલવ્યા. કેબિનને તાળું માર્યું અને સીડી ઊતરીને નીચે આવ્યો.

પૂનમની ચાંદની છવાયેલી હતી. તેણે આકાશ તરફ જોયું અને પાટે પાટે ઘર તરફ ચાલવા માંડયું. આજે રાત્રે કોઈ ટ્રેન આવવાની ન હતી એટલે તે પાટા પરના બોગદામાં થઈને ટૂંકે રસ્તે ઘેર જવામાં જોખમ ન હતું. તેણે ડિન્ગલ ટનલ તરફ ચાલવા માંડયું. થોડી વારમાં તે બોગદાના, ગુફા જેવા મોં પાસે આવી

પહોંચ્યો. તે બોગદામાં દાખલ થયો. અંધારું ઘબ્બ બોગદું... તેણે કેવળ અંદાજથી જ પોતાનાં એક પછી એક પગલાં 'સ્લિપરો' પર મૂકવા માંડયાં. તેને એ પ્રકારે ચાલવાનો મહાવરો હતો. તેનાં પગલાંનો અવાજ એ બોગદામાં પડઘા પાડતો હતો. બોગદાની છત-માંથી ક્યાંક ક્યાંક પાણી પડતું હતું. પહાડ કોરીને બનાવેલા એ બોગદામાં પથ્થરોમાંથી પાણી ચૂતું હતું. બોગદામાં તેનાં પગલાંના અવાજેથી ત્યાં ફરતા ઉંદરો પણ આમતેમ દોડી જતા હતા. અહીંતહીં, ટ્રેનમાંથી ફેંકાયેલા કાગળો પણ ઊડતા હતા અને તેનો અવાજ પણ બોગદામાં મોટો સંભળાતો હતો. ક્યારેક ક્યારેક તેના પગ આગળ ભટકતા ઉંદરોને ભગાડવા સિસકારા પણ કરતો અને ક્યારેક ખોંખારીને બોલતો ચલો... ભાગો...'

પછી પાછો ફરી ચન્દ્રનો પ્રકાશ દેખાયો. તે બોગદામાંથી બહાર આવ્યો. પાટા પરથી ઊતરીને ગામ તરફ ગયો. દેવળના ટાવરમાં એકનો ટકોરો થયો... રસ્તે ચાલતાં તે વેરોનીસાનો વિચાર કરી રહ્યો હતો. વેરોનીસા તેને જોઈને આનંદ પામશે! તે છાનોમાનો જઈને તેને ચુંબન કરશે. તે ઊંઘમાંથી જાગશે. પછી તે તેને પ્રેમ કરશે. બન્ને આનંદમાં લીન થઈ જશે. વેરોનીસા સાથે પ્રેમ કરવાના વિચારથી જ તેના પગલાંમાં ઝડપ વધી. તે વેરોનીસાને ખૂબ ઊંડાણથી ચાહતો હતો. તેને વેરોનીસાને અદમ્ય રીતે પામવી હતી. ચાહવી હતી. જકડી લેવી હતી. ચુંબનોથી નવરાવી નાખવી હતી. તે ઘેર પહોંચ્યો. તેણે ધીરેથી ઝાંપો ખોલ્યો અને એટલી જ સાવધાનીથી બંધ કર્યો. ત્યાં તેના આશ્ચર્ય વચ્ચે તેણે કંપાઉન્ડ-માં એક કાળી મોટરસાઇકલ પડેલી જોઈ. તેણે મોટરસાઇકલની નંબર પ્લેટ જોઈ. તેને ઓળખી. મોટરસાઇકલ તેના જિગરજાન દોસ્તની હતી... સ્ટીફન હોલિન્સની હતી. પણ અત્યારે તે શા માટે આવ્યો હશે! તેને મૂંઝવણ થઈ. તેણે પોતાની ચાવીથી બારણાનો 'લેચ' ખોલ્યો. ધીરેથી બારણું ખોલ્યું. ફરસ પર બેસીને

તેણે પોતાના બૂટ ઉતાર્યા. ઘરમાં તદ્દન શાંતિ હતી.

ઘરમાં અંધારું હતું. તે ધીરેથી દાદર પર ચડયો. દાદરના મથાળેથી પેસેજમાં થઈને તે પોતાના બેડરૂમના દરવાજા તરફ ગયો. પણ તે દરવાજે પહોંચે તે પહેલાં તે ઠરી જ ગયો. બેડરૂમમાંથી આવતા અવાજો તેણે સાંભળ્યા :

'મને ફરીથી ચુંબન કર સ્ટીવ... ફરીથી... ઓહ ડાર્લિંગ ...ઓહ ફરીથી...' એ વેરોનીસાનો અવાજ હતો. તેના અવાજની વચ્ચે વચ્ચે બીજો પણ અવાજ આવતો હતો : 'હું તને ચાહું છું.' ચાહું છું... એ અવાજ આદમીનો હતો.

જ્યોર્જ ચોંકી ઊઠયો. તે ધીરેથી બારણા પાસે સર્યો. બારણું અરધું ખુલ્લું હતું. સામેની ભીંત આગળ પડેલા ડ્રેસિંગ ટેબલના મોટા અરીસામાં તેણે જોયું. ચન્દ્રની રોશનીના બારીમાંથી આવતા અજવાળામાં અરીસામાં એ દૃશ્ય પરાવર્તિત થતું હતું. તેની પત્નીનું નગ્ન શરીર અને સ્ટીફન હોલિન્સનું શરીર દેખાતું હતું. વેરોનીસાનું આરસ જેવું શરીર સ્પષ્ટ દેખાતું હતું, જ્યારે સ્ટીફનનું શરીર સહેજ પડછાયામાં હતું. પણ બન્નેનાં માથાં કોઈ હવસખોર ચુંબનમાં ચોંટેલાં દેખાતાં હતાં. જ્યારે સ્ટીફનનો એક હાથ એ સંગેમરમરના દેહ પર ફરતો હતો. પોતાની પત્નીના જ શરીર પર ફરતો એ ઘેરા રંગનો હાથ ઘડીભર, જ્યોર્જ જોઈ રહ્યો. તે હાથ જેમ જેમ વેરોનીસાના શરીર પર ફરતો ગયો તેમ તેમ જ્યોર્જના મનમાં, તેના જિગરમાં ધિક્કાર અને તિરસ્કારની જ્વાળાઓ ભભૂકી ઊઠી. જ્યોર્જને થયું કે જો હવે વધુ વખત તે હાથને જોતો ઊભો રહેશે તો તે મગજ ગુમાવીને અંદર ધસી જશે અને ત્યાં ને ત્યાં જ બન્નેને મારી નાખશે. પણ એવું મૃત્યુ તેમને માટે પૂરતું ન હતું. આ માટે તેઓને સહન કરવું પડશે અને તેઓ ચોક્કસ સહન કરશે જ.

જ્યોર્જ એટલી જ ચુપકીદીથી ઘરની બહાર નીકળ્યો. અને પાછો પોતાની સિગ્નલ બૉક્સ પર પહોંચી ગયો. તે ચાલતો ચાલતો પાછો ફર્યો ત્યારે પગલે પગલે તેના મનમાં એક યોજના ઘડાતી ગઈ અને છેવટે જ્યારે તે સિગ્નલ બૉક્સ પર પહોંચ્યો ત્યારે તો તે યોજના નક્કર બની ગઈ.

રાબેતા મુજબના સમયે જ્યોર્જ પાછો ઘેર આવ્યો. અને જે રીતે તે ઘેર આવીને વર્તતો તે જ રીતે વર્ત્યો. રોજની જેમ જ તે સૂઈ ગયો અને વેરોનીસાએ તેને ૩–૩૦ વાગે ઉઠાડયો ત્યારે જ તે ઊઠયો. પછી તે ડૉક્ટરને ત્યાં ગયો. ત્યાંથી પોતાને માટે લખી આપેલી ઊંઘવાની દવાઓ પણ લઈ આવ્યો. ઘેર આવીને તે જમ્યો. સેન્ડવિચ ભરીને તેણે રાતના ખાવા માટેની લંચબૉક્સ તૈયાર કરી અને લગભગ સાત વાગે તેણે વેરોનીસાને કહ્યું : 'સ્ટીફનને ઘેર હું જઈને આવ્યો' તે બોલ્યો. તેણે વેરોનીસાના ચહેરા પર ઘડીભર જોયું. વેરોનીસાએ તેની આંખ બાજુએ ફેરવી લીધી હતી. તે સિવાય બીજો કોઈ ભાવ તેના ચહેરા પર આવ્યો નહિ.

'કેમ સ્ટીફનનું શું કામ પડયું હતું ?' વેરોનીસાએ ટેબલના ખાનામાં કશું ખોળવાનો ઢોંગ કરતાં પૂછ્યું.

'ઓહ, કાંઈ ખાસ કામ ન હતું. પણ તેને કહેવા ગયો હતો કે આજે રાત્રે સાડા દસ વાગે તને લઈને એ સિગ્નલ બૉક્સ પર આવે તો કેવું ?' જ્યોર્જે ખૂબ જ સ્વાભાવિક અવાજે કહ્યું. વેરોનીસાએ તેની તરફ જોયું.

'અરે તારી એ ડબલા કેબિન પર સાડા દસે શું કામ છે હું તને પૂછું ?' તે મર્મથી બોલી.

'અરે વહાલી, તમને એક ખૂબ જ આશ્ચર્ય પમાડવાનું મેં નક્કી કર્યું છે.' જ્યોર્જે હસીને કહ્યું, 'હું તને અત્યારે કહેવાનો નથી પણ તને ખૂબ જ આનંદ આવશે તેવું જ કંઈક છે.' વેરોનીસા જરા મુંઝાઈને તેના તરફ જોઈ રહી. તે કશું બોલી નહિ.

એટલે જ્યોર્જે કહ્યું : 'તું આવીશને, વહાલી ?'

'સ્ટીફનને શું કહ્યું ?' તેણે સાવચેતીથી પૂછ્યું.

'ઓહ, તેણે હા પાડી. તેને આનંદ થયો હતો.' જ્યોર્જે જવાબ આપ્યો.

'હું આવીશ. પણ જો, હું ત્યાં વધુ વખત રોકાઈને સમય બગાડવા નથી માગતી.'

'અરે હોય, મીઠડી. કાંઈ કારણ વગર હું તને આમ ઓછો ત્યાં બોલાવું ?' જ્યોર્જે કહ્યું. વેરોનીસાએ હુંકારો કર્યો અને તેના કામે લાગી.

તે સાંજે, જ્યોર્જે રાખેતા મુજબ પેલાં ફોટાઓવાળાં સામાયિકો કાઢ્યાં નહિ... તેને બદલે તેણે ત્રણ પ્યાલામાં દૂધ કાઢ્યું. પછી પોતાના ખિસ્સામાંથી ઊંઘવા માટે લીધેલી ટેબલેટ્સ કાઢી. બે પ્યાલામાં એ ટેબલેટ્સ સરખે હિસ્સે નાખી મેળવી દીધી. પછી ચા બનાવવા માટે કીટલી સ્ટવ પર મૂકી. જ્યારે વેરોનીસા અને સ્ટીફન સિગ્નલ બૉક્સ પાસે આવ્યાં ત્યારે તે ચાની કીટલીમાંથી પ્યાલામાં ચા રેડતો હતો.

'ઓહ તમે આવી પહોંચ્યાં. બરાબર વખતસર જ આવ્યાં છો... ચાના સમયે જ' તે બોલ્યો. સ્ટીફન અને વેરોનીસા જરા પણ બોલ્યા વગર ત્યાં બેઠાં.

'ચાલો, હું તમને ચા બનાવી આપું' જ્યોર્જે ખૂબ જ માયાળુ અવાજે કહ્યું. કહીને તેણે બીજા બે કપ કાઢ્યા. 'નાકાવાળા કપ મહેમાનો માટે અને નાકા વગરનો પ્યાલો મારે માટે' જ્યોર્જે કહ્યું.

'અરે જ્યોર્જ... આટલી રાત્રે અમે અહીં ચા-પાર્ટી માટે આટલે દૂર આવ્યાં નથી...' વેરોનીસાની આંખમાં ચમકારો થયો. તે બોલી : 'તું કહેતો કે અમારે માટે...'

'શાંતિ મારી મીઠડી, શાંતિ.' જ્યોર્જ બોલ્યો. 'બધું સમયસર થશે જ. પહેલાં તમે આરામથી ચા પીઓ પછી વાત.'

વેરોનીસા અને સ્ટીફને એકમેક સામે એક નજર કરી લીધી અને પછી ચા પીતાં બેઠાં. તે લોકો ચા પીતાં હતાં તે દરમ્યાન જ્યોર્જ જાણે ખૂબ જ કામમાં હોય તેમ તેણે બધાં લીવરો તપાસ્યાં, લોગ-બુક તપાસી... અને થોડી વાર પછી તે પણ ચા પીવા બેઠો.

'હવે...' તે બોલ્યો. 'મારા શુભ સમાચાર એ છે કે મને નોકરીમાં બઢતી મળી છે. નોર્થ ઇંગ્લેન્ડમાં એક મોટી કેબિન પર મારી નિમણુક થઈ છે.' કહીને તે અટક્યો. તેણે પત્ની તરફ અને પોતાની પત્નીના પ્રેમી તરફ જોયું. 'આપણને ત્યાં એક ઘર પણ મળશે અને હવે આપણા આ મિત્ર સ્ટીફનને આપણે નહિ મળી શકીએ. એટલે જ મેં આ એક નાનો વિદાયસમારંભ યોજ્યો હતો.' કહીને તે હસ્યો. વેરોનીસા ચકિત થઈ ગઈ. તે સ્ટીફન સામે જોઈ રહી. શું બોલવું તે તેને સમજાયું નહિ.

'અરે! તમારા બેમાંથી કોઈ મને અભિનંદન આપવાનાં નથી?' જ્યોર્જે મલકતા હોઠે કહ્યું. વેરોનીસા અને સ્ટીફન એકમેક સામે જોવામાં તેને અભિનંદન આપવાનું જ ભૂલી ગયાં હતાં.

'અરે, કોઈને પણ ખ્યાલ આવી શકે કે તમારે મને એ નોકરી લેવા દેવાની ઇચ્છા નથી. મારી વહાલી... તો પછી હું એકલો જઈશ. તને સ્ટીફન સાથે રહેવાનું નહિ ગમે?' જ્યોર્જ બોલ્યો. તેણે જવાબ માટે રાહ જોઈ. પણ વેરોનીસાને જાણે વિચાર કરવામાં મુશ્કેલી નડતી હોય તેવું લાગ્યું... તેની આંખ ઘેરાઈ ગઈ હતી.

'મારે જવું... જવું ન... ન... થી.' તેટલું તે બોલી અને ખુરસીમાં જ ઢળી પડી.

'વેરોનીસા...શું થયું?' સ્ટીફન બોલ્યો... ઊભો થયો. તેના તરફ ઝૂકયો. પણ જાણે તેના પગ પાણી પાણી થતા હોય તેવું તેને લાગ્યું. તેનું સમતોલપણું તે ખોઈ બેઠો અને તે કેબિનની ફરસ પર ઢળી પડયો. જ્યોર્જ હસ્યો. 'મને ખબર હતી, મારા

વહાલાઓ કે તમારે બન્નેને સાથે રહેવાની ઇચ્છા છે. તમે બન્ને સાથે જ રહેશો.'

તેણે ઊભા થઈને કબાટ ખોલ્યું. તેમાંથી તારનો એક વીંટો કાઢયો. પછી તેણે તેની પત્નીનાં વસ્ત્રો ઉતાર્યાં...

*

સ્ટીફનને ચહેરા પર ઠંડા પાણીનો છંટકાવ વાગ્યો. તેણે આંખ ઉઘાડી– તે એક રેલવેના બોગદામાં પડયો હતો. તેની બાજુમાં જ્યોર્જ વીગ્સ એક દીવો લઈને ઊભો હતો. સ્ટીફન બેઠો થવા ગયો. તેને ઠંડી લાગતી હતી.

'માફ કરજે સ્ટીફન, મારા જૂના દોસ્ત. પણ તારાથી ઊભા નહિ થવાય. તને મેં તારથી બાંધ્યો છે.' સ્ટીફને બન્ને તરફ ડોકું હલાવ્યું. તેનાં કાંડાં અને પગ પાટા પર બંધાયેલા હતા. તે ચત્તો-પાટ પડયો હતો.

'હા સ્ટીફન.' જ્યોર્જે જોયું કે સ્ટીફન તેના પર આવી પડેલી આફતને સમજ્યો હતો. એટલે તેણે કહ્યું : 'જ્યારે ટ્રેન આવશે ત્યારે તારા પગ ઘૂંટણેથી અને હાથ કોણી આગળથી કપાઈ જશે.'

'અરે ! પાગલ ! આવું થતું હશે ?' સ્ટીફન બરાડી ઊઠયો. 'અરે ! મને જવા દે. આ તાર છોડી નાખ. તું સાંભળે છે ?'

'સરસ ચાલાકી કરી છે નહિ ? સ્ટીફન... પણ તું જરા જોઈશ તો તને ખ્યાલ આવશે કે વેરોનીસાની સ્થિતિ પણ તારા જેવી જ ગંભીર છે.'

સ્ટીફને ડોકું સહેજ ઊંચું કરીને જોયું. વેરોનીસાનું શરીર પણ પોતાની માફક જ નિર્વસ્ત્ર હતું. ટ્રેન આવશે ત્યારે તેમના હાથપગ કપાઈ જશે અને મરતાં પહેલાં તેમને પારાવાર પીડા થશે.

'મહેરબાની, જ્યોર્જ... તું કહીશ તે કરવા તૈયાર છું, જ્યોર્જ...'

'માફ કરજે. હું દિલગીર છું. તું વ્યર્થ સમય બગાડે છે.

મારે હવે જવું પડશે. ચાલ, હું વેરોનીસાને જગાડતો જાઉં અને પછી તમને બન્નેને... બન્ને પ્રેમી પારેવડાંને અહીં જ છોડી જઈશ.' કહીને તેણે વેરોનીસાને પાણી છાંટી જગાડી અને બોલ્યો : 'આવજે વેરોનીસા, તું અને તારો પ્રેમી આવતી દસ મિનિટ આનંદથી વિતાવજો.'

તે પછી તેનો ઑઇલ લેમ્પ ઉઠાવીને જ્યોર્જ પાટા પરનાં સ્લિપરો પર પગલાં ભરતો પોતાની સિગ્નલ કેબિન પર આવી ગયો.

બોગદાના મુખ બાજુથી આવતા ઝાંખા ચંદ્રપ્રકાશમાં વેરો-નીસાએ મોં ફેરવીને શું બની રહ્યું છે તેનો તાગ પામવા જોયું. તેણે લથડાતી જીભે સ્ટીફનને પ્રશ્નો પૂછ્યા. સ્ટીફને તેના જવાબ આપ્યા. ત્યારે તે તેમની પરિસ્થિતિની ભયંકરતા સમજી અને જેવી તેને સમજ પડી કે તરત તેણે કાન ફાડી નાખે તેવી ચીસ પાડી. જોર જોરથી તેણે જ્યોર્જને બૂમો પાડી તેને છૂટી કરવા વિનંતિઓ કરવા માંડી, પણ જ્યોર્જ આવ્યો નહિ. તે તો ત્યાં કેબિન પર આ બન્નેનાં કપડાંની હોળી કરવામાં વ્યસ્ત હતો. વેરોનીસા ભયાનક ચીસો પાડતી હતી. એ ચીસોના અવાજ વચ્ચે પણ સ્ટી-ફનને દૂરથી આવતી ટ્રેનના એન્જિનનો અવાજ સંભળાતો હતો. તેણે પોતાના હાથ અને પગ જોરથી ખેંચ્યા. ખૂબ જ જોરથી તેણે પોતાનાં બંધનોને ખેંચવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેના માંસમાં એ તાર ખૂંપતા ગયા. તેથી કશું વધુ થયું જ નહિ. દૂરથી આવતી ટ્રેનના એન્જિનનો પ્રકાશ બોગદાના મોઢા તરફ આવ્યો. પાટા પણ હવે ધ્રૂજતા હતા. એન્જિનના સર્ચલાઇટનો પ્રકાશ રેલાતો ગયો. વેરોનીસાએ હૃદયભેદક ચીસ પાડી. સ્ટીફનનું શરીર સખત થયું તેના સ્નાયુઓ તંગ થયા.

બે લાલચોળ ધગધગતા છૂરાએ પહેલાં પગના કટકા કર્યા. પછી હાથના... ચારે બાજુએ બંધિયાર બોગદામાં ભયાનક તૂફાન જેવા

અવાજો ગરજી રહ્યા. તે પછી એ તૂફાન ચાલી ગયું. તેના હાથ અને પગમાં ભયાનક દર્દ થતું રહ્યું. તેણે તદ્દન નબળાઈથી આંખ ઉઘાડી. તેની કોણી આગળનું હાથનું ઠૂંઠું જોરથી ધ્રૂજતું હતું, ફરકતું હતું. તેણે એક ઠૂંઠા પર વજન મૂકી માથું ઊંચું કર્યું તેના પગને બદલે અણીવાળાં ઠૂંઠાં હતાં. અરે, પાટાની બન્ને તરફ હાથ અને પગના છૂંદાયેલા કટકા પડ્યા હતા. વેરોનીસા દર્દના હુંકાર કરતી હતી. તેણે પણ થોડી વારે જોયું કે શું બન્યું હતું. તેના મોંમાંથી ફરી એક વાર... ભયાનક... કર્કશ અને હૃદય દ્રાવી નાખે તેવી ભેંકાર ચીસ નીકળી ગઈ. સ્ટીફન જાણતો હતો કે બન્ને જણનાં અંગમાંથી લોહી વહેતું હતું અને તે એ પણ જાણતો હતો કે મરતાં પહેલાં ખૂબ સમય જશે.

વેરોનીસા જ્યોર્જને ગાળો દેતી હતી અને ચિત્કારતી હતી. સ્ટીફનને ખ્યાલ આવ્યો કે તેમને માટે હવે એક જ રસ્તો હતો. તેણે ખૂબ જ દર્દ સાથે વેરોનીસાનું માથું, બે હાથના ઠૂંઠામાં પકડ્યું અને ફેરવીને, લોહી–માંસથી ચીકટા થયેલા પાટા પર ગોઠવ્યું. પછી પોતે પણ માથું પાટા પર મૂકીને બીજી ટ્રેનની રાહ જોતો સૂતો. બીજી ટ્રેન જલદી આવે તો તેમના દુઃખનો અંત આવે.

આમ જ્યારે લોહી–નીગળતી હાલતમાં તે બન્ને પડ્યાં હતાં ત્યારે એકાએક તેમનું ધ્યાન આમથી તેમ દોડતા નાના આકારો તરફ ગયું. એકાએક વેરોનીસાએ ચીસ પાડી. એક મોટા કાળ જેવા ઉંદર વેરોનીસાના કપાઈને પડેલા માંસલ પગને ખેંચી રહ્યો હતો. બીજા ઉંદરો પણ ત્યાં દોડી આવ્યા અને વેરવિખેર થઈને પડેલાં તેમનાં અંગો ચૂંથવા અને ખાવા માંડ્યા. સ્ટીફને વેરોનીસાને શાંત પાડવા ઘણું કહ્યું. પણ તે કશું કરી શકે તેમ ન હતો. એકા-એક વેરોનીસાએ, તેના કપાયેલા પગના ઠૂંઠા આગળ ખૂબ જ દર્દ થતું હોવાનું તેને કહ્યું. સ્ટીફને તે તરફ જોયું. હવે તે વેરોનીસાને કોઈ રીતે સાંત્વન આપી શકે તેમ ન હતો. બે કાળા મોટા આકારો

વેરોનીસાની કપાયેલી ટાંગ ચાવી રહ્યા હતા અને માંસના ટુકડા ખેંચતા હતા. તેણે ક્યાંય સુધી પોતાના ઠૂંઠિયા પગથી તે ઉંદરોને દૂર રાખવાનો પ્રયત્ન કર્યો.

પછી તેની ગરદન નીચે કંઈ થડકાટ થતો તેને લાગ્યો. સ્ટોફને ફરીથી બન્ને ઠૂંઠા હાથથી વેરોનીસાની ગરદન પાટા પર ગોઠવી, પોતાની ગરદન પણ બરાબર ગોઠવી... પાટા ધ્રૂજવા લાગ્યા. બોગદાના મોં આગળ પ્રકાશ રેલાયો... વેરોનીસાનું શરીર તંગ થતું તેને લાગ્યું. તેના શરીર સાથે વેરોનીસાના સ્તન યુગ્મ ભીંસાઈ રહ્યા. પ્રકાશ વધતો ગયો... અવાજ વધતો ગયો...અને થોડી વારમાં અંધકાર ફેલાયો.

*

કાચની દરગાહ

—એશ ઈવીન

એલન રોશ બસમાંથી ઊતર્યો ત્યારે ધીરો વરસાદ પડતો હતો. બસ-સ્ટૅન્ડ આગળ જ આસીરગઢની લગભગ બધી જ વસ્તી રહેતી. સામે જ દેશી દારૂની દુકાન હતી. બીજી તરફ બે ખખડી ગયેલા મકાનમાં કરિયાણાવાળો અને એક લુહાર રહેતો હતો. એલન રોશ જેવો બસમાંથી ઊતર્યો તેવાં જ વસ્તીનો આજુબાજુમાં ફરતાં ગંદાં બાળકો તેને વીંટળાઈ વળ્યાં. આસીરગઢમાં ભાગ્યે જ કોઈ પરદેશીઓ આવતા અને એટલે જ એલન રોશનું શુભ્ર શરીર તેણે પહેરેલી ખાખી અડધી ચડ્ડી, હૅટ અને ખાખી ખમીસ, તેણે લટકાવેલો પીઠ-થેલો અને હાથમાંની લાકડી તેમ જ કમરપટા પર લટકતી રિવૅાલ્વર એ બધું જ દૃશ્ય સૌને અચરજ પમાડે તેવું હતું.

થોડી વાર તે મૂંઝાતો ઊભો રહ્યો. તે હિન્દુસ્તાનમાં ઘણી વખત આવ્યો હતો અને ભારતના ખૂણેખૂણાનો તેણે પ્રવાસ કર્યો હતો. તે જાતે અંગ્રેજ હતો. લેખક હતો. પ્રવાસ અને વાંચન એ બે જ તેના રસ હતા. મધ્ય પ્રદેશના એક ભુલાયેલા સ્થળ 'આસીર-ગઢ'ની મુલાકાતે તે આવ્યો હતો. મુગલ સલ્તનતના એક અનન્ય યોદ્ધા તરીકે તેને ઔરંગઝેબમાં રસ હતો અને એટલે જ ઔરંગ-ઝેબના સમયની એક નવલકથા લખવા માટે સામગ્રી એકઠી કરી રહ્યો હતો.

શરાબની દુકાનમાંથી કલાલ ઊઠીને આવ્યો. તેણે એલનને

પ્રશ્નો પૂછ્યા. એલને ભાંગીતૂટી હિન્દુસ્તાનીમાં તેને સમજાવ્યું કે તેને આસીરગઢ બાબત માહિતી મેળવવી છે. કંઈક ઇનામ મળશે એ આશયથી તેણે એલનને બેસાડ્યો. કેસર-કસ્તૂરીનું એક ટમ્બલર ભર્યું અને એલનને આપ્યું. એલને હસીને જાણે બંદેનવાઝી કરતો હોય તેમ તેનો આભાર માનીને તે ટમ્બલર હાથમાં લીધું. એક ઘૂંટડો ભર્યો ત્યાં તો તેનાં ફેફસાંમાં, તેના જઠરમાં આગ ફેલાઈ ગઈ. તેને ઉધરસ આવી ગઈ. કલાલ પોતાના બહેતરીન શરાબની અસર ખુશ થઈ જોઈ રહ્યો.

તેણે કલાલને એક રૂપિયાની નોટ આપી. કલાલે તેને સમજાવ્યું કે આસીરગઢની વસ્તીમાં ફક્ત એક જ માણસ અંગ્રેજી જાણે છે અને એલનને તેની પાસે જવું હોય તો તે લઈ જશે. એલન ખુશ થયો. તે હિન્દુસ્તાની સમજી શકતો હતો પણ બોલવામાં તેને તકલીફ પડતી. બધાં મળીને છ વર્ષ તે હિન્દુસ્તાનમાં રહ્યો હતો છતાં તેને હિન્દી બોલવાનો, તેનું વ્યાકરણ સમજવાની, નર, નારી અને નાન્યતર શબ્દોની ગડભાંજ સમજાતી ન હતી.

બસ-સ્ટૉપની સામે જ આસીરગઢ પર જવા માટેનો રસ્તો હતો, એક વિશાળ પહાડી પર લગભગ દોઢ હજાર ફૂટના ઊંચાઈએ આસીરગઢનાં ખંડેરો છે. તેના પર જવા માટે કોઈ પાકો રસ્તો નથી. મુગલ સમ્રાટ ઔરંગઝેબે દક્ષિણના પ્રવેશદ્વાર તરીકે તેને સજાવ્યો હતો અને લગભગ તે જ સમયના પથ્થરના રસ્તા, વિશાળ પગથિયાં, તોતિંગ દરવાજા અને અવકાશમાં ઝળૂંબતા બુરજોથી મઢેલો કિલ્લો, વિનાશને આરે ઊભેલો છે.

કલાલ ઉત્સુકતાપૂર્વક એલન રોશને એ ટેકરી પર દોરી ગયો. બસ-સ્ટૉપથી ઉપરવાસમાં લગભગ પાંચસો ફૂટ ઊંચે ટેકરી પર એક સુંદર હોજ છે. હોજની બાજુમાંથી, એક ખડક પરથી ખળખળાટ વહેતું ઝરણું છે. હોજની આજુબાજુ લગભગ પાંચસો ચોરસફૂટ ખુલ્લી જગ્યા છે. એ ચોગાનને ખૂણે મુસ્તુફા ગનીની નાની પણ

સરસ ઝૂંપડી છે.

કલાલે બારણું ઠોક્યું. એંસી-પંચ્યાસી વર્ષની આસપાસના એક બુઝુર્ગ આદમીએ બારણું ખોલ્યું.

'કોણ છે ભાઈ?' મુસ્તુફા ગનીનો વાદળના ગડગડાટ જેવો અવાજ આવ્યો.

'અબુ કલાલ!' કલાલે નમ્રતાથી કહ્યું. એલન રોશ મુસ્તુફા ગનીની મોહક પ્રતિભાને જોઈ રહ્યો. સફેદ સરખી કાપેલી દાઢી, સફેદ વાળ, કાળા વાદળ જેવી આંખો અને નમણું નાક, મુસ્તુફા ગનીના બધા દાંત સફેદ હતા. ફક્ત બે જ દાંત, એક ઉપરનો અને એક નીચેનો તૂટેલા હતા તેમ છતાં તેમનો ચહેરો સુંદર હતો. કલાલને કશું પણ પૂછ્યા વગર મુસ્તુફા ગનીએ એલનને આવકાર આપ્યો. આવા જંગલમાં પણ એક બુઢ્ઢો, હિન્દુસ્તાની આદમી આટલી સરસ રીતે અંગ્રેજી બોલતો હશે એવું એલનની કલ્પનામાં આવતું ન હતું.

'આવોને દોસ્ત, તમારી શું ખિદમત કરું?' મુસ્તુફા ગની બોલ્યા: 'તશરીફ ફરમાવો.'

મુસ્તુફા તેનું વાક્ય પૂરું કરે તે પહેલાં તો અબુ કલાલે બાજુમાં પડેલી કાથીની દોરીવાળી ચારપાઈ પાથરી. મકાનમાં જઈને તે એક સ્વચ્છ ગાદલું લઈ આવ્યો. એલનને બેસવાનું સૂચન કરીને મુસ્તુફા તેની સામે એક મુડામાં ગોઠવાયા.

'હું ઔરંગઝેબ પર પુસ્તક લખી રહ્યો છું...એટલે કે નવલકથા લખી રહ્યો છું અને એટલે તે સમયનું ચિત્ર સમજવા ઔરંગઝેબ જ્યાં જ્યાં રહ્યો હતો ત્યાં ત્યાં પ્રવાસ કરવા નીકળ્યો છું. અહીં બુરહાનપુર આવ્યો હતો. ત્યાં મેં આસીરગઢ વિષે સાંભળ્યું એટલે અહીં આવ્યો. ખાસ તો મારે અનવર ચિસ્તીની મજાર જોવી હતી.' એલન રોશે કહ્યું. મુસ્તુફા ગનીની આંખો સહેજ ચમકી. પછી તેમણે એક નિઃશ્વાસ નાખીને કહ્યું: 'તેમાં ખાસ કશું જોવા જેવું નથી. સામાન્ય મજાર છે.'

'જે હોય તે તમને કદાચ સામાન્ય લાગે પણ અમને પરદેશી-ઓને તો બધું દિલચસ્પ લાગે છે' એલને કહ્યું. પછી કલાલ તરફ જોયું અને ભાંગીતૂટી હિંદીમાં કહ્યું, 'તું મને બતાવવા આવીશ. કલાલ તો ખૂબ જ ઉત્સુક હતો. એલને મુસ્તુફા ગનીનો આભાર માન્યો અને ઊભો થયો. મુસ્તુફાએ તેને આસીરગઢ અને એ મજાર જોઈ આવીને પછી નાસ્તો કરવા આવવા માટેનું આમંત્રણ આપ્યું, અને બે હાથ જોડીને તેને આવજો કહ્યું. 'ખુદા હાફિઝ...' મુસ્તુફા બોલ્યા અને ગજવામાંથી નીલા મણકાવાળી તસબી કાઢી. એલને પોતાનો થેલો પડાળીમાં મૂકયો. તેમાંથી કેમેરો કાઢયો અને પગથિયાં ઊતરતો હતો ત્યાં તેની નજર મુસ્તુફા ગનીની તસબી તરફ અને પછી તેના હાથ તરફ પડી. મુસ્તુફા ગનીની જમણા હાથની આંગળી કપાઈ ગઈ હતી. તેને બદલે હથેળીમાંથી ઊપસી આવેલું એક ઠૂંઠું જ હતું. 'બિચારો ડોસો...તેની આંગળી કેવી ખરાબ રીતે કપાયેલી છે' તે બબડયો અને કલાલની પાછળ ચાલતો થયો. વરસાદ ખૂબ જ ધીરે પડયો હતો. ઝરમરતાં ફોરાં ખૂબ આહ્‌લાદક લાગતાં હતાં. સાંજના ચાર વાગ્યા હતા.

અણુ કલાલ, એલન રોશાથી થોડે દૂર જ આગળ ચડતો હતો અને ચપડ ચપડ બોલ્યા જ કરતો હતો. આખા પહાડ પર ગાઢું જંગલ હતું. ઉપર જવાનો રસ્તો પથ્થરો કાપીને બનાવેલો હતો. કયાંક કયાંક વરસાદથી ચીકટ થયું હતું. અણુ કલાલ બરાબર સૂચના આપીને એલનને ચેતવતો હતો. કિલ્લા આખા પહાડ પર ગળાના મફલરની જેમ વીંટેલો હોય તેવું લાગતું હતું. કિલ્લાની અંદર પણ સુલતાન શહેનશાહ માટેની કોઠી હતી. તેને ફરતે પણ કોટ હતો. દરવાજાઓના પથ્થર, તાપ, તડકો અને વરસાદ ખાઈ ખાઈને ધસી પડતા હતા. એટલે જ્યારે પણ કોઈ એ દરવાજા નીચેથી પસાર થતું ત્યારે હરહંમેશ કુરાનમાંની કડીઓ બોલીને ખુદા પાસે રક્ષણ માંગતું.

અણુ કલાલ એલનને એક પછી એક જગ્યાઓ બતાવતો ગયો. બાદશાહના મહેલનાં ખંડેરો, સ્ત્રીઓ માટેનો હમામ, બંદગી પઢવા માટેની મસ્જિદ, શાહજાદીઓનો મહેલ, તબેલો, બાંદીઓનાં ઘર, શસ્ત્રાગારનાં ખંડેરો, તૂટેલી તોપોનો ભંગાર... એલન રોશ ચકિત થઈને વિચારતો હતો. ત્યાં પહાડના છેડે... બે સુંદર ઈમારતો દેખાઈ. તેમાંની એક ઈમારત સંગેમરમરની હતી. તેની બાજુની ઈમારત લાલ પથ્થરની હતી.

'એ સંગેમરમરની ઈમારત છે તે શગુફા ખાતુનનો રંગમહેલ છે. અને બાજુનું લાલ પથ્થરનું મકાન અનવર ચિસ્તીની મજાર છે....આમ તો જોકે એ સંગેમરમરનું મકાન પણ એક મકબરો છે....લોકવાયકા છે કે શગુફા ખાતૂન એક નાચનારી હતી અને શાયસ્તખાને તેને ઝેર આપી મરાવી નાખી હતી. કારણ તેને શક હતો કે શગુફા આલમગીરને રંગીન બનાવી રહી હતી. અનવર ચિસ્તીને તેની પ્રમાણિકતા અને બહાદુરીને કારણે જ્યારે આસીરગઢનો કિલ્લેદાર બનાવ્યો હતો ત્યારે તે શગુફાના પ્રેમમાં પડ્યો હતો. કહે છે કે શગુફા મર્યા પછી જીવતી થઈ હતી...પણ એ બધો ઇતિહાસ તમને મુસ્તુફા ગની સાહેબ સારી રીતે કહી શકશે.' અણુ કલાલ બોલ્યે જતો હતો. પણ એલન રોશ તો એ ઇમારતની ભવ્યતા અને તેની આજુબાજુ છવાયેલાં સુંદર વૃક્ષોમાંથી ચળાઈ ચળાઈને જતાં વાદળોની અદ્ભુત સુંદરતા જોઈ રહ્યો.

'અરે પણ આ આરસના રંગમહેલમાં જવાનો રસ્તો નથી?' એલને પગથિયાં બતાવીને કહ્યું.

'નહિ જી. આ સામે જે ભીંત દેખાય છે ને, ત્યાં દરવાજો હતો. પણ ઔરંગઝેબના સરસેનાપતિએ તે બંધ કરાવી દીધો હતો. પણ અનવર ચિસ્તીએ તેના પોતાના મહેલમાંથી એક ખાનગી રસ્તો બનાવ્યો હતો. ચાલો, હું તમને બતાવું.' કહીને અણુ કલાલ એલનને એ રંગમહેલની શુભ્ર ઇમારતની બાજુની લાલ પથ્થરની ઇમા-

રતમાં લઈ ગયો. મોગલ સ્થાપત્યની શૈલી મુજબ બંધાયેલી ઇમારત આમ તો બિસમાર હાલતમાં હતી છતાં તેની ભવ્યતા, તેના બન્ને તરફ દસ–દસ ફૂટને અંતરે કંડારેલા ઝરૂખાઓમાં, તેની ફરસબંધીમાં તેના જુદા જુદા કમરાઓમાં દેખાઈ આવતી હતી. તેના છેલ્લા કમરાની ભીંતમાં વચ્ચોવચ્ચ એક ચોરસ બાકોરું હતું. એ બાકોરા-માંથી સામે બીજી ભીંત દેખાતી હતી. બન્ને ભીંતની વચ્ચે નાનાં સાંકડાં પગથિયાં હતાં.

'જરા સમાલીને સાહેબ...' કહીને અણુ કલાલ નીચે વળીને બાકોરામાં ગયો અને ત્યાંથી નીચે જતાં પગથિયાં ઊતરવા માંડ્યો. એલન નાક ચડાવીને તેની પાછળ ઊતર્યો. સૈકાઓથી અવાવરૂ રહેલા એ ભોંયરામાં જતાં પગથિયાંમાં અજબ દુર્ગંધ આવતી હતી. થોડી વારમાં તેઓ સીડી ઊતરી ગયા. ત્યાં નીચે પડાળી જેવી થોડી જગ્યા હતી. ત્યાંથી સામે એક બીજો દાદર શરૂ થતો હતો. અણુ કલાલ બોલ્યા : 'આવો સાહેબ... જરા સમાલીને. એલન સોટા જેવો સશક્ત આદમી હતો અને ઊંચો પણ. નીચો વળીને તે કલાલની પાછળ ચાલ્યો, દસેક પગથિયાં ચડીને તે ઉપર ગયા અને આખું દ્દશ્ય બદલાઈ ગયું.

તે રંગમહેલમાં આવી ગયા હતા. રંગમહેલનો એ દીવાનખંડ હતો. તેની ફરસ રંગ–બેરંગી આરસની હતી. સો ફૂટ લાંબો અને લગભગ એંસી ફૂટ પહોળો એ ખંડ કોઈ અજબ રીતે શાંત હતો. તેની એક તરફની ભીંત પર સુંદર ઝરૂખા પડતા. પણ તે દીવાલ ચણીને બંધ કરવામાં આવ્યા હતા. બીજી તરફની, તેની સામેની જ દીવાલમાં કમાનોવાળી છ બારીઓ હતી. ત્રીજી તરફની દીવાલની વચ્ચે, બીજા કમરામાં જવાનો દરવાજો હતો. એલન રોશ, પેલી બારીઓ પાસે ગયો. બારીની બહાર વાદળો ભરેલું આકાશ દેખાતું હતું. બારીની નીચેના ભાગમાં પણ ધૂંધળાં વાદળો દોડી રહ્યાં હતાં. એલનની નજર એ વાદળોને વીંધવા મથી રહી. બારીની નીચેના

ભાગમાં, જાણે કોઈ અંત વગરના અવકાશ જેવી ખીણ હતી. ખસતાં વાદળોની વચ્ચે વચ્ચે ખાલી પડતી જગ્યામાંથી એ ઊંડી ખાઈની નીચે જંગલ દેખાતું હતું. ક્યાંક દૂર ખેતરો અને દીવાસળીના ખોખા જેટલાં નાનાં મકાન દેખાતાં હતાં. એલન રોશે જુદા જુદા એંગલોથી પોતાની અશાહી પી-ટેક્સ પર ખૂબ જ શક્તિશાળી, મીસ લેન્સ ચડાવીને ફોટા લીધા. પછી કમરાના ફોટા, ફરસબંધીના ફોટા અને સંગેમરમરમાં કંડારેલા લીલા, ભૂરા અને લાલ વેલબુટ્ટાઓથી મઢેલી છતના પણ ફોટા લીધા.

શગુફ્તા ખાતુન એ દીવાનખંડમાં શાહ–સોદાગરો અને સલ્તનતના જિમ્મેવારોની ખિદમત કરતી. સાજ–સવાજ, તરબતર અત્તરની ખુશબો, બહેતરીન મસલીનના પોશાક, ચકચકિત જામ અને સુરાહી, સારંગી અને સુરીલા કંઠ...કેવું માદક એ દૃશ્ય હશે. એલન રોશ કલ્પના કરી રહ્યો.

'તે તરફ બીજા કમરામાં અનવરખાનની કબર છે.' કહે છે અનવરખાન શગુફ્તાનો આશક હતો અને તેની મરતી વખતની ઇચ્છા પ્રમાણે તેને રંગમહેલના દીવાનખંડની બાજુના કમરામાં દફનાવ્યો હતો.' અણુ કલાલ બોલ્યો અને બીજા કમાનવાળા દરવાજામાં થઈને તેને અંદર લઈ ગયો. તે કમરો દીવાનખંડથી નાનો હતો. તેમાં પણ એક જ તરફ બારીઓ હતી અને બધા ઝરૂખાઓ ભીંત ચણી બંધ કરવામાં આવ્યા હતા. મજાર રૂમની મધ્યમાં ન હતી પણ ડાબી તરફ હતી, જમણી તરફ બીજા કમરામાં જવાનો રસ્તો હતો. મજારવાળો કમરો સાદો હતો. અનવરની કબર પર લીલી ચાદર હતી અને તેના માથા આગળ ચાંદ-તારાનું ચાંદીનું પ્રતીક હતું. કબર પર સંગેમરમરનું છત્ર પણ હતું. કબરના પથ્થર પર અલ્લાહની દુઆ માગતી ચાર લીટીઓ પથ્થરમાં કોતરીને લખી હતી.

'કહે છે ઘણી વાર શગુફ્તા રાતના આજે પણ અહીં આવે

છે અને અનવર ચિસ્તીની મઝાર પર ફૂલ ચઢાવે છે.' અણુ કલાલે કહ્યું. એલન રોશ કલાલના એ નિર્દોષ અને વહેમી ચહેરા તરફ જોઈ રહ્યો. અનવરખાનના પગ તરફ બીજો એક દરવાજો હતો. પણ તે બંધ હતો. આખા મકાનમાં આ એક જ બારણું હતું.

'આમાં શું છે ?' એલને પૂછ્યું.

'એ શગુફ્તા ખાતૂનનો શીશ-કમરો છે. તેમાં એ વખત અત્તરના ફુવારા ઊડતા. તેમાં હમામ પણ છે. ત્યાં શગુફ્તા તૈયાર થતી.' અણુ કલાલે કહ્યું : 'પણ તેમાં કોઈ જતું નથી. ખુદાને માલૂમ કેમ પણ ત્યાં ભયનું સામ્રાજ્ય ફેલાયેલું છે. કહે છે એ કમરાના આયનાઓ જીવતા છે.'

'આપણે જોઈએ...' એલને કહ્યું. અણુ કલાલે એ નકશી કરેલો જાડા લાકડાનો દરવાજો ખોલ્યો. એલન સ્તબ્ધ થઈને જોઈ રહ્યો. આખો કમરો રંગબેરંગી મોટા આયનાઓથી મઢેલો હતો. દરેક આયનો જુદા જુદા રંગનો હતો. અણુ અને એલન જેવા એ કમરામાં પ્રવેશ્યા કે તરત જ ચારે બાજુ આયનામાં તેમનાં રંગ-બેરંગી પ્રતિબિંબ પડવા માંડ્યાં. અરે ! છત પર પણ નાના નાના કાચથી કોઈ અવર્ણનીય આકૃતિઓ બનાવેલી હતી. સાંજના પાંચ વાગી ગયા હતા. આ કમરામાં ક્યાંય બારી ન હતી. બધી બારીઓ ભીંતથી ચણી લેવામાં આવી હતી. તેમાંથી બહાર કે અંદર જવાય તેવું એક જ બારણું હતું. અણુએ એલનને ખુશ કરવા દીવાસળી જલાવી. એ દીવાસળીનાં હજારો પ્રતિબિંબ કમરાને પ્રકાશિત કરી ગયાં.

કમરાની એક તરફ હોજ અને ફુવારો હતો. તેમાં પણ શીશા જડેલા હતા.

'પેલું શું છે ?' એલને કમરાના ડાબા ખૂણા તરફ પડેલી એક કાચની પાટ જેવી વસ્તુ બતાવીને કહ્યું.

'એ શું છે એ કોઈને ખબર નથી સાહેબ, પણ એ બેઠક

નથી. મારા ચાચા કહેતા હતા કે તે પણ કબર છે જ્યાં શગુફના બાળકને દાટવામાં આવ્યું હતું. પણ એ બાળકની અનેક વાતો મુસ્તુફા ગનીને ખબર છે... પણ એટલી વાત સાચી કે આ કમરામાં કોઈ રાતના આવતું નથી. કારણ રાતના આવ્યા પછી કોઈ આદમી સવાર જોવા પામતો નથી. ખરેખર તો રંગમહેલમાં જ કોઈ આવતું નથી.'

એલન ઝાઝું બોલ્યા વગર એ ખૂણામાં પડેલી કાચની પાટ તરફ જોઈ રહ્યો. આવો કાચ તેણે ક્યાંય જોયો ન હતો—બેલ્જિયમમાં પણ નહિ. અણુ કલાલને પોતાની વાતમાં એલનને ખૂબ રસ પડે છે તેમ લાગતાં તેણે કહ્યું: 'સાહેબ, એકલા મુસ્તુફા ગની જ આ કમરામાંથી રાતે જીવતા નીકળ્યા હતા તેમ લોકો કહે છે અને એ દિવસે રાતે તેમની હાથની આંગળી ગુમાવી હતી.'

એલન, અણુની સામે તાકી રહ્યો. મુસ્તુફા ગનીનો હાથ તેને યાદ આવ્યો. તેની વિચિત્ર રીતે કપાયેલી આંગળી યાદ આવી.

તે પાછા વળ્યા અને મુસ્તફામાં ઝૂંપડી પર આવ્યા. રસ્તામાં અણુ કલાલને તેણે પૂછ્યું. 'આ મુસ્તફા કોણ છે?' 'સાહેબ, એ તો અલગારી આદમી છે. મારા દાદા કહેતા હતા કે તેના જેવો વિદ્વાન આદમી તેમણે કદી જોયો નથી. તે અનેક ભાષાઓ જાણે છે. અને...'

'તારા દાદા... એ ક્યાં છે?'

'એ તો ગુજરી ગયા, દસ વર્ષ પહેલાં. તમને એક વાત કહું સાહેબ. મારા દાદાના દાદા મુસ્તફા ગનીને મળ્યા હતા. એ આદમી મોતને પડકારે છે. તેની ઉમ્મરનો કોઈને ખ્યાલ નથી સાહેબ...'

એલનને જરા વિચિત્ર વાત લાગી પણ ત્યાં તો મુસ્તુફા ગનીનું મકાન આવી ગયું હતું. મુસ્તુફા ગની મૂડા પર બેઠા હતા

અને હુક્કો ગડગડાવતા હતા.

'આઈએ.... કેમ અણુ પરદેશી જાણુને બધું બતાવ્યું ?'

'અરે બહોત ખૂબ... મને આ જગ્યા ખૂબ જ પસંદ આવી છે' એલને આનંદથી અણુ સામે અને મુસ્તુફા સામે જોયું. પછી ગજવામાંથી બે રૂપિયાની નોટ કાઢીને અણુના હાથમાં મૂકી.

'અરે અણુ ! સાહેબને માટે જરા ચા-નાસ્તાનો ઈન્તજામ કર. અમે તો જારનો રોટલો અને બકરીનું દૂધ ખાઈને દિવસ પૂરો કરીએ છીએ. એલને પણ તે જ ખાવાનું કહ્યું અને પૂછ્યું: 'આજ રાત્રે તમારી પાસે રોકાઉં તો તમને તકલીફ થશે...?'

'અરે ! નહિ રે... ઘણે દિવસે દેશ-પરદેશની વાતો કરવાનો મોકો મળશે....'

*

ખાઈ-પરવારીને એલને પાઇપ સળગાવી. મુસ્તુફા ગનીએ હુક્કો સળગાવ્યો. સૈકાઓથી જાણે કાળને આંબીને બેઠો હોય તેવો આ બુઢ્ઢો લાલટેનના અજવાળામાં અલૌકિક લાગતો હતો.

ખૂબ ખૂબ વાતો થઈ. અલકમલકની. મુસ્તુફાએ આસીરગઢનો ઇતિહાસ, અફઝલખાનની દક્ષિણની કામગીરી આલમગીરની વિચક્ષણતા, મરાઠાઓની તેજીલી, વેધક લશ્કરી કામગીરી વગેરે અનેક બાબતો જાણે તાદૃશ્ય થતી હોય તેવી શૈલીમાં કહી સંભળાવી. ક્યારેક ક્યારેક એલન તેની નોંધ પણ ટપકાવતો જતો હતો.

રાતના અગિયાર થયા. એલને ખૂબ જ આગ્રહ કરીને જાતે ચા બનાવવા દેવાની વિનંતી કરી અને ચા બનાવી લાવ્યો. ચા પીતાં પીતાં તેણે મુસ્તુફાને પૂછ્યું: 'ગની સાહેબ, આ તમારી આંગળી કેવી રીતે કપાઈ ગઈ ?'

'અકસ્માતમાં કપાઈ ગઈ હતી.' મુસ્તુફાની આંખમાં સહેજ ભય આવ્યો. તે પોતાની આંગળી વિષે કશું જાણે કહેવા ન માંગતા હોય તેવું લાગ્યું.

'પણ કોઈ ખૂબ જ ગમખ્વાર અકસ્માત નડયો હોય તેવું લાગે છે. ગની સાહેબ... શું એ વાત સાચી છે કે ઉપર શગુફ્તા ખાતૂનના શીશ કમરામાં તમને એ અકસ્માત નડયો હતો !'

મુસ્તુફા કશું બોલ્યા નહિ. તેમણે પોતાની ઠૂંઠી આંગળીવાળા હાથમાં નીલા મણુકાવાળી તસબી લીધી. 'એ વાત તમે મને નહિ પૂછો તો સારું, મિસ્ટર રોશ. જિંદગીમાં કેટલાક અનુભવો એવા હોય છે કે જેની યાદ પણ તમને હલબલાવી નાખે. એવો જ એ અનુભવ હતો... પ્યાર... મહોબ્બત કોઈ અવ્વલ ચીજ છે. આદમી મરે છે છતાં તેની વાસના તૂટતી નથી. ખેર... એલન રોશ... આપણે સૂઈ જઈએ. સવારની બસ ખૂબ વહેલી નીકળે છે.' મુસ્તુફાએ વાત ટૂંકાવી.

'પણ એ શીશ-કમરામાં રાતે કોઈ રહી શકતું નથી એ વાત સાચી !'

મુસ્તુફાએ જવાબ આપ્યા વગર ચારપાઈમાં લંબાવ્યું. તેમનો ચહેરો સખ્ત થઈ ગયો હતો. તેમણે ચાદર ઓઢી તેમની ઠૂંઠી આંગળી તસબીના મણુકાને પકડવા મથી રહી હતી. બહાર વરસાદ ફરી શરૂ થતો હતો. પણ સરવરિયા જેવો. 'ગની સાહેબ, જો એ વાત... એ કપાયેલી આંગળીની વાત કોઈ અંગત બાબત સાથે સંકળાયેલો ન હોય તો ખરેખર મારે જાણવું છે કે એ શાથી કપાઈ !'

'નહિ મિસ્ટર રોશ, તમે પરદેશીઓ વિજ્ઞાનવાદીઓ છો. તમને એ વાતનો કોઈ અંદાજ નહિ આવે. વળી આજ જમાદિ-લ-અવલની પૂર્ણચંદ્ર રાત છે. આજે એ વાત કરવાનો અર્થ નથી. કારણ આજ રાત્રે, વર્ષો પહેલાં મારી આંગળીએ અકસ્માત નીવડયો હતો. તેનું એકમાત્ર સાદું કારણ એ હતું કે બુઝુર્ગોની વાત માન્યા વગર હું એ શીશ કમરામાં ગયે હતો... જીવતા શીશાના એ કમરામાં. મિસ્ટર રોશ... એ એક ઐતિહાસિક સ્થળ છે અને

અનવર ચિસ્તી જેવો એક પાક આદમી એ શગુફ્તા ખાતુન નામની ઔરતના હાથમાં પ્યાદું બન્યો હતો. શાયસ્તખાને, આલમગીર ઔરંગઝેબ તેની લાજવાબ સુંદરતાના જબ્બજમાં ફસાય નહિ એટલે તેને અહીં ચિસ્તીના મહેલમાં છુપાવી હતી અને તેને ઝેર આપ-વાની વ્યવસ્થા કરી હતી, જેથી કાયમનો તેનો કાંટો નીકળી જાય. પણ મરતાં પહેલાં તો તેણે અનવર પર પોતાની મોહક જાળ પાથરી હતી. મર્યા પછી પણ તે અનવરને મળતી અને એ અમૂર્ત, એ ભયાનક પ્રેત – પ્રેમનો અંજામ એ શીશાના કમરામાં છે. એ જીવતા શીશાની પાછળ ઘોર, ભયાનકતા છે. ઇન્સાનની શરીર પ્રત્યેની વાસનાનું પરિણામ છે... મિસ્ટર જિંદગીમાં અનેક ખૂબ-સૂરતી છે. પણ જ્યારે એ ખૂબસૂરતી હવસ બની જાય છે ત્યારે... તેનું પરિણામ બદસૂરત બને છે... ખેર ! એ વાત છોડો... આરામ ફરમાવો.'

રાતના પોણા બાર વાગ્યા હતા. એલન કશું પણ બોલ્યા વગર ક્યાંય સુધી એ બુઝુર્ગ ડોસાના શબ્દો વાગોળતો રહ્યો. શું ખરેખર એ સત્ય હતું ? એલન જાતે લેખક હતો. પ્રસંગોને જોવા-ની તેનામાં અદ્‌ભુત કલ્પનાશક્તિ હતી. મુસ્તુફા ગનીની વાતમાંથી એ એટલું પામી શક્યો હતો કે એક નાચનારી સુંદર, ઔરત મરણ પામ્યા પછી પણ પ્રેમ કરતી હતી અને અનવર પર છાઈ ગઈ હતી. રંગમહેલના ઝરૂખાઓ પર ભીંતો કેમ ચણાઈ છે તેની તેને કલ્પના આવવા માંડી.

રાતના એક વાગે તે ઊભો થયો. તેણે પોતાના પીઠ–થેલા-માંથી ટોર્ચ કાઢી. તેની જિજ્ઞાસાને કોઈ રોકી શકે તેમ ન હતું. તેણે પોતાની રિવૉલ્વર પણ પટ્ટામાં ખોસી. ખૂબ જ કાળજીથી તેણે બૂટ પહેર્યા... અને પગથિયાં ઊતર્યો...

*

વરસાદ સાવ બંધ થઈ ગયો હતો. ચન્દ્ર પુરબહારમાં ખીલ્યો

હતો. આકાશ ધીરે ધીરે સ્વચ્છ થતું હતું છતાં ક્યાંક ક્યાંક ભટકતાં વાદળાં હજુ પણ ચન્દ્ર પર અંચળો નાખતાં હતાં. થોડી થોડી વારે નવવધૂનો ચહેરો દુપટ્ટાની ભીતરમાંથી બહાર આવે તેમ શરમાઈને ચન્દ્ર ડોકિયાં કરતો હતો અને ધરતી પર રોશની ફેલાવતો હતો.

ચારેબાજુ ભેંકાર ઝાડી હતી. એલને પહાડી રસ્તા પર ચાલવા માંડયું. કિલ્લાના દરવાજાઓ પર લટકતા પથ્થરો જીવલેણ હતા તેણે સાચવીને રસ્તો કરવા માંડચો. તેની ટોર્ચનું અજવાળું એ ધુમ્મસઘેરી રાતમાં માંડ દસેક ફૂટ પડતું હશે. લગભગ અરધા કલાકે તે કિલ્લાના ઉપરવાસમાં આવ્યો. જંગલના નૈસર્ગિક અવાજો તેના કાનમાં ગુંજી રહ્યા હતા. ત્યાં જ એકાએક તેના પગથી થોડે જ દૂર કોઈ જોરથી પડયું હોય તેવો અવાજ થયો. તેણે તે તરફ ટોર્ચનું અજવાળું ફેંકયું. 'હત્તારી... પથ્થર...' તે બબડચો. પણ તેના હૃદયમાં ફાળ પડી હતી. તે ઝડપથી કિલ્લાના છેલ્લા દરવાજા નીચેનાં પગથિયાં ચડી ગયો. થોડી વારમાં તે પેલી ઇમારતોની સામે આવીને ઊભો.

ઘેરા લાલ રંગના પથ્થરની ઇમારત... અને શુભ્ર પથ્થરની એ આરસની ઇમારત... બન્ને ધૂંધળા વાતાવરણમાં લપટાયેલી હતી. જાણે કોઈ ઝૂલતા અને વાદળોમાં લપટાયેલા મહેલને તે જોઈ રહ્યો.

તે પગથિયાં ચડીને લાલ પથ્થરવાળા અનવર ચિસ્તીના મહેલના ખંડોમાં દાખલ થયો. તેણે ટોર્ચનું અજવાળું પાથર્યું. અંદર, રંગમહેલમાં જવા માટે ભીંતમાંથી કરેલા ચોખંડા બાકોરા-માં નીચો વળીને તે પેઠો. પગથિયાં ઊતર્યો. ભોંયરાની પડાળીમાં આવ્યો. સામેની સીડીનાં પગથિયાં ચડતો હતો ત્યાં જ તેને જૂઈ-ના અત્તરની વાસ આવી. તેણે નાક ચડાવીને ઊંડો શ્વાસ લીધો.

'વિચિત્ર... આવા ખંડેરમાં આવી વાસ ક્યાંથી ?' તે બબડચો,

'છટ્... બધી જ કલ્પના... બધી જ કલ્પના..' તેટલામાં તો તે રંગમહેલમાં આવી ચૂકયો હતો. ૧૦૦×૮૦ ફૂટનો એ દિવાનખંડ અત્યારે, રાતના પરિમાણોમાં મોટો લાગતો હતો. તેણે આજુબાજુ ટોર્ચનું અજવાળું ફેંકયું... તેના હાથ થીજી ગયા. તે ડાબા હાથમાં ટોર્ચ પકડીને સ્થગિત થઈ ગયો. કમરાની છેડા પરની બારી, જયાંથી પહાડીનું નીચેનું ભવ્ય દૃશ્ય દેખાતું હતું ત્યાં કોઈક ઊભું હોય તેવું તેને લાગ્યું. તેણે આંખ પહોળી કરીને જોયું. કશું સ્પષ્ટ દેખાતું ન હતું પણ જાણે બારી પર મલમલનો પરદો હોય તેવું કંઈક હાલતું હતું. તેને શગુફાનો વિચાર આવ્યો. સૈકાઓ પહેલાં થઈ ગયેલી એ સ્ત્રી કેવી હશે? તેને જેમ જેમ વિચાર આવતો ગયો તેમ તેમ તેના કાનમાં કોઈ અનેરાં સંવેદનો થઈ આવ્યાં. કોઈ અલૌકિક સંગીત જાણે દૂરથી ગવાતું હોય તેવું તેને સંભળાયું. શું એ શગુફાનો કંઠ હતો?

કલ્પના સાકાર થતી ચાલી. કહે છે પ્રેતનું અસ્તિત્વ ઊભું કરવામાં માણસની પોતાની જ શક્તિ, નિરીક્ષકની પોતાની જ શક્તિ, પ્રેતને પ્રગટ થવા માટેની શક્તિ આપતી હોય છે. એવું જ કંઈક બની રહ્યું.

મલમલનો એ પરદો આકૃતિમાં ફેરવાતો ગયો. કાનમાં સંભળાતું સંગીત સ્પષ્ટ થવા માંડયું. બારીની મધ્યમાં કોઈ પારદર્શક આકૃતિ ખડી થઈ. ધીરે ધીરે તેનામાં રંગ પુરાવા માંડયા. કીરમજી.. આછા કીરમજી રંગોનું કુરતું... સંગેમરમર જેવો દેહ... નખશિખ સૌંદર્યની કોઈ અજબ પ્રતિમાની માફક... કોઈ સ્ત્રી... કોઈ અજાયબ હુસ્ન ધરાવતી સ્ત્રીની પારદર્શક પ્રતિમા અસ્તિત્વમાં આવતી ગઈ.

એલન ધ્રૂજી ઊઠયો. તે ફાટી આંખે જોઈ રહ્યો.

'શગુફા ખાતૂન!' તેના મોઢામાંથી શબ્દો સર્યા. હવે તેને એ સ્ત્રી સંપૂર્ણ દેખાતી હતી. લાલ તાશની બદામ જેવો લંબગોળ

ચહેરો. ભર્યાભર્યા હોઠ, કાળા વાળ અને જગતમાં કદીય જોવા ન મળે તેવી લાંબી આંખો અને વિશાળ ઝૂકેલી પાંપણો... એ ચહેરા પર સ્મિત આવ્યું. એક પોપચું ઢાળ્યું–મસ્તીમાં કોઈ પણ સલ્તનતના પાયા હચમચાવી નાખે તેવી મસ્તીમાં.

એલને આંખ મીંચી દીધી અને ફરી ઉઘાડી. તેના કાનમાં અદ્દભુત સંગીત ગુંજી રહ્યું. ભૈરવીના સૂરો હતા અને પૂરા સજ્જ ...સારંગી અને તબલાની લયાંકિત....

'શગુફ્તા ખાતુન...' તે ફરી બોલ્યો. કોણ જાણે તેને શું થયું તે સમજાયું નહિ. તે કોઈ ચુંબકની જેમ આકર્ષાયો. તે ભાન ભૂલીને તે તરફ દોડચો.

બારીના કઠેડા સાથે તે અથડાયો, તેના હાથમાંથી બૅટરી નીચે પડી ગઈ. તે કણસતો ઊભો થયો. નીચેથી તેણે ટૉર્ચ ઉઠાવી. શગુફ્તાનું પ્રેત હસતું હતું... સારંગી અને તબલાના એ લયબદ્ધ અવાજની ઉપરવટ એ હાસ્યથી આખો રંગમહેલ ગુંજી રહ્યો. ઘડીભર એલનને કશું થયું નહિ. ત્યાં બાજુમાંથી અનવર ચિસ્તી-ના કમરામાંથી ઘેરો અવાજ આવ્યો.

'સુભાનલ્લા... આદાબ અર્જ...'

એલને તે તરફ જોયું. અનવર ચિસ્તીની દરગાહવાળા કમરા-ના બારણામાં ઊભી રહીને શગુફ્તા હસી રહી હતી. તેના વાળની જાણે પાછળથી કોઈ છેડતી કરતું હોય તેમ તે પાછળ ઝૂકી હતી. એલને પિસ્તોલ તરફ હાથ મૂકચો અને બૂમ પાડી... 'શગુફ્તા ખાતુન...'

શગુફ્તાનું બહેતરી પ્રેત... તેના સફેદ ચમકતા દાંત દેખાડતું હસી રહ્યું. એલનના કાનમાં અવાજ આવ્યો — 'તશરીફ ફરમાઈએ.' એલન તે તરફ આગળ વધ્યો. શગુફ્તા અંદર ચાલી ગઈ. તેણે એક હાથમાં ટૉર્ચ અને બીજા હાથમાં પિસ્તોલ સાથે અનવર ચિસ્તી-ની દરગાહવાળા કમરામાં પ્રવેશ કર્યો. તે જ વખતે કમરામાંથી

શીશ– કમરામાં જવાનું બારણું ખૂલ્યું અને બંધ થયું. એલન તે તરફ ધસ્યો. તેને ક્ષણવાર એમ લાગ્યું કે બીજો કોઈ આદમી પણ એ કમરામાં ગયો... એલન ધસ્યો. તેણે ઝડપથી બારણું ખોલ્યું. તેની ટૉર્ચનું અજવાળું શીશાથી મઢેલા એ આખાય કમરામાં પ્રકાશી રહ્યું. રંગબેરંગી આયનાઓમાં પોતાનાં જ રંગીન પ્રતિબિંબો જોઈને ઘડીભર તે સ્તબ્ધ થઈ ગયો. ચારેબાજુ એલન રોશ પોતાને જ જોઈ રહ્યો...ત્યાં સામે... લીલા આયનામાં... પણે ભૂરા આયનામાં... પાછળ હીરમજી આયનામાં... ઉપર છત પર કંડારેલા અગણિત કાચના ટુકડાઓમાં તેનાં પ્રતિબિંબ ઝળકી રહ્યાં.

ત્યાં ફરી હસવાનો અવાજ આવ્યો અને ને સાથે જ કમરાનો દરવાજો અવાજ સાથે બંધ થયો. એલન સફાળો તે તરફ ફર્યો. બાજુની ભીંત પરના લીલા કાચમાં તેને પોતાનું પ્રતિબિંબ દેખાતું બંધ થયું... તેને બદલે ત્યાં શગુફા ખાતુન ઊભી હતી. તે લીલી-છમ દેખાતી હતી. છતાં તેની સુંદરતા એટલી જ મોહક હતી... તે હસતી હતી... હજુ પણ દૂરથી સારંગી અને તબલાં કોઈ અનન્ય મિલાવટથી વાગી રહ્યાં હતાં.

એલને પિસ્તોલ ધરી. 'આ શું મજાક ! કોણ છો તમે ?' પેલું કાચમાં દેખાતું શગુફાનું પ્રતિબિંબ પોતાની સામે જ ધસી રહ્યું હતું. તેણે પિસ્તોલનો ધડાકો કર્યો. રૂમ ગાજી ઊઠયો. અને તે ઘડિયે... લીલા કાચના આયનાને અડીને ગોઠવાયેલી કાચની પાટમાંથી ચીસ પડી...

અણુ કલાલે કહ્યું હતું કે તે કાચની પેટીને તળિયે શગુફાના બાળકનું શબ દફનાવેલું હતું.

એલનના કપાળે પરસેવો વળી ગયો. એ પેટીમાંથી અવાજ આવતો હતો—ચિત્કાર કરતા બાળકનો અવાજ. એલન નજીક ગયો. સામેની દીવાલના હીરમજી કાચમાં શગુફા આવીને ઊભી હતી. તેની પિસ્તોલની ગોળી ક્યાં વાગી હતી તે તેને સમજાયું નહિ.

તે પેલી કાચની પાટ પાસે ગયો. પાટમાંથી બેકાર રુદનનો અવાજ આવતો હતો. તેણે પગથી પાટને સહેજ ધીરેથી લાત મારી. નક્કર કાચની પાટ જાણે ઊથલી પડી હોય તેમ તેને લાગ્યું. પાટની પાછળથી એક નાનું બાળક બેઠું થયું. એલનના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. બાળક દોડતું આવીને તેના પગ પાસે અથડાયું. તેના હાથમાંથી પિસ્તોલ ફંગોળાઈ ગઈ. બૅટરી એક તરફ પડી. દોડતું દોડતું એ બાળક હીરમજી આયના તરફ દોડયું. તે જ ક્ષણે બારણું ખોલીને કોઈ ચાલી ગયું. કમરાની હવા પલટાઈ ગઈ. જૂઈની વાસને બદલે વર્ષોથી બંધ પડેલા એ અવાવરુ મકાનની વાસ આવી. પેલું બાળક... બાળક...

એલન લથડાતો બૅટરી પાસે ગયો. તેણે ટૉર્ચનું અજવાળું લાલ અરીસા પર નાખ્યું. અરીસામાં એક બાળક ખિન્ન વદને ઊભું હતું. એલન ડરથી તે તરફ જોઈ રહ્યો. કોઈ ભયાનક ભૂતાવળવાળા મકાનમાં તે આવી ચડ્યો હતો તેની ખાતરી હવે તેને થઈ ચૂકી હતી. લાલ કાચમાં દેખાતું બાળક આખી જહાંની બદસૂરતીનો સરવાળો હતું. તેના બન્ને હાથ અને પગ રાંટા હતા. તેનું માથું જબરદસ્ત મોટું હતું. તેની આંખો કેળાની છાલ જેવી લબડતી હતી. તેના દાંત એકસરખી કાપેલી બાવળનાં કાંટાની જાડી થળ જેવા ભયાનક હતા. તેનું નાક દેડકાના મોં જેવું ચોકટું અને બુચ્ચું હતું... તે એલનની સામે ટગર ટગર જોતું હતું.

એલન ત્યાંથી ભાગી જવા માંગતો હતો. તે બારણાની નજીક સર્યો પણ પેલું બાળક કોઈ વિચિત્ર રીતે ચિચિયારીઓ કરી તેને બોલાવતું હતું. એલન બારણું ઉઘાડવા જતો હતો ત્યાં જ એ બાળક હવામાં ઊછળ્યું. એલનને થયું કે તે ખરેખર બહાર આવીને તેને વળગી પડશે. તેણે બાજુએ હઠીને તેનો હલ્લો ખાળવા પેંતરો લીધો. પણ બાળક બહાર ન આવ્યું. તેને બદલે તે બારણાની બારસાખની બાજુના ભૂરા આયનામાં આવીને ઊભું રહ્યું. તેનો

એક હાથ જાણે બારણાને દાબી રહ્યો હોય તેમ બહાર આવેલો હતો.

એલન બારણા તરફ ધસ્યો. તેને લાગ્યું કે આ કલ્પના હતી... કોઈએ તેનું ખમીસ ખેંચ્યું... એલને ઝટકાથી તે તરફ જોયું. પેલું બાળક બે હાથે તેને આયના તરફ ઘસડતું હતું. તેણે ખમીસ છોડાવવા તનતોડ મહેનત કરી. ખમીસ ચિરાઈ ગયું પણ તેના હાથ પર પેલું બાળક ચોંટયું હતું. તેનો કાંડા સુધીનો હાથ આયનામાં ઘૂસી ગયો હોય તેવું લાગ્યું. તેનાથી ચીસ પડાઈ ગઈ. તેની આંગળી કોઈએ મોંમાં જકડી હતી. તેના પર દાંત ભીંસાતા હતા.

'ખામોશ... ખામોશ...' કોઈનો અવાજ આવ્યો. કોઈ એલનના મોં પર પાણી છાંટી રહ્યું હતું. એલને આંખ ઉઘાડી. તેના મોંમાં કશુંક ભરાયું હતું. તેનો હાથ... તેનો હાથ... તેની આંગળીમાંથી લોહી વહેતું હતું... તે બેઠો થઈ ગયો અને થૂંકયો... તેના મોંમાંથી કપાયેલી આંગળીનું ઠૂંઠું પડયું. તેણે આજુબાજુ જોયું.

* * *

તે કયાં હતો તે ઘડીભર તેને સમજાયું નહિ. ચારેબાજુ માણસો અવરજવર કરતા હતા. એકબે ઍમ્બ્યુલન્સ ઊભી હતી. અને સામે જોરથી ટકરાઈને બસ અને ખટારો ખંડેર થઈને ઊભા હતા.

'શું થયું...' તેણે સ્ટેથોસ્કોપ લટકાવેલા ડૉકટરને પુછ્યું.

'કાંઈ નહિ... તમે બસમાંથી ઊતરતા હતા તે જ વખતે એક ખટારો બસ સાથે અથડાયો હતો. તમે પગથિયા પરથી ફેંકાઈને આ સામેની શરાબની દુકાનમાં ફેંકાયા હતા. તમારા કરતાં બીજા કેટલાંક પેસેંજરોની હાલત ઘણી ગંભીર છે... ઓહ... અરે! તમારી આંગળી કંપાઈ ગઈ છે ?...' ડૉકટરે એલનનો હાથ પોતાના હાથમાં લીધો.

*

મિસ ઓ'બ્રિયાનના હાથ

—એશ ઈવીન

નેવિલ કાર્ટર તેની નાનકડી ઑફિસમાં બેઠો હતો. છેલ્લા મહિનામાં તેનામાં ઘણું જ પરિવર્તન આવ્યું હતું. તરવરતો, હસમુખો નેવિલ સર જેન્સ લેમ્બર્ટની, ચેરિંગ ક્રોસ રોડ પર આવેલી સર્જિકલ ક્લિનિકમાં સૌથી યુવાન સર્જન હતો. નાનાં-મોટાં બધાં જ ઑપરેશનો તે એટલી ચીવટથી કરતો કે હૉસ્પિટલ-ના ડાયરેક્ટર સર જેન્સ લેમ્બર્ટ તેના તરફ બેહદ ખુશ હતા.

'તેની આંગળીઓ અદ્‌ભુત છે.' સર જેન્સ લેમ્બર્ટ ઘણી વાર બોલી ઊઠતા. 'આવતા દસકાનો એ ખરેખર મહાન સર્જન થશે જ. તેની મને શંકા નથી.'

નેવિલ કાર્ટર એ અભિપ્રાય સાંભળીને બાળકની જેમ શર-માતો. તેને વારંવાર એ અભિપ્રાય સાંભળવો ગમતો. હૉસ્પિટલના બધા કર્મચારીઓનો તે લાડીલો હતો. હૉસ્પિટલની હેડ મેટ્રન મિસિસ પરકિન્સ તો તેના પર મા જેટલું હેત રાખતી. બધી જુવાન નર્સ નેવિલની પાસે હરીફાઈ કરતી.

નેવિલ છેલ્લા મહિનાથી તદ્દન વિલાઈ ગયો હતો. હેડ મેટ્રન મિસિસ પરકિન્સે તેને ગયે અઠવાડિયે જ કહ્યું હતું : 'મારા છોકરા ! તું થોડો વખત રજા ગાળી આવ... તારું મોં કેમ ઊતરેલું દેખાય છે ? તને શું તકલીફ છે ? નાન્સી તને તકલીફ આપતી નથી ને ?'

'નાન્સી... નાન્સી...' નેવિલ બોલી ઊઠયો. તેણે એક સિગા-રેટના ઠૂંઠા સાથે બીજી લગાવીને જલાવી. પેલું ઠૂંઠું બારીની બહાર

ફેંકી દીધું. 'નાન્સી...' તે બબડયો.

ખરેખર નાન્સી જ છેલ્લા દોઢ મહિનાથી તેના જીવનનો મોટા પ્રશ્ન બની રહી હતી. નાન્સી ઓ'બ્રિયાન તેની પ્રેયસી હતી. ઇઆ ડોન્સ્કોઈની નૃત્યશાળામાં તે બેલેટ ડાન્સિંગનો અભ્યાસ કરતી હતી. એક વર્ષ પહેલાં તે લીલી બ્રાન્ટ સાથે, સર જેમ્સ સેમ્બર્ટની હૉસ્પિટલમાં આવી હતી. તે વખતે પહેલી જ વાર નેવિલ કાર્ટર તેના પરિચયમાં આવ્યો હતો અને કહેવત મુજબ પ્રથમ નજરે જ તેના પ્રેમમાં પડયો હતો.

ઘણીબધી મહેનત પછી નેવિલે નાન્સીનો પરિચય કેળવ્યો હતો. નાન્સી બેલેરીના થવા માટે ઈઆ ડોન્સ્કોઈ પાસે તાલીમ લેતી હતી. તે ખૂબસૂરત હતી. તેના પગ, તેના શરીરનું અંગેઅંગ, તેના વક્ષઃસ્થળ, તેના નિતંબ બધું જ કોઈ શિલ્પીની ગણતરીએ ઘડાયું હતું. જોકે તેનો ચહેરો રૂપાળા કરતાં ચબરાક વધુ લાગતો હતો. સિગારેટના ધુમાડા કાઢતો નેવિલ કાર્ટર નાન્સીને યાદ કરતો રહ્યો.

તે મહિના પહેલાં જ જેમ્સ સ્ટ્રીટમાં, વર્કિંગ ગર્લ્સ માટેની હૉસ્ટેલમાંથી તેનો કમરો ખાલી કરીને ગઈ હતી. એક શનિવારે જ્યારે નેવિલ કાર્ટર તેના કમરા પર ગયો ત્યારે ત્યાંની રેકટરે તેના હાથમાં એક પત્ર આપ્યો હતો :

વહાલા નેવિલ,

હું કાયમ માટે જાઉં છું. મારી હિંમત ચાલતી હોત તો હું આપઘાત જ કરત. પણ ચાલતી નથી માટે ચાલી જાઉં છું. ચાલી જવાનાં કારણો મારાં અંગત કારણો છે. હરહંમેશ હું તને પ્યાર કરતી અને ભવિષ્યમાં પણ પ્યાર કરતી રહીશ.

તારી નાન્સી

નેવિલ કાર્ટરનું માથું ભમી ગયું હતું. શું હતું કે નાન્સી ચાલી જાય? તેને પૈસાનો પ્રશ્ન ન હતો. તેનાં મા-બાપ ગુજરી

ગયાં હતાં પણ તેને માટે ખૂબ જ એવી આવક મૂકતાં ગયાં હતાં. તેમાંથી નાન્સી ખાવા-ભણવાનો તેમ જ તેની નૃત્યની તાલીમનો ખર્ચો કાઢી શકતી. વળી તે કેસેલ પબ્લિશર્સની પેઢીમાં પાર્ટ-ટાઇમ ટાઈપિસ્ટની નોકરી પણ કરતી હતી...

તો પછી નાન્સીને શું થયું હતું? તેણે લીલી બ્રાન્ટને પૂછયું : 'નાન્સી ક્યાં ચાલી ગઈ છે લીલી? હું કેસેલ પબ્લિશર્સની ઓફિસમાં જઈ આવ્યો હતો. ત્યાંથી પણ તેણે રાજીનામું આપ્યું છે.'

લીલીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. 'મને ખબર નથી નેવિલ, પણ તે જે દિવસે ચાલી ગઈ તેની આગલી રાતે ચીસ પાડીને ઊઠી હતી. અમે બધા તેના કમરાની બહાર દોડી આવ્યા હતા. લગભગ પંદર મિનિટ બૂમો પાડી પછી તે બહાર આવી હતી. તેના વાળ વેરવિખેર થઈ ગયા હતા. તેણે નાઇટ ગાઉન પહેર્યો હતો અને બંન્ને હાથે ગરમ હાથમોજાં પહેર્યાં હતાં.

'શું થયું નાન્સી?' મેં પૂછયું હતું.

'કંઈ નહિ લીલી... મને કદાચ કોઈ ખરાબ સ્વપ્નું આવ્યું હશે... હું બરાબર છું.' કહીને તેણે બારણું વાસ્યું હતું અને બીજે દિવસે તો તે ચાલી ગઈ હતી. શું થયું તે કોઈને ખબર નથી પણ તેણે હાથમોજાં પહેર્યાં હતાં તે મને ખૂબ વિચિત્ર લાગ્યું હતું.

ત્યાર પછી તેણે નાન્સીને શોધવા ઘણી મહેનત કરી હતી. પણ તે ક્યાંય મળી ન હતી. તેણે પોલીસને પણ ફરિયાદ કરી હતી અને થોડા વખત પછી પોલીસે જવાબ પણ આપ્યો હતો કે મિસ ઓ'બ્રિયાન સ્વસ્થ છે અને તે કોઈને મળવા માગતી નથી. તેમના સોલિસિટરો તરફથી સ્પષ્ટ સૂચના છે કે નેવિલ કાર્ટર કે કોઈ પણ નાન્સીની તપાસ કરવા માટે આવે તો તે મળવા માટે તૈયાર નથી... મિસ્ટર કાર્ટર, તમે તો જાણો છો ને કે પોલીસની કામગીરીની બહારની એ બાબત છે. છતાં તમે મિસ ઓ'બ્રિયાનના

સોલિસિટરોને મળો.

'જેક જેકસન અને કોશ' કંપનીને નાન્સીના પિતાએ નાન્સીને આપવાની મિલકતનો વહીવટ સોંપ્યો હતો. નેવિલ ત્યાં ગયો હતો.

કંપનીના સિનિયર ભાગીદાર મિસ્ટર ડેવિડ કોશને તે મળ્યો હતો.

'તમારી વાત સાચી મિસ્ટર નેવિલ, પણ મિસ ઓ'બ્રિયાન-ની સ્પષ્ટ સૂચના છે કે તમને તેનું સરનામું આપવું નહિ અને તમે જાણો છો કે જેક જેકસન અને કોશ તેના ક્લાયન્ટ્સની બધી કાયદેસરની સૂચનાઓનું સખ્ત પાલન કરે છે.'

'ખેર! મિસ્ટર ડેવિડ, તમે તેને મારો એક નાનકડો પત્ર પહોંચાડશો?'

'તમે મને આપી જાવ. હું મિસ ઓ'બ્રિયાનને પૂછી જોઈશ. તે હા પાડશે તો હું મોકલી આપીશ.'

નેવિલ કાર્ટરે ઝડપથી પત્ર લખ્યો. મિસ્ટર કોશે તેને એક પરબીડિયું આપ્યું. નેવિલે તેમાં કાગળ મૂકીને પરબીડિયું સીલ કરીને મિસ્ટર કોશના હાથમાં મૂકયું. ખુરસીમાંથી ઊભા થતાં તેણે મિસ્ટર કોશને પૂછયું.

'મિસ્ટર કોશ... કદાચ તમે ઉમ્મરમાં મારા પિતા જેવડા હશો. શું તમારો દીકરો તમને કંઈક પૂછે તો તમે તેને સાચો જવાબ આપવાનો ઇન્કાર કરશો?'

ડેવિડ કોશ તેની સામે જોઈ રહ્યા. પછી હસીને કહ્યું: 'ખેર! પૂછો.'

'નાન્સીની તબિયત સારી છે ને! તેણે ઇબ્બા ડોન્સ્કોઇની શાળા કેમ છોડી દીધી... મિસ્ટર ડેવિડ, ભગવાનને ખાતર મને સાચો જવાબ આપજો, હું તેને જાનથી પણ વધુ ચાહું છું.'

'મિસ્ટર કાર્ટર... મને ખબર નથી કે મારે તમને જવાબ આપવો જોઈએ કે નહિ. પણ હું એટલું જરૂર કહીશ કે તેમણે

મને તમારો ખૂબ જ ઉમદા ખ્યાલ આપ્યો છે. એટલું જ નહિ પણ તમારી સાથે મિસ ઓ'બ્રિયાન લગ્ન પણ કરવાનાં હતાં...'

'કરવાનાં હતાં એટલે! તે મારી સાથે જ પરણવાની છે તેમાં શક નથી...'

'ખેર! જુવાન દોસ્ત... તે જે હોય તે. પણ હવે તે બેલેટ ડાન્સિંગ કદી કરવાની નથી. અને...'

'બેલેટ ડાન્સિંગ નથી કરવાની. ઓહ મિસ્ટર ડેવિડ, તેને અકસ્માત તો નથી નડયો ને?'

'નહિ અકસ્માત તો નથી નડયો... તે સ્વસ્થ છે...'

'તો પછી તમને કાંઈ અજુગતું લાગે છે?'

'સાચું કહું ડૉકટર કાર્ટર, આ ઉનાળાના દિવસોમાં તે હાથમોજાં પહેરીને ફરે છે તે જરા અસ્વાભાવિક છે. અને આજ-કાલ તેમનું મગજ ખૂબ તપેલું રહે છે...'

'મિસ્ટર કોશ... તમે મને એક વખત તેને મળવા દો...એક વખત... હું જિંદગીમાં તમારો ઉપકાર નહિ ભૂલું.

*

ત્યાંથી નેવિલ કાર્ટર સીધો કેમ્પબેલ ઇન્વેસ્ટિગેશન્સની ઑફિસમાં ગયો હતો. જોસેફ કેમ્પબેલ તેની ઑફિસમાં જ હતો. તેની સેક્રેટરીએ નેવિલને બહાર બેસાડયો અને પછી ઇન્ટરકોમમાં ખબર આપ્યા.

'તેમને અંદર મોકલ સુઝી' ઇન્ટરકોમમાંથી અવાજ આવ્યો. જોસેફ કેમ્પબેલ વિશાળકાય આદમી હતો. તેના હસતા ચહેરા પર આત્મવિશ્વાસની સુરખી હતી. તેને જોતાં જ નેવિલ કાર્ટરને થયું કે આ માણુસ તેનું કામ જરૂર કરી શકશે.

'આવો... ડૉકટર કાર્ટર...' નેવિલનું વિઝિટિંગ કાર્ડ વાંચતાં વાંચતાં જ જાસેફ કેમ્પબેલે કહ્યું : 'તમારી શું સેવા કરું...?'

'ખેર, મિસ્ટર કેમ્પબેલ! હું તમને એક કામગીરી સોંપવા

માગું છું. હું જેમ્સ લેમ્બર્ટની સર્જિકલ ક્લિનિકમાં હાઉસ સર્જન છું. મારી એક મિત્ર, નાન્સી ઓ'બ્રિયાન એકાએક ચાલી ગઈ છે. મારે તેનો પત્તો મેળવવો છે...' કહીને નેવિલે તેમને નાન્સી સાથે પ્રથમ પરિચયથી માંડીને તે છેક તેના સૉલિસિટર ડેવિડ કોશની મુલાકાત સુધીના પ્રસંગો કહી સંભળાવ્યા.

'મિસ્ટર કાર્ટર... આ કામ લેવાની મને કોઈ મુશ્કેલી નથી દેખાતી... પણ સામાન્યતઃ કેમ્પબેલ ઇન્વેટિગેશન્સ...'

'મને ખબર છે મિસ્ટર કેમ્પબેલ કે તમે મોટી કંપનીઓનાં જ કામ લો છો. મને એ ખબર છે કે તમારી ફીનું ધોરણ ઊંચું હોય છે. પણ નાન્સીથી વધુ પ્યારું મને કશું નથી... Just name your fees.'

'ખેર! મિસ્ટર કાર્ટર, મારી સેક્રેટરીને તમે ત્રીસ પાઉન્ડ રીટેનર તરીકે આપતા જજો. તે તમને રિસિપ્ટ પણ આપશે અને કરારપત્ર પણ. તે પછી તમારે બધો ખર્ચો આપવાનો રહેશે અને જ્યારે હું તમને મિસ ઓ'બ્રિયાનનું સરનામું મેળવી આપું ત્યારે તમારે ધારાધોરણ મુજબની અમારી પચાસ પાઉન્ડની ફી પૂરી કરી આપવી પડશે...'

નેવિલ કાર્ટરે જોસેફ કેમ્પબેલની સેક્રેટરી પાસે પૈસા જમા કરાવ્યા અને પાછો હૉસ્પિટલમાં ચાલ્યો ગયો.

*

એક અઠવાડિયા પછી મિસ્ટર કોશનો તેના પર ફોન આવ્યો.

'ડૉક્ટર કાર્ટર... તમે મારી ઑફિસમાં આવશો?' નેવિલે ઉત્સાહમાં આવીને તેનાં કપડાં બદલ્યાં.

'અરે, આટલી શું ઉતાવળ છે? આ ટ્રોલી હમણાં તે બાંધી વાળી નાખી હોત...' મિસિસ પરકિન્સે કહ્યું.

'ઓહ... મિસિસ પરકિન્સ... ઓહ મિસિસ પરકિન્સ...' કહીને તેણે એ જાડી મેટ્રનને ગાલે ચૂમી ભરી દીધી.

'ઓહ... માય... આ છોકરાનું સરકી ગયું છે' તે બોલી ઊઠી, પણ નેવિલ તે સાંભળવા રોકાયો નહિ. તેણે હોસ્પિટલના દરવાજેથી ટેક્સી પકડી. મિસ્ટર કોશ તેની રાહ જ જોતા હતા.

'હલો ડૉક્ટર કાર્ટર...' કહીને તેણે નેવિલને આવકાર્યો. ટેબલના ખાનામાંથી એક પરબીડિયું કાઢયું. અને તેના હાથમાં મૂકયું. ધ્રૂજતે હાથે નેવિલે એ ખોલ્યું. તેમાં નાન્સીનો કાગળ હતો. પણ તેમાં લખાયેલા અક્ષરો જાણે નાન્સીના ન હોય તેવું લાગ્યું.

વહાલા નેવિલ,

તારો પત્ર મળ્યો. તને મારા વર્તનથી દુ:ખ થયું જ હશે. પણ તેમ કર્યા વગર મારો છૂટકો ન હતો. (ઓહ મારા હાથ!) તું મને ભૂલી જાય તે જ સારું છે. કદાચ ટૂંક સમયમાં હું ગુજરી જઈશ... મારા ગુજરી ગયા પછી મારી એક પણ વસ્તુ તારી પાસે રાખીશ નહિ. આ મારો તને છેલ્લો પત્ર છે. મેં મિસ્ટર કોશને વસ્તુઓની બધી જ યાદી પોસ્ટથી મોકલાવી છે. તે તારી પાસેથી એ સઘળી વસ્તુઓ લઈ જશે. મારા મૃત્યુ પછી મને દફનાવવાને બદલે બાળી નાખવાની મેં સૂચના આપી છે. તે સાથે મેં તને આપેલી બધી જ નાનામોટી ભેટ પણ બાળી નાખવાની સૂચના મેં કોશને આપી છે. તે પ્રમાણે બરાબર ચોક્કસ રીતે વર્તજે અને જ્યારે પણ તું મને ભૂલી જાય ત્યારે લીલી બ્રાન્ટને પરણજે (બેલાશક જો તને ગમતી હોય તો). હું જાણું છું તે તને ખૂબ ચાહે છે. શ્રીમતી પરકિન્સને મારી યાદ.'

નાન્સી

'ઓહ... મિસ્ટર કોશ... આ વાંચો...' ડેવિડ કોશે પત્ર હાથમાં લીધો અને વાંચ્યો. તેમનો ચહેરો સખ્ત થયો.

'હજુ પણ મિસ્ટર કોશ તમે મને તેનું સરનામું આપવા નથી માગતા...' નેવિલે પૂછ્યું.

'ગજબ છે આ બાઈ! આજે સવારે તેણે મને પણ વસ્તુઓની યાદી આપી છે. તેનું વીલ પણ મોકલ્યું છે... પણ આ હદ થઈ ગઈ છે. ચાલો ડૉક્ટર કાર્ટર, હું તમને તેની પાસે લઈ જાઉં...'

*

હાઇડપાર્કની પાછળના ભાગમાં લકી ગ્રૂગ્ઝ ખાતે થોડા નાના બંગલાઓ આગળ ડૉક્ટર કોશે ગાડી થોભાવી. બીજા નંબરના બંગલા પાસે તે બન્ને ગયા. ઘંટડી ખખડાવી.' કોઈએ દરવાજો ખોલ્યો નહિ.

'આપણે બધા જ મોડા પડયા છીએ.' મકાનના પાછળના ભાગમાંથી એક માણુસ બહાર આવ્યો. તે જોસેફ કેમ્પબેલ હતો.

'કોણ છો તમે?' ડેવિડ કોશે પૂછયું.

'કેમ્પબેલ, ઇન્વેસ્ટિગેશન્સનો જોસેફ કેમ્પબેલ.' તેણે જવાબ આપ્યો, 'મને લાગે છે આપણે પોલીસને ખબર કરવી પડશે.' તેણે ગજવામાંથી સિગારેટ કાઢીને સળગાવી.

'કેમ... કેમ મિસ્ટર કેમ્પબેલ?' નેવિલે પૂછયું.

'ડૉક્ટર... હું ખૂબ દિલગીર છું. મને અરધા કલાક પહેલાં જ નાન્સી ઓ'બ્રિયાનનું સરનામું મળ્યું હતું અને હું જાતે તપાસ કરવા જ અહીં આવ્યો હતો. ખાતરી કરવા માટે કે મારા ઇન્વેસ્ટીગેટરો બરાબર નાન્સીની જ ભાળ મેળવી લાવ્યા છે કે નહિ. પણ હું અહીં આવ્યો ત્યારે મોડું થઈ ગયું હતું.'

'મોડું થઈ ગયું એટલે?'

'હા ડૉક્ટર કાર્ટર, ખૂબ મોડું. નાન્સી ગુજરી ગઈ છે. તેણે આપઘાત કર્યો છે.'

'આપઘાત!' કોશના મોંમાંથી અવાજ નીકળી ગયો. હજી તેને ખ્યાલ આવતો ન હતો કે આ કેમ્પબેલ કોણ છે.

'હા... આપઘાત... આવો તમને બતાવું...' કહીને કેમ્પબેલ તેમને ઘરની બાજુમાં લઈ ગયો. બારી પકડીને તે બારીની 'સીલ'

પર ચડયો અને વેન્ટિલેટર ઊંચું કર્યું. 'જુઓ...'

નેવિલ કાર્ટર તેની બાજુમાં ચડયો. વેન્ટિલેટરમાંથી તેણે જોયું તો રૂમની વચ્ચે નાન્સીનું શરીર લટકતું હતું. તેનું માથું એક તરફ ઢળેલું હતું અને હાથ અરધી કપાયેલી ઝાડની ડાળીની જેમ લટકતા હતા.

'ઓહ... નાન્સી...' તેણે વેન્ટિલેટરના સળિયા ખખડાવ્યા. જોસેફે તેને જોર કરીને નીચે ઉતાર્યો ત્યારે તે લગભગ બેહોશ હતો.

તેને નીચે ઉતારીને તેનો ખ્યાલ રાખવાનું સૂચન કરીને કેમ્પબેલ રસ્તા પર ગયો. તેણે પોલીસને ખબર આપ્યા અને સર જેમ્સ લેમ્બર્ટની સર્જિકલ ક્લિનિક પર પણ ફોન કર્યો અને સંદેશો આપ્યો કે ડૉકટર કાર્ટર આવી નહિ શકે. તેમની પ્રેયસી નાન્સીએ આપઘાત કર્યો છે.

દસ જ મિનિટમાં પોલીસ આવી પહોંચી. બારણું તોડવામાં આવ્યું. ઇન્સ્પેકટર અને કોન્સ્ટેબલની સાથે નેવિલ કાર્ટર પણ અંદર પહોંચ્યો.

નાન્સી ગુજરી ગઈ હતી. તેના ચહેરા પર ભયાનક સ્મિત હતું. જાણે કે જીવ નીકળી ગયાનો તેને આનંદ ન હોય. લટકતા દોરડાના ગાળિયામાંથી તેના નિશ્ચેતન શરીરને નીચે ઉતારવામાં આવ્યું અને જાળવીને પલંગમાં સુવાડવામાં આવ્યું.

નેવિલ કાર્ટરે તેના મૃતદેહને ચુંબન કર્યું. તેની આંખમાં વાદળ ઊપસી આવ્યાં. તેટલામાં તેની નજર નાન્સીના હાથ પર પડી. હાથ પર હ થમોજાં હતાં. નેવિલ તે તરફ જોઈ રહ્યો. તેણે ધીરેથી બન્ને હાથનાં મોજાં ખેંચ્યાં... તે ચીસ પાડી ઊઠયો. આખા કમરામાં ચીસ છવાઈ ગઈ અને પછી સન્નાટો... નેવિલ કાર્ટર ખુરસીમાં ફસડાઈ પડયો હતો. હાજર હતા તે બધા આદમીઓ નાન્સીના હાથ તરફ જોઈ રહ્યા.

કાંડા સુધી નાન્સીના હાથ સુંદર શુભ્ર હતા. એક નાજુક

સ્ત્રીના રૂપાળા હાથ... પણ કાંડા આગળથી... ઓ ભગવાન... કોઈ મહાભયાનક ચિંપાન્ઝિના હાથ જેવા એ હાથ હતા. તેની આંગળીઓ પાછળથી કાળી અને રૂંવાંટીવાળી હતી. તેના નખ તીણા અને ગંદા હતા. હથેળીઓ ઘસાયેલી, જાડી સફેદ ચામડીવાળી હતી. અંગૂઠો અને આંગળીઓ જાણે ચાલવામાં વપરાતી હોય તેવી રીતે મોટાં આંટણાવાળી હતી.

નેવિલ કાર્ટરે નજર ફેરવી લીધી.

ત્યાં જ સર જેમ્સ લેમ્બર્ટ આવ્યા. તેમની પાછળ હેડ મેટ્રન શ્રીમતી પરકિન્સ પણ હતી. સર લેમ્બર્ટ ઇંગ્લેંડના એક શ્રેષ્ઠ સર્જન હતા. પણ તેમણે આવું મેટામોર્ફિસિસ કદી જોયું ન હતું. તે પણ ક્ષણભર છળી મર્યા. પછી બોલ્યા :

'મને કલ્પના ન હતી આવું બની શકે. આ છોકરીના હાથમાં કુદરતી મેટામોર્ફિક પરિવર્તન આવી રહ્યું હતું. કુદરતી રીતે જ તે માનવ-ઉત્થાનની શરૂઆતની અવસ્થામાં પહોંચી રહી હતી. તે વધુ જીવી હોત તો કદાચ તે આખીય કોઈ અજબ પ્રાણીમાં ફેરવાઈ જાત...'

*

સર જેમ્સ લેમ્બર્ટે તે પછી ઘણો પ્રયત્ન કર્યો પરંતુ જેક, જેકસન અને કોશ સોલિસિટર્સની પેઢીએ, નાન્સીના શરીરને ઓટોપ્સી કર્યા પછી સોંપ્યું નહિ. મેડિકલ ફેકલ્ટીના સભ્યોએ તે માટે લડત પણ ઉપાડી. કોર્ટના મનાઈ હુકમ લીધા. પાર્લમેન્ટમાં સર જેમ્સ લેમ્બર્ટે આ પ્રશ્ન ઉઠાવ્યો. વિજ્ઞાનની દુનિયા માટે આ હાથ રાખી મૂકવામાં આવે તે જરૂરી હતું. આખરે નાન્સીનું શરીર વિજ્ઞાનના હિત ખાતર રોયલ મેડિકલ સોસાયટીને સોંપવામાં આવ્યું અને એક અઠવાડિયા પછી તેને અગ્નિદાહ દેવાયો.

*

ડેવિડ કોશે, નેવિલ કાર્ટર પાસેથી આવીને નાન્સીએ આપેલી

બધી ચીજો પાછી લીધી. નાન્સીએ ઝીણામાં ઝીણી યાદી કરીને ડેવિડ કોશને મોકલી હતી. તેમાં નાન્સીએ તેની વર્ષગાંઠ નિમિત્તે આપેલું એક સુંદર ચેઇનવાળું ખિસ્સાઘડિયાળ હતું. તે આપતાં તેનો જીવ ન ચાલ્યો.

'હવે એક ઘડિયાળ બાકી રહે છે, ડૉક્ટર કાર્ટર !' મિસ્ટર કોશે કહ્યું.

'એ ઘડિયાળ જડતું નથી. મિસ્ટર કોશ' નેવિલે કહ્યું. એ ઘડિયાળ તો તે પોતાના લૉકરમાં મૂકી આવ્યો હતો. મિસ્ટર કોશે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તેણે ઘડિયાળ આપી નહિ. આખરે તેમણે છાલ છોડયો. તે ઘડિયાળ નાન્સીની છેલ્લી યાદ હતી.

*

લીલી બ્રાન્ટના આગ્રહને વશ થઈને તે તેની સાથે સાંજ ગાળવા ગયો હતો. નાન્સીના મૃત્યુ પછી તે પહેલી જ વાર હૉસ્પિટલમાંથી બહાર નીકળ્યો હતો. આજે તેને ફરજ પર રહેવાનું ન હતું. તે નાન્સીની આપેલી ઘડિયાળ બપોરે બૅન્કમાંથી લઈ આવ્યો હતો. ગ્રે સૂટમાં ઊપલા ખિસ્સામાં ઘડિયાળ નાખીને તેની ચેઇન બટન સાથે લટકાવીને તે તૈયાર થયો. લીલી ખરેખર ખુશ-નુમા છોકરી હતી. પણ નાન્સીને ભૂલવી શકય ન હતી.

તે બન્નેએ એક બેલે જોયું. જમ્યાં અને રાત્રે એક વાગે છેલ્લું પીણું પીને છૂટાં પડયાં. નેવિલ લીલીને તેની રૂમ પર મૂકી આવ્યો. છૂટાં પડતાં લીલીએ તેને એક ચુંબન પણ કર્યું પણ એક સ્થિતપ્રજ્ઞની જેમ તે હસ્યો. લીલી તેને પગથિયાં ઊતરીને જતો જોઈ રહી.

'ઓહ... મીઠો છોકરો...' લીલી બબડી અને પોતાના રૂમમાં જવા માટે દાદર ચઢી ગઈ.

નેવિલ રસ્તા પર ટેક્સીની રાહ જોતો રહ્યો. આ ભાગમાં ટેક્સીઓની અવરજવર કમ રહેતી. તેને નાન્સી યાદ આવી... તેનો

સુંદર ચહેરો, તેનાં સપ્રમાણ અંગો યાદ આવ્યાં... તેણે ગજવા-માંથી ઘડિયાળ કાઢી. તેને એક ચુંબન કર્યું. તેને નાન્સી... ફાંસીના ગાળિયામાં લટકતી તેની પ્રેયસી યાદ આવી... તેના ભયા-નક હાથ યાદ આવ્યા. કેટલા વિચિત્ર હાથ... તે સહેજ આગળ ચાલ્યો. વીજળીના થાંભલાને ટેકે એક ઘરડો આદમી ઊભો હતો.

'જેન્ટલમૅન...' તે બોલ્યો. 'આ ઘરડા બુઢ્ઢા માટે તમે એક શિલિંગ ખર્ચી શકશો?'

નેવિલે સહેજ ઘૃણાથી તેની સામે જોયું. ધુમ્મસવાળા વાતા-વરણમાં તેનો ચહેરો દેખાતો ન હતો. તેણે નેવિલ પાસે જઈને હાથ લંબાવ્યા... તે ઠરી ગયો. નાન્સીના જેવા જ ભયાનક એ હાથ હતા... તે હથેળીઓ કોઈ ચિંપાન્ઝિની હતી. તેના કપાળમાંથી પરસેવો વળી ગયો. તે ઝડપથી દોડ્યો. સામેથી ટેક્સી આવી. તેણે જોરથી બૂમ મારીને ટેક્સી અટકાવી.

તે અંદર બેસી ગયો. 'ચેરિંગ ક્રોસ રોડ...' તેણે કહ્યું. તેનો શ્વાસ જોરથી ચાલતો હતો. દોડતાં દોડતાં તેના કોટના ગજવામાંથી ઘડિયાળ બહાર સરી આવી હતી અને ચેઈન પર લટકી રહી હતી.

'ભાગતો નથી ને યાર...' ટૅક્સી–ડ્રાઇવરે આંખ મિચકારીને કહ્યું. નેવિલને ખ્યાલ આવ્યો હતો કે તે સહેજ નશામાં હતો. તે કશું બોલ્યો નહિ. ટૅક્સી–ડ્રાઇવરે મોટર હંકારી. ચેરિંગ ક્રોસ રોડ પર તે પહોંચ્યો. જેમ્સ લેમ્બર્ટ સર્જિકલ ક્લિનિક રસ્તાને છેડે હતી.

'કેટલે જવું છે?'

'હજુ વાર છે સીધી હાંકે રાખ...' નેવિલે કહ્યું.

'અરે દોસ્ત, તું તો હજુ ધ્રૂજે છે. તારી ઘડિયાળ ઝાપટવા તો કોઈએ હલ્લો નહોતો કર્યો ને!'

'નહિ નહિ...' નેવિલે ઘડિયાળ ખિસ્સામાં સેરવતાં કહ્યું. 'ત્યાં એક ડોસો ઊભો હતો. ત્યાં લકી ડોગ્ઝ પબની બાજુમાં. તેના

હાથ ભયાનક હતા... ખૂબ ભયાનક... કોઈ ચિંપાન્ઝિ જેવા.'

ટેક્સી-ડ્રાઇવરે મોટર તદ્દન ધીરી કરી અને અટકાવી. તે નેવિલ તરફ પાછળ ફર્યો. તેણે પોતાના બન્ને હાથ ઊંચા કર્યા: 'આવા હતા એ હાથ...'

નેવિલ ચીસ પાડી ઊઠયો. નાન્સી જેવા જ તે હાથ હતા. કોઈ ખતરનાક ચિંપાન્ઝિ જેવા. બારણું ખેંચીને તે નીચે ખાબકયો. પણ તેનું સમતોલપણું તેણે ગુમાવ્યું. તે પડયો અને બેહોશ થઈ ગયો.

તે જાગ્યો ત્યારે તેની સામે એક મોબાઇલ સ્કૂવોડનો પોલીસ ઇન્સ્પેક્ટર ઊભો હતો.

'શું નામ છે તમારું...?'

'ડૉક્ટર નેવિલ કાર્ટર... હું સર જેમ્સ સેમ્બર્ટના સર્જિકલ ક્લિનિકમાં હાઉસ સર્જન છું.'

'અહીં કેમ પડયા છો? ઓહ તમને તો વાગ્યું લાગે છે?' ઇન્સ્પેક્ટર બોલ્યો.

'મને ખબર નથી. પણ હું ટૅક્સીમાંથી પટકાયો હતો. તમે મને ત્યાં સુધી પહોંચાડી શકશો...? અહીંથી દૂર નથી. સામે જ ચાર રસ્તા પાસે... સર જેમ્સના....' તે વધુ બોલી શકયો નહિ. ઇન્સ્પેકટરે તેને મોટરસાયકલ પર બેસાડયો.

'તમારી ઘડિયાળ સરસ છે...' તેણે કહ્યું અને મોટરસાઇકલ ચાલુ કરી... સર જેમ્સ સર્જિકલ ક્લિનિક નજીકમાં જ હતી. બે જ મિનિટમાં તો તે ત્યાં આવી ગયા.

'જરા પીવાનું ઓછું રાખો ડૉકટર...' ઇન્સ્પેકટરે તેને કહ્યું. નેવિલ મોટરસાઇકલ પરથી ઊતરીને તેની બાજુમાં ઊભો રહ્યો.

'હું પીવાનો શોખીન નથી.'

'તો રસ્તે ઊંઘવાના શોખીન છો?'

'નહિ... હું મારી મિત્રને મૂકીને રસ્તા પર ટૅક્સીની રાહ જોતો

ઊભો હતો ત્યાં જ એક ભિખારી ડોસો મારી પાસે આવ્યો હતો. તેણે હાથ લંબાવીને ભીખ માંગી... ઓહ ભગવાન કેટલા ભયાનક તેના હાથ હતા... મેં ટેકસી પકડી. ટેક્સીવાળાને વાત કરી... તમે માનશો ? તેના હાથ પણ તેવા જ ભયાનક હતા. મહાકાય ચિંપાન્ઝિ જેવા...'

'આવા હાથ તો નહોતા ને !' ઇન્સ્પેકટરે પોતાનાં હાથમોજાં કાઢ્યાં... નેવિલના પગ નીચેથી ધરતી ખસતી હોય તેવું લાગ્યું... કાળો પહોંચો અને સફેદ તરડાયેલી, ચાલી ચાલીને આંટણ પડી ગયેલા હોય તેવા હથેળાના ઢેકા... તે ચીસ પાડીને દોડયો...

હૉસ્પિટલનાં પગથિયાં તે ગાંડાની જેમ ચડી ગયો. તેના મોંમાંથી ચીસો પડી ગઇ... 'મિસિસ પરકિન્સ... મિસિસ પર-કિન્સ...' તે લોન્જના સોફા સાથે અથડાયો.

મિસિસ પરકિન્સ વૉર્ડમાંથી દોડી આવ્યાં... 'ઓહ નેવિલ... શું થયું...'

'ઓ મિસિસ પરકિન્સ...' કહીને નેવિલ શ્રીમતી પરકિન્સને બાઝી પડયો...'

'શું થયું દીકરા...? શું થયું ?...'

'હાથ... મિસિસ પરકિન્સ હાથ... પેલો બુઢ્ઢો ભિખારી પેલો ટેક્સીવાળો... પેલો ઇન્સ્પેકટર... બધાના હાથ નાન્સી જેવા જ ભયાનક છે... ભયાનક...'

'નહિ નહિ બેટા...' શ્રીમતી પરકિન્સે નેવિલના બન્ને ગાલ પોતાના હાથમાં લીધા...'

એક ક્ષણ... એક ક્ષણમાં નેવિલે જોયું. તેના ગાલ પર મહા-ભયાનક ખરબચડા હાથ ફરતા હતા. કાળા રૂંવાવાળા ખરબચડા સળોવાળા, આંટણવાળી હથેળીઓ અને કાળા તીણા નખ...

ક્ષણ બાદ તેના ડાબા ખિસ્સાની ઘડિયાળની ટીક ટીક જોરથી સંભળાતી હતી. બધે નીરવ શાંતિ હતી.

*

પાંચ આંગળીઓવાળું પ્રાણી

— ડબલ્યુએફ હાર્વે

એડ્રીઆન બોલ્સોવર આંધળા હતા.

બોલ્સોવર કુટુંબના બધા જ દીકરાઓની એક ખાસિયત હતી કે તે સામાન્ય કુટુંબની સ્ત્રીઓને જ પરણતા અને એટલે જ એ કુટુંબમાં કોઈ અતિ વિલક્ષણ કે પાગલ માણસ આજ સુધી પાકયો ન હતો. તેમ છતાં કુટુંબના બધા જ પુરુષો દાન કરવામાં, વિજ્ઞાનસભાઓમાં આજીવન સભ્યપદ લેવાની, નાના નાના હેતુઓ માટે સ્થપાયેલી સંસ્થાઓને મદદ કરવાની વગેરે લોકકલ્યાણ પ્રવૃત્તિમાં ખૂબ જ રસ લેતા.

એડ્રીઆન ઓરચોડ ઉછેરવામાં નિષ્ણાત ગણાતા અને મારા પિતા કહેતા કે તે સારા ઉપદેશ હતા. બોર્લ્સોવર કોનયર્સ ખાતે કુટુંબ રહેતું હતું પરંતુ એડ્રીઆન બોર્લ્સોવરને ફેફસાંની બીમારી થઈ હતી એટલે વધુ સૂકા હવામાનવાળી, દક્ષિણ કિનારાની એક જગ્યાએ તેમને ખસેડવામાં આવ્યા હતા અને મેં સૌ પ્રથમ તેમને ત્યાં જોયા હતા. મારા પિતા સાથે હું ગયો હતો અને ઘરડા એડ્રીઆન બોર્લ્સોવરે મારે માથે હાથ મૂકયો હતો.

એડ્રીઆનના હાથમાં કારીગીરી હતી. તેમનું લખાણ સરસ રહેતું. તેમના બધા જ લેખો માટે તે જાતે જ ચિત્રો બનાવતા. લાકડામાંથી કોતરકામ કરાતાં પૂંઠાઓને વિવિધ આકારમાં કાપવાની તો એમની એટલી કુશળતા હતી કે છોકરીઓ અને નાનાં બાળકો તેમને તંગ કરતાં.

પચાસ વર્ષની ઉમ્મરે તેમની આંખો ગઈ હતી. છતાં થોડા વખતમાં તેમણે બ્રેઇલ લિપિ વાંચતાં શીખી લીધી હતી અને તેમની સ્પર્શશક્તિ પણ આબાદ ખીલી હતી. તે સ્પર્શથી જ કોઈ પણ પાંદડું કે ફૂલ ઓળખી શકતા. મારા પિતા પર આવેલા કાગળો કોઈ જુવે તો ખબર ન પડે કે તે આંધળા માણસે લખ્યા છે. તેમને એકસરરખી રીતે હાથ ઉપાડીને લખતાં પણ ફાવતું હતું. અરે પછી તો તેમની સ્પર્શની ઇન્દ્રિય એટલી બધી વિકસી હતી કે એમ કહેવાતું કે એડ્રીઆન બોલ્સોવર, બે આંગળી વચ્ચે પસાર કરવામાં આવેલી રિબનનો રંગ પણ કહી શકતા. મારા પિતા જો કે આ વાત ખરી છે એમ પણ નથી કહેતા અને ખોટી પણ નથી કહેતા.

એડ્રીઆન બોલ્સોવર કુંવારા જ રહ્યા હતા. તેમનો મોટો ભાઈ ચાર્લ્સ પરણ્યો હતો. તેમને એક દીકરો હતો. તેનું નામ યુસ્ટેસ. યુસ્ટેસ પરંપરાગત આવેલા કુટુંબના મકાનમાં એટલે કે બોલ્સોવર કોનયર્સ ખાતે રહેતો હતો અને 'વારસાગત લક્ષણો' પરના મહાનિબંધ માટે સામગ્રી એકઠી કરતો હતો.

તેના કાકાની માફક યુસ્ટેસ પણ વિચક્ષણ હતો. તે જર્મનીમાં ભણ્યો હતો અને વીએના તેમ જ નેપલ્સ ખાતે તેણે અનુસ્તાનક ડિગ્રીઓ માટે અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી તેણે દક્ષિણ અમેરિકા અને પૂર્વના દેશોમાં પ્રવાસો ખેડ્યા હતા અને પોતાના અભ્યાસ માટે ભરપૂર માહિતી એકઠી કરી હતી.

યુસ્ટેસ, બોલ્સોવર કોનયર્સ મકાનમાં તેના સેક્રેટરી સોન્ડર્સની સાથે રહેતો હતો. સોન્ડર્સની આબરૂ બહુ સારી ન હતી છતાં તે ખૂબ જ કુશળ ગણિતશાસ્ત્રી હતો અને યુસ્ટેસ માટે ખૂબ જ કામનો માણસ હતો. વળી ધંધાકીય દૃષ્ટિએ પણ તે ખૂબ જ ચાલાક હતો.

કાકો અને ભત્રીજો બહુ ઓછું મળતા. યુસ્ટેસ, ઉનાળામાં કે પાનખર ઋતુ દરમ્યાન એડ્રીઆન બોલ્સોવર પાસે એકાદ

અઠવાડિયું ગાળતો અને એ અઠવાડિયું લગભગ કંટાળાજનક રીતે વીતતું. એડ્રીઆન રૂઢિચુસ્ત ખ્રિસ્તી હતા. તેમનો ભત્રીજો આમ તો ક્રિશ્ચિયન જ હતો. પણ તેની શ્રદ્ધા બૌદ્ધ ધર્મ તરફ ઢળતી હતી અને એટલે કાકા અને ભત્રીજા વચ્ચે થોડું અંતર રહેતું.

એડ્રીઆન બોર્લસોવરના મૃત્યુનાં બે વર્ષ પહેલાં તેમનામાં એક અજાયબ પ્રકારની શક્તિ આવી હતી અને એ શક્તિનો સૌથી પ્રથમ પરિચય તેમના ભત્રીજાને થયો હતો. યુસ્ટેસ તે વખતે કાકા સાથે થોડા દિવસ ગાળવા આવ્યો હતો. એક રાત્રે તેના આંધળા કાકા એડ્રીઆન, બ્રેઇલ લિપિથી લખેલું પુસ્તક તેમની ડાબા હાથની આંગળીઓ સેરવીને વાંચતા હતા અને તે જ વખતે તેમનો જમણો હાથ ચોપડીના સામેના પાન પર આપોઆપ કશુંક લખ્યે જતો હતો. યુસ્ટેસને નવાઈ લાગી. તે કાકાની પથારી પાસે ગયો. તેણે જોયું તો ખરેખર કાકાનો એક હાથ આપોઆપ લખી રહ્યો હતો. તેણે નીચા વળીને એ હાથથી લખેલા અક્ષરો વાંચ્યા.

'એડ્રીઆન બોર્લસોવર...' હાથ લખતો હતો. 'યુસ્ટેસ બોર્લસોવર... ચાર્લ્સ બોર્લસોવર... ફ્રાન્સિસ બોર્લસોવર... પ્રમાણિકતા એ જ સાચો વ્યવહાર છે... સુંદર બેલિન્ડા બોર્લસોવર... ચાર્લ્સ સેવિલ બોર્લસોવર...' હાથ એમ ને એમ લખે જતો હતો.

'આ શું ગરબડ છે?' યુસ્ટેસ પોતાના મનમાં જ બોલ્યો.

'રાજા જ્યોર્જ ૧૭૬૦માં ગાદીએ બેઠો... યુસ્ટેસ બોર્લસોવર... ટોળું... માણસોના સમૂહ માટે વપરાતું નામ...' હાથ હજુ પણ આપોઆપ લખતો હતો.

થોડી વારે તેના કાકાએ પુસ્તક બંધ કર્યું અને બોલ્યા: 'યુસ્ટેસ, તું ફરી આવ દરિયાકિનારે...' કાકાએ પુસ્તક બાજુ પર મૂક્યું.

'હું એ જ વિચારું છું.' યુસ્ટેસે કહ્યું: 'હું દૂર નહિ જાઉં. પાછો આવીને 'નેચર' મેગેઝિનમાં આવેલા પેલા લેખો વાંચી

સંભળાવીશ.' કહીને તેના કાકાએ મૂકેલું પુસ્તક ઉઠાવ્યું. તે કમરાની બહાર નીકળ્યો અને ઘરના એક ખૂણે જઈને તેણે એ પુસ્તક તપાસવા માંડયું. તેનાં લગભગ દરેક પાનાં પર જાત જાતનાં લખાણો લખાયેલાં હતાં. ટૂંકા શબ્દો, અક્ષરો, નામો, વાક્યો... બધું જ અર્થવિહીન ચિતરામણ થયેલું દેખાતું હતું. પુસ્તકની શરૂઆતમાં જે અક્ષરો હતા તેના કરતાં પાછળથી તે સુધરતા ગયા હોય તેમ દેખાતું હતું.

ઑક્ટોબરના અંતમાં તે કાકાને ઘેરથી વિદાય થયો ત્યારે તેણે ડિસેમ્બરમાં ફરી પાછા કાકાની મુલાકાતે આવવાનું વચન આપ્યું હતું. અને ઘરડા કાકાની ખબર કાઢવાની ફરજ ઉપરાંત તેને આ અજાયબ બાબતમાં પણ રસ પડયો હતો. કાકાનો હાથ આપોઆપ લખતો હતો. અને દિવસે દિવસે એ લખાણ શુદ્ધ અને સરસ થતું જતું હતું.

ડિસેમ્બરમાં તે પાછો આવ્યો. તેણે થોડા દિવસ કંટાળાજનક રીતે પસાર કર્યા. એ દરમ્યાન ક્યારે પણ તેના કાકાના હાથને 'આપોઆપ' લખતો જોવાની તેને તક મળી ન હતી. એક વાર વાંચતાં વાંચતાં તેના કાકા સૂઈ ગયા. યુસ્ટેસે તેમના જમણા હાથ પાસે એક નોટબુક અને પેન્સિલ મૂકી. ઊંઘતા કાકાના હાથની આંગળીઓએ જાણે ઉત્સુકતાથી નોટબુક અને પેન્સિલ ઉઠાવી.

યુસ્ટેસે તેને મદદ આપવાનો પ્રયત્ન કર્યો. પણ હાથ પોતાની જાતે જ ખસ્યો. પેન્સિલ આંગળાઓમાં બરાબર ગોઠવાઈ અને હાથે લખવા માંડયું: 'બધા જ બોર્લસોવર કુટુંબના આદમીઓ, ગરબડિયાઓ છે. અસ્વાભાવિક છે. વિચિત્ર રીતે જિજ્ઞાસુ છે.'

'કોણ છો તમે?' યુસ્ટેસે નીચા વળીને પૂછયું. તેને ખૂબ જ આશ્ચર્ય થતું હતું. તેના કાકા બેખબર ઊંઘતા હતા અને તેમનો હાથ જાણે કે કોઈ જુદું જ અસ્તિત્વ ધરાવતો હોય ને લખતો હોય તેમ લખતો હતો. યુસ્ટેસે એટલે જ જિજ્ઞાસાથી પૂછયું

કે તે કોણ છે.'

'તારે તેની શી પંચાત?' હાથે નોટબુકમાં લખ્યું.

'મારા કાકાનો જ હાથ લખી રહ્યો છે કે બીજું કોઈ?'

'ઓહ... મારા પયગમ્બરી આત્મા મારા કાકા!'

'હું કોઈ ઓળખતો હોઉં તેનો...?'

'મૂરખા યુસ્ટેસ... ટૂંક સમયમાં જ હું તને મળીશ?' પેલા હાથે લખ્યું.

'ક્યારે મળશો?'

'જ્યારે આ એડ્રીઆન ગુજરી જશે પછી.'

'તમને હું ક્યાં મળી શકીશ?'

'તું મને ક્યાં ક્યાં નહિ મળી શકે?' હાથે લખ્યું.

યુસ્ટેસે આગળ પ્રશ્ન પૂછવાને બદલે ઘડિયાળમાં કેટલા વાગ્યા છે તે પૂછ્યું. હાથે આપોઆપ લખ્યું: 'સાડા ચાર. અને હવે યુસ્ટેસ આપણે આ બંધ કરીએ, નહિ તો તારો કાકો એડ્રીઆન જાગી જશે. તેને પોતાને જ હજુ સમજ પડતી નથી કે તેના જમણા હાથને શું થયું છે. મારે તે બિચારાને ખલેલ પાડવી નથી.'

પણ તેટલામાં જ એડ્રીઆન કાકા જાગી ઊઠયા, ચમકીને.

'અરે! યુસ્ટેસ... ફરી પાછું મને ભયાનક સ્વપ્નું આવ્યું. આ વખતે સ્વપ્નામાં તું પણ સંડોવાયેલો હતો. એવાં એવાં પુરાણાં શહેરોનાં કંઈક વિચિત્ર સ્વપ્નાં મને આવે છે. પણ ઊઠું છું ત્યારે ભૂલી જવાય છે. ગમેતેમ યુસ્ટેસ, પણ એક ચેતવણી હું તને આપું છું કે શંકા પડતી હોય તેવી જગ્યાએ જવું નહિ. તારા મિત્રોની પસંદગીમાં ખ્યાલ રાખજે... તારા દાદા જેવી દશા ન થાય... તેમને...' એડ્રીઆનકાકાને એકાએક દમ ચડી આવતાં તે જોરથી ખાંસવા લાગ્યા. પણ તેમનો હાથ લખવા માંડયો હતો. યુસ્ટેસ ઊભો થયો.

'હું ગૅસ સળગાવું અને ચા મંગાવું'' કહેતાં કહેતાં તેણે

ચાદર પર લખાયેલા શબ્દો જોયા : 'આપણે મિત્રો થઈ ચૂકયા છીએ નહિ ? યુસ્ટેસ બોલ્સોવર...'

બીજે દિવસે યુસ્ટેસ ત્યાંથી પોતાના ઘેર બોલ્સોવર કોનયર્સ જવા નીકળ્યો. તેના કાકાએ જે રીતે તેને આવજે કહ્યું તેનાથી તેને લાગ્યું કે કાકા ખૂબ નંખાઈ ગયા છે. તેમણે પોતાની જિંદગી-ની નિષ્ફળતાઓ પણ તેને કહી હતી.

'છટ્... કાકા, એવો વિચાર ન કરો. તમે જે રીતે મુશ્કેલીઓ પાર પાડી છે તેવું કોઈ ન કરી શકે. તમારા હાથમાં તમારી આંખ જેવી જ શક્તિઓ આવી છે અને બધાને અચરજ પણ થાય છે. થોડીક કેળવણી પામશે પછી એ હાથ...'

'કેળવણી...' કાકાએ કહેવા માંડયું. 'કેળવણી કેવા પાત્રને આપો છો તેના પર તેનાં પરિણામોનો આધાર રહે છે... ખેર! યુસ્ટેસ, ગુડ બાય... કદાચ ફરી આપણી મુલાકાત ન પણ થાય. તું સાચો બોલ્સોવર છું. તારામાં બોલસોવરના દુર્ગુણો પણ છે. તું પરણજે યુસ્ટેસ. સારી છોકરીને પસંદ કરીને પરણજે. જો કદાચ આપણે મળી ન શકીએ તો મારું વીલ, સોલિસિટરો પાસે છે. મેં તારે માટે કોઈ મિલકત મૂકી નથી પણ મને લાગ્યું કે મારાં પુસ્તકો તને લેવાં ગમશે. અને બીજી વાત યુસ્ટેસ, અંત નજીક આવે છે ત્યારે ઘણા માણસો તદ્દન બેહૂદી માંગણીઓ અને સૂચનો મૂકતા જતા હોય છે. આવી કોઈ બાબત પર ધ્યાન આપતો નહિ. અચ્છા આવજે.' કહીને તેમણે હાથ મિલાવ્યો. એ હસ્ત-ધૂનનમાં અજબ શક્તિ હતી.

*

બે મહિના પછી એડ્રીઆન બોલ્સોવર ગુજરી ગયા. યુસ્ટેસ તે વખતે નેપલ્સ હતો. ત્યાં તેણે છાપામાં મરણનોંધના કોલમમાં એમના મૃત્યુ વિષે વાંચ્યું. તેમાં દફનવિધિના સમયનો પણ ઉલ્લેખ હતો.

'બિચારા કાકા!' તેનાથી બોલી ઉઠાયું. 'તેમની ચોપડીઓ હું ક્યાં આગળ રાખીશ!' તેને કોણ જાણે કેમ પ્રથમ એ જ વિચાર આવ્યો. ત્યાર પછી તેપલ્સથી બોલ્સોવર કોનયર્સ આવ્યો. ત્યારે એ જ સવાલ તેને મૂંઝવી રહ્યો. બોલ્સોવર કોનયર્સ ખાતે જે લાઇબ્રેરી હતી તેમાં અઢળક પુસ્તકો હતાં. આખાય કમરામાં મોટાં કબાટો, છાજલીઓ અને કોલેજ લાઇબ્રેરીઓમાં હોય છે તેમ રૂમમાં અદ્ધર દીવાલ ફરતી ગેલરી હતી અને ગેલરીમાં જવા માટે કમરાને એક ખૂણે લોખંડની કાટ ખાધેલી નિસરણી પણ હતી... તેમાં પાછાં કાકાનાં પુસ્તકોનો વધારો થશે. એ ક્યાં મૂકવાં તે પ્રશ્ન યુસ્ટેસને મૂંઝવી રહ્યો.

'મારે સોન્ડર્સને વાત કરવી પડશે. મને લાગે છે બિલિયર્ડ રૂમમાં થોડી અલમારીઓ બનાવવી પડશે.' યુસ્ટેસે વિચાર્યું.

ઘણા વખતથી યુસ્ટેસ પ્રવાસમાં હતો. છેલ્લાં કેટલાંય અઠવાડિયાં પછી તે પાછો આવ્યો હતો અને તેના સેક્રેટરી સોન્ડર્સે તેને આવકાર આપ્યો. ઔપચારિક વાતચીત પત્યા પછી સોન્ડર્સે કહ્યું: 'તમારી બધી ટપાલ લાઇબ્રેરીમાં મૂકી છે. મોટાભાગના કાગળો મેં જોઈ લીધા છે. પરંતુ કેટલાક તમારા અંગત કાગળો ફોડ્યા નથી. હા, અને સાંજની પોસ્ટમાં એક નાનું ખોખું આવ્યું છે. જેમાં ઉંદર કે એવું કંઈક આવ્યું લાગે છે. મને લાગે છે આપણે મંગાવેલું એલ્બીનો ટેરીએ મોકલી આપ્યું હશે. જોકે મેં બરાબર જોયું નથી. પણ ખોખામાં ખૂબ જોરથી કૂદાકૂદ કરે છે. તે ભૂખ્યું લાગે છે.

'ખેર! હું જોઈ લઈશ.' યુસ્ટેસે કહ્યું. તે પછી ભોજન પતાવ્યું. સોન્ડર્સના ગયા પછી યુસ્ટેસ લાઇબ્રેરીમાં ગયો. તેણે ઘરના નોકર મોર્ટન પાસે સ્ક્રૂડ્રાઇવર મંગાવ્યું.

'સાહેબ, આ ખોખું જ્યારે પોસ્ટમેન લાવ્યો ત્યારે તેણે મને કહ્યું હતું કે પોસ્ટ ઑફિસમાં એના ઢાંકણ પર કાણાં પાડયાં

હતાં. કારણ ખોખું બરાબર 'ફીટ' વાસેલું હતું. તે લોકોને પણ લાગ્યું કે અંદરનું પ્રાણી હવા વગર ગુજરી જશે એટલે...' કહીને મોર્ટન ચાલ્યો ગયો.

'અરે! હું તેનું પાંજરું લઈ આવવાનું ભૂલી જ ગયો. ખેર! હું જ લઈ આવું છું' કહીને યુસ્ટેસ ઊભો થયો. તેણે પેલા ખોખાના ઢાંકણાના સ્ક્રૂ તો ખોલી નાખ્યા હતા. તેના પર એક ભારે ચોપડી મૂકીને બિલિયર્ડ રૂમમાં ગયો. થોડી વારે તે એક પાંજરું લઈને પાછો આવ્યો. તે જેવો લાયબ્રેરીમાં આવ્યો કે તરત જાણે કશીક વજનદાર વસ્તુ ફરસ પર પડી અને સરવા લાગી હોય તેવો અવાજ સંભળાયો.'

'ઓહ...! ખોખામાંથી પ્રાણી ભાગી નીકળ્યું લાગે છે. હવે આ પુસ્તકાલયમાં કેવી રીતે શોધવું?' યુસ્ટેસ બબડ્યો. તેણે શોધવા માટે પ્રયત્ન પણ કર્યો. અવાજ આવતો હતો તે બાજુ તેણે ધ્યાનપૂર્વક જોયું પણ ખરું; પણ એ પ્રાણી પુસ્તકોની છાજલીઓમાં, પુસ્તકોની પાછળ ઘુસી ગયું હતું એટલે શોધવું અશક્ય હતું. યુસ્ટેસે શાંતિથી બેસીને વાંચવા માંડ્યું. જે કોઈ પ્રાણી હશે તે જરૂર થોડી વાર પછી બહાર નીકળશે. યુસ્ટેસે વિચાર્યું અને એક પછી એક કાગળો વાંચવા માંડ્યા.

અરે! આ શું? 'કલીક' 'કલીક' બે અવાજો થયા ને લાઇટ બંધ!

'મને લાગે છે ફ્યુઝ ઊડ્યો છે' યુસ્ટેસે મનમાં જ કહ્યું અને તે બત્તીની સ્વિચ પાસે ગયો. ત્યાં જ તે અટક્યો. રૂમના ખૂણેથી કંઇ અવાજ આવતો હતો. જાણે કે રૂમના ખૂણા પર આવેલી વાંકીચૂંકી લોખંડની સીડી પર કંઈક ચડી રહ્યું હોય તેવો અવાજ આવ્યો.

'તે પ્રાણી ગેલરીમાં જતું લાગે છે. યુસ્ટેસ બબડ્યો. 'ચાલો સારું થયું. ત્યાં તેને પકડી શકાશે.' તે સીડી ચડી ચડીને ઉપર

ગયો. ગૅલરીમાં પણ પુસ્તકના થોડાઓ હતા. પણ યુસ્ટેસને ક્યાંય કશું દેખાયું નહિ. તેના દાદાએ ગૅલરીમાં, દાદરને મથાળે એક ઝાંપો મૂક્યો હતો કે જેથી કોઈ નાના છોકરાઓ ગૅલરીમાંથી પડી ન જાય. યુસ્ટેસ એ ઝાંપો વાસી નીચે ઊતર્યો. હવે તેને એટલી તો નિરાંત હતી કે ખોખામાંથી છટકેલું પ્રાણી ગૅલરીમાં છે.

લાઇબ્રેરી કેટલી ગમગીન લાગતી હતી ! યુસ્ટેસે વિચાર્યું. તે સાથે જ ગૅલરીમાં બેત્રણ ભારે પુસ્તકો પડયાં. યુસ્ટેસ તે જોઈને બબડયો : 'ખેર, બચ્ચા ! હવે તું ફસાયો છું. હવે તારે ગૅલરીમાં જ ભૂખ્યા મરવું પડશે. અમને પણ ખ્યાલ આવશે કે ઉંદર ભૂખે મરે ત્યારે શું થાય છે ?' મનમાં જ બબડીને તેણે પોતાના પર આવેલી ટપાલ તરફ ધ્યાન વાળ્યું. એક કાગળ સૉલિસિટર્સની પેઢીનો હતો જેમાં જણાવ્યું હતું કે તેના કાકા ગુજરી ગયા છે અને તેમનાં બધાં પુસ્તકો તેને માટે છોડી ગયા છે. કાગળમાં લખ્યું હતું : 'કાકાની ઇચ્છા પ્રમાણે તેમની દફનવિધિ તદ્દન સાદી રીતે કરવી. ફૂલ, ગજરા, ગુલદસ્તા કશું મૂકવું નહિ, કોઈએ શોક પણ પાળવો નહિ, એવું અમને જણાવ્યું હતું. પરંતુ તેમના અવસાનના ત્રણ દિવસ પહેલાં તેમણે આ સૂચનાઓ ફેરવતો પત્ર લખ્યો હતો. જેમાં એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે તેમના શરીરને મીણમાં લપેટીને પછી દફન કરવું. એ ઉપરાંત એવી પણ સૂચના હતી કે તેમનો જમણો હાથ તમારા પર મોકલી આપવો.'

'ઓહ... ભગવાન એ ડોસાને શું કહેવું ?' યુસ્ટેસ મનમાં જ બબડયો.

કોઈક ગૅલરીમાં હતું તેવું યુસ્ટેસને લાગ્યું. કોઈકે પરદાની દોરી ખેંચી હતી અને ઝટકાથી પરદો વીંટાયો હતો. ચોક્કસ ગૅલરીમાં કોઈ હોવું જોઈએ. યુસ્ટેસે જોયું તો બીજો પરદો પણ ખેંચાયો હતો. એક પછી એક બધા પરદા ખેંચાયા... ગૅલરીમાં જરૂર

કોઈ હોવું જોઈએ.

યુસ્ટેસ ઝડપથી ઊભો થયો. લોખંડની ગોળ સીડી પરથી ગૅલરીમાં ગયો. તે જ વખતે બીજી વાર કોઈએ લાઇટની સ્વિચ બંધ કરી. અંધારું છવાઈ ગયું. લાઇબ્રેરીમાં ચંદ્રનું અજવાળું આવતું હતું. યુસ્ટેસે ગૅલરીની ફરસ પર કશુંક સરતું હોય તેવો અવાજ સાંભળ્યો. યુસ્ટેસ ધીરથી અંધારામાં સ્વિચ નજીક ગયો. તેણે બત્તી કરી.

તેનાથી દસ જ ફૂટ છેટે ફરસ પર કાંડાથી કપાયેલો કોઈનો હાથ સરતો હતો. યુસ્ટેસ તે તરફ મૂઢ થઈને જોઈ રહ્યો. હાથ, તીતીઘોડાની માફક, આંગળાઓ અને અંગૂઠાની માફક ચાલતો હતો. જાણે કોઈ ખતરનાક કરચલો ચાલતો જતો હોય તેવું એ દૃશ્ય હતું. તે હાલ્યાચાલ્યા વગર જોતો જ ઊભો રહી ગયો. તેટલામાં જ હાથ ખૂણા તરફ વળી ગયો. યુસ્ટેસ દોડયો, પણ હાથ લપાયો હતો. પુસ્તકોની એક છાજલીમાં પાછળ એ હાથ ઘૂસી ગયો હતો. એક પુસ્તક પણ છાજલીમાંથી ઊથલીને પડયું હતું. એ હાથ છટકીને ક્યાંય જતો ન રહે એટલા માટે યુસ્ટેસે હાથમાં આવ્યું તે પુસ્તક ઉઠાવ્યું અને છાજલીમાં જ્યાં પેલો કપાયેલો હાથ ઘૂસ્યો હતો ત્યાં દાબી દીધું અને પછી ઉપરથી બે છાજલીઓની ચોપડીઓ નીચે ફેંકી દઈને તેનાં બન્ને પાટિયાં જ્યાં હાથને દાબ્યો હતો ત્યાં અટકાવી દીધાં.

'સૉન્ડર્સ આવી ગયો હોય તો સારું થાય.' તે બોલ્યો : 'આ વસ્તુને એક માણસ કાબુમાં ન લઈ શકે.' તે વખતે અગિયાર વાગ્યા હતા. સૉન્ડર્સ બાર વાગ્યા પહેલાં આવે તેવું લાગતું ન હતું. પણ તે ત્યાંથી હઠવા તૈયાર ન હતો. હાથ છટકી જાય તેનો તેને ભય હતો. પણ મોર્ટન, તેનો ચપરાસી અગિયાર વાગે મકાનનાં બધાં બારીબારણાં વાસતો અહીં આવશે જ. યુસ્ટેસ તેની રાહ જોતો ત્યાં જ ઊભો રહ્યો. થોડી વારમાં મોર્ટન આવ્યો.

'મોર્ટન !' તેણે બૂમ પાડી. 'મોર્ટન !'

'સાહેબ !'

'સોન્ડર્સ આવી ગયો છે ?'

'હજુ આવ્યા નથી.'

'અચ્છા, મને થોડી બ્રાન્ડી લાવી આપ. જલદી લાવ... અરે ! મૂરખા હું ઉપર છું ગેલરીમાં...'

'આભાર...' યુસ્ટેસે કહ્યું. મોર્ટને ગ્લાસ આપ્યો ત્યારે તેણે કહ્યું: 'મોર્ટન, તું હમણાં સૂવા જઈશ નહિ. અહીંયાં આ પુસ્તકો પડચાં છે તે ગોઠવવાં પડશે. અને મોર્ટન ! પેલા લાકડાના ખોખામાં જે પ્રાણી, ટપાલમાં આવ્યું હતું તે બહાર નીકળી ગયું છે અને આખી આ લાઇબ્રેરીમાં દોડી રહ્યું છે.

'હા... મને પણ સંભળાય છે. પુસ્તકોનાં પાનાં ખાતું લાગે છે.... સાહેબ, આ પુસ્તકો કીમતી નથી ને ?' મોર્ટને કહ્યું. ત્યાં જ ઘોડાગાડીનો અવાજ આવ્યો. 'સાહેબ, મિસ્ટર સોન્ડર્સ જ આવ્યા હશે. હું તેમને બોલાવી લાવું.' થોડી વારે મિસ્ટર સોન્ડર્સને લઈને મોર્ટન પાછો આવ્યો.

'અરે! શી ધમાલ છે ?' સોન્ડર્સે પૂછ્યું.

'મોર્ટન ! તું જા, મિસ્ટર સોન્ડર્સ અહીં છે પછી વાંધો નથી.' કહીને યુસ્ટેસે તેને વિદાય કર્યો.

'અરે, શું વાત છે ? તું એકદમ વિલાયેલો કેમ લાગે છે ?' સોન્ડર્સે પૂછ્યું.

'અરે ! મારો કમબખ્ત કાકો !' યુસ્ટેસે કહેવાનું શરૂ કર્યું. 'ઓહ ! હું કેવી રીતે બધું સમજાવું ! આજ સાંજથી તેમનો હાથ સંતાકૂકડી રમી રહ્યો છે. પણ આ પુસ્તકોની પાછળ મેં તેને દબાવ્યો છે. તારે મને એ હાથને પકડવા મદદ કરવી પડશે.'

'યુસ્ટેસ, આ શી ગમ્મત માંડી છે ?'

'ગમ્મત નથી મૂરખા. તું માનતો ન હોય તો એકાદ પુસ્તક

હઠાવીને આ છાજલી પાછળ હાથ નાખી જો.'

'અચ્છા, અચ્છા.' સોન્ડર્સે કહ્યું અને કહીને પોતાનો કોટ ઉતાર્યો, ખમીસની બાંય ચઢાવી અને પુસ્તકોની પાછળ હાથ નાખ્યો. 'કંઈ છે ખરું. અરે ઓહ...' સોન્ડર્સે બૂમ પાડી. 'અરે કરચલાની માફક જ મારી આંગળી પર પકડ લીધી...' કહીને તેણે હાથ ખેંચી લીધો. 'જલદી ચોપડી ખોસી દે.'

'શું હતું ?' યુસ્ટેસે પૂછ્યું.

'અરે જે હોય તે, પણ મારી આંગળીઓ જોરથી પકડી હતી. મને કોઈ અંગૂઠો અને આંગળી જેવું લાગ્યું. મને બ્રાન્ડી આપ,' સોન્ડર્સના કપાળ પર પરસેવો વળી ગયો હતો.

'આપણે કેવી રીતે તેને ઝડપીશું ?'

'જાળ લાવીએ... માછલી પકડવાની જાળ...'

'તેમાં નહિ આવે. એમ કરીએ, આપણે બન્ને બાજુએથી પુસ્તકો કાઢતા જઈએ અને તેને બે પુસ્તકોની વચ્ચે દબાવી દઈએ.' યુસ્ટેસે કહ્યું અને તે જ સૌથી અનુકૂળ પ્લાન હતો અને તે જ પ્રમાણે તેમણે બરાબર એક પછી એક પુસ્તક હઠાવતા જઈને, એ હાથને બે જાડાં થોથાંઓ વચ્ચે દબાવ્યો.

'સ્નાયુઓ જેવું જરૂર લાગે છે. જાણે તેમાં ગરમ લોહી અને માંસ ફરતું હોય !' સોન્ડર્સે પુસ્તકો દબાવતાં કહ્યું. 'અને બરાબર હાથ જેવું જ લાગે છે. પણ આપણને બન્નેને કોઈ અજબ જાતનો ભ્રમ થતો લાગે છે. મેં એવા સમૂહ–ભ્રમ વિષે વાંચ્યું છે.'

'ભ્રમ... મારું કપાળ !' યુસ્ટેસે ગુસ્સાથી કહ્યું. 'તું પહેલાં એને નીચે લઈ આવ. પહેલાં તેને ખોખામાં મૂકી દઈએ.'

પણ તેમ કરવું ખૂબ મુશ્કેલ પડયું તોય આખરે તેમણે એ હાથને ખોખામાં મૂકયો. ખોખા પર ઢાંકણું વાસીને, ઉપર સ્ક્રૂ લગાવ્યા.

'એ ખોખાને મારા મેજના ખાનામાં મૂકી દે. તેમાં કશી

કામની ચીજો નથી અને મારી પાસે તેની ચાવી પણ છે, તાળું પણ બરાબર છે.

'આજે ખરેખર મજા રહી.' સૉન્ડર્સ બોલ્યો. 'હવે આ છે શું પણ?'

લગભગ સવાર સુધી તે લોકો વાતો કરતા બેસી રહ્યા. યુસ્ટેસ તેના બેડરૂમ સુધી એકલો જતાં પણ ડરતો હતો છતાં એ મથામણ કરીને હિંમત રાખી રહ્યો હતો.

* * *

'એ ગમે તે હોય! તેની વાત છોડ.' બીજે દિવસે યુસ્ટેસે સૉન્ડર્સને કહ્યું: 'આવતા દસ દિવસ સુધી આપણે કશું અગત્યનું કામ કરવાનું નથી. મને લાગે છે આપણે લેકસ પર જઈએ. થોડી મજા કરીએ.'

'અને કશું કામકાજ કર્યા વગર બેસી રહીએ. અરે દસ દિવસમાં તો કંટાળી જઈશું. નહિ ભાઈ, આપણને મજા નહિ આવે. તેના કરતાં શહેરમાં જઈએ. તું જરા સ્વસ્થ થા. એ હાથનું આપણે ફરી જરા નિરીક્ષણ કરી લઈએ.' સૉન્ડર્સ બોલ્યો.

'તને જે ઠીક લાગે તે' યુસ્ટેસે કહ્યું. 'ત્યાં ચાવી પડી છે.'

તે બન્ને જણા લાઇબ્રેરીમાં ગયા અને પેલું ડેસ્ક ઉઘાડ્યું. ખોખું એમ ને એમ જ હતું.

'તું શેની રાહ જુએ છે?' યુસ્ટેસે પૂછ્યું.

'મને એમ કે તેના પરનું ઢાંકણુ તું ખોલીશ. ખેર! પણ તને ડર લાગે છે તો પછી હું ખોલું છું.' કહીને સૉન્ડર્સે ખોખાનું ઢાંકણું ખોલ્યું અને પેલો હાથ કાઢ્યો.

'ઠંડો છે?' યુસ્ટેસે એ હાથ જોઈને સૉન્ડર્સને પૂછ્યું

'નહિ, સાવ ઠંડો નથી... મરેલા માણસનો હાથ આવો પોચો હોય તેવું મેં ક્યારેય જોયું નથી. આ હાથ તારા કાકાનો છે?'

'હા. હા... તેમની હાથની લાંબી આંગળીઓ હું ગમે ત્યારે

ઓળખી શકું. સોન્ડર્સ, તેને ખોખામાં મૂકી દે. ફરી પાછા સ્ક્રૂ ચડાવવાની જરૂર નથી. હું ડેસ્કને તાળું મારી દઉં છું. પછી તે બહાર નહિ નીકળી શકે. આપણે એક અઠવાડિયું અહીંથી શહેરમાં ચાલ્યા જઈએ.'

'કાલ સુધીમાં તો આ વાત ભુલાઈ પણ જશે.' સોન્ડર્સે કહ્યું.

શહેરમાં ગયા પછી તે લોકો એ વાત ભૂલ્યા ન હતા અને યુસ્ટેસે તો તેના મિત્રોને પણ વાત કરી હતી. એક વખત યુસ્ટેસે આપેલી પાર્ટીમાં પણ તેણે આ ભયાનક વાત, મહેમાનોને કહી સંભળાવી.

'એ વાત સાચી છે તેવું તમારું કહેવું છે મિસ્ટર બોર્લ-સોવર ?' એક જણે પૂછ્યું પણ ખરું.

'ગપ્પાં નથી. તદ્દન સાચી હકીકત છે. આ સોન્ડર્સને પૂછો તે પણ સોગંદપૂર્વક તેની સાક્ષી આપશે.'

'તમે કહો તેટલા સોગંદ ખાવા હું તૈયાર છું. એ લાંબો પાતળો હાથ હતો અને પટ દઈને મારી આંગળીઓ પકડી હતી' સોન્ડર્સે કહ્યું. હાજર રહેલા આ મહેમાનો એ હાથની વાત સાંભળીને ભય પામ્યા હતા.

બીજે દિવસે સવારે યુસ્ટેસે સોન્ડર્સના હાથમાં એક પત્ર મૂક્યો અને કહ્યું : 'લે આ બીજી મુસીબત. જોકે એ બધું તારે સહન કરવાનું છે. મિસિસ મેરીટ, એક મહિનાની નોટિસ મોકલાવી છે.'

'વિચિત્ર કહેવાય.' કહીને સોન્ડર્સે કાગળ હાથમાં લીધો અને વાંચ્યો :

વહાલા સાહેબ,

તમને આથી જણાવું છું કે મંગળવાર તા. ૧૩ મીથી હું એક મહિનાની નોટિસ આપું છું. આમેય બોર્લસોવર કૉનયર્સની દેખભાળ રાખવી મારે માટે મુશ્કેલ હતી. તેમાં જ્યારે ઘરકામ

કરનારી કામવાળીઓ એમા અને જેન કશું કહ્યા વગર મકાન-માંથી ચાલી જાય ત્યારે તો મારાથી એ મકાનની દેખરેખ રાખવી મુશ્કેલ પડશે. નોકરો ઘરમાં એકલા ફરતાં બીતા હોય અથવા દાદર પરથી ઊતરતાં બધાને ભય લાગે કે કોઈ દેડકા જેવા પ્રાણી પર તમારો પગ પડી જશે અથવા તો જ્યાં આખો રાત કોઈ વિચિત્ર પ્રાણીના હરવા-ફરવાના અવાજો આવતા હોય તે ઘરમાં રહેવું કેવી રીતે ? માટે તમે કોઈ બીજી દેખરેખ રાખનાર વ્યક્તિ શોધી લેશો કે જેને મોટા અને એકાકી ઘરની કે જે ઘરમાં મારી માના કહેવા પ્રમાણે ભૂત – પલીત ફરતાં જ હોય છે ત્યાં બીક લાગતી ન હોય.

તમારી વફાદાર

ઇલિઝાબેથ મેરીટ

[તા. ક.] મિસ્ટર સોન્ડર્સને મારાં વંદન. તેમની શરદી ઠીક થઈ ગઈ હશે.

'સોન્ડર્સ !' યુસ્ટેસે કહ્યું. 'નોકરોને યોગ્ય રીતે રાખવાની તારી પાસે કલા છે. મિસિસ મેરીટ આપણી નોકરી છોડીને ન જાય તેવું તું કંઈક કર.'

'બેલાશક તે નહિ જ જાય.' સોન્ડર્સ બોલ્યો. 'કદાચ પગાર-વધારા માટે તેણે આ રસ્તો અજમાવ્યો હશે.'

'નહિ. આપણે જાતે જ જઈએ અને હવે અજવાળું તો લગભગ થવા આવ્યું છે અને જો, તારી શરદીનો તું જલદી ઉપાય કર. સમજ્યો ?' યુસ્ટેસે કહ્યું.

'મિસિસ મેરીટને સમજાવી લઈશું' સોન્ડર્સ બોલ્યો.

*

પણ મિસિસ મેરીટ ખૂબ જ હઠાગ્રહી નીકળ્યાં. તેણે સોન્ડ-ર્સની તબિયત માટે દિલસોજી દર્શાવી, સોન્ડર્સને મકાનના બીજા ભાગમાં એક કમરો તૈયાર કરી આપ્યો જેથી તે તરફ ઠંડો પવન

ઓછો લાગે, તેને માટે ગરમ પાણી, તેને માટે ગરમ દૂધ અને બ્રેડ બધું જ જાતે કર્યું, બધું પ્રેમથી; પરંતુ નોકરી ન છોડવા બાબતમાં તે એકની બે ન થઈ. પગારવધારાની લાલચને પણ તે વશ ન થઈ.

તે દિવસે સાંજે યુસ્ટેસે તેના ચપરાસી મોર્ટનને પૂછ્યું. 'મોર્ટન, બધા નોકરોને થયું છે શું ?' મોર્ટને કોફીના પ્યાલા ગોઠવ્યા. 'આ મિસિસ મેરીટનને કેમ નોકરી છોડવી છે ?'

'સાહેબ, હું તમને કહેવા જ જતો હતો. મારે તમને એક વાત કહેવાની જ હતી. જ્યારે મને તમારી ચિઠ્ઠી મળી કે પેલા ડેસ્કમાંથી ઉંદરને બહાર કાઢજે, ત્યારે મેં તમારી ચિઠ્ઠીમાં લખ્યા પ્રમાણે તાળું તોડી નાખ્યું. એ ડેસ્ક ઉઘાડ્યું. અંદર ખોખામાં એ પ્રાણી ત્યારે ધમાધમ કરતું હતું એટલે મને થયું કે તે ભૂખ્યું થયું હશે. એટલે મેં એ ખોખું બહાર કાઢ્યું અને તેને માટે પાંજરું લેવા ગયો ત્યાં જ એ પ્રાણી બહાર નીકળી ગયું.'

'આ તું શું વાત કરે છે !' યુસ્ટેસે પૂછ્યું. 'શેની ચિઠ્ઠી ? મેં તને કોઈ ચિઠ્ઠી લખી નથી.'

'માફ કરજો સાહેબ, પણ તમે અને મિસ્ટર સોન્ડર્સ ગયા તે દિવસે સવારે જ એ ચિઠ્ઠી ફરસ પર પડી હતી. જુઓ મારા ગજવામાં જ છે' કહીને મોર્ટને તે ચિઠ્ઠી આપી. યુસ્ટેસે જોયું તો બરાબર તેના જેવા જ હસ્તાક્ષરોમાં એ ચિઠ્ઠી હતી. તે પેન્સિલથી લખાયેલી હતી. તેમાં લખ્યું હતું :

'મોર્ટન, એક હથોડો કે એવું કશુંક લઈને લાઇબ્રેરીના જૂના ડેસ્કનું તાળું તોડી નાખ. અંદરથી ખોખું બહાર કાઢીને મૂક. બીજું કશું કરવાની જરૂર નથી. તેનું ઢાંકણું ખુલ્લું જ છે. — યુસ્ટેસ બોર્લસોવર.'

ચિઠ્ઠી વાંચી રહ્યા પછી યુસ્ટેસે ચિંતિત થઈને પૂછ્યું, 'અને તેં એ ડેસ્ક ખોલ્યું હતું ?'

'હા સાહેબ, અને હું પાંજરું તૈયાર કરતો હતો ત્યાં જ એ

ખોખામાંથી પેલું પ્રાણી ભાગી ગયું.'

'કયું પ્રાણી ?'

'સાહેબ, એ ખોખામાં હતું તે.'

'કેવું લાગતું હતું ?'

'સાહેબ, એ બરાબર કહી શકું તેમ નથી, કારણ મારી પીઠ એ તરફ હતી અને જ્યારે મેં જોયું ત્યારે તો તે અડધા રૂમની પેલી તરફ ચાલી ગયું હતું.'

'મોર્ટન... કેવા રંગનું હતું એ પ્રાણી' અત્યાર સુધી સાંભળી રહેલા સોન્ડર્સે પૂછ્યું. 'કાળા રંગનું ?'

'ના સાહેબ... આછા સફેદ રંગનું. અને કોઈ વિચિત્ર રીતે ચાલતું હતું. તેની પાછળ પૂંછડી ન હતી.'

'પછી તેં શું કર્યું.'

'મેં તેને પકડવા પ્રયત્ન કર્યો. પણ તેનો કોઈ અર્થ ન ન હતો. તે ભાગી ગયું હતું. મેં પછી ઉંદરોને પકડવાનાં પાંજરાં લાઇબ્રેરીમાં મૂક્યાં અને લાઇબ્રેરી બંધ કરી દીધી. તે પછી મને લાગે છે કે કામવાળી એમાએ લાઇબ્રેરીનો કમરો સાફસૂફ કરતી વખતે બારણું ખુલ્લું મૂક્યું અને એ પ્રાણી ભાગી ગયું હશે.' મોર્ટને કહ્યું.

'તને લાગે છે કે એ પ્રાણી આ બધા નોકરોને બીક પમાડતું હશે ?'

'ખેર ! એમ નહિ સાહેબ ! તે લોકો કહેતા હતા કે તેમણે એક હાથ જોયો હતો. એમાનો પગ તેના પર પડ્યો હતો. તેને તે વખતે તો લાગ્યું હતું કે દેડકો ઘરમાં આવી ગયો હશે અને તેના પગ નીચે આવી ગયો હશે, કારણ તે જુએ તે પહેલા તો તે પ્રાણી ચાલી ગયું હતું. પણ પછી જેન જ્યારે ડિશો ધોતી હતી ત્યારે અજુગતું બન્યું. બેધ્યાનપણે તે ડિશો ધોઈને ટુવાલ-થી સાફ કરીને ગોઠવતી હતી, ત્યાં થોડી વાર પછી તેના હાથમાં

કોઈનો 'હાથ' આવ્યો. પહેલાં તો તેણે જોયો નહિ પણ પછી તે ચોંકી ગઈ. તે કોઈનો હાથ ધોઈ રહી હતી.'

'છટ્ નોન્સેન્સ...' સોન્ડર્સે કહ્યું.

'મેં પણ તેમ જ કહ્યું. પણ તેમ છતાં તે રોકાઈ નહિ અને ચાલી ગઈ.'

'તું એ બધું માનતો નથી ને!' યુસ્ટેસે પૂછ્યું.

'નહિ રે સાહેબ, મેં કશું જોયું નથી.' મોર્ટને કહ્યું.

'કે કશું સાંભળ્યું પણ નથી?' સોન્ડર્સે પૂછ્યું.

'એવું તો નહિ સાહેબ, ઘરમાં ઘણી વાર વખત બેવખત, ઘંટડી વાગે છે. ત્યાં જઈને જોઈએ તો કોઈ હોય નહિ. સવારે જ્યારે પરદા ઉઘાડવા કમરામાં જઈએ ત્યારે પરદા ઉઘડી ગયા હોય છે. પણ મેં મિસિસ મેરીટને સમજાવ્યું કે આપણાં પાળેલાં પ્રાણીઓમાંથી કોઈ પણ નાનું વાંદરું આવીને એવું તોફાન કરી શકે.'

'ખેર! તું જા...' કહીને યુસ્ટેસે મોર્ટનને રજા આપી.

'તને શું લાગે છે? એ ચિઠ્ઠી ક્યાંથી આવી હશે?' સોન્ડર્સે યુસ્ટેસને પૂછ્યું.

'ઓહ, સાદી વાત છે.' યુસ્ટેસ બોલ્યો: 'આ કાગળ જેના પર ચિઠ્ઠી લખાઈ છે તે જ જો ને! આવા કાગળ વાપરવાનું ઘણા વખતથી છોડી દીધું હતું. પણ પેલા ડેસ્કમાં એવા થોડા કાગળો અને પરબીડિયાં પડયાં છે. આપણે ડેસ્ક બંધ કર્યું પણ ખોખા ઉપરનું ઢાંકણું સ્ક્રુથી 'ફીટ' કર્યું ન હતું. એટલે એ હાથ ખોખામાંથી સહેલાઈથી બહાર આવ્યો હશે. પેન્સિલ પણ અંદરથી જ લીધી હશે. ચિઠ્ઠી લખીને ડેસ્કના ઢાંકણાની તડમાંથી બહાર સરકાવી દીધી હશે. અને ફરસ પર પડેલી ચિઠ્ઠી મોર્ટનના હાથમાં આવી.'

'પણ હાથ લખે કેવી રીતે?'

'એ જ કહું છું ને સોન્ડર્સ, કાકા ગુજરી ગયા તે પહેલાં

તેમને પોતાનો જ હાથ કાકા ન જાણે તેવી રીતે વર્તી શકતો મેં જોયો છે.'

'અચ્છા, તો હવે ખ્યાલ આવ્યો.' સોન્ડર્સે કહ્યું. 'તો પછી એ હાથે જ તારા સૉલિસિટરોને પત્ર લખ્યો હશે અને હાથે જ લખ્યું હશે કે તારા કાકાના મૃત્યુ પછી તે 'હાથ' તને મોકલવામાં આવે. કાકાને ખબર પણ નહિ હોય.'

'જો મારા કાકા ન હોય તો પછી?'

'કદાચ કોઈ આત્મા તેમના હાથમાં દાખલ થયો હોય અને જાતે જ એ 'હાથ'ને બધું શીખવતો હોય!'

'આપણે હવે શું કરીશું?'

'આપણે તેને પકડવો અને મને તો લાગે છે થોડા વખતમાં તે મરી જવો જોઈએ. તેમાંનું માંસ અને લોહી કેટલો વખત ટકશે?'

*

બે દિવસ સુધી કાંઈ બન્યું નહિ. ત્રીજે દિવસે સોન્ડર્સે તેને દાદરના કઠેડા પરથી લસરતો જોયો. પણ ઘડીભર તે એટલો ચોંકી ગયો કે તે કંઈક કરે તે પહેલાં તો તે હાથ દોડીને ક્યાંક છુપાઈ ગયો હતો. ત્રણ દિવસ પછી યુસ્ટેસે તેને એક પુસ્તકના ખુલ્લા પાના પર પડેલો જોયો અને જાણે કંઈક વાંચી રહ્યો હોય તેમ એ ઠૂંઠિયા હાથની આંગળીઓ શબ્દો પર ફરતી હતી. યુસ્ટેસ તે તરફ જવા માટે ખુરસીમાંથી ઊભો થયો કે તરત જ તે હાથ ભાગી છૂટયો અને ઊંચા પરદાઓ પર ચડી ગયો. છેક ઊંચે પરદાની કડીઓ પાસે તે લટકી રહ્યો. યુસ્ટેસ નિઃસહાય થઈને જોઈ રહ્યો.

'આપણે તેને બહાર કાઢીને તેની પાછળ કૂતરા છોડીએ' યુસ્ટેસે કહ્યું.

'તે બરાબર છે. આપણે બે ટેરિયર અને એક મોંગરિયલને તેની પાછળ છોડીશું. એ કૂતરાઓ ઉંદર શોધવામાં પાકા છે. તો આ હાથને તો જરૂર ઝડપી શકશે.'

ત્યાર પછી કૂતરાઓને ઘરમાં લાવવામાં આવ્યા હતા. પંદર દિવસ સુધી કશું જ બની ન શક્યું. છેવટે એ હાથ પકડાયો. પણ તે કૂતરાઓએ નહિ પણ મિસિસ મેરીટના પાળેલા પોપટે તેને ઝડપ્યો. મિસિસ મેરીટનો પોપટ ખૂબ જ ચબરાક હતો. તે ઘણી વાર પોતાના પાંજરાનું નાનું બારણું અજબ રીતે ખોલીને બહાર નીકળી જતો. પછી જ્યારે તેને માટે ખાસ પ્રકારના પાંજરાની વ્યવસ્થા કરી ત્યારે તે પોતાની ચાંચથી ટોચા મારી મારીને બોલ્ટ ઢીલા કરી નાખીને પછી બહાર ભાગી નીકળતો. તે છેલ્લા કેટલાક વખતથી પાંજરાની બહાર નીકળી ગયો હતો અને વારંવાર ઘરમાં અને બહાર ઊડયા કરતો અને ગીતો લલકારતો.

મિસિસ મેરીટે તેને પકડવા ખૂબ જહેમત કરી પણ તે પકડાતો જ ન હતો. પોપટનું નામ પીટર હતું. યુસ્ટેસે જ મિસિસ મેરીટને સલાહ આપી હતી કે તેને માટે કશું ખાવાનું મૂકશો નહિ. તે એની મેળે આવીને પાંજરામાં ભરાશે.

અત્યારે પોપટ એક મોટા ચિત્રની ફ્રેમની ઉપરની બાજુએ લટકતો હતો અને મોજથી કિકિયારીઓ પાડતો હતો. મિસિસ મેરીટે કંટાળીને કહ્યું : 'સાહેબ, અત્યારે એ ઘણે ઊંચે બેઠો છે. પકડાશે નહિ. તમે આ કમરામાંથી બહાર નીકળો ત્યારે બારણું વાસતા જશો ? રાત્રે હું તેનું પાંજરું લાવીને મૂકી જઈશ. તેમાં થોડું માંસ મૂકીશ. તે માંસ ખાવાનો શોખીન છે' કહીને મિસિસ મેરીટ ગયાં.

થોડી વાર કમરામાં શાંતિ સ્થપાઈ. પછી પોપટ બોલવા માંડ્યો : 'બિચારો પીટર... બિચારો પીટર... તેને ખણ આવે છે... ખણ ખણ...'

'ચૂપ રહે...પીટર' યુસ્ટેસે કહ્યું. યુસ્ટેસ નીચું જોઈને લખતો હતો. પોપટ બોલ્યા જ કરતો હતો. 'ખણ...પીટરને ખણ...'

યુસ્ટેસે ઊંચે જોયું. અરે ! ત્યાં જ પેલો હાથ હતો. તણ

આંગળીઓ એક હૂકમાં ભરાયેલી હતી અને ચોથી આંગળી પોપટના માથા પર ખણી રહી હતી. યુસ્ટેસ ઘંટડી તરફ દોડયો જોરથી બટન દબાવ્યું. પછી એક ખુલ્લી બારી તરફ દોડયો. જોરથી બંધ કરી. અવાજથી બીને પોપટે પાંખો પહોળી કરીને ઊડવાની તૈયારી કરી કે તરત જ પેલી તેના માથા પર ફરતી આંગળીઓએ તેને ગળેથી પકડયો. પીટર જોરથી ચીસ પાડી ઊઠયો અને તરફડાટ કરતો ગુલાંટ ખાઈને પડયો. તેની સાથે જ પેલો હાથ પણ પછડાયો. આંગળીઓ પોપટના ગળાને મરડી રહી. પીટર પોપટ એક છેલ્લો ગરગરાંટ કરીને નિશ્ચેતન થઈને પડયો. પણ આંગળીઓ તેની પકડ છૂટી કરે તે પહેલાં જ યુસ્ટેસે તે હાથને દબાવ્યો. તેટલામાં જ કામવાળી બહારથી દોડી આવી.

'જા, જલદીથી મિસ્ટ સોન્ડર્સને બોલાવી લાવ... જલદી.' કામવાળી ગઈ કે તરત યુસ્ટેસ હાથ લઈને તાપણિયા તરફ ગયો. આંગળી પર મરતાં મરતાં પોપટે જોરથી ચાંચ દબાવી હતી. તેનાથી ચીરો પડયો હતો અને આંગળીઓના નખ વધી ગયા હતા.

'દેવતામાં નાખીને આ ભયાનક ચીજને બાળી નાખું' યુસ્ટેસ બબડયો. પણ કોણ જાણે કેમ તે એ હાથને દેવતામાં નાખી ન શકયો. પણ ત્યાં જ સોન્ડર્સ દોડીને પ્રવેશ્યો.

'અરે ! શું થયું ? આ શું આટલો સફેદ કેમ પડી ગયો છું ?'

'આખરે મેં પકડયો છે.' યુસ્ટેસે વિજયભરે અવાજે કહ્યું.

'સરસ, જોવા દે !'

'અરે, પહેલાં તું એક પાટિયું અને ખીલા લઈ આવ...'

થોડી જ વારમાં સોન્ડર્સ એક પાટિયું અને ખીલા લઈને આવ્યો. 'પહેલાં એ ખીલાથી એને પાટિયા પર જડી દે. પછી આપણે તેનું નિરીક્ષણ કરીશું.'

'નહિ ભાઈ, આપણાથી એ નહિ થાય' સોન્ડર્સે કહ્યું :

અફસરે કહ્યું.

'હા... મને પણ તેવું લાગે છે.'

'પરંતુ એક બાબતે મને હજુ સમજાતી નથી. આ કામ એક માણસનું નથી. આ ચોરીમાં બેત્રણ માણસો સંડોવાયા હશે. તિજોરી તોડનારે બરાબર હાથમોજાં પહેરીને જ તિજોરી તોડી છે. તેના પર આંગળાંની છાપ નથી; પણ બીજો એક માણસ બેદરકાર હોવો જોઈએ, કારણ તેનાં આંગળાંની છાપ ઘણી જગ્યાએ પડી છે' એટલે અમે તેને તો શોધી શકીશું.

'જમણા, ડાબા કે બન્ને હાથનાં નિશાન છે?' યુસ્ટેસે પૂછ્યું.

'મને તે જ નવાઈ લાગે છે ને! વિચિત્ર કહેવાય, પણ જ્યાં જ્યાં આંગળીની છાપ પડી છે ત્યાં ત્યાં જમણા હાથની જ છાપો છે. વળી એ મૂરખાએ ચિઠ્ઠી પણ લખી છે. જુઓ.' કહીને પોલીસ અફસરે એક ચિઠ્ઠી યુસ્ટેસના હાથમાં મૂકી.'

'યુસ્ટેસ બોર્લસોવર, હું ભાગી છૂટયો છું. પણ થોડા જ વખતમાં પાછો આવીશ.' એવું લખાણ ચિઠ્ઠીમાં હતું.

'ગજબ છે ને આ...' ઇન્સ્પેક્ટર બોલ્યો. 'તમે ઓળખતા હો તેવા કોઈ આદમીના અક્ષરો તો નથી ને, મિસ્ટર યુસ્ટેસ?'

'ના' યુસ્ટેસે કહ્યું.

બપોરે જમવાં જમતાં યુસ્ટેસે સોન્ડર્સને કહ્યું: 'અહીં હું રહેવા માંગતો નથી. એ હાથ છટકી ગયો છે અને હવે ફરીથી મારે તેને જોવો નથી. હું અત્યારે જ જાઉં છું. તું બે દિવસ પછી શહેરમાં આવી જા, સાથે બધા લેખો લેતો આવજે...'

'કેટલો વખત તું બહાર રહીશ?' સોન્ડર્સે પૂછ્યું.

'તે નક્કી નહિ. હું બ્રાઇટનનું આપણું એપાર્ટમેન્ટ ખાલી કરીને બીજું લઇ લઈશ. તને તારથી નવા મકાનનું સરનામું મોકલી આપીશ.'

બ્રાઇટનમાં તેણે જે ઘર પસંદ કર્યું તેને અગાસી પણ હતી. તે મકાન એક બુઢ્ઢા આદમીનું હતું. અને એક રસોઇયાની ભાગીદારીમાં તે એ ગેસ્ટ હાઉસ જેવું ચલાવતો હતો. યુસ્ટેસનું એપાર્ટમેન્ટ પહેલા માળ પર હતું. બે બેડરૂમ પાછળના ભાગમાં હતા. મિસ્ટર સોન્ડર્સને માટે તેણે નાનો કમરો રાખ્યો. જોકે તેમાં તાપણિયાની સગવડ હતી. પોતાને માટે તેણે બાથરૂમ સાથેનો મોટો બેડરૂમ તૈયાર કરાવ્યો.

સોન્ડર્સ ત્રીજા દિવસે આવી પહોંચ્યો. ડાઇનિંગ રૂમમાં તેમણે તાપણિયામાં અગ્નિ પેટાવરાવ્યો. સોન્ડર્સને ફરી પાછો શરદીનો હુમલો થયો હતો. તે જમવા બેઠા તે દરમ્યાન નોકરને તેમણે સામાન છોડવા હુકમ આપ્યો.

થોડી વારની ઔપચારિક વાતચીત પછી યુસ્ટેસ તેના બેડરૂમમાં મૂકેલી વસ્તુઓ ગોઠવી રહ્યો હતો.

'સોન્ડર્સ, આટલી ઠંડીમાં મોટર ચલાવીને આવતાં તારા હાથ ઠરી ન ગયા?'

'ઠરી ગયા ને! મારી પાસે આ હાથમોજાં હતાં પણ તે પહેરીને કશું પણ કરવું શક્ય ન હતું.' કહીને સોન્ડર્સે હાથમોજાં યુસ્ટેસ પર ફેંક્યાં. તે સાથે યુસ્ટેસ ચીસ પાડી ઊઠ્યો. તેણે એ હાથમોજાં ફંગોળી દીધાં.

'ઓહ સોન્ડર્સ... તેમાં છે... તેમાં પેલો ભયાનક હાથ... જલદી. તે બાથરૂમમાં ફંગોળાયો છે.' કહીને યુસ્ટેસ બાથરૂમમાં દોડ્યો.

સોન્ડર્સ દોડી આવ્યો. હાથમાં મીણબત્તી સાથે બાથરૂમમાં આવ્યો. પેલો હાથ બાથ-ટબમાં પડ્યો હતો અને મહાપ્રયત્નથી ટબની લીસી દીવાલ પર ચડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. જેટલું ચડતો કે તરત જ તેટલો જ નીચે લસરી જતો.

'ત્યાં ઊભો રહેજે યુસ્ટેસ, હું એકાદ બૉક્સ લાવું છું. આપણે તેને પકડી લઈએ... તેટલી વારમાં એ ભાગી નહિ શકે.'

'અરે... અરે તે ભાગી રહ્યો છે. ટબની દટ્ટીની ચેઈન પકડીને તે ઉપર ચડી ગયો છે. જલદી... સોન્ડર્સ મૂર્ખા... જલદી. તે બારીમાં ચડી ગયો છે...' યુસ્ટેસે બૂમ પાડી અને એ ભાગતા હાથને દબાવ્યો. પણ તેનું જોર ખૂબ હતું. વળી યુસ્ટેસ ભયથા ધ્રૂજતો હતો.

'સોન્ડર્સ મારાથી વધુ વાર તે નહિ દબાવી શકાય, જલદી.' તેણે બૂમ પાડી. પણ તે પહેલાં તો એ હાથ છટકી ગયો હતો અને બારીમાંથી બહાર રસ્તા પર પડયો. યુસ્ટેસ બેભાન થઈને ફરસ પર પડયો.

*

લગભગ અડવાડિયા સુધી તે માંદો રહ્યો.

ડૉક્ટરે સોન્ડર્સને કહ્યું : 'મને સમજાતું નથી કે દર્દ શું છે. તેમને ખૂબ જ આઘાત લાગ્યો હોય તેવું લાગે છે. મને લાગે છે તેમની દેખભાળ માટે હું કોઈને મોકલી આપું. તે બબડે છે તેવી જ રીતે તમે તેમને એકલા ન મૂકશો. રાત્રે ભલે લાઈટ બળતું રાખો પણ એમને સ્વચ્છ હવાની જરૂરત છે. તેમનો બારીઓ બંધ રાખવાનો આગ્રહ પણ મને વિચિત્ર લાગે છે.'

'મારે સોન્ડર્સ સિવાય કોઈ ન જોઈએ. બીજા માણસો એ ભયાનક ચીજને અણજાણતાં પણ લઈ આવશે.' યુસ્ટેસ બોલી ઊઠયો.

'ચિંતા ન કરતો દોસ્ત...આ કાંઈ આખો વખત ચાલ્યા નહિ કરે. આ વખતે મેં જોયું કે એ હાથમાંથી શક્તિ ઓછી થઈ ગઈ છે. હવે તે વધુ વખત જીવે તેમ લાગતું નથી. તને

સારું થાય ત્યારે આપણે અહીંથી ચાલી જઈશું. ખાલી પહેરેલાં કપડાં સાથે. આપણે કોઈને સરનામું પણ નહિ આપીએ... બરાબર ?'

'અરે પણ સોન્ડર્સ, મેં કોઈનું કશું ખરાબ નથી કર્યું. મેં તારા જેટલાં પણ પાપ નથી કર્યાં. તો પછી એ શા માટે મારી પાછળ પડે છે ?' યુસ્ટેસે કહ્યું.

'એવું નથી યુસ્ટેસ, આ જમાનામાં હવે એવું કોઈ માનવા તૈયાર નથી કે પાપનું ફળ તમને મળે જ છે. ખેર, પણ જ્યારે સૌથી પ્રથમ આ હાથ લાઇબ્રેરીમાં આવ્યો ત્યારે તેને તારા પ્રત્યે કોઈ ખરાબ લાગણી નહિ હોય. તેને ખીલાથી પાટિયા પર જડીને તેં છ મહિના તિજોરીમાં ઘુસાડી રાખ્યો તેનાથી તેનામાં વૈરભાવ જાગ્રત થયો હોય એમ બને. આપણે પહેલી સપ્ટેમ્બરે અહીંથી ચાલી જઈશું, સમજ્યો ?' સોન્ડર્સે કહ્યું. યુસ્ટેસની અકળામણ સહેજ ઓછી થઈ.

એકત્રીસમી ઑગસ્ટની સાંજે ઘણી ગરમી લાગતી હતી. કેરટેકર બાઈ મિસિસ પ્રિન્સ હવે યુસ્ટેસની ટેવો જાણી ગઈ હતી. રૂમના બધા પરદાઓ ઉતારી લેવામાં આવ્યા હતા. રાચરચીલું પણ હઠાવી નાખવામાં આવ્યું હતું. અને કમરો લગભગ ખાલી જ રાખવામાં આવ્યો હતો.

'મિસ્ટર બોર્લસોવરને રૂમમાં ધૂળ ઊડીને આવે તેવું ગમતું નથી.' સોન્ડર્સે મિસિસ પ્રિન્સને સમજાવ્યું.

'આજે ગરમી ખૂબ છે, થોડીક બારી ખોલું તો કેમ ?' મિસિસ પ્રિન્સે પૂછ્યું.

'જરૂર નથી. તમે તમારે જાવ. અમને શતરંજ રમવા માટે બધી વસ્તુઓ આપતાં જાઓ.' સોન્ડર્સે કહ્યું.

તે બન્ને જણા ત્યાર પછી શેતરંજ રમવા બેઠા. લગભગ દસ વાગે મિસિસ પ્રિન્સે આવીને એક ચિઠ્ઠી આપી. 'માફ કરજો

સાહેબ, લેટર બૉકસમાં આ ચિઠ્ઠી નાખેલી હતી એટલે મારું ધ્યાન ન ગયું.'

'શું છે? જો તો સોન્ડર્સ...'

સાવ ટૂંકી એ ચિઠ્ઠી હતી. તેમાં સરનામું કે સહી પણ ન હતી. તેમાં લખ્યું હતું. 'છેલ્લી મુલાકાત માટે આજે રાત્રે અગિયાર વાગે આવું તો ફાવશે?' સોન્ડર્સે પૂછ્યું.

'એ તો મારે માટે છે.' સોન્ડર્સે જવાબ આપ્યો. તમે જાવ મિસિસ પ્રિન્સ, એ દરજીની ચિઠ્ઠી છે. તેને કોઈ જવાબ આપવાની જરૂર નથી.' સોન્ડર્સે ખૂબીથી જૂઠું કહ્યું.

યુસ્ટેસે કશું પૂછ્યું નહિ. અને રમત ચાલુ રાખી.

ઘડિયાળમાં અગિયારના ટકોરા થયા ત્યારે બારણા પર પણ ટકોરા પડવા માંડયા. ટકોરા બારણાના સૌથી નીચેના પાટિયા પર પડતા હતા.

'કોણ છે?' યુસ્ટેસે પૂછ્યું.

જવાબ ન આવ્યો.

'મિસિસ પ્રિન્સ છે?'

ફરી કોઈ જવાબ ન આવ્યો.

'તે ઉપર છે' સોન્ડર્સે કહ્યું: 'ઉપરના રૂમમાં તેમના ચાલવાનો અવાજ સંભળાય છે.'

'તો પછી... જલદી બારણાને આગળો મારી દે સોન્ડર્સ જલદી' યુસ્ટેસ બોલી ઊઠયો અને ઊભો થઈને બધી બારીઓ તપાસી આવ્યો. બાથરૂથની અને સોન્ડર્સના કમરાની બારીઓ પણ તેણે તપાસી અને પાછા બન્ને જણા રમતમાં પરોવાયા.

થોડી વારે બારીઓમાં ખખડાટ થયો. યુસ્ટેસે બારીનો પરદો ખસેડયો. બારીના કાચની બહાર પેલો હાથ બારી ખોલવા ઝઝૂમી રહ્યો હતો.

'હાથે શું પકડયું ?' સોન્ડર્સ ચકિત થઈને કાચમાંથી દેખાતા એ હાથને જોઈ રહ્યો.

'ચાકુ છે…' યુસ્ટેસે કહ્યું.

ચાકુથી તે પાટિયામાંથી કાચ કાઢવાનો પ્રયત્ન કરે છે…' સોન્ડર્સ બોલ્યો. તેનાથી હવે શેતરંજની બાજી પર ધ્યાન અપાતું ન હતું.

'અરે ! યુસ્ટેસ… તને બીક નથી લાગતી ? મને તો ડર લાગે છે.'

'હું એટલો ડરી ગયો હતો કે હવે તેનાથી વધુ ડર લાગવો શક્ય નથી. એ હાથ ભેદી છે. મને લાગે છે તે નાશ પામવો મુશ્કેલ છે. આપણે આજે રાત્રે તે અંદર પ્રવેશે નહિ તેટલું જ ધ્યાન રાખવું પડશે. કાલે તો આપણે રવાના થઈ જવું છે… મારે ચિંતા કર નહિ. એક ગ્લાસ વિસ્કિ ચડાવી લે.

સોન્ડર્સ હાથમાં ગ્લાસ લઈને ઊભો હતો ત્યાં જ તેને યાદ આવ્યું અને તે બોલી ઊઠયો. 'અરે ! એ અંદર આવી શકશે. આપણે ભૂલી ગયા. મારા કમરામાં તાપણિયું છે. તે ચીમનીમાંથી અંદર દાખલ થઈ શકશે…'

'જલદી…' યુસ્ટેસ સફાળો ઊભો થઈ ગયો. આપણે એક મિનિટ મૂંઝાયા વગર… સોન્ડર્સ અગ્નિ પેટાવ…'

પણ ક્યાંય દીવાસળીની પેટી જડતી ન હતી. 'જલદી સોન્ડર્સ …તને ના જડતી હોય તો તું અહીં ઊભો રહે, હું શોધી લાવું.' સોન્ડર્સ ત્યાં ઊભો રહ્યો અને યુસ્ટેસ દીવાસળી શોધવા ગયો.

'જલદી યુસ્ટેસ … મને ચીમનીમાંથી કંઈક અવાજ સંભળાય છે.' સોન્ડર્સે બૂમ પાડી.

'ચીમનીમાં એક ચાદર ખોસી દે… જલદી… અરે આ રહી દીવાસળીની પેટી…' યુસ્ટેસ દોડયો. થોડા ગાભાડૂચા લઈ આવ્યો. ગ્યાસતેલના ફાનસમાંથી ગ્યાસતેલ રેડયું અને દીવાસળી સળગાવી.

'અરે ચાદર ખેંચી લે…' તેણે બૂમ પાડી.

પણ તે પહેલાં તો ત્યાં ઘણુંબધું ગ્યાસતેલ ઢોળાયું હતું અને એકાએક આગ ભભૂકી ઊઠી.

'અરે, આખા ઘરમાં આગ લાગશે…' યુસ્ટેસે બૂમ પાડી એક ધાબળો ઉઠાવ્યો. તેનાથી આગ હોલવવાનો અથાગ પ્રયત્ન ચાલુ કર્યો.

'નહિ બુઝાય… સોન્ડર્સ આપણે બારણું ઉઘાડવું જ પડશે અને કોઈની મદદ માંગવી પડશે.'

સોન્ડર્સ દોડીને બારણા તરફ ગયો અને બારણું ખોલવા મથી રહ્યો. બેડરૂમમાં ધુમાડો અને ભડકા થયા હતા. 'જલદી' યુસ્ટેસે બૂમ પાડી. તે હજુ ધાબળો લઈને વીંઝી રહ્યો હતો. 'આગ વધે છે સોન્ડર્સ… જલદી… આખરે બારણાની કળ ખૂલી. એક અડધી સેકન્ડ સોન્ડર્સ થંભી ગયો. તેને થયું કે કશુંક બળી ગયેલું… કંઈક સરતું જોયું. પણ તે વખતે આગ એટલી જોરદાર થવા માંડી હતી કે સોન્ડર્સ બારણું ખોલીને 'આગ આગ' બૂમ મારતો દાદર પરથી નીચે ઊતર્યો. તેણે નીચે ઊતરીને બંબાવાળાને ફોન કર્યો. ઉપર ચડયો અને બાથરૂમમાં ગયો. બાથરૂમમાં જઈને પાણી લેવાનો તેને વિચાર કેમ ન આવ્યો… તેવું ઘડીભર તેને થયું પણ ત્યાં તો હૃદય થંભાવી દે તેવી ભયાનક ચીસ પડી… અને પછી ધબાકો થયો.

*

સોન્ડર્સ તે પછી એક શાળામાં ગણિત-શિક્ષક તરીકે જોડાયો હતો અને તેની પાસેથી મેં આ વાત સાંભળી હતી. એડ્રીઆન બોર્લસોવરનું મેં એક વખત નામ દીધું હતું ત્યારે તે સ્થિર થઈ ગયો હતો અને પછી તેણે મને આ વાત કહી હતી. તેના મિત્રનું મૃત્યુ કેવી ભયાનક રીતે થયું હતું તે કહેતાં તેની જીભ ઊપડી ન હતી. વળી આખી રહસ્યમય વાતનો કોઈ તાળો પણ મળતો ન

હતો. એક વખત સોન્ડર્સને થયું કે અઢારમી સદીમાં થઈ ગયેલા બોર્લસોવર કુટુંબના એક વડવા સીજીસમન્ડ બોર્લસોવરનો આત્મા એ હાથમાં પ્રવેશ્યો હશે, કારણ કે એ સીજીસમન્ડ મેલા દેવોની પૂજા કરતા અને શક્ય છે તેમણે કોઈ ભયાનક શક્તિઓ પેદા કરી હોય.

સોન્ડર્સ પાસે પેલી છેલ્લી ચિઠ્ઠી સિવાય બીજા કોઈ પુરાવા ન હતા. મેં તે ચિઠ્ઠી વાંચી હતી. સોન્ડર્સે એ ચિઠ્ઠી બાઈબલનાં પાનાંઓ વચ્ચે મૂકી રાખી હતી. હું પોતે એડ્રીઆન બોર્લસોવરને મળ્યો હતો. અને ત્યાર પછી આ ભયાનક બનાવ બન્યા બાદ મારે એક વાર મોર્ટનને પણ મળવાનું થયું હતું. સોન્ડર્સ અને હું એક વખત ઝુલૉજિકલ ગાર્ડનમાં એક રવિવારે ઊભા હતા ત્યાં પેટે ચાલતાં પ્રાણીઓનાં પાંજરાં પાસે એક ઘરડો આદમી ઊભો હતો. સોન્ડર્સે તેને બોલાવ્યો.

'ઓહ મોર્ટન ... કેમ ચાલે છે'

'સાહેબ, હાલ તો ખૂબ સારા દિવસો નથી. બધા દિવસો ગમગીન જ છે. ક્યાંય વસંત દેખાતી નથી.' મોર્ટન બોલ્યો.

'તું જે શોધે છે તે મળ્યું નથી હજુ ?'

'ના સાહેબ ... પણ કોઈક દિવસે મળશે. હું તેમને રોજ કહું છું કે યુસ્ટેસ બોર્લસોવર પાસે ઘણાં અજીબ પ્રાણીઓ હતાં.'

અમે ત્યાંથી આગળ ગયા ત્યારે મેં સોન્ડર્સને પૂછ્યું, 'એ શેની તપાસ કરી રહ્યો છે ?'

'પાંચ આંગળીઓવાળા એક પ્રાણીની ...' સોન્ડર્સે કહ્યું : 'તે આદમી બિલકુલ વાસ્તવવાદી છે.'

*

* *

[illegible]
[illegible] — રાજકોટ